અમદાવાદ સીટી, ગાંધીનગર, પાટણ માટે

પાનાં : ૨૦ કિંમત : રૂા. ૫-૦૦ * * તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬ શનિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર


અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૫ વર્ષ : ૯૪, અંક : ૩૦૭ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચતા વિકસો


ચિત્રલીક

Hero



હીરોની
સંગે
તહેવાર
છે
બધે
અહીં...

ઓફર પૂરી થાય તે
પહેલા ખરીદો







જુનાની મોકો મળે
સામાન બિલ્કુલ ભૂલે
ચાલું બધું

બેસ્ટ ઇક્સચેન્જ
₹2 500 સુધી

બેસ્ટ-ઇન ફેસ્ટિવ
₹10 000 સુધી

HDFC BANK card
pine labs

કોર્પોરેટ બેનિફિટ્સ
₹5 000 સુધી

ઓલ્ટો ડાઉન પેમેન્ટ
₹4 999 થી શરૂ

ફેમિલિ બોનસ
₹3 200 સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

5 YEAR WARRANTY

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj, Phase - II, New Delhi - 110070, India. | CIN: L35911DL1984PLC017354 | For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. *Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount, Exchange & Corporate offer are exclusive and can't be availed together. Finance/Card offer are at the sole discretion of the financier/bank. Subject to their respective T&Cs. Offer available only on limited stores. *Offer is only for New GoodLife members. Limited period offer. T&C apply.

TOLL FREE
1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambawadi: Shradha Hero: 9099922450; Bopal: Raj Hero: 9099923439; CTM: Rajdeep Hero: 9099922511; Gota: Shradha Hero: 9099922209; Lalbhavan: Shradha Hero: 9099922209; Maninagar (Fankeria): Rajdeep Hero: 9099922511; Narol: Rajdeep Hero: 9099922511; Naranpura: Bikes Hero: 9099922253; Nikol: Maruti Hero: 9875090031 RTO Circle: Chiranjiv Hero 9099923287; Sarkhej: Bikes Hero: 9099923089; Sarkhej: Raj Hero: 9099923420; ANAND: Chikhodra Road: Prakash Hero : 9099922237; Lambhvel Road: Legacy Hero: 9099923139; ANJAR: Shiv Shakti Hero: 9621732750; ANKLESHWAR: Anas Hero : 9099922241; AMRELI: Navnit Hero : 9099922054; BARDOLI: Vamkole Hero : 9099923136; BHARUCH: Vimco Hero : 9099923428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9099922012; Crescent Circle: Capital Hero : 9099922088; BHUJ: K.D. Hero : 9099922480; BOTAD: Patel Hero: 9099923201; DHOKLI: Supreme Hero: 9099922042; DAHOD: Shree Laxminarayan Hero: 9099922243; GANDHIDHAM: Quality Hero : 9099922149; GANDHINAGAR: Nanda Hero : 9099922236; GODHRA: Century Hero: 9104400599; GONDAL: Everest Hero : 9099922894; HALVAD: Shreeji Hero : 9099923041; HIMMATNAGAR: Harsolia Motors : 9099923801 JAMNAGAR: Sony Sachdev Road: Karan Hero : 9099922572; Nagar: Gokul Hero: 9099923057; JAMBUSAR/AMOD: Ashok Hero : 9099922910; JUNAGADH: Jagdish Hero: 9099922239; MEHSANA: Nagarpur: Umiya Hero : 9099922249; Radhanpur Road: Umiya Hero : 9099922249; KALOL: Shakti Hero: 9099923939; KAMREJ: Shubham Hero: 9099922750; MAHUVA: Vinay Hero: 9099923926; MODASA: Pavan Hero : 9099922806; MORBI: Jai Ganesh Hero : 9099923481; NAVSARI: Metro Hero : 9099922450; NADIAD: Horizon Hero : 9099922247; NARMADA: Rajpipla: Anas Hero : 9099922241; PALANPUR: Sarthi Hero : 9099923155; Shiv Hero : 9099922243; PATAN: Sarthi Hero : 9099922426; PORBANDAR: Jayshree Hero : 9099923494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9099922715; Vavdi: Perfect Hero : 9099922293; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9099923067; Rajkot Kuvadva Road Gopinath Mobility : 7490504012; SILVASA: Anil Motors : 9099924006 SURAT: Adajan Road: Jalaram Hero : 9099923077; Surat Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9099922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9099922759; Udhna: Sadguru Hero: 9099923809; Ring-Road: GK Hero : 9099923810; Varracha: Rajdeep Hero: 9621732920; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9099923144; VADODARA: Pantiya Bridge: Century Hero : 9099922210; Nizampura: Century Hero: 9099922210; Subhanpura: Century Hero: 9099922210; Bahucharaji Road, Kamkhagh: Kumar Hero : 9099922208; Gendia Gate: Kumar Hero: 9099922208; D P Road: Kumar Hero : 9099922052; Gotri : Kumar Hero: 9099922052 Makarpura: Jaydeep Hero: 9099923159; VAPI: Metro Hero : 9099922051; Sharoli Hero : 9099923190; VISNAGAR: Auto World Hero : 9099923055; VERAVAL: Jagdish Hero : 9099922900; VALSAD: Shanti Hero : 9099922234; UNA: Modheshwary Hero : 9099922696; VYARA: Wheel Hero : 9099922730

Dtad: 3314126



દિવાળી પછીના દિવસોમાં અમદાવાદ આખુ ખાલી થઈ ગયું હોય તેમ અનેક ગીચ-ભીડ અને ટ્રાફિકવાળા વિસ્તારો સાવ સૂમસામ બન્યા હતા. મોટાભાગના લોકો વતન અને હરવા ફરવાના સ્થળો અને ધાર્મિક સ્થળોએ જતા રહેતાં અમદાવાદ શહેર કાલુપુર ટાવરના રોડ-રસ્તા-બજારો સૂમસામ જોવા મળ્યા હતા. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

બેસતાં વર્ષના ઈમરજન્સીના સૌથી વધુ કેસ નોંધાયા

તહેવારોમાં મેડિકલ ઈમરજન્સીમાં ૧૭ ટકાનો વધારો : પ્રતિ મિનિટે ચાર કોલ્સ

અમદાવાદ, શુક્રવાર

દિવાળીના તહેવાર એટલે આનંદ, ઉત્સાહ અને ઉજવણીનો અવસર. પરંતુ આ વર્ષે ગુજરાતમાં તહેવારોની ઉજવણી દરમિયાન મેડિકલ ઈમરજન્સીના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. દિવાળી, બેસતું વર્ષ અને ભાઈ બીજના ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવાને ૧૮૫૧૩ કોલ્સ મળ્યા હતા. સામાન્ય દિવસો કરતાં દિવાળીના તહેવારો દરમિયાન ઈમરજન્સી કોલ્સમાં ૧૭ ટકાનો વધારો નોંધાયો હતો.

માર્ગ અકસ્માતથી ઈજાના પ્રતિ કલાકે ૫૩ કેસ નોંધાયા મારામારીમાં ઈજાના કેસમાં ૧૪૯ ટકાનો વધારો

૧૦૮ ઈમરજન્સી સેવા આંકડા મુજબ ત્રણ દિવસમાં સૌથી વધુ વાહન અકસ્માતની ઈમરજન્સીમાં સામાન્ય દિવસ કરતાં ૧૩૮ ટકાનો વધારો થયો હતો. વાહનના પ્રકાર પ્રમાણે જોવામાં આવે તો ટુ વ્હીલરના અકસ્માતના કેસ સૌથી વધુ ચિંતાજનક રહ્યા હતા. દિવાળીના દિવસે ૧ હજાર, નવા વર્ષના દિવસે ૧૨૪૩ અને ભાઈ બીજના દિવસે ૭૯૪ ટુ વ્હીલર અકસ્માતની ઈમરજન્સી નોંધાઇ હતી. માર્ગ અકસ્માત ઉપરાંત મારામારી, શારિરીક હુમલાની ઘટનામાં ૧૪૯ ટકાનો વધારો થયેલો હતો. અમદાવાદમાં આ પ્રકારની ઘટનાનું પ્રમાણ વિશેષ વધારે રહ્યું હતું.

દિવાળીના તહેવારોમાં કયા જિલ્લામાં ઈમરજન્સીના વધુ કેસ?

જિલ્લો	સામાન્ય દિવસમાં	દિવાળી	બેસતું વર્ષ	ભાઈ બીજ
અમદાવાદ	૯૭૬	૯૮૫	૧૧૦૮	૧૦૫૩
સુરત	૫૫૦	૬૧૦	૫૭૬	૫૧૪
વડોદરા	૨૬૧	૨૭૪	૩૨૮	૨૮૬
રાજકોટ	૨૮૧	૩૦૦	૩૪૨	૩૨૨
કચ્છ	૧૯૬	૨૩૨	૨૩૧	૨૦૫
ભાવનગર	૧૬૨	૨૦૩	૨૦૬	૧૬૦
રાજ્યમાં કુલ	૫૨૪૮	૫૯૩૪	૬૫૯૫	૫૯૮૪

૬૫૯૫ ઈમરજન્સી કોલ્સ ૧૦ નવેમ્બરે ગુજરાતી નવા વર્ષના દિવસે નોંધાયા હતા.

જ્યારે દિવાળીના દિવસે ૫૯૩૪, ભાઈ બીજના દિવસે ૫૯૮૪ ઈમરજન્સી નોંધાઈ હતી. તહેવારો દરમિયાન સૌથી ચિંતાજનક બાબત માર્ગ અકસ્માતની ઘટનામાં થયેલો વધારો છે.

સામાન્ય દિવસોમાં રાજ્યમાં વાહન અકસ્માતને લગતી ૬૪૬ ઈમરજન્સી નોંધાય છે. તેની સામે દિવાળીના દિવસે ૧૨૧૨, નવા વર્ષના દિવસે ૧૫૪૧, ભાઈ બીજના દિવસે ૧૦૩૨ ઈમરજન્સી નોંધાઈ હતી. આમ, નવા વર્ષના દિવસે

કઈ ઈમરજન્સીના વધારે કેસ?

ઈમરજન્સી	સામાન્ય દિવસ	દિવાળી	બેસતું વર્ષ	ભાઈ બીજ
અકસ્માતમાં ઈજા	૬૪૬	૧૨૧૨	૧૫૪૧	૧૦૩૨
મારામારી	૨૦૪	૫૦૮	૪૮૧	૩૩૩
દાઝવું	૧૧	૬૨	૨૬	૨૧
શ્વાસમાં સમસ્યા	૪૪૮	૩૮૩	૪૨૦	૫૦૭
પેટમાં દુખાવો	૬૭૩	૫૨૮	૭૩૨	૭૮૭
ઈજા	૫૯૫	૧૦૪૩	૯૩૮	૭૨૪

કયા વાહનથી અકસ્માતમાં સૌથી વધુ ઈજા?

વાહન	સામાન્ય દિવસ	દિવાળી	બેસતું વર્ષ	ભાઈ બીજ
ટુ વ્હીલર	૫૦૪	૧૦૦૦	૧૨૪૩	૭૯૪
થ્રી વ્હીલર	૩૪	૫૬	૮૭	૭૦
ફોર વ્હીલર	૨૮	૩૮	૪૭	૩૮

ડિજિટલ સુપરવાઈઝર! કર્તવ્યનિષ્ઠની કદર થશે, કામચોરોની ખેર નથી

મ્યુનિ.ના કર્મચારીઓનું સંચાલન AI કરશે, ૭ કરોડની નવી સિસ્ટમ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા સ્માર્ટ સિસ્ટમ બાદ હવે એઆઈ આધારિત નીત-નવી ઓનલાઈન સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. હવે મ્યુનિ.ના કર્મચારીઓને કામ સોંપવાથી લઈને તેમની કામગીરીનું મૂલ્યાંકન સહિતની બાબતોનું સંચાલન પણ એઆઈ કરશે! જેના માટે રૂ. ૭ કરોડના ખર્ચે એઆઈ આધારિત એમ્પ્લોયી મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવાનું આયોજન કરાયું છે. આ નવી સિસ્ટમ લાગુ થયા બાદ કર્તવ્યપરાયણ કર્મચારીઓની કદર થશે, જ્યારે કામચોરી કરતા અને બેદરકાર કર્મચારીઓ પર લગામ પણ આવશે.

એઆઈ કર્મીઓને કામગીરી સોંપશે અને બાદમાં મૂલ્યાંકન કરશે, એક સાથે ૫૦ હજાર કર્મીઓનું સંચાલન થઈ શકશે

અમદાવાદ મ્યુનિ.માં હાલ કાયમી અને કોન્ટ્રાક્ટ પર ૧૮થી ૨૦ હજાર જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે. જો કે તેમની કામગીરી, નિયમિતતા, સિનિયોરિટી વગેરે મુદ્દે વારંવાર પ્રશ્નો ઉભા થતા હોય છે. અત્યારે ફક્ત કર્મીઓની હાજરી અને પગાર જેવી સામાન્ય બાબતો માટે રૂટિન ઓનલાઈન સીસ્ટમ છે. તેવામાં હવે કર્મચારીઓના કામ પર ચાંપતી નજર રાખવા મ્યુનિ. દ્વારા આશરે રૂ. ૭ કરોડના ખર્ચે એઆઈ આધારિત એમ્પલોયી મેનેજમેન્ટ સીસ્ટમ તૈયાર કરાશે. જેમાં કયા કર્મીને કયું કામ સોંપવું ? તે પણ હવે એઆઈના સૂચનો પરથી નક્કી કરાશે. તેમજ એઆઈ જ તેમના કામનું મૂલ્યાંકન કરી બઢતી આપવી કે નહીં તેના માટે સૂચનો આપશે. ભવિષ્યમાં મ્યુનિ.ના કાયમી કર્મચારીની સંખ્યા વધીને ૩૦ હજાર અને આઉટસોર્સ કર્મીઓ વધીને ૨૦ હજાર મળી કુલ ૫૦ હજાર કર્મચારીઓનું સંચાલન થઈ શકે તેવી ક્ષમતાની આ નવી સીસ્ટમ વિકસાવવામાં આવશે. જો કે અત્યાર સુધી એઆઈના નામે મ્યુનિ. દ્વારા વિવિધ ગતકડાં કરાયા છે. પરંતુ ખરેખર કઈ કામગીરી માટે એઆઈનો કેટલો અને કેવો ઉપયોગ કરાઈ રહ્યો છે? તેની કોઈ સ્પષ્ટતા કરાઈ નથી.

નવી સિસ્ટમ કેવી રીતે કામ કરશે?

(૧) કર્મચારીઓનું પ્રોફાઈલિંગ : તમામ કર્મીઓના હોદ્દા, વર્કફ્લો, નિમણૂક, બઢતીથી લઈને નિવૃત્તિ સુધીની વિગતો ઉમેરી પ્રોફાઈલ બનાવશે

(૨) ઈ-સર્વિસ બૂક : કર્મચારીઓના અત્યાર સુધીના દસ્તાવેજોનું ડિજિટાઈઝન કરી ઈ-સર્વિસ બૂક તૈયાર કરાશે

(૩) ટાસ્ક મેનેજમેન્ટ : કર્મચારીઓની ક્ષમતા, કામનું ભારણ વગેરે મુજબ નવી કામગીરી કે પ્રોજેક્ટ કોને સોંપવા તે એઆઈની મદદથી નક્કી કરાશે

(૪) કામનું મૂલ્યાંકન : કી પર્ફોર્મર ઈન્ડિકેટરના આધારે કર્મીઓના કામનું મૂલ્યાંકન કરી તેમની બઢતી, ટ્રેનિંગ વગેરેના નિર્ણય લેવાશે

સીસીઆરએસ પોર્ટલ, રસ્તાના ખાડા ઓળખવામાં AIની કેટલી અમલવારી?

મ્યુનિ. દ્વારા ગત માર્ચમાં ફરિયાદ નિવારણ પોર્ટલ એટલે સીસીઆરએસને એઆઈ સાથે જોડવાનું આયોજન કરાયું હતું. જેમાં શહેરીજનોની ફરિયાદો અને અધિકારીઓની કામગીરી પર એઆઈ ચાપતી નજર રાખશે તેવો દાવો કરાયો હતો. બાદમાં એઆઈ આધારિત રોડ મેનેજમેન્ટ સીસ્ટમની વાતો વહેતી થઈ હતી. જે અંતર્ગત ખાડા, ભૂવા કે તૂટેલી ફૂટપાથના ફોટો મૂકવા પર એઆઈ જાતે વિસ્તાર, વોર્ડ અને ઝોન શોધી સંબંધિત અધિકારીને ફરિયાદ મોકલશે તેવો દાવો કરાયો હતો. પરંતુ મહિનાઓ બાદ પણ આ બંને સીસ્ટમની કેટલી અમલવારી થઈ તે અંગે તંત્રએ કોઈ મૂલ્યાંકન કર્યું નથી.

ઉત્તર ભારતથી ઠંડા પવન ફૂંકાતાં ઠંડીમાં વધારો

ઠંડીનો ચમકારો : ૯ શહેરમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન

અમદાવાદ,શુક્રવાર

ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનોને પગલે ગુજરાતમાં ઠંડીના ચમકારામાં વધારો થઈ રહ્યો છે. ગત રાત્રિના ૯ જિલ્લામાં સરેરાશ લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું.

વડોદરામાં ૧૬.૫ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન જ્યારે અમદાવાદમાં ૧૮.૩ ડિગ્રી

અમદાવાદમાં ગત રાત્રિના ૧૮.૩ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આગામી ૩ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭થી ૧૯ ડિગ્રી વચ્ચે રહેવાની હવામાન વિભાગની આગાહી છે. હવામાન નિષ્ણાતોના મતે ૨૦ નવેમ્બર બાદ તાપમાન ૧૫ ડિગ્રી જેટલું થતાં ઠંડીના પ્રમાણમાં વધારો થઈ શકે છે. રાજ્યમાંથી અન્યત્ર વડોદરામાં ૧૬.૫, નલિયામાં ૧૭, રાજકોટ-અમરેલીમાં ૧૮.૨, ડીસામાં ૧૯, ગાંધીનગરમાં ૧૯.૫, પોરબંદરમાં ૧૯.૭, સુરતમાં ૧૯.૯, ભાવનગરમાં ૨૦.૬, સુરેન્દ્રનગરમાં ૨૦.૮, ભુજમાં ૨૧ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

વેકેશનમાં ફરવા જવાનું આયોજન ખોરવાયું

ત્રણ દિવસમાં ૧૨ ફ્લાઈટ રદ, ૧ હજારથી વધુ મુસાફરો રઝળ્યા

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટને સાંકળતી ૧૨થી વધુ ફ્લાઈટ છેલ્લા ૩ દિવસમાં કેન્સલ થતાં દિવાળી વેકેશનમાં ફરવા જનારા અનેક મુસાફરોના આયોજન ખોરવાયા હતા.

દુબઈ એરપોર્ટ પર લેણા વિવાદની અસરથી સતત બીજા દિવસે સ્પાઈસ જેટની ફ્લાઈટ કેન્સલ

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર દુબઈ એરપોર્ટ પર બાકી નીકળતા નાણાની ચૂકવણી નહીં થવાને કારણે સ્પાઈસ જેટની ચેક ઈન સેવાઓ સ્થગિત કરી દેવાઈ હોવાની માહિતી સામે આવી છે. બીજી તરફ ગુરુવારે સર્જાયેલા વિવાદમાં સ્પાઈસ જેટની અમદાવાદ-દુબઈની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી હતી. ફ્લાઈટ કેન્સલ કરવાની જાહેરાત કરાતાં જ મુસાફરોએ એરપોર્ટમાં હોબાળો મચાવ્યો હતો. દુબઈ એરપોર્ટ ઓથોરિટી અને ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીના અંદાજે ૩૫.૮૫ કરોડ જેટલા બાકી લેણા નહીં ચૂકવાતા અમદાવાદ-નાસિકની ફ્લાઈટ કેન્સલ કરાતા મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. ફ્લાઈટ રદ થયા બાદ નાસિક જવા સીધી વૈકલ્પિક વ્યવસ્થા કરવાને બદલે અમદાવાદથી મુંબઈ અને ત્યાંથી બાય રોડ જવા વિકલ્પ આપ્યો હતો. પરંતુ રોષે ભરાયેલા મુસાફરોએ રિફંડની માગણી કરી હતી.

અમદાવાદથી કઈ ફ્લાઈટ કેન્સલ?

૧૩ નવેમ્બર : ઈન્ડિગો : અમદાવાદ-જોધપુર, જોધપુર-અમદાવાદ, અમદાવાદ-ભોપાલ, સ્પાઈસ જેટ : અમદાવાદ-શ્રીનગર, શ્રીનગર-અમદાવાદ, અમદાવાદ-દુબઈ, દુબઈ-અમદાવાદ.

૧૨ નવેમ્બર : સ્પાઈસ જેટ : અમદાવાદ-દુબઈ, ઈન્ડિગો : અમદાવાદ-નાસિક, અમદાવાદ-ભોપાલ, નાસિક-અમદાવાદ.

અમદાવાદમાં દિવસ-રાત સફાઈ કામગીરી કરાઈ

દિવાળીના તહેવારોમાં રોડ પરથી ૧૯,૫૦૦ ટન કચરો એકત્ર થયો

અમદાવાદ, શુક્રવાર

દિવાળીની ઉજવણી વચ્ચે માર્ગો પર ઠેર-ઠેર ફટાકડા, પ્લાસ્ટિક, મીઠાઈ-ગિફ્ટના ખાલી બોક્સ વગેરેનો કચરો ફેલાઈ ગયો હતો. તેવામાં ધનતેરસથી લઈને ભાઈબીજ સુધી તહેવારોમાં પણ સફાઈ કામગીરી અવિરત ચાલું રહી છે. અમદાવાદના ૧૨ હજાર કર્મીઓ દ્વારા ૬ દિવસમાં રસ્તા પરથી ૧૯,૫૦૦ ટન કચરો એકત્ર કરાયો હતો.

ફટાકડા, પ્લાસ્ટિક, ખાલી બોક્સ સહિતનો દોઢ ગણો કચરો વિવિધ માર્ગો પરથી એકત્ર કરાયો

અમદાવાદ શહેરમાં સામાન્ય રીતે દરરોજ ચાર હજાર ટન જેટલો કચરો ઉત્પન્ન થાય છે. જ્યારે તહેવારોમાં આ કર્મીઓ દ્વારા માર્ગોની સફાઈ કરાઈ હતી. આ દરમિયાન દિવાળીના દિવસે માર્ગો પરથી સૌથી વધુ ૫૩૧૨ ટન,

અમદાવાદ અને સાણંદને 'સ્વચ્છ શહેર જોડી'નો એવોર્ડ

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં અમદાવાદ અને સાણંદે સ્વચ્છ શહેર જોડીની કેટેગરીમાં દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. અન્ય શહેરોને કચરાનું વર્ગીકરણ, ઘન કચરા અને વપરાયેલા પાણીના વ્યવસ્થાપન વગેરે અંગે માર્ગદર્શન પૂરું પાડવા બદલ અમદાવાદને મેન્ટર સિટી તરીકે, જ્યારે સાણંદને મેન્ટી એટલે માર્ગદર્શન મેળવનાર શહેર તરીકે અવોર્ડ એનાયત કરાયો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા આ રાષ્ટ્રીય અવોર્ડ સમારોહમાં આ એવોર્ડ અપાયો હતો.

પ્રમાણ વધી જાય છે. ત્યારે મ્યુનિ.ના ૯૫૦૦થી વધુ કાયમી સફાઈ કર્મીઓ અને આરડબ્લ્યુએ સંસ્થાના ૨૫૦૦ કર્મીઓ સહિત ૧૨ હજાર સફાઈકર્મચારીઓએ તહેવારોની ઉજવણી વચ્ચે પણ સફાઈ કામગીરી કરી પોતાની ફરજ બજાવી હતી.

રાત્રિના સમયે બે હજારથી વધુ બેસતા વર્ષના દિવસે ૫૧૬૦ ટન સહિત ભાઈબીજ સુધી છ દિવસમાં કુલ ૧૯,૫૦૦ ટન કચરો એકત્ર કરાયો હતો. જ્યારે ગત વર્ષે દિવાળીના તહેવારોમાં ૧૨,૯૮૦ ટન કચરો એકત્ર કરાયો હતો. એટલે આ વર્ષે શહેરના માર્ગો પરથી દોઢેક ગણો કચરો મળી આવ્યો હતો.

દિવાળીએ ફટાકડા ફોડવાની બાબતે

વાડજના અખબારનગરમાં મહિલા PSI અને સ્થાનિક વચ્ચે ઘર્ષણ

અમદાવાદ,શુક્રવાર

શહેરના વાડજ અખબારનગરમાં દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડવા બાબતે ત્યાં રહેતા મહિલા પીએસઆઈ અને સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણ થવાની ઘટના બની હતી. વાડજ પોલીસે આ અંગે મહિલા પીએસઆઈ અને સોસાયટીના સ્થાનિક લોકોની અરજી તેમજ સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

સોસાયટીના સભ્યો, પીએસઆઈની અરજી તેમજ સીસીટીવી ફુટેજના આધારે પોલીસ તપાસ શરૂ

વાડજ અખબારનગર સોસાયટીમાં સ્થાનિક લોકો ફટાકડા ફોડી રહ્યા હતા. ત્યારે ત્યાં રહેતા કલ્પનાબેન ચુડાસમાની કાર નજીક હોવાથી તેમણે ફટાકડા ફોડી રહેલા લોકોને દુર જઈને ફોડવા માટે કહ્યું હતું. બીજા દિવસે સવારે જોયું તો તેમની કારમાં ફટાકડાને કારણે નુકસાન થયું હતું. જેથી સીસીટીવીની માંગણી કરી હતી. પરંતુ, સોસાયટીના સ્થાનિક લોકોએ કોઈ વાંધો ઉઠાવતા આ બાબતે તકરાર થઈ હતી અને પીએસઆઈ તેમજ સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જે અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી.

આ અંગે વાડજ પીઆઈ એચ બી ગરાસીયાએ જણાવ્યું કે, 'હાલ સોસાયટીના સ્થાનિક લોકોની અરજી અને પીએસઆઈની રજૂઆતને આધારે તપાસ શરૂ કરી છે. સાથેસાથે સીસીટીવી પણ તપાસ કરી રહ્યા છીએ. ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.'

જૈન ધર્મના પ્રાચીન ઉપકરણોનું આજે પ્રદર્શન

અમદાવાદ, શુક્રવાર

કારતક સુદ પાંચમની જૈન ધર્મમાં જ્ઞાન પંચમી તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે હસ્તલિખિત પ્રતો, પ્રાચીન ગ્રંથો, હાથીદાંત,સ્ફટિક, રત્નો વગેરેથી બનાવેલી પ્રભુજીની મૂર્તિઓ, જ્ઞાનનાં ૫૦૦ થી ૨૦૦ વર્ષ પ્રાચીન અને વિવિધ ઉપકરણો સહિતનું પ્રદર્શન ૧૪ નવેમ્બરના સવારના ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી નારણપુરા રેલ્વે કોસિંગ પાસેની આચાર્ય વિજયસુરેન્દ્રસુરી જૈન તત્વજ્ઞાનશાળા માં યોજાશે. પ્રદર્શનમાં ચોખાના દાણા પર પ્રભુજીની કોતરણી, હાથીદાંત પર કોતરેલા પ્રભુજીના વિવિધ પ્રસંગા, સુખડના લાકડામાંથી કોતરેલી સરસ્વતી દેવીની તથા વિવિધ દેવ દેવીઓની મૂર્તિઓ, રુદ્રાક્ષ સ્ફટિક વગેરે દ્રવ્યોની બનેલી માળઓ નાં દર્શન કરી શકાશે .

ભાજપમાં દિવાળી પછી અંસતોષના ફટાકડા ફૂટવા લાગ્યા

જસદણમાં સ્નેહમિલનમાં બાવળિયાને વધુ એકવાર ટિકિટની વાતથી વિખવાદ

રાજકોટ,શુક્રવાર

એક વર્ષ પછી ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે અને તેમાં ભાજપમાં કોઈ સત્તાની ખુરશી જતી કરવા માંગતું નથી નથી ત્યારે દિવાળીના તહેવારો પૂરા થવા સાથે અસંતોષના ફટાકડા ફૂટવાના શરુ થઈ ગયા છે. જસદણમાં યોજાયેલા કોળી સમાજના સ્નેહ મિલનમાં રાજ્ય સરકારના મંત્રી કુંવરજી બાવળિયાને ફરી ટિકિટ આપવા-અપાવવાની વાતો થતા જ વિખવાદ સર્જાયો છે.

બાવળીયાના ટેકેદારોની સાથે વિરોધીઓ પણ છે અને સંમેલનમાં પૂર્વ સાંસદે ઈ.સ.૨૦૨૭ની ગુજરાત ધારાસભાની ચૂંટણી કુંવરજીભાઈ જસદણ બેઠક પરથી લડશે તેમ જાહેર કરતા અન્ય આગેવાને બાવળિયાએ હવે નિવૃતિ લેવી જોઈએ તેવા પ્રહાર કર્યા હતા. કોળી સમાજના સૂત્રોએ જણાવ્યું કે ટિકીટના મુદ્દે આંતરિક ખેંચતાણ શરુ થઈ છે.

ઉલ્લેખનીય છે કે બાવળિયાને ગત ચૂંટણી વખતે અન્ય બેઠક પરથી ટિકીટ આપવાની વાત સામે તેમણે ઉગ્ર વિરોધકર્યો હતો અને આ જ બેઠક પર ટિકીટ માંગીહતી અને પક્ષે આપવી પડી હતી. પરંતુ, હવે સમાજમાં આંતરિક હરીફો ઉપરાંત ગત છએક માસથી ડો.ભરત બોઘરા આ વિસ્તારમાં સક્રિય બન્યા છે અને ટિકીટના મજબૂત દાવેદાર મનાય છે. આ સ્થિતિમાં જસદણ બેઠકમાં ટિકીટ માટે અત્યારથી આંતરિક ખેંચતાણ શરુ થઈ છે. દરમિયાન, સૌરાષ્ટ્રની અન્ય બેઠકો ઉપર પણ ટિકીટ માટે તીવ્ર ખેંચતાણ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે. આગામી સમયમાં આ ટાંટિયાખેંચ સપાટી પર આવશે.

પૂર્વ સાંસદે આગામી ચૂંટણીમાં કુંવરજીભાઈ લડશે તેવી વાતોથી ભડકો, ડો.ભરત બોઘરા પણ દાવેદાર છે,અન્ય બેઠકોમાં પણ લોબિંગ શરૂ થયું

શિલજ સર્કલ પાસે હિટ એન્ડ રનની ઘટના

MLAના ભત્રીજાએ રેંજ રોવરથી બાઈકને ટક્કર મારતા એકનું મોત

અમદાવાદ,શુક્રવાર

શહેરના નારણપુરામાં રહેતા હર્ષદભાઈ પુરબીયા નામના વ્યક્તિ બે દિવસ પહેલા રેપિડો બાઈક પર શિલજમાં તેમની નોકરીના સ્થળ પર જતા હતા ત્યારે એક રેંજ રોવર કાર સાથે અકસ્માત થતા રેપિડો બાઈક ચાલક અને હર્ષદભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન હર્ષદભાઈનું મોત નીપજ્યું હતું. બોપલ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે રાઘવેન્દ્ર કુશવાહ નામના કારચાલકની ધરપકડ કરી હતી. જે બાપુનગરના ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહનો ભત્રીજો હોવાનું જાણવા મળ્યું હતું. રાઘવેન્દ્ર કુશવાહ તેના મિત્રો સાથે નવા વર્ષની પાર્ટી કરીને આવી રહ્યો હતો ત્યારે તેણે દારૂના નશામાં અકસ્માત કર્યો હોવા છતાંય, પોલીસે આ શંકાસ્પદ ભૂમિકા રાખીને ચોક્કસ કલાકો બાદ રાઘવેન્દ્ર કુશવાહની ધરપકડ કરતા તેણે નશો કર્યો હતો કે નહી? તે જાણી શકાયુ નહોતું.

અકસ્માત કરનારા ધારાસભ્યના ભત્રીજાને પ્રોહિબિશનના કેસમાંથી બચાવવા માટે કલાકો બાદ પોલીસ કાર્યવાહી!

શહેરના શ્યામલ ચાર રસ્તા પાસે આવેલી એક સોસાયટીમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા પ્રદીપભાઈ ડડવાલ પોતાના ખાલી સમયમાં રેપિડો ચાલક તરીકે કામ કરે છે. ગત ૧૧મી નવેમ્બરના રોજ વહેલી સવારે તેમણે શાસ્ત્રીનગરથી બાઈક પર હર્ષદભાઈ પુરબિયા (ઉ.વ.૩૫)ની સવારી લીધી હતી અને તેમના શિલજમાં આવેલી સાઈટ પર મુકવા માટે જતા હતા. શિલજ સર્કલથી થોડા દુર જતા બાઈકની ધીમી પાડીને તે જમણી બાજુ વળતા હતા. ત્યારે એક રેંજ રોવર કાર રાંચરડા તરફથી આવી રહી હતી. કારચાલકે તેની કાર ધીમી પાડી હતી. પરંતુ, આ સમયે ગેરસમજ બંનેએ નીકળી જવાની ઉતાવળ કરીને સ્પીડ વધારતા કાર બાઈક સાથે અથડાઈ હતી. જેમાં પ્રદીપભાઈ અને હર્ષદભાઈ નીચે પટકાયા હતા. આ સમયે કારચાલકે ઉભા રહેવાને કારને પુરઝડપે હંકારી મુકી હતી.

અકસ્માતમાં પ્રદીપભાઈને સામાન્ય ઈજા થઈ હતી. પરંતુ,હર્ષદભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતા સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે બોપલ પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફુટેજના આધારે કારચાલકની શોધખોળ કરતા તે કાર બાપુનગરમાં રહેતા એક વ્યક્તિના નામે રજીસ્ટર્ડ હતી અને તપાસ વધુ તપાસમાં જાણવા મળ્યું હતુ કે કારના માલિકનો પુત્ર રાઘવેન્દ્ર કુશવાહ કાર ચલાવતો હતો અને અકસ્માત બાદ તે નાસી ગયો હતો. જે બાપુનગરના ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહનો ભત્રીજો હતો.પોલીસે તેની ધરપકડ કરીને કાર્યવાહી કરી હતી.

પોલીસે અકસ્માત અને ધરપકડ વચ્ચે ચોક્કસ કલાકોનો સમયગાળો રાખ્યો

આ બનાવમાં પોલીસની ભૂમિકા શંકાસ્પદ હોવાનું સામે આવ્યું છે. ધારાસભ્યનો ભત્રીજો કલોલ ખાતે મિત્રો સાથે નવા વર્ષની પાર્ટી કરવા માટે ગયો હતો. ત્યારે તેણે દારૂ કે અન્ય કોઈ કેફી પ્રવાહીનું સેવન કર્યું હોવાનો આરોપ છે. પરંતુ, પોલીસે રાજકીય દબાણમાં આવીને અકસ્માત અને ધરપકડ વચ્ચે ચોક્કસ કલાકોનો સમયગાળો રાખ્યો હતો. જેના કારણે મેડીકલ રિપોર્ટમાં કોઈ નશો કર્યાનું સામે ન આવી શકે.બીજી તરફ આ ગુનો સાત વર્ષથી ઓછી સજાનો હોવાથી પોલીસે તેને સાથે રાખીને સ્થળ પર તપાસ કરવા કે અન્ય કાર્યવાહી કરવાને બદલે પોલીસ સ્ટેશનથી જ જામીન આપીને છોડી મુક્યો હતો. ત્યારે આ મામલે ભીનું સંકેલાઈ તેવી ચર્ચા છે.

રેલવેના અણઘડ આયોજનથી તહેવાર સમયે અનેક મુસાફરો રઝળ્યા

ટ્રેનોમાં ૨૦૦ સુધીનું વેઈટિંગ લાગ્યું, પરંતુ મુસાફરોને ટિકિટ કન્ફર્મના મેસેજ ન આવ્યા

અમદાવાદ, શુક્રવાર

દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારોમાં વતન જવા અને રજાઓ પૂરી કરી પરત ફરવા નીકળેલા મુસાફરો માટે આ વખતે રેલવેની મુસાફરી ભારે મુશ્કેલીભરી રહી હતી. અમદાવાદથી દેશના વિવિધ રાજ્યોમાં જતી નિયમિત ટ્રેનોમાં વેઈટિંગ ૨૦૦ને પાર પહોંચી ગયું હતું. એક તરફ વિશેષ ટ્રેનો દોડાવી વિશેષ ભાડાં વસૂલવામાં આવ્યાં હતાં. તો બીજી તરફ નિયમિત ટ્રેનોમાં ટિકિટ કન્ફર્મ થશે કે નહીં તેની જાણકારી આપવામાં રેલવે તંત્ર ઊણું ઉતર્યું હતું.

ટ્રેન ઉપડવાના સમય સુધી મુસાફરો રાહ જોતાં રહ્યા, ટિકિટ કન્ફર્મ ન થતાં બમણાં ખર્ચે વૈકલ્પિક વાહનોનો સહારો લીધો

તહેવારોમાં પરિવાર સાથે વતન જવાની ખુશી હોય કે રજાઓ પૂરી કરીને નોકરી-ધંધા પર પાછા ફળવાની ઉતાવળ, આ વખતે અનેક મુસાફરો માટે ટ્રેનની મુસાફરી ચિંતાનું કારણ બની હતી. અમદાવાદથી ઉત્તર પ્રદેશ, બિહાર સહિત દેશના વિવિધ રાજ્યોમાં જતી નિયમિત ટ્રેનોમાં વેઈટિંગ લિસ્ટ ૨૦૦ને પાર પહોંચી ગયું હતું. અને ટિકિટ કન્ફર્મ થવાની આશામાં મુસાફરો દિવસો સુધી રાહ જોતા રહ્યાં હતાં. બીજી તરફ રેલવે દ્વારા તહેવારોના ધસારને પહોચી વળવા વિશેષ ટ્રેનો દોડાવી વિશેષ ભાડાં પણ વસૂલવામાં આવ્યાં હતાં. વિશેષ ટ્રેનો મારફતે રેલવએ મુસાફરોનો ધસારો ઘટાડવાનો પ્રયાસ કર્યો પરંતુ જે નિયમિત ટ્રેનોમાં હજારો મુસાફરોની ટિકિટ વેઈટિંગમાં હતી તેમની સ્થિતિ અંગે સમયસર જાણ કરવાની વ્યવસ્થામાં તંત્ર ઊણું ઉતર્યું હતું. રેલવે દ્વારા મુસાફરોની વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થઈ છે કે નહીં તેની ટ્રેન ઉપડે તેના ૨૪ કલાક પહેલાં એસએમએસ મારફતે જાણ કરવામાં આવતી હોય છે. જોકે, આ વખતે અનેક મુસાફરોને ટ્રેન ઉપડવાના સમય સુધી કોઈ પ્રકારનો કન્ફર્મેશનનો મેસેજ મળ્યો ન હતો. એટલું જ નહીં ટિકિટ કન્ફર્મ ન થાય તો રિફંડ મળશે કે નહીં તેની પણ સ્પષ્ટ માહિતીના અભાવે મુસાફરો મૂંઝવણમાં મુકાયા હતાં. છેલ્લી ઘડી સુધી કન્ફર્મેશનની આશા રાખ્યા બાદ ટિકિટ ન મળતાં અનેક મુસાફરોને બમણાં ભાડાં ચૂકવીને બસ કે ખાનગી વાહનોનો સહારો લેવો પડ્યો હતો. આ ઉપરાંત અનેક ટ્રેનો નિર્ધારિત સમય કરતાં લાંબા સમય સુધી મોડી દોડી હોવાની પણ ફરિયાદો ઉઠી હતી.

સિવિલની આંખની હોસ્પિટલમાં ૩ દિવસમાં

ફટાકડાથી ૫૦થી વધુ લોકોને આંખમાં ઈજા થતાં સારવાર અપાઈ

અમદાવાદ,શુક્રવાર

દિવાળીના તહેવારના ૩ દિવસ દરમિયાન ફટાકડા ફૂટવાથી ૫૦થી વધુને આંખમાં ઈજા થતાં સિવિલની આંખની હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. જેમાંથી ચાર દર્દીને દાખલ કરવા પડ્યા હતા.

દાઝવાની સમસ્યા સાથે કુલ ૫૧ દર્દીને સિવિલમાં સારવાર લેવી પડી, ૭ને દાખલ કરાયા

સિવિલની એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજીમાં ૩ દિવસ દરમિયાન આંખ પાસે ફટાકડો ફૂટવાથી ૫૦ જેટલાને ઈજા થઈ હતી. દાખલ કરાયેલા દર્દીમાંથી મોટાભાગના બાળકો હતા. જેમાં ધૂંધળું દેખાવવાથી માંડીને અન્ય ગંભીર સમસ્યા ધરાવતા ચાર દર્દીને દાખલ કરવામાં આવ્યા હતા.

બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં ૩ દિવસમાં દાઝી જવાની સમસ્યા સાથે ૩ દિવસમાં ૫૧ દર્દી આવ્યા હતા. જેમાંથી ૪૪ને ઓપીડીમાં જ સારવાર અપાઈ હતી જ્યારે ૭ દર્દીને દાખલ કરવા પડ્યા હતા.

KAPIVA

14મી નવેમ્બર • વિશ્વ ડાયાબિટીસ દિવસ

બ્રેકિંગ ન્યૂઝ

ડાયાબિટીસ મેનેજમેન્ટ

શરૂ કરો KAPIVA DIA FREE JUICE સાથે.

FREE@



14મી નવેમ્બર
માત્ર આજ માટે જ માન્ય છે
ઓફર મધ્યરાત્રિએ સમાપ્ત થાય છે

11 પરંપરાગત જડીબુટ્ટીઓ:
શુગરના સ્તરોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે*

- કારેલા: ગ્લુકોઝને ઊર્જામાં રૂપાંતરિત કરવામાં મદદ કરે છે.*
- જામુન: સ્વાદુપિંડના સામાન્ય કાર્યમાં મદદ કરે છે.*
- વિજયસાર: શુગરમાં ઘટા વધારાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.*
- મેથી: સામાન્ય ગ્લુકોઝના અપચયમાં મદદ કરે છે.*

અને 7 અન્ય ઔષધિઓ*

10 લાખ+
લોકોનો વિશ્વાસ*

નૈદાનિક રીતે
પરીક્ષણ કરાયેલ

હમણાં સ્કેન કરો
તમારી ફ્રી બોટલ માટે ક્લેમ કરો
*₹99 શિપિંગ ચાર્જિસ લાગુ પડે છે

માત્ર આના પર જ:
www.kapiva.in

અમદાવાદ મ્યુનિ.માં ચાલી રહેલું ધુપ્પલ

સ્ટ્રીટ લાઈટના ૪૦૦ કરોડના એક કામ માટે બે વિભાગોએ ટેન્ડર બહાર પાડ્યાં!

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં કેવું ધુપ્પલ ચાલે છે, તેનું જીવંત ઉદાહરણ સામે આવ્યું છે. એક જ કચેરીમાં બેસતા બે વિભાગો વચ્ચે પણ સંકલનનો સંપૂર્ણ અભાવ છે. સ્માર્ટ સિટીમાં સ્ટ્રીટ લાઈટના સંચાલનના એક જ કામ માટે બે વિભાગોએ રૂ.૪૦૦ કરોડના બે જુદા-જુદા ટેન્ડર બહાર પાડ્યા છે. તેમાં પણ બંને વિભાગની કામગીરીની પદ્ધતિમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે. એટલે બંને વિભાગો પોતાની મનસૂફીથી કામ કરાવવા તલપાપડ બન્યા હોય તેવો ઘાટ સર્જાયો છે.

લાઈટ ખાતાને વાયરલેસ સેન્સર લગાવવા છે જ્યારે ઈ-ગવર્નન્સને બે હજાર કિલોમીટર કેબલ પાથરવા છે

અમદાવાદમાં દરરોજ સ્ટ્રીટ લાઈટ સંબંધિત ૪૦૦ ફરિયાદ નોંધાય છે. પરંતુ છેલ્લાં દોઢેક વર્ષથી પાંચ વખત ટેન્ડર બહાર પાડ્યા બાદ પણ સ્ટ્રીટ લાઈટના સંચાલન માટે મ્યુનિ.ને કોઈ મળતું નથી! તેવામાં છઠ્ઠી વખત બહાર પાડેલા ટેન્ડરમાં માનીતા કોન્ટ્રાક્ટરને કામ સોંપવા ટેન્ડરની શરતો અને કામની પદ્ધતિમાં ફેરફાર કરી રૂ. ૧૦૦ કરોડના કૌભાંડની તૈયારી ચાલી રહી હોવાના આક્ષેપ સાથે વિપક્ષ દ્વારા આ ટેન્ડર રદ કરવા માંગ કરાઈ હતી. જો કે વિવાદાસ્પદ ટેન્ડર રદ કર્યા વગર જ આજે સ્ટ્રીટ લાઈટના એક જ સરખા કામ માટે હવે ઈ-ગવર્નન્સ વિભાગ દ્વારા રૂ.૪૦૦ કરોડનું જુદુ ટેન્ડર બહાર પડાયું છે.

તેમજ કામગીરીમાં ૩૬૦ ડિગ્રીનો ફેરફાર કરી દેવાયો છે. લાઈટ વિભાગને બે લાખ સ્ટ્રીટ લાઈટના થાંભલા પર વાયરલેસ સેન્સર લગાવવા છે. જ્યારે ઈ-ગવર્નન્સ વિભાગને બે હજાર કિલોમીટરમાં ઓપ્ટિકલ ફાયબર કેબલનું નેટવર્ક પાથરવું છે. ટૂંકમાં બંને વિભાગ પોતાની શરતો મુજબ કોન્ટ્રાક્ટર પાસેથી કામ કરાવવા આતુર બન્યા છે. એઆઈ આધારિત સીસ્ટમની વાતો વચ્ચે આટલી મોટી રકમના કામ અંગે એક જ કચેરીમાં બેસતા બે સંબંધિત વિભાગો કોઈ ચર્ચા સુદ્ધાં કરતા નથી. મ્યુનિ.ની અંધેર નગરીમાં એક જ કામ માટે બે વખત બિલ ચૂકવાઈ જાય તો પણ નવાઈ નહીં!

બન્ને વિભાગના આયોજન વચ્ચેનો મોટો તફાવત

વિગત	જૂનું ટેન્ડર	નવું ટેન્ડર
વિભાગ	લાઈટ	ઈ-ગવર્નન્સ
પદ્ધતિ	વાયરલેસ	ઓપ્ટિકલ ફાયબર કેબલ
કામગીરી	ફક્ત સંચાલન	સ્ટ્રીટ લાઈટ પર ઈન્ટરનેટ નેટવર્ક
સમયગાળો	૫ વર્ષ	૧૦ વર્ષ
મ્યુનિ. કેટલો ખર્ચ ભોગવશે	૧૦૦ ટકા	૨૫ ટકા

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

વાત વાતમાં

નવા તહેવારો જરૂરી છે !

ચાલો, દિવાળી પતી ગઈ, આજે લાભપાંચમથી લોકો કામે પણ લાગી જવાના. પરંતુ હજી થોડા 'એક્સ્ટેન્ડેડ' તહેવારોની જરૂર છે !

લખી લો...

* * *

ખિચડી છઠ :

શ્યુગરથી ભરપૂર મીઠાઈઓ, તેલમાં તળેલાં ફરસાણો અને વેકેશનમાં ગયેલા ત્યાંની રેસ્ટોરન્ટોનું ખાઈ-ખાઈને જે પેટ બગાડ્યું છે તેને આરામ આપવાનો આ સોનેરી અવસર છે ! ઉજવો ખિચડી છઠ...

* * *

મીઠાઈ સાતમ :

ગીફ્ટમાં આવેલાં પેલાં અડધો ડઝન મીઠાઈનાં બોક્સ ક્યાં સુધી સાચવી રાખવાનાં છે ? સાતમનો શુભ દિવસ જોઈને એ મીઠાઈ કામવાળીને આપી દો... આશીર્વાદ મળશે, ને પૂણ્ય લાગશે !

* * *

નાસ્તા નોમ :

તીખાં, તળેલાં અને કરકરાં ફરસાણના નાસ્તાઓ પણ હવે ભૂક્કો થઈ જવાની તૈયારીમાં છે ! હજી મોડું કરશો તો સ્વાદમાં પણ બધું 'ખોરું' થઈ જશે! એના કરતાં એનું પેટમાં 'વિસર્જન' કરો અથવા કામવાળીને 'દાન' કરો, બે'ન બા !

* * *

ઓફિસ આઠમ :

લાભ પાંચમના દિવસે તો રવિવાર ગયો. સોમવારે આળસ મરડી... મંગળવારે મૂડ નહોતો.. પણ હવે બુધવારે, આઠમનું મૂરત જોઈને ઓફિસમાં મન પરોવો ભૈશાબ ! કેમકે મોંઘવારી બારેમાસ વધે છે અને પગાર પાંચ વરસે ય વધતો નથી.

* * *

... અને જલન ચૌદશ :

સોશિયલ મિડીયામાં બીજા લોકોના હસતા, ફરતા અને મોજ કરતા ફોટા જોઈને જલન થાય છે ને ? તો જે રીતે કાળીચૌદશની રાતે તમે ઘરમાંથી કકળાટ કાઢ્યો હતો એ જ રીતે આ ચૌદશે એ તમામ જલન કરાવતી પોસ્ટો ડિલીટ કરો ! સાચું કહું છું... ટ્રાય કરી જોજો, બહુ સારું લાગશે !

* * *

પોલિટિક્સ પૂનમ :

હજી વધારે સારું લાગે તેવું કરવું છે ? તો બોસ, આ પૂનમે સંકલ્પ કરો, કે માત્ર છાપામાં આવે છે એટલું જ પોલિટિક્સ વાંચવાનું ! તમારા મોબાઈલમાં તમે જે કકળાટિયા, પંચાતિયા, ઈન્ટેલેકચુલિયા, સેક્યુલિયા... કે ઈવન ભક્તોની જે પોસ્ટો વાંચીને જીવ બાળ્યા કરો છોને, એ દિમાગી 'એસિડીટી' થી આરામ મળી જશે ! હંમેશ માટે.

- મન્નુ શેખચલ્લી

રાજકારણનાં એપીસેન્ટર વિસાવદરમાં નવી ચિંગારી

વિધાનસભા ચૂંટણીમાં સ્થાનિકોની ઉપેક્ષા અટકાવવા પાટીદાર સંમેલન

જૂનાગઢ, શુક્રવાર

રાજકારણના એપીસેન્ટર સમાન વિસાવદર વિધાનસભા બેઠક પર રાજકીય પક્ષો દ્વારા સ્થાનિક આગેવાનો અને લેઉવા પટેલ સમાજની સતત ઉપેક્ષા થઈ રહી હોવાના રોષ સાથે હવે ખુદ સમાજ અને ઉદ્યોગપતિઓ મેદાને આવ્યા છે. સ્થાનિક સક્ષમ આગેવાનોને બદલે આયાતી ઉમેદવારો લાદવામાં આવતા ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

આયાતીઓને લાદીને વિસાવદરના આગેવાનોને હાંસિયામાં ધકેલાતાં લેઉવા પટેલ સમાજનો રોષ, ભાજપ-આપને ઢંઢોળાશે

વિસાવદરના લેઉવા પટેલ સમાજના અગ્રણી અને સુરતના ઉદ્યોગપતિ બીપીનભાઈ રામાણીએ બળાપો ઠાલવ્યો છે કે, તમામ રાજકીય પક્ષો દ્વારા વિસાવદર વિધાનસભા વિસ્તારના લોકોને સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. થોડા સમય પહેલા યોજાયેલી આ બેઠકની પેટાચૂંટણીમાં પણ ભાજપ દ્વારા ગીર-સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના રાતીધારના કિરીટ પટેલને અને આમ આદમી પાર્ટી દ્વારા ભાવનગર જિલ્લાના ગોપાલ ઈટાલીયાને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા, જે સાબિત કરે છે કે રાજકીય પક્ષો સ્થાનિક પ્રતિભાને અવગણી રહ્યા છે. શું વિસાવદરમાં સક્ષમ અને સારા નેતાઓની કોઈ જ ખોટ છે? તેવા ગંભીર સવાલો હવે લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. આ અન્યાય સામે અવાજ ઉઠાવવા અને પોતાની રાજકીય તાકાત બતાવવા માટે વિસાવદર તાલુકાના સુખપુર ગામે અંદાજે ૨૫,૦૦૦ લેઉવા પાટીદારોને એકઠા કરી એક સંમેલન યોજાવા જઈ રહ્યું છે. આ સંમેલન પૂર્વે વિસાવદર વિધાનસભા વિસ્તારની પટેલ સમાજની તમામ અગ્રણી સંસ્થાઓ, કેળવણી મંડળો, સમાજની વાડીઓ તેમજ વિવિધ આગેવાનો સાથે બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. આ મુદ્દાને સ્પષ્ટ કરતા આયોજકોએ જણાવ્યું છે કે, આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કે આપ અગાઉની જેવી ભૂલ ન કરે તે માટે તેની આંખ ઉઘાડવાનો કાર્યક્રમ છે. આ કોઈ રાજકીય પક્ષનો વિરોધ કરવા માટેનું આંદોલન નથી પરંતુ વિસાવદરના સ્થાનિક લોકોને રાજકીય રીતે યોગ્ય પ્રતિનિધિત્વ અને પ્રભુત્વ મળે તે માટેની હક્ક-અધિકારની માગણી છે. ભાજપ હોય, કોંગ્રેસ હોય કે અન્ય કોઈ પણ પક્ષ હોય-જે પક્ષ સ્થાનિક અને પ્રજાના સાચા હિતને પ્રાધાન્ય આપશે, સમાજ તેને જ સમર્થન આપશે. લાંબા સમયથી ચાલતી આ અવગણના હવે સ્થાનિક રાજકારણને નબળું પાડી રહી છે, જેને સાંખી નહીં લેવાય. આગામી દિવસોમાં આ સંમેલનને લઈને વ્યાપક રણનીતિ જાહેર કરવામાં આવશે.

હયાતીનું પ્રમાણપત્ર ઓનલાઈન અપડેટ કરવાના બહાને છેતરપિંડી

અમદાવાદ,શુક્રવાર

શાહીબાગમાં રહેતા રેલવેના નિવૃત્ત કર્મચારીનું હયાતીનું પ્રમાણપત્ર ઓનલાઈન અપડેટ કરવાના બહાને સાયબર ક્રિમિનલ દ્વારા એપીકે ફાઈલ મોકલીને ફોન હેક કર્યા બાદ તેમના બેંક એકાઉન્ટમાં રહેલી ૧૦ લાખથી વધુની રકમની ઉચાપત કરીને છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. જે અંગે સાયબર ક્રાઇમે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

શાહીબાગમાં આવેલા લક્ષ્યદીપ એપાર્ટમેન્ટમાં રહેતા ૬૬ વર્ષીય જોન ક્રિશ્ચિયન રેલવે વિભાગમાંથી નિવૃત્ત થયા હતા. થોડા દિવસ પહેલા તે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોતા હતા. જેમાં બેંક ઓફ ઈન્ડિયાના લોગો વાળી લાઈફ સર્ટિફિકેટ ઓનલાઈન અપડેટ કરવાની ઓફર હતી. જેના પર વિશ્વાસ કરીને ક્લિક કર્યું હતુ અને બેંકની વિગતો અપડેટ કરી હતી. ત્યારબાદ તેમને અજાણ્યા નંબરથી બેંક ઓફ ઈન્ડિયાના લોગો વાળી એપીકે ફાઈલ મળી હતી . બાદમાં એક વ્યક્તિએ કોલ કરીને એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવીને ઓટીપી મેળવી લીધા હતા. બીજા દિવસે તેમને જાણવા મળ્યું હતું કે બેંક એકાઉન્ટમાંથી ૧૦.૧૦ લાખ જેટલી જમા થયેલી પેન્શનની રકમ વિવિધ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં અચાનક

(છેલ્લા પાનાનું ચાલુ)

વડાપ્રધાને સચિવો સાથે બેઠક યોજી જાણકારી મેળવી હતી. આ ઉપરાંત મંત્રીઓ સાથે વન ટુ વન બેઠક કરી તેમની કામગીરીની સમીક્ષા કરવામા આવી હતી વડાપ્રધાન મોદીની ડિનર ડિપ્લોમાસી મજબૂત સંકલન સાધવાનો સંદેશો પણ આપવામાં આવ્યો હતો. ટૂંકમાં એન્ટી ઈન્કમબનસી ના માહોલ વચ્ચે સરકારની છાપ સુધારવા પ્રયત્નો થઈ રહ્યા છે.

અંબાજીનો પ્રવાસ રદ થયા બાદ પણ ગાંધીનગરમાં યોજાઈ રહેલું આ 'હાઈ-પ્રોફાઈલ' ડિનર ૨૦૨૭ની ચૂંટણી પહેલાં ગુજરાતના રાજકારણમાં કોઈ મોટા સંકેત આપી જાય તો નવાઈ નહીં. પરંતુ એટલું ચોક્કસ છે કે ,ગાંધીનગરની રાજકીય હલચલ પર સૌની નજર ટકેલી છે. કારણ કે ગુજરાતમાં ૨૦૨૭ની ચૂંટણીનો શંખનાદ ભલે હજુ થયો ન હોય, તેની પૂર્વભૂમિકા રચવાની ચર્ચાઓએ અત્યારથી જ જોર પકડ્યું છે.

વચ્ચે ફરી એક વાર ગુજરાતના મંત્રીમંડળમાં ફેરફાર થાય તેવી રાજકીય અટકળો એ પણ જોર પકડ્યું છે. એટલું જ નહીં ચાર પાંચ મંત્રીઓને પડતા મૂકી નવા ધારાસભ્યોને તક મળે તેવી વાતો પાટનગરમાં વહેતી થઈ છે.

આગામી ચૂંટણીના પડકારોને પહોંચી વળવા સરકાર અને સંગઠન વચ્ચે વધુ

ખેડૂતો, સરકારી કર્મચારીઓથી માંડીને ઝેન-ઝી સરકાર સામે મેદાને

હાલ પાટનગર ગાંધીનગર આંદોલનનું એપી સેન્ટર બન્યું છે. સરકારી કર્મચારીઓથી માંડીને શિક્ષિત યુવાઓ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે . મોરબીમાં છેલ્લા ત્રણ મહિનાથી ખેડૂતો નો આંદોલન આજે પણ યથાવત રહ્યું છે. આ ઉપરાંત મોંઘવારી, કાયદો વ્યવસ્થા, બેરોજગારી જેવા મુદ્દાઓને લઈને આમ આદમી પરેશાન છે એટલે એન્ટી ઈન્કમબન્સીનો માહોલ સરકાર માટે આગામી દિવસોમાં મુશ્કેલી ઉભી કરી શકે તેમ છે. આ બધી પરિસ્થિતિને જોતા ભાજપ સરકાર અત્યારથી જ સતર્ક છે સાથે સાથે ચૂંટણી મોડમાં આવ્યું છે.

લાંચ કેસમાં છૂટ્યા

ફરિયાદી જયંતિભાઈ પ્રજાપતિ રહે. મહેસાણાનાઓએ એ.સી.બી. મહેસાણામાં ફરિયાદ આપેલ કે તેઓ ક્રિષ્ના કન્સલ્ટન્સીની સાઈડો ઉપર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. અને તેમની કંપનીએ જીઆઈડીસી, મહેસાણામાં કરેલ કામના બિલો અંગે નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી મયંક.આર.શાહ ને મળતા તેઓએ બિલ પાસ કરવા અને ડિપોઝીટના નાણાં પરત અપાવવા રૂ.7,500/-ની લાંચની માંગણી કરેલ. તે અનુસંધાને એ.સી.બી. મહેસાણાએ લાંચનું છટકું ગોઠવીને મયંક શાહને પકડીને તેમના વિરુદ્ધ મહેસાણા કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. સદરહું કેસ મહેસાણાના મહે. સ્પે. જજશ્રી એમ.કે.ખેર સાહેબ સમક્ષ ચાલી જતાં ફરિયાદપક્ષે મયંકભાઈ વિરુદ્ધ લાંચના નાણાંની માંગણી, સ્વીકાર, રિકવરી અને ઓડિયો રેકોર્ડિંગ પુરવાર ન કરી શકતા અને બચાવપક્ષની દલીલો ધ્યાને લઈ મયંકભાઈને શંકાનો લાભ આપી છોડી મુકેલ છે.

બચાવપક્ષે એડવોકેટ અશ્વિન જે. જાની તથા પાર્થ એ. જાની હાજર રહેલ.

મકરબાના પેલેડિયમ કોર્પોરેટ બિલ્ડિંગની ઓફિસમાં આગ

અમદાવાદ, શુક્રવાર

મકરબા વિસ્તારમાં આવેલ પેલેડિયમ કોર્પોરેટ બિલ્ડિંગના ૧૨માં માળે આવેલી એક ઓફિસમાં આજે સવારે નવેક વાગ્યાના અરસામાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. આગમાં આખી ઓફિસ બળીને ખાખ થઈ ગઈ હતી. સદ્નસીબે લોકોની હાજરી ન હોય, મોટી દૂર્ઘટના ટળી હતી.

અમૂલ દૂધના ભાવમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

દૂધના વધુ સારા ખરીદભાવ મળી રહે અને પશુપાલન વ્યવસાય આર્થિક રીતે ટકાઉ બને તે દિશામાં આ ભાવવધારો મદદરૂપ બનશે એવો દાવો ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને કર્યો છે.

ઘાસચારો અને પશુઆહાર મોંઘાં થતાં ડેરી ઉદ્યોગ પર દબાણ

અમૂલના અગ્રણીઓનું કહેવું છે કે છેલ્લા એક વર્ષ દરમિયાન લીલા અને સૂકા ઘાસચારાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. આ ઉપરાંત પશુઆહારમાં વપરાતી ખોળ, મકાઈ અને મોલાસિસ જેવી સામગ્રી પણ મોંઘી બની છે. પશુઓના નિભાવ માટે આ સામગ્રી અનિવાર્ય હોવાથી તેની કિંમતમાં વધારો થતાં પશુપાલકોનો દૈનિક ખર્ચ વધ્યો છે. આ ઉપરાંત દૂધના પાઉચ બનાવવા માટે વપરાતી પેકિંગ ફિલ્મ અને દૂધના પરિવહન તથા પ્રોસેસિંગમાં વપરાતા ઈંધણના ખર્ચમાં પણ વધારો થયો છે. એટલે દૂધની ખરીદીથી લઈને ગ્રાહક સુધી પહોંચાડવાની સમગ્ર પ્રક્રિયા મોંઘી બની છે. ગુજરાત સહિત દેશના અનેક વિસ્તારોમાં ઓછા અને અનિયમિત વરસાદને કારણે ઘાસચારાની ઉપલબ્ધતા અને તેની કિંમત અંગે પણ પડકારો ઊભા થયા છે. પરિણામે દૂધ ઉત્પાદનનો ખર્ચ વધ્યો છે અને ડેરી સંસ્થાઓ પર પશુપાલકોને પોષણક્ષમ ખરીદભાવ આપવાનું દબાણ વધ્યું છે.

પશુપાલકોને શું ફાયદો થશે?

આ ભાવવધારાની સૌથી મહત્વની બાબત એ છે કે ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડેરેશનના જણાવ્યા અનુસાર ગ્રાહકો પાસેથી મળતી વધારાની આવકનો મોટો હિસ્સો દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવામાં આવશે. સંઘના સભ્ય દૂધ સંઘોએ છેલ્લા એક વર્ષમાં પશુપાલકો પાસેથી દૂધ ખરીદવાના ભાવમાં ૪થી ૫ ટકાનો વધારો કર્યો છે. હવે ગ્રાહક વેચાણના ભાવમાં કરવામાં આવેલા વધારાથી પશુપાલકોને વધુ આર્થિક સહાય આપવાનો માર્ગ ખુલશે.















જાહેર નોટિસ

મોજે-લપકામણ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૮ (સોલા) ઘાટલોડીયા તાલુકાના મોજે - લપકામણ ગામની સીમના રી-સર્વે મુજબ નવા બ્લોક નં.૫૨૮/ઈ (જુના બ્લોક નં.૨૮૫) ની હે.આરે.ચો.મી. : ૦-૨૯-૨૨ પૈકી હે.આરે.ચો.મી. : ૦-૧૧-૬૧ ની ખેતીની જમીન ભગવતીબેન મણીલાલ પટેલ તે સુમનભાઈ રતિલાલ પટેલનાં પત્નીની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, અને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા. ૧૪-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે-શીલજ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાના મોજે - શીલજ ગામની સીમના બ્લોક નં.૧૩૫૨ બ ની હે.આરે.ચો.મી. : ૦-૬૯-૮૬ ની ખેતીની જમીન (૧) પ્રકાશભાઈ રમણલાલ પટેલ (૩૮.૨૦% હિસ્સો), (૨) ભરતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (૩૬.૮૦% હિસ્સો) તથા (૩) સમીરભાઈ નટવરભાઈ પટેલ (૨૫% હિસ્સો) ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, AASHRAY DEVELOPERS એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીટકર્તા ભાગીદારશ્રી પાર્થ દિલીપભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૩(મેમનગર)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે બોડકદેવની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧/બી(બોડકદેવ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩, ફાઈનલ પ્લોટ નંબર-૩૯ તથા ફાઈનલ પ્લોટ નંબર-૪૦ની બિનખેતીની જમીનનો સમાવેશ ઈન્સપેકટર ઓફ લેન્ડ રેકર્ડ ઘાટલોડિયામાં થતા ટીપી-૧/બી બોડકદેવ+(૧ વેરીડ) વોર્ડના શીટ નંબર-૪૯ના (૧) સીટી સર્વે નંબર-૪૯૦૦૨૪ની ૨૮૨.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન (૨) સીટી સર્વે નંબર-૪૯૦૦૨૫ની ૨૦૮.૧૪ ચોરસમીટરની બિનખેતીની જમીન (૩) સીટી સર્વે નંબર-૪૯૦૦૨૬ની ૨૧૭.૧૪ ચોરસમીટરની બિનખેતીની જમીન (૪) સીટી સર્વે નંબર-૪૯૦૦૨૭ની ૨૪૯.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન (૫) સીટી સર્વે નંબર-૪૯૦૦૨૮ની ૨૪૬.૯૬ ચોરસમીટરની બિનખેતીની જમીન (૬) સીટી સર્વે નંબર- ૪૯૦૦૨૯ની ૨૨૧.૦૫ ચોરસમીટરની બિનખેતીની જમીન(૭) સીટી સર્વે નંબર-૪૯૦૦૩૦ની ૨૧૧.૨૮ ચોરસમીટરની બિનખેતીની જમીન(૮) સીટી સર્વે નંબર-૪૯૦૦૩૧ની ૨૭૬.૧૩ ચોરસમીટરની બિનખેતીની જમીન(૯) સીટી સર્વે નંબર-૪૯૦૦૫૧ની ૨૫૧.૩૫ ચોરસમીટરની બિનખેતીની જમીન મળી કુલ ૨૧૬૪.૭૯ ચોરસમીટરની જમીનના ઉપરોકત નંબર-(૧) થી (૯) માં દર્શાવેલ સીટી સર્વે નંબરોનું એકત્રીકરણ થતા એકત્રીત સીટી સર્વે નંબર-૪૯૦૦૨૪ની ૨૧૬૪.૭૯ ચોરસમીટરની બિનખેતીની જમીન ફાળવવામાં આવેલ છે. સદરહુ જમીન ઉપરોકત ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર અને આગવી માલિકી કબજા ભોગવટાની બોજા રહિતની હોવાનું જણાવી સદરહુ જમીનના ઉપરોકત ભાગીદારી પેઢીના માલિકીના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખઃ ૦૭-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

બાળકોમાં ડાયાબિટીસના વધતા જોખમથી ચિંતાજનક સ્થિતિ

ગુજરાતમાં સરેરાશ ૧૦૦માંથી ૩ બાળકો ડાયાબિટીસની ઝપેટમાં

અમદાવાદ, શુક્રવાર

ડાયાબિટીસ હવે માત્ર મોટી ઉંમરના લોકોનો રોગ રહ્યો નથી. બાળકો અને કિશોરોમાં પણ આ રોગનું જોખમ ઝડપથી સામે આવી રહ્યું છે. ગુજરાતમાં ૧૦થી ૧૯ વર્ષનાં બાળકોમાં ડાયાબિટીસનું પ્રમાણ ૨.૯ ટકા નોંધાયું છે, જે દેશની ૦.૬ ટકાની સરેરાશ કરતાં લગભગ પાંચ ગણું વધારે છે.

વર્લ્ડ ડાયાબિટીસ ડે : રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતના બાળકોમાં ડાયાબિટીસનું પ્રમાણ પાંચ ગણું વધારે

દર વર્ષે ૧૪ નવેમ્બરની ઉજવણી ‘વર્લ્ડ ડાયાબિટીસ ડે’ તરીકે કરવામાં આવે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)-૫ રિપોર્ટ મૂજબ ગુજરાતમાં ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબજ ઊંચું છે. આ રિપોર્ટ દર્શાવે છે કે પુરુષો અને મહિલાઓ બંન્નેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધુ છે.

રાજ્યમાં દર પાંચમાંથી એક બાળકના લોહીમાં શુગરનું પ્રમાણ પ્રિ-ડાયાબિટીસની સ્થિતિ સૂચવે છે. આ આંકડા બાળઆરોગ્ય સામે ઊભા થઈ રહેલા ગંભીર પડકાર તરફ ધ્યાન દોરે છે.બાળકોમાં ડાયાબિટીસની સમસ્યા વહેલી તકે ઓળખવી અત્યંત જરૂરી છે. ખાસ કરીને ટાઇપ-૧ ડાયાબિટીસમાં નિદાનમાં વિલંબ થાય તો ડાયાબિટીક કીટોએસિડોસિસ જેવી ગંભીર અને જીવલેણ સ્થિતિ ઊભી થઈ શકે છે.

બાળકોમાં વારંવાર તરસ લાગવી, વારંવાર પેશાબ આવવો, કોઈ કારણ વગર વજન ઘટવું, સતત થાક લાગવો અને ભૂખ વધારે લાગવી જેવા લક્ષણો જોવા મળે તો તેને સામાન્ય બાળસહજ ફેરફાર માનીને અવગણવા ન જોઈએ.બાળકોને ડાયાબિટીસથી બચાવવા માટે જીવનશૈલીમાં સુધારો કરવો જરૂરી છે તેમ જણાવતા એન્ડોક્રિનોલોજીસ્ટ ડૉ. રમેશ ગોયેલે ઉમેર્યું કે, નિયમિત શારીરિક કસરત, સંતુલિત અને પૌષ્ટિક આહાર, ખાંડયુક્ત ખાદ્યપદાર્થો તથા વધુ પડતા પ્રોસેસ્ડ ફૂડના સેવન પર નિયંત્રણ રાખવાથી લાંબા ગાળે બાળકોના આરોગ્યનું રક્ષણ કરી શકાય છે. આ ઉપરાંત, લક્ષણો જણાય ત્યારે સમયસર તબીબી તપાસ કરાવવી જોઈએ.

બાળકોમાં સુગરની મર્યાદા નક્કી કરવી જરૂરી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને અમેરિકન હાર્ટ એસોસિયેશન પ્રમાણે બે વર્ષથી નાના બાળકોને ખોરાકમાં બહારથી ઉમેરેલી ખાંડ બિલકુલ આપવી નહીં. ૨થી ૧૮ વર્ષની વયજૂથ હોય તો દિવસમાં વધુમાં વધુ ૨૫ ગ્રામ એટલે કે લગભગ ૬ નાની ચમચી ઓછી ઉમેરેલી ખાંડ લેવી જોઈએ. ડાયાબિટીસ ધરાવતા બાળકોએ ડૉક્ટરને ડાયેટિશિયનની સલાહ પ્રમાણે કાર્બોહાઇડ્રેટ્સ અને કુદરતી સુગર લેવી જોઈએ. પ્રોસેસ્ડ સુગર સંપૂર્ણ ટાળવી હિતાવહ છે.

૧૮મી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણીને લઈ

વકીલમંડળો દ્વારા સોમવારથી મતદાન યાદીની કવાયત શરૂ

અમદાવાદ, શુક્રવાર

ગુજરાત રાજ્યના ૨૮૨થી વધુ વકીલમંડળોની આગામી ૧૮મી ડિસેમ્બરે રાજ્યભરમાં એકસાથે એક જ દિવસે યોજાનારી ચૂંટણીને લઈ વિવિધ વકીલમંડળો તરફથી વકીલ સભ્યોની મતદાર યાદી તૈયાર કરવાની કવાયત સોમવારથી શરૂ કરવામાં આવશે. કારણ કે, તમામ વકીલમંડળોએ તેમના એસોસીએશનના વકીલ મતદાર સભ્યોની યાદી ૨૦ નવેમ્બર સુધીમાં ગુજરાત બાર કાઉન્સિલને મોકલી દેવાની હોવાથી હવે તેમની પાસે માત્ર એક અઠવાડિયાનો જ સમય બચ્યો છે.

તમામ વકીલમંડળોએ ૨૦ નવેમ્બર સુધીમાં વકીલ મતદારોની યાદી બાર કાઉન્સિલમાં મોકલી દેવી પડશે

રાજ્યના જુદા જુદા વકીલમંડળો તરફથી તેમના વકીલ સભ્યોની મતદાર યાદી ગુજરાત બાર કાઉન્સિલમાં ૦મી નવેમ્બર સુધીમાં મોકલાયા બાદ જે તે વકીલમંડળોએ તેમના ત્યાંની ચૂંટણી માટે ચૂંટણી કમિશનરની નિમણૂંક ૨૧ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં કરી દેવાની રહેશે. તમામ બાર એસોસિએશનોએ મતદાર યાદીનું પ્રકાશન તેમના નોટિસ બોર્ડ પર ૨૩ નવેમ્બરના લગાવી દેવાનું રહેશે. જો કોઈ વાંધો કે તકરાર હોય અથવા વાંધા અરજી હોય તો તે ૨૫થી ૨૭ નવેમ્બર દરમ્યાન ચૂંટણી કમિશનર સમક્ષ રૂબરૂ કરી શકાશે. તમામ વકીલમંડળોએ ૩૦ નવેમ્બરના રોજ તેમની આખરી અને અંતિમ મતદાન યાદી પ્રસિધ્ધ કરી દેવાની રહેશે.

વકીલમંડળોની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે ૧થી ૫ ડિસેમ્બર સુધી ભરી શકાશે, ઉમેદવારી ફોર્મની ચકાસણીની તારીખ ૭ ડિસેમ્બર રહેશે., જયારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ ૮ ડિસેમ્બર છે. ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા પછીની આખરી ઉમેદવારોની યાદી ૯ ડિસેમ્બરના રોજ પ્રસિધ્ધ કરવાની રહેશે.

ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ પાસ કરનાર જ મતદાન કરી શકશે

તમામ વકીલમંડળોની આગામી ચૂંટણીમાં જે વકીલોએ વકીલાત માટે પાસ કરવી ફરજિયાત એવી ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ પાસ નહી કરી હોય અને માત્ર પ્રોવીઝનલ એનરોલમેન્ટ જ મેળવ્યુ હશે તેવા કોઈપણ વકીલ તા.૧૮-૧૨-૨૦૨૬ના રોજ યોજાનારી ચૂંટણીમાં મતદાન કરવા માટે હકદાર રહેશે નહી. આમ, ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ પાસ કરી હશે તેવા વકીલો જ મતદાન કરી શકશે.

સિવિલમાં વેન્ટિલેટરનો પ્લગ નીકળી ગયો છતાં સ્ટાફ-ડોક્ટરે ધ્યાન ન આપ્યું

અમદાવાદ,શુક્રવાર

સિવિલ હોસ્પિટલોમાં સ્ટાફની બેદરકારીને લઈને વધુ એક ફરિયાદ ઉઠી છે. વેન્ટિલેટર પરના એક દર્દીના પુત્રએ ફરિયાદ કરી છે કે આજે સવારે છ વાગે તેણે બેડ પાસે જઈને જોયુ ત્યારે વેન્ટિલેટર બંધ હતુ એટલે કે પ્લગ જ નીકળી ગયો હતો. ત્યારબાદ પોલીસને પણ જાણ કરાઈ હતી અને પરિવારજનોએ હોસ્પિટલ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

સિવિલમાં પિતાની સારવારમાં બેદરકારી બાબતે એમડી ડોક્ટર પુત્રએ જ ફરિયાદ નોંધાવી

સિવિલ હોસ્પિટલમાં દાખલ અને વેન્ટિલેટર પર મુકવામા આવેલા દર્દીની સ્થિતિ નાજુક હોઈ તેમના પુત્ર અભિનવ સિંહે લેખિતમાં ફરિયાદ આપી હતી કે તેમના પિતાને વેન્ટિલેટર પર રાખવામા આવ્યા હતા અને ગઈકાલે ૧૨મીએ સાંજે બીપી લો થતા બીજુ ઈન્જેકશન લગાવવાનું સ્ટાફે કહ્યુ હતું. ત્યારબાદ આજે સવારે ૬ વાગ્યાની આસપાસ અચાનક મારા ધ્યાને આવ્યું કે વેન્ટિલેટરની લાઈટ બંધ છે. જેથી સ્ટાફ નર્સને બોલાવીને આ બાબતે જણાવ્યું ત્યારે નર્સે આવીને જોયુ અને વેન્ટિલેટર બંધ હતું. ચેક કરતા ખબર પડી કે પ્લગ જ નીકળી ગયો હતો. પરંતુ સ્ટાફની બેદરકારી અને સંતોષકારક જવાબ ન મળતા ૧૦૦ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરવામા આવી હતી. આ ઉપરાંત દર્દીના પુત્ર અભિનવ સિંહ કે જેઓ પોતે પણ એમડી ડોક્ટર છે તેઓએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.જો કે સદનસીબે દર્દીનું મૃત્યુ થયુ નથી પરંતુ વેન્ટિલેટર જ બંધ હોય સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવી છે ત્યારે પરિવારજનોએ હોસ્પિટલ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

નવી પાર્કિંગ પોલિસીમાં સુધારો કરાયો

અમદાવાદમાં જૂના પે એન્ડ પાર્કમાં પણ નવો ચાર્જ લાગશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં દસેક દિવસ અગાઉ પાર્કિંગ ચાર્જમાં ૯૦ ટકા સુધીનો વધારો કરાયો હતો. જો કે પે એન્ડ પાર્કના જૂના કોન્ટ્રાક્ટમાં નવા દર લાગૂ પડશે કે જૂના? તે અંગે મૂંઝવણ ઉભી થઈ હતી. ત્યારે એકસૂત્રતા જળવાઈ રહે તે માટે જૂના અને નવા તમામ પાર્કિંગમાં નવા ચાર્જ લાગૂ કરવા સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય કરાયો છે. પાર્કિંગ ચાર્જ અંગે કોન્ટ્રાક્ટરો સાથે ચર્ચા કર્યા બાદ એકાદ મહિનામાં નવા ચાર્જ અમલમાં મુકાશે.

જૂના અને નવા દર મુદ્દે ગૂંચવાડો થયો હતો કોન્ટ્રાક્ટર પાસે નવા દર મુજબ ભાડું લેવાશે

અમદાવાદ મ્યુનિ.ની ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ મેનેજમેન્ટ કમિટીની ગત અઠવાડિયે મળેલી બેઠકમાં નવા પાર્કિંગ દરને મંજૂરી અપાઈ હતી. જો કે તેની અમલવારીમાં ગોલમાલની પૂરેપૂરી શક્યતાઓ હતી. કારણ કે પે એન્ડ પાર્કના જૂના કોન્ટ્રાક્ટમાં જૂના દર અને નવા કોન્ટ્રાક્ટમાં નવો ચાર્જ વસૂલાય તો લોકોમાં મુંઝવણ અને મુશ્કેલીઓ પેદા થાય તેમ હતી. આ મુદ્દો ધ્યાને આવતા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પાર્કિંગ પોલિસીમાં સુધારો કરાયો છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ જણાવે છે કે, જૂના અને નવા દરના નામે વાહનચાલકો છેતરાય નહીં માટે તમામ જગ્યાએ હવે એક સરખા નવા દર લાગૂ પડશે. જેના માટે પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરોને બોલાવી તેમની સાથે ચર્ચા કરાશે. તેમજ નવા પાર્કિંગ ચાર્જ મુજબ કોન્ટ્રાક્ટર દ્વારા ચૂકવાતા પ્લોટના ભાડામાં પણ વધારો કરાશે. જૂના કોન્ટ્રાક્ટમાં એક મહિનો બાકી હોય કે એક વર્ષ તેના સમયગાળા પ્રમાણે પ્રોરેટા મુજબ વધારાનું ભાડું નક્કી કરાશે. જો કે ઓન સ્ટ્રીટ, ઓફ સ્ટ્રીટ અને પ્રીમિયમ વિસ્તારોના પાર્કિંગ દરમાં રહેલો તફાવત યથાવત રહેશે. દર ત્રણ વર્ષે પાર્કિંગ ચાર્જની સમીક્ષા કરાશે.

જીટીયુ દ્વારા NBA અને નેક માન્યતા ધરાવતી કોલેજો જાહેર

ગુજરાતની ૪૦૦થી વધુ ટેકનિકલ કોલેજમાંથી માંડ ૪૭ પાસે એક્રેડિટેશન

અમદાવાદ,શુક્રવાર

જીટીયુ દ્વારા પોતાની સંલગ્ન કોલેજોમાંથી એનબીએ અને નેક માન્યતા ધરાવતી કોલેજોની યાદી જાહેર કરવામા આવી છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધીની મુદત પ્રમાણે રાજ્યમાં ૪૦૦થી વધુ ટેકનિકલ કોલેજોમાંથી માંડ ૪૭ કોલેજો પાસે જ નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન એટલે કે એનબીએની માન્યતા છે. જ્યારે પાંચ કોલેજો પાસે જ નેકની માન્યતા છે.ટેકનિકલ કોર્સીસની કોલેજોએ એનબીએની માન્યતા મેળવવી ફરજીયાત હોય છે ત્યારે માંડ ૧૦ ટકા જેટલી કોલેજો જ એનબીએની માન્યતા ધરાવે છે અને જેમાંથી કેટલીક કોલેજોમાં કેટલાક કોર્સની માન્યતા તો ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં પુરી થઈ જશે.

ટેકનિકલ કોર્સીસની ૧૦ ટકા જેટલી કોલેજો NBA માન્ય જીટીયુ સંલગ્ન કોલેજોમાં નેક માન્ય માત્ર પાંચ જ કોલેજો

જીટીયુ દ્વારા દર વર્ષે એનબીએ માન્યતા ધરાવતી કોલેજોની યાદી જાહેર કરવામા આવે છે. બે વર્ષે પહેલા જીટીયુમાં બીબીએ-બીસીએની કોલેજો પણ ઉમેરાતા હાલ રાજ્યમાં ૫૦૦થી વધુ કોલેજો જીટીયુ સંલગ્ન છે.જેમાં ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી-ફાર્મસી સહિતના કોર્સની કોલેજો અને અરજી માટે લાયક હોય તેવી ૪૦૦થી વધુ કોલેજો છે. જીટીયુ દ્વારા જાહેર કરાયેલા ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધીના લિસ્ટ મુજબ ૪૭ કોલેજો પાસે એનબીએની માન્યતા છે.ટેકનિકલ કોર્સમાં કોલેજે કોર્સ દીઠ ત્રણ વર્ષ માટે એનબીએની માન્યતા લેવાની હોય છે.

જ્યારે જીટીયુના લિસ્ટ મુજબ પાંચ કોલેજો પાસે જ નેક (નેશનલ એસેસમેન્ટ એન્ટ એક્રેડિટેશન કાઉન્સિલ)ની માન્યતા છે.જેમાં ત્રણ ફાર્મસી કોલેજો અને બે ઈજનેરી સહિતના કોર્સની કોલેજો છે.એનબીએ ધરાવતી કુલ ૪૭ કોલેજોમાં કુલ ૩૦ સરકારી કોલેજો-સંસ્થાઓ છે અને બાકીની ખાનગી કોલેજો છે. ૩૦માં ૨૯ ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીની કોલેજો છે અને ૧ અમદાવાદની સીપેટ છે.

ડિગ્રી અને ડિપ્લોમામાં ૨૧ કોલેજમાં NBA માન્ય છે

ગુજરાતમાં હાલ ૧૬ સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજો અને ૩૨ સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજો છે.જેમાં તમામ ૧૬ ડિગ્રી કોલેજ એક્રેડિટેશનની અરજી માટે લાયક છે અને ૩૨માંથી ૩૧ અરજી માટે લાયક છે.પરંતુ ડિગ્રી ઈજનેરીમાં ૧૬માંથી ૮ એટલે કે ૫૦ ટકા કોલેજો પાસે એનબીએની માન્યતા છે.જેમાંથી કેટલીક કોલેજોમાં તો કેટલાક કોર્સની માન્યતા ચાલુ વર્ષે પુરી થઈ રહી છે.દર ત્રણ વર્ષે કોલેજોએ કોર્સદીઠ માન્યતા લેવાની હોય છે ત્યારે એલ.ડી કોલેજમાં છ કોર્સમાં માન્યતા છે.જેમાંથી બેની માન્યતા ગત વર્ષે પુરી થઈ છે. વિશ્વકર્મા કોલેજમાં પાંચ કોર્સમાં અને રાજકોટની કોલેજમાં ૧ કોર્સમાં માન્યતા છે.મોટા ભાગની કોલેજો પાંચથી વધુ કોર્સ છતાં એકથીબે કોર્સમાં જ માન્યતા ધરાવે છે.જ્યારે ડિપ્લોમા ઈજનેરીમાં ૨૧ સરકારી પોલીટેકનિક પાસે એનબીએ છે.અમદાવાદની કોલેજમાં ૪ કોર્સમાં ચાલુ વર્ષની સુધીની માન્યતા છે.

પરીક્ષા સમય માટે પણ ગાઈડલાઈન જાહેર

ISCE બોર્ડ પરીક્ષાઃ ધો.૧૨ની ૯ અને ધો.૧૦ની ૧૫ ફેબ્રુઆરીથી


અમદાવાદ,શુક્રવાર

સીબીએસઈ બાદ સીઆઈએસસીઈ દ્વારા પણ ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામા આવ્યો છે.જે મુજબ ધો.૧૨ની પરીક્ષા ૯ ફેબ્રુઆરીથી અને ધો.૧૦ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે.આ વર્ષે વિદ્યાર્થીઓ વધતા દેશના અને વિદેશના તમામ કેન્દ્રો પરથી કુલ મળીને ૩.૮૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એજ્યુકેશન (સીઆઈએસસીઈ) દ્વારા આગામી બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામા આવ્યો છે. જેમાં ૯ ફેબ્રુઆરીથી ધો.૧૨ની અને લગભગ એક સપ્તાહ બાદ ૧૫ ફેબ્રુઆરીથી ધો.૧૦ની બોર્ડ પરીક્ષા શરૂ થશે. જ્યારે પરિણામ એપ્રિલ-મેમાં જાહેર કરાશે. ધો.૧૨ની પરીક્ષા ૮ એપ્રિલ સુધી અને ધો.૧૦ની પરીક્ષા ૩૧ માર્ચ સુદી ચાલશે. ગુજરાત સહિત સમગ્ર દેશના અને વિદેશના કેન્દ્રોના ૩,૭૯,૯૮૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધો.૧૨ની પરીક્ષામાં ૭૬ વિષયો અને ધો.૧૦માં ૬૦ વિષયોની પરીક્ષા લેવાશે.

ધો.૧૦માં કાઉન્સિલ સંલગ્ન ૩૧૦૬ સ્કૂલોમાંથી ૨.૭૦ લાખ અને ધો.૧૨માં કાઉન્સિલ સંલગ્ન ૧૬૫૧ સ્કૂલોના ૧૧૦૦૨૫ વિદ્યાર્થીએ બોર્ડ પરીક્ષા માટે ફોર્મ ભર્યા છે. ધો.૧૦ની પરીક્ષાના સમયમાં કેટલાક ફેરફાર કરાયા છે.નવી ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીએ સવારે ૯:૪૫ સુધીમાં પરીક્ષા ખંડમાં બેસી જવાનું રહેશે ત્યારબાદ ૧૦ વાગે વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર વાંચવા માટે આપી દેવાશે. સવારે ૧૦:૧૫ વાગે વિદ્યાર્થીઓ પેપર લખવાનું શરૂ કરી શખશે.







સિંગતેલ, સનફ્લાવર તેલ તથા સરસવ તેલ ઉંચકાયું : વૈશ્વિક ખાદ્યતેલોમાં મિશ્ર હવામાન

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ તથા મસ્ટર્ડ-સરસવ તેલ અને સનફ્લાવર તેલના ભાવ ઉંચકાયા હતા જ્યારે અન્ય ખાદ્યતેલોના ભાવ શાંત હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ પણ સાંકડી વધઘટે જળવાઈ રહ્યા હતા. દક્ષિણ ભારતમાં કોપરા બજારમાં સપ્લાય ટાઈટ રહી હોવા છતાં કોપરેલના ભાવ સંતોષજનક સ્ટોકના કારણે જળવાઈ રહ્યા હોવાના સમાચાર મળ્યા હતા.

દ. ભારતમાં કોપરામાં ટાઈટ સપ્લાય છતાં કોપરેલના ભાવ જળવાઈ રહ્યા

દરમિયાન, સોયાબીનની આવકો મધ્ય-પ્રદેશમાં ૨ લાખ ૪૦ હજાર ગુણી જ્યારે મહારાષ્ટ્રમાં ૧ લાખ ૭૫ હજાર ગુણી તથા રાજસ્થાનમાં ૭૫ હજાર ગુણી આવી હતી. ઓલ ઈન્ડિયા આવકો ૫ લાખ ૭૦ હજાર ગુણી નોંધાઈ હતી. મધ્ય-પ્રદેશમાં ભાવ રૂ.૬૯૫૦થી ૭૧૫૦ રહ્યા હતા. મલેશિયામાં પામફ્રૂટનું ઉંચું ઉત્પાદન જાન્યુઆરી સુધી જળવાઈ રહેશે એવી શકયતા જાણકારો બતાવી રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૨૫ જ્યારે કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૯૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૪૦ રહ્યા હતા. કંડલા ખાતે સોયાતેલ ડિગમના ભાવ રૂ.૧૨૨૫ તથા ક્રૂડ પામ ઓઈલ સીપીઓના ભાવ રૂ.૧૧૧૬ રહ્યા હતા. નવી મુંબઈ બંદરે ડિગમના ભાવ રૂ.૧૨૩૦ તથા સનફ્લાવર ક્રૂડના ભાવ રૂ.૧૫૧૫ રહ્યા હતા. ચીન દ્વારા ૨૦૨૭માં પામતેલની ખરીદી વધશે એવી શક્યતા વૈશ્વિક જાણકારો દર્શાવી રહ્યા હતા.

દરમિયાન, અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન તથા સોયાતેલના ભાવ ઘટયા હતા સામે સોયાખોળના ભાવમાં પણ પીછેહટ દેખાઈ હતી.

મુંબઈ હાજર બજારમાં આજે ૧૦ કિલોના ભાવ સિંગતેલના રૂ.૧૮૬૦ જ્યારે કપાસિયા તેલના રૂ.૧૪૬૦ રહ્યા હતા જ્યારે મુંબઈ પામતેલના ભાવ રૂ.૧૩૫૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૫૦ અને સનફ્લાવરના ભાવ રૂ.૧૫૪૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૬૦ જ્યારે મસ્ટર્ડ સરસવના ભાવ રૂ.૧૮૮૦ તથા રિફાઈન્ડના રૂ.૧૯૧૦ રહ્યા હતા.

રિઅલ એસ્ટેટ ક્ષેત્રે વિદેશી મૂડી આકર્ષવામાં ચીન કરતા ભારત આગળ

મુંબઈ, તા. ૧૩

એશિયા વિસ્તારમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં વિદેશી મૂડી આકર્ષવાની દ્રષ્ટિએ ચીન કરતા ભારત આગળ નીકળી ગયું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયુ છે. વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં ભારતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં ૫.૫૦ અબજ ડોલરનું વિદેશી ઈન્વેસ્ટમેન્ટ આવ્યુ છે જ્યારે ચીનમાં આ આંક ૩.૭૦ અબજ ડોલર રહ્યો હોવાનું રિપોર્ટમાં દાવો કરાયો છે. ભારતના કમર્સિઅલ રિઅલ એસ્ટેટ ખાસ કરીને ડેટા સેન્ટરોમાં વૈશ્વિક સંસ્થાકીય રોકાણકારોનો રસ વધી રહ્યો છે. ડેટા સેન્ટરોમાં કુલ ૩.૯૦ અબજ ડોલરનું રોકાણ આવ્યું છે જે ઓફિસ સેગમેન્ટમાં આવેલા ઈન્વેસ્ટમેન્ટ કરતા બમણા જેટલુ છે. વૈશ્વિક રિઅલ એસ્ટેટ રોકાણકારોમાં ભારત આકર્ષક મથક તરીકે પોતાની સ્થિતિ મજબૂત બનાવી રહ્યું હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

IDBI બેંક ભારતની શ્રેષ્ઠ યુનિવર્સ બેંક બનશે

કૅનેડાની રોકાણકાર કંપની ફેરફૅક્સ ફાઈનાન્શિયલ હોલ્ડિંગ હવે IDBI બેંકને એક મોટી ફાઈનેંશિયલ સર્વિસીઝ ગૃપ બનાવવા તૈયારી કરી રહી છે. આ યોજના મુજબ ફેરૈફૅક્સ તેના અંતર્ગત બેંકિંગ સાથે ઈન્શ્યોરન્સ, ઈન્વેમેન્ટ બેંકિંગની સુવિધા આપવાની યોજના છે. ફેરફૅક્સ ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરન્સ, ગો ડીજીટ લાઈફ ઈન્સ્યોરન્સ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસથી બેંકને જોડશે.

ફેરફૅક્સને ઉત્તર અમેરિકા અને ભારતમાં નાણાકીય વ્યવસાયોનો બહોળો અનુભવ છે. તેણે ૨૦૦૧થી ભારતમાં રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. બેંકના ગ્રાહકોને બેંકિંગ, વીમા, રોકાણ અને વેલ્થ જેવી સેવાઓ એક જ પ્લેટફોર્મ પર મળી શકે છે. ફેરફેક્સના પીટર ક્લાર્ક એ જણાવ્યું હતું કે IDBI બેંક ગ્લોબલ પહોંચ સાથે ભારતની શ્રેષ્ઠ યુનિવર્સ બેંક બનવાની ક્ષમતા ધરાવે છે.

મુંબઈ સોના-ચાંદી બજાર

ચાંદી ૧૭૮૦૦૦
સોનું (૯૯.૫) ૧૩૫૨૬૫
સોનું (૯૯.૯) ૧૩૫૮૦૯

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૨૦૦
બટાકા ડીસા ૧૪૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૦૦
ડુંગળી સૌરાષ્ટ્ર ૭૦૦-૯૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૦૦-૧૫૦
ટગર ૨૦૦-૩૦૦
ડમરો ૧૦-૧૫
લીલી ૧૦-૧૫
હજારી ગલ ૧૦૦૦-૧૨૦૦

NSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
શ્રીરામ ફીન	૯૭૦.૦૦	૩.૩૭
ટાટા મોટર્સ	૨૮૭.૪૦	૩.૩૧
પેસેન્જર	૩૦૩૪.૦૦	૨.૬૦
હિંદાલકો	૯૪૩.૬૦	૨.૧૨
અદાણી એન્ટર	૨૬૮૮.૦૦	૧.૯૫
મહિન્દ્રા	૩૩૩૩.૦૦	૧.૯૪
અલ્ટ્રાટેક	૧૨૧૦૦.૦૦	૧.૯૨
SBI લાઈફ	૧૭૮૯.૯૦	૧.૬૩
જીયો ફીન	૨૨૭.૫૦	૧.૬૦
ટાઈટન	૪૮૪૪.૯૦	૧.૫૬
TCS	૨૪૦૭.૫૦	૧.૪૩

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
મહિન્દ્રા	૩૩૩૬.૧૦	૨.૧૩
અલ્ટ્રાટેક	૧૨૦૯૮.૦૦	૧.૬૫
BEL	૪૦૧.૦૦	૧.૬૦
NTPC	૩૧૮.૮૦	૧.૧૮
ટ્રેન્ટ	૩૧૬૦.૦૦	૧.૦૯
HDFC બેંક	૮૦૩.૦૫	૧.૦૮
બજાજ ફીન	૧૮૬૦.૦૦	૧.૦૩
અદાણી પોર્ટ	૧૯૦૪.૧૫	૧.૦૧
ટાઈટન	૪૮૫૦.૪૦	૧.૦૦
TCS	૨૪૧૦.૦૦	૦.૭૬
ઈન્ડિગો	૫૫૯૯.૬૫	૦.૭૫

આજનુ પંચાંગ

તા.૧૪/૧૧/૨૦૨૬,શનિવાર

લાભ પાંચમ

દિવસના ચોઘડિયા : કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ **રાત્રિના ચોઘડિયા** : લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ **અમદાવાદ સૂર્યોદય** : ૬ ક. ૫૪ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૪ મિ. **નવકારસી સમય** : (અ) ૭ ક. ૪૨ મિ. **જન્મરાશિ** : ધન (ભ,ધ,ફ,ઢ) ૨૭ ક. ૧૧ મિ. સુધી પછી મકર (ખ.જ.) રાશિ આવે. **નક્ષત્ર** : પૂર્વાષાઢા ૨૦ ક. ૨૫ મિ. સુધી પછી ઉત્તરાષાઢા નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ** : સૂર્ય-તુલા, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરુ-સિંહ, શુક્ર-કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-ધન ૨૭ ક. ૧૧મિ. સુધી પછી મકર. હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૯.૦૦ થી ૧૦.૩૦ (દ.ભા.) **વિક્રમ સંવત** : ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકેઃ ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવતઃ ૨૫૫૩, દક્ષિણાયન હેમંત ઋતુ/ રાષ્ટ્રીય દિનાંકઃ કાર્તિક/ ૨૩ / વ્રજ માસઃ કાર્તિક- ૨૦ **માસ-તિથિ-વાર**
- કારતક સુદ પાંચમ - લાભ પાંચમ
- બાળદિન - પં. જવાહરલાલ નહેરુનો જન્મ દિવસ
- જ્ઞાનપંચમી (જૈ.) - પાંડવ પંચમી - શ્રી પંચમી

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૪ થો રોજ **પારસી શહેનશાહી વર્ષ** : ૧૩૯૬ તીર માસનો ૨ જો રોજ બહમન


જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૧૪/૧૧/૨૦૨૬,શનિવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ આરોહ- અવરોહમાં પસાર થાય. **આરોગ્ય સુખાકારી** :- આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષની મધ્યમાં આપે આરોગ્યની બાબતમાં વિશેષ સાવધાની રાખવી પડે. જૂની બીમારી, વારસાગત બીમારી આપને હેરાન કરે. જો કે વર્ષના ઉત્તરાર્ધમાં આપને રાહત થતી જાય. **નોકરી-ધંધો** :- નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન કેટલાક મહત્વના કામ ઉકેલાય તો કેટલાક કાર્યોમાં આપને રૂકાવટ-વિલંબ જણાય. જો કે વર્ષાન્તે આપને રાહત રહે. નોકરી-ધંધામાં નવી તક પ્રાપ્ત થાય. બઢતી-બદલીના કામ અટકી પડ્યાં હોય તો તેમાં પ્રગતિ જણાય. **સ્ત્રીવર્ગ** : સ્ત્રીવર્ગને વર્ષ દરમ્યાન ઘર- પરિવાર અને નોકરી - વ્યવસાયના કાર્યોમાં સંતુલન રાખવામાં મુશ્કેલી પડે. માતૃપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. નાણાંકીય આયોજન સંભાળીને કરવું. વર્ષાન્તે સારું થતું જાય.

એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ



આડી ચાવી [illegible]

ઊભી ચાવી [illegible]

મંત્રમુગ્ધ

- ''જ્યાં સુધી મનુષ્ય પોતાના અંતરમાં છુપાયેલી મહાનતાનો સાક્ષાત્કાર નથી કરતો, ત્યાં સુધી તે આ વિશાળ જગતની મહાનતાને પામવા કે સમજવા માટે સર્વથા અસમર્થ રહે છે. સ્વ-ઓળખ એ જ વિશ્વ-ઓળખનું પ્રથમ પગથિયું છે.'' **- યુવાનોના પ્રેરણાપુરુષ સ્વામી વિવેકાનંદ**
- ''સફળતા મળ્યા પછી પણ જેના હૈયામાં અહંકાર ફુંફાડા ન મારે, તેવા વિરલ આત્માઓ કોઈક જ હોય છે. ફૂલોથી લચેલાં વૃક્ષો એના ભારથી નમ્ર બને છે; તેમ વિદ્વાનો જ્ઞાનથી, તપસ્વીઓ તપથી, શ્રીમંતો ધનથી નમ્રાતિનમ્ર બને તો માનવું કે એમનો વિવેક જીવતો છે ને એમના જ્ઞાનાદિ ગુણો પરિણામ પામ્યા છે.'' **- આચાર્ય શ્રી કીર્તિયશસૂરીશ્વરજી**
- ''મહેનત (પુરુષાર્થ) અને નસીબ (પ્રારબ્ધ) બંને એકબીજા સાથે જોડાયેલા છે, પણ તેમાં સૌથી મોટો અને વિશેષ પ્રભાવ સર્વોપરી તો મહેનત જ હોય છે.'' **- યોગ, વૈરાગ્ય અને આત્મજ્ઞાનના ઉપદેશક મહર્ષિ વશિષ્ઠ**
- ''આપણે કોઈને ચાહવું અને કોઈ આપણને ચાહે, એનો અર્થ એ છે કે આપણને સૂર્યની બંને બાજુએથી પ્રકાશ મળે છે.' **- રેડિયો પર મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન માટે જાણીતા ડો. ડેવિડ વિસ્કોટ**
- ''નસીબના ભરોસે બેસી રહેવું એ મનની નબળાઈ છે. બુધ્ધિશાળી વ્યક્તિ સમજે છે કે અવસર એ કોઇ બહારથી આવતી ભેટ નથી, પણ પોતાના જ વિચારો અને કર્મોના ઘર્ષણમાંથી પેદા થતો પ્રકાશ છે.'' **- માર્મિક-પ્રેરક ને અદ્દભુત વાત**

સંકલન : russhabhshahgs@gmail.com

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : જૂના સ્વજન- સ્નેહી, મિત્રવર્ગની મુલાકાત થવાથી આનંદ અનુભવો. ધર્મકાર્ય - શુભકાર્ય થવાથી હૃદય-મનની પ્રસન્નતા રહે.

વૃષભ : દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી-બેચેની અનુભવાય. તબીયતની અસ્વસ્થતા જેવું લાગે. કામ કરવાની ઈચ્છા થાય નહીં.

મિથુન : સંસ્થાકીય કામમાં, જાહેર ક્ષેત્રના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે.

કર્ક : સીઝનલ ધંધામાં આપે માલનો ભરાવો કરવો નહીં. ગ્રાહકવર્ગનું ધ્યાન રાખવું પડે. આકસ્મિક ખર્ચ-ખરીદી જણાય.

સિંહ : આપની મહેનત અનુભવ આવડત બુદ્ધિથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં લાભ ફાયદો રહે.

કન્યા : આપ હરો-ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. વાહન ચલાવવામાં ધ્યાન રાખવું.

તુલા : આપના કાર્યમાં ઉપરીવર્ગ- સહકાર્યકરવર્ગ નોકર-ચાકર વર્ગનો સાથ સહકાર મળી રહે. ધર્મકાર્ય શુભ કાર્ય થઇ શકે.

વૃશ્ચિક : આપના કામની સાથે કૌટુંબિક - પારિવારિક કામકાજ અંગે દોડધામ વ્યસ્તતા જણાય. કામનો ઉકેલ આવતા આનંદ રહે.

ધન : આપના અગત્યના કામનો ઉકેલ લાવી શકો. રાજકીય સરકારી કામકાજ અંગે મિલન- મુલાકાત થઇ શકે. આનંદ રહે.

મકર : આપના કામમાં હરિફવર્ગ- ઈર્ષ્યા કરનારવર્ગની મુશ્કેલી અનુભવાય. સાસરીપક્ષે - મોસાળપક્ષે ચિંતાનું આવરણ આવી જાય.

કુંભ : આપના કામની કદર- પ્રશંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય.

મીન : આપના કાર્યની સાથે ઘર-પરિવાર - સગા-સંબંધીવર્ગ- મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહેવાનું બને. દોડધામ-શ્રમ જણાય.


ગુજરાત સમાચાર સુડોકુ

							૯	
			૮		૨		૩	
		૯		૩		૧	૮	૪
		૮	૪					૭
		૨		૫		૩		
૪					૧	૨		
૨	૮	૩		૭		૪		
	૬		૯		૮			
		૪						


સુડોકુના નિયમો [illegible]

કાકુરો

3830



નિયમો : [illegible]



ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ

CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર
PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

Call : 8799236001/2/3
ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

નોકરી વિષયક ટચુકડી જાહેરખબર

સેલ્સ માર્કેટીંગ — **સેલ્સ એક્ઝિક્યુટીવ**

જોઈએ છે સેલ્સ મેનેજર, સેલ્સ એક્ઝિક્યુટિવ (મુસાફરી કરી શકે તેવા), ટીમ લીડર, સેલ્સ કો-ઓર્ડિનેટર- સોમ થી શુક્ર આર્મર ઈલેક્ટ્રોનિક્સ, પ્લોટ ન. 3737, ફેઝ- 4, GIDC, વટવા.

ટેલીકોલર

જોઈએ છે ટેલી કોલર- સેક અને લોકર માટે. મળો- સોમ થી શુક્ર આર્મર ઈલેક્ટ્રોનિક્સ, પ્લોટ ન. 3737, ફેઝ -4, GIDC, વટવા.

સ્ટાફ — **એકાઉન્ટ**

જોઈએ છે એકાઉન્ટન્ટ, ફુલ ટાઈમ, એકાઉન્ટ આસિસ્ટન્ટ- પાર્ટ ટાઈમ (મિનિમમ એક વર્ષનો અનુભવ) લેડીઝ/ જેન્ટ્સ, બાપુનગર, અરજી whatsapp કરવી- 9979512855

જોઈએ છે અનુભવી (1) Accountant. ઉંમર 40 સુધી, Inter CA, M. Com (2) Telecaller Staff. Freshers Welcome. બાયોડેટા સાથે મળો: સોમવારથી શનિવાર, સવારે 11થી 4. રિયા વર્ડ ટ્રાવેલ્સ. પારસ બંગલો નંબર-2, મ્યુનિસિપલ સ્કૂલ સામે, નવરંગપુરા.

જોઈએ છે ટેલી એકાઉન્ટન્ટ, મેઈલ તેમજ ઈન્ટરનેટના જાણકાર. પાલડી એરીયા માટે. મોબાઈલ- 9898012389

ઓફિસસ્ટાફ

જોઈએ છે ડિઝાઈનર અને સેલ્સમેન, મલ્ટીનાથ એંક્ષેઝીઝમાં અમદાવાદ ખાતે. મોબાઈલ. 6354161367

જોઈએ છે ઓફિસ આસિસ્ટન્ટ, કોમ્પ્યુટર (Online Applications) ના અનુભવી. ચાંદખેડા સ્થિત ઓફિસ માટે- 9898086213

જોઈએ છે ડિજિટલ માર્કેટિંગ સ્ટાફ, એક્સપોર્ટ એક્ઝિક્યુટિવ, નિકોલ ઓફિસ માટે, Whatsapp 9712937558

જનરલ

જોઈએ છે. અનુભવી પ્રાહક સપોર્ટ કોઓર્ડિનેટર, પાલડી. 9426845007

જોઈએ છે સુપરવાઈઝર BA ઈલેક્ટ્રિકલ ડિપ્લોમા ઈલેક્ટ્રિકલ ITI વાયરમેન અનુભવી, મંડપ, લાઈટ ડેકોરેશનના, ઈસનપુર- 9898058460

એન્જીનીયર — **સીવીલ એન્જીનીયર**

જોઈએ છે સિવિલ એન્જિનિયર/ સિવિલ ડ્રાફ્ટ્સ મેન, ઓટોકેડ 2D પર સબમીશન ડ્રોઈંગ બનાવી શકે તેવા અનુભવી. ચાંદખેડા ઓફિસ માટે- 9898086213

મેડીકલ — **ડોક્ટર-નર્સ**

જોઈએ છે નર્સ મેલ/ ફિમેલ નીલકંઠ હોસ્પિટલ, ઈસીલી, મણિનગર. 9825125175

જોઈએ છે ફીઝીયોથેરાપીસ્ટ, નર્સ, બ્રધર, પાર્ટ/ ફુલ ટાઈમ, નવરંગપુરા, બાપુનગરમાં. વોટ્સએપ- 9376011235

ટેકનીકલ — **ટેકનીશીયન**

જોઈએ છે સ્પ્રે પેઈન્ટર. કલર કામ અને પાવડર કોટિંગ કામ ના જાણકાર તથા હેલ્પર. મળો- વ્હી ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ- 3746, ફેઝ-4, GIDC, વટવા.

જોઈએ છે શીટમેટલના ફાઈનર, ફેબ્રીકેટર, નજીક રહેનારને પ્રથમ પસંદગી. આર્મર ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ- 3738, ફેઝ -4, GIDC, વટવા.

જોઈએ છે ITI/ ડિપ્લોમા ઈલેક્ટ્રોનિક્સ, ફીટર, હેલ્પર. એસેમ્બલી શોપ માટે. મળો- આર્મર ઈલેક્ટ્રોનિક્સ પ્રા. લિમિટેડ, પ્લોટ- 3737, ફેઝ- 4, જીઆઈડીસી, વટવા. 9925037288

ફિટર-ટર્નર-પ્લમ્બર

જોઈએ છે ફીટર તથા હેલ્પર. નજીક રહેનારને પ્રથમ પસંદગી. આર્મર ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ, પ્લોટ- 3737, ફેઝ -4, GIDC, વટવા.

જનરલ — **ગૃહ કાર્ય**

તાત્કાલિક જોઈએ છે બેબીને સાંભળી શકે તેવા બહેન. ન્યુ રાણીપ. 7046208407

ડ્રાઈવર

જોઈએ છે અનુભવી ડ્રાઈવર. શિક્ષિત, સાઉથ બોપલ વિસ્તાર માટે. સારા પગારથી. 9974942727

પ્રાઈમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

પાલડી — **વેચવાનું છે**

વેચવાનો છે ફ્લેટ સાઉથ 3 B H K, 240 વાર, સિનિયર સીટીઝન પાર્ક, ધરણીધર દેરાસર, પાલડી. 9023720263

પ્રોપર્ટી જનરલ — **વેચવાનું છે**

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 483 Sq. Yd, બાંધકામ- 536 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9512012006

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 700 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 138 Sq. Yd, બાંધકામ- 223 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 342 Sq. Yd, બાંધકામ- 444 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9978078023.

વેચવાનો છે બંગલો, 5 B H K પ્લોટ- 381 Sq. Yd, બાંધકામ- 537 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ 9978078023.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 618 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 926 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 650 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 187 Sq Yd, બાંધકામ- 253 Sq Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 264 Sq Yd, બાંધકામ- 382 Sq Yd, શ્રીજીનગર, અમદાવાદ. 9512345275.

વેચવાનો છે બંગલો, 2.5 B H K, 1050 વાર પ્લોટ, પ્રાઈમ લોકેશન, સૂર્યમ રિસોર્ટ, અગોરા, Happy Home Estate- 9998504007

જોઈએ છે

જોઈએ છે પ્લોટ, 500- 5000 વાર, શેલા, બોપલ, ઘુમા, સાણંદ, ગોધાવી, [illegible] Happy Home Estate- 9998504007

લગ્ન વિષયક MATRIMONIALS

લગ્ન વિષયક — **બ્રાહ્મણ**

લગ્ન વિષયક જન્મ 1994, બ્રાહ્મણ યુવતી, Canada PR, IT માસ્ટર માટે સંસ્કારી વેજીટેરિયન બ્રાહ્મણ યુવક- 9537669942, 9265689387

લગ્ન વિષયક જન્મ 1980, Mcom, બ્રાહ્મણ યુવક માટે સંસ્કારી યુવતી- 9537669842


પટેલ

Matrimonial Seeking educated bride for handsome, Leva- Patidar, 35 -year -old, Height 5' 7", UK- born, US Citizen, MS Biomedicine, managing family- owned Hilton hotels in Georgia, USA. Conscientious, responsible, cultured, family- Oriented. Contact: 1-7063727356.

લગ્ન વિષયક જનરલ

લગ્ન વિષયક અગ્રવાલ યુવક કુંવારા, ઉંમર 48 વર્ષ, હાઈટ 5' 4", આબુ રોડ રાજસ્થાનમાં બિઝનેસ વાર્ષિક આવક 12 લાખ અભ્યાસ ધોરણ 10 પાસ જ્ઞાતિ બાધ નથી સીધો સંપર્ક કરો M. 9828387576

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ ટચુકડી જાહેરખબર



લગ્ન વિષયક MATRIMONIALS

લગ્ન વિષયક, 42 વર્ષના અમદાવાદ રહેતા રાવલ યુવક માટે કન્યા જોઈએ છે મો. 98244 18276

લગ્ન વિષયક અગ્રવાલ યુવક કુંવારા ઉંમર 33 વર્ષ 5 ફૂટ 4 ઇંચ M. Com. શેર અને રેલવે કેન્ટીન જ્ઞાતિ બાધ નથી વાર્ષિક આવક 6 લાખ સીધો સંપર્ક કરો- અજય આબુ રોડ રાજસ્થાન M. 7014237270

શેરબજારમાં કમાણી કરતા કરદાતાઓની સંખ્યા વધી છતાં

માત્ર ૫% લોકોએ IT રિટર્નમાં LTCG ફાઈલ કર્યા

અમદાવાદ, તા. ૧૩

છેલ્લા કેટલાક વર્ષોમાં લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) જાહેર કરનારા વ્યક્તિગત કરદાતાઓની સંખ્યામાં વધારો થયો છે. આ વૃદ્ધિ આ શ્રેણીના કરદાતાઓ દ્વારા ફાઈલ કરાયેલા કુલ આવકવેરા રિટર્નમાં વૃદ્ધિ કરતા ઝડપી રહી છે. આમ હોવા છતાં, લાંબા ગાળાના મૂડી લાભ આવકવેરા રિટર્ન ફાઈલ કરનારાઓના માત્ર થોડા ભાગ માટે આવકનો સ્ત્રોત રહે છે. ઉપલબ્ધ ડેટા અનુસાર આકારણી વર્ષ૨૦૧૯-૨૦ અને ૨૦૨૩-૨૪ વચ્ચે પરિસ્થિતિમાં સુધારો થયો હોવા છતાં, આકારણી વર્ષ ૨૦૨૪ માં દાખલ કરાયેલા કુલ વ્યક્તિગત આવકવેરા રિટર્નમાંથી માત્ર ૫% એ લાંબા ગાળાના મૂડી લાભને આવક તરીકે જાહેર કર્યા હતા.

LTCG કર રાહત પર જાહેર ચર્ચા ચાલુ, નીતિ નિર્માતાઓ દ્વારા તેનું નજીકથી થતું નિરીક્ષણ

આકારણી વર્ષ એ નાણાકીય વર્ષ પછીનો ૧૨ મહિનાનો સમયગાળો છે જેમાં કમાયેલી આવક ફાઈલ કરવામાં આવે છે. લાંબા ગાળાના મૂડી લાભ જાહેર કરતા કરદાતાઓની રચના મહત્વપૂર્ણ બની ગઈ છે કારણ કે LTCG કર રાહત પર જાહેર ચર્ચા ચાલુ છે અને નીતિ નિર્માતાઓ તેનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે.

એક વર્ષથી વધુ સમય માટે રાખવામાં આવેલી લિસ્ટેડ સિક્યોરિટીઝમાંથી રૂ. ૧.૨૫ લાખથી વધુના લાંબા ગાળાના મૂડી લાભ પર ૧૨.૫% કર લાદવામાં આવે છે, જ્યારે ટૂંકા ગાળાના મૂડી લાભ પર ૨૦% કર લાદવામાં આવે છે.



વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા પ્રેરિત તાજેતરના મહિનાઓમાં રૂપિયાનું અવમૂલ્યન સરકાર માટે એક મોટી ચિંતાનો વિષય રહ્યો છે. પરિણામે, ખાસ કરીને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે LTCG ટેક્સમાંથી રાહતની આશા વધી છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં, જેમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો સમાવેશ થાય છે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો આશરે રૂ. ૩.૯૭ લાખ કરોડના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. જોકે, વિદેશી રોકાણકારો માટે અલગથી કરવેરાનો ડેટા ઉપલબ્ધ નથી. લાંબા ગાળાના મૂડી લાભ જાહેર કરતી વિવિધ સંસ્થાઓના વિશ્લેષણમાં ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪ ના મૂલ્યાંકન વર્ષોનો સમાવેશ થાય છે.

શેર પર LTCG ટેક્સ ૨૦૧૯-૨૦ માં ફરીથી રજૂ કરવામાં આવ્યો હતો. ડેટામાં ફક્ત શેર જ નહીં, પણ બધી સંપત્તિઓમાંથી મેળવેલા મૂડી લાભનો સમાવેશ થાય છે.

ડેટા અનુસાર, આકારણી વર્ષ ૨૦૨૦ માં વ્યક્તિગત કરદાતાઓ માટે શૂન્ય મૂડી લાભ દર્શાવતા રિટર્નનું પ્રમાણ ૯૫% હતું. LTCG જાહેર કરનારા વ્યક્તિગત રિટર્નની સંખ્યા આકારણી વર્ષ ૨૦૨૦ માં ૭૦૦,૦૦૦ થી પાંચ ગણી વધીને ૨૦૨૪ માં ૩૮૦,૦૦૦ થઈ ગઈ હોવા છતાં પણ આ પરિસ્થિતિ યથાવત રહી છે. દરમિયાન, ફાઈલ કરાયેલા વ્યક્તિગત આવકવેરા રિટર્નની કુલ સંખ્યા પ્રમાણમાં ધીમી ગતિએ વધી, ૬.૩૨ કરોડથી ૭.૫૪ કરોડ થઈ હતી. આનો અર્થ એ થયો કે લાંબા ગાળાના મૂડી લાભ જાહેર કરનારા વ્યક્તિઓની સંખ્યામાં વધારો થવા છતાં, કુલ રિટર્નમાં તેમનો હિસ્સો ઓછો રહ્યો હતો.

એપ્રિલથી ઓક્ટોબરના સમય ગાળામાં સોનાની આયાતમાં ૪૦ ટકાનો ઘટાડો

મુંબઈ, તા. ૧૩



વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં દેશની ગોલ્ડ આયાત ૪૦ ટકા જેટલી ઘટી ૨૪.૭૮ અબજ ડોલર રહી હોવાનું વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટા પરથી જણાય છે. ૨૦૨૫ના સમાન ગાળામાં ગોલ્ડ આયાત બિલ ૪૧.૨૪ અબજ ડોલર રહ્યુ હતું. વૈશ્વિક સોનાના ભાવ તાજેતરમાં નીચા રહેતા આયાત બિલમાં રાહત જોવા મળી છે. સોનાના ભાવ ઘટી પ્રતિ ઔંસ ૪૦૦૦ ડોલરની અંદર બોલાતા હતા.માત્ર ઓક્ટોબર મહિનાના ડેટા પર નજર નાખીએ તો ગોલ્ડ આયાત બિલ ગયા વર્ષના ઓક્ટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં ૬૨.૫૫ ટકા ઘટી ૫.૫૦ અબજ ડોલર રહ્યુ છે. ગયા વર્ષના ઓક્ટોબરમાં આ આંક ૧૪.૭૨ અબજ ડોલર રહ્યુ હતું. ઓગસ્ટ તથા સપ્ટેમ્બરમાં પણ સોનાની આયાતમાં ઘટાડો જોવા મળ્યો હતો. સપ્ટેમ્બરમાં ગોલ્ડ આયાત બિલ ૧.૮૦ અબજ ડોલર રહ્યુ હતું. જો કે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ચાર મહિનામાં ઊંચા ભાવને પરિણામે સોનાની આયાતમાં દર મહિને વધારો જોવા મળ્યો હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.

દરમિયાન દેશની જેમ અને જ્વેલરીની નિકાસ પણ એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં ૧૮.૫૦ અબજ ડોલર રહી છે જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૬.૪૯ અબજ ડોલર રહી હતી. ઓક્ટોબરમાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ ૪૦ ટકા વધી ૩.૨૧અબજ ડોલર રહી છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૨.૨૯ અબજ ડોલર રહી હતી.

જેમ અને જ્વેલરીમાં સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી, ચાંદીની જ્વેલરી તથા પોલિશ્ડ લેબ ગ્રોન ડાયમન્ડની વિદેશમાં ઊંચી માગ જોવા મળી રહી છે, જેને કારણે એકંદર ક્ષેત્રને ટેકો મળી રહે છે. અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ છતાં, ભારત ખાતેથી જેમ અને જ્વેલરીની નિકાસ વૃદ્ધિ પ્રોત્સાહક રહી હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના સુત્રોએ અગાઉ જણાવ્યુ હતું. ભારત-યુકે વચ્ચે વેપાર કરાર તથા અમેરિકા દ્વારા ટેરિફમાં ઘટાડાનો આ ક્ષેત્રને લાભ થઈ રહ્યો હોવાનું નિકાસ વૃદ્ધિ પરથી કહી શકાય છે. હોંગકોંગ, સિંગાપુર તથા ફ્રાન્સ જેવી મુખ્ય નિકાસ બજારોમાં પણ મજબૂત કામગીરી જોવા મળી છે.

સોનાના વૈશ્વિક ભાવમાં તાજેતરમાં થયેલી પીછેહઠને પરિણામે આયાત બિલમાં જોવા મળેલી રાહત

મ્યુ. ફંડ ઉદ્યોગ ક્ષેત્રે ઓક્ટોબરમાં SIP વૃદ્ધિની ગતિને ફટકો

નવા SIPનું પ્રમાણ ૧૮ માસના તળિયે, બંધ થવાનું પ્રમાણ એપ્રિલ '૨૫ પછી સૌથી વધુ

અમદાવાદ, તા. ૧૩

ઓક્ટોબરમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) વૃદ્ધિની ગતિને ફટકો પડ્યો હતો. નવા સિપ ખાતાઓની નોંધણી ઘટીને ૧૮ મહિનાના તળિયે ૫.૧ મિલિયન (૫૧ લાખ) પર પહોંચી ગઈ હતી, જ્યારે બંધ થયેલા ખાતાઓની સંખ્યા વધીને ૫.૯ મિલિયન (૫૯ લાખ) થઈ હતી, જે એપ્રિલ ૨૦૨૫ પછીનું સૌથી ઊંચું સ્તર છે.

સપ્ટેમ્બરમાં ૧૦.૮૯ કરોડની સરખામણીમાં ઓક્ટોબરના અંતે સક્રિય સિપ ખાતાઓની સંખ્યા ૧૦.૮ કરોડ રહી

ખાતા બંધ થવાની વધુ સંખ્યાને કારણે કુલ સક્રિય સિપ ખાતાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં ૧૦.૮૯ કરોડની સરખામણીમાં ઓક્ટોબરના અંતે ઉદ્યોગના સક્રિય સિપ ખાતાઓની સંખ્યા ૧૦.૮ કરોડ રહી હતી.

આ ઘટાડો માસિક સિપ યોગદાનમાં પણ જોવા મળ્યો હતો, જે રૂ. ૩૨,૪૯૦ કરોડથી ઘટીને રૂ. ૩૨,૧૬૦ કરોડ થયો હતો. નિષ્ણાતોએ સિપ ખાતાઓમાં થયેલા આ ઘટાડા પાછળ ઈક્વિટી માર્કેટની અસ્થિરતાને જવાબદાર ગણાવી હતી, જોકે તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે મોટાભાગના સિપ માપદંડો હજુ પણ તેમના સર્વકાલીન ઉચ્ચ સ્તરની નજીક છે.

રોકાણકારો રોકાણ કરવાનું ચાલુ રાખે છે કારણ કે તેઓ દેશની લાંબા ગાળાની વૃદ્ધિ પર નજર રાખી રહ્યા છે. તેઓ તે અંગે આશ્વસ્ત છે. આ જ કારણ છે કે



છેલ્લા ત્રણ મહિના દરમિયાન સિપ યોગદાન રૂ. ૩૨,૦૦૦ કરોડથી ઉપર રહેતું જોયું છે.

ખાતા બંધ થવાનું પ્રમાણ અને યોગદાન આપતા ખાતાઓમાં થોડો ઘટાડો થયો હોવા છતાં, આ મજબૂતાઈને અમે સકારાત્મક રીતે જોઈ રહ્યા છીએ, તેમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા એ જણાવ્યું હતું.

બંધ થયેલા ખાતાઓની સંખ્યામાં એવી સિપ પણ સામેલ છે જેમની મુદત પૂરી થઈ ગઈ છે, માત્ર રોકાણકારોએ રદ કરેલી સિપ જ નહીં. યોગદાન માત્ર ૧ ટકા ઘટીને રૂ. ૩૨,૧૬૦ કરોડ થયું છે, તેથી મોટાભાગના રોકાણકારો હજુ પણ રોકાણ કરી રહ્યા છે. બજારની અસ્થિરતા ઉપરાંત અન્ય પરિબળોએ પણ સિપ બંધ થવાના પ્રમાણમાં વધારો કરવામાં ફાળો આપ્યો હોઈ શકે છે.

આ પહેલા છેલ્લે એપ્રિલમાં સિપ ખાતાઓની સંખ્યામાં ઘટાડો થયો હતો, જ્યારે તે ઘટાડો તુલનાત્મક રીતે ઓછો એટલે કે ૬,૦૦,૦૦૦ હતો. એપ્રિલ ૨૦૨૫ પછી ઓક્ટોબરમાં સિપ ખાતાઓનો ઉમેરો સૌથી નબળો અને બંધ થવાનું પ્રમાણ સૌથી વધુ રહ્યું હતું. એપ્રિલ ૨૦૨૫માં ઉદ્યોગે નિષ્ક્રિય સિપ ખાતાઓને દૂર કરવા માટે વન-ટાઈમ ક્લીન-અપ અભિયાન હાથ ધર્યું હતું. તે મહિને ૧.૬૨ કરોડ સિપ ખાતાઓને નિષ્ક્રિય જાહેર કરવામાં આવ્યા હતા.


ડોલરમાં મજબૂતાઈને પરિણામે બિટકોઈન ૬૯૦૦૦ ડોલરની અંદર

મુંબઈ, તા. ૧૩

સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલી, આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રના મૂલ્યાંકન, અમેરિકન ડોલરમાં મજબૂતાઈ તથા ફેડરલ રિઝર્વ દ્વારા આગામી મહિને વ્યાજ દરમાં વધારો થવાની શકયતા વધી જતા ક્રિપ્ટોકરન્સીઝ બજારમાં શુક્રવારે ધોવાણ ચાલુ રહ્યુ હતું અને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન ૬૯૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો.

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારો થવાની શકયતામાં થઈ રહેલો વધારો

આ ઉપરાંત બિટકોઈન ઈટીએફસમાંથી ચાલુ રહેલા જંગી આઉટફલોસને કારણે પણ ભાવમાં ઘસારો જોવા મળી રહ્યો છે. બિટકોઈન ૧૯ ઓગસ્ટ બાદની નીચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસ જેમ કે એથરમ, એકસઆરપી, સોલાના તથા અન્યમાં પણ ઘટાડો જળવાઈ રહ્યો હતો.



ડોલર ઈન્ડેક્સ પણ વધી ૧૦૩ને પાર કરી જતા વૈશ્વિક રોકાણકારો ડોલર તરફ વળી રહ્યાના સંકેત મળી રહ્યા છે. અમેરિકામાં ફુગાવો વધીને આવતા ડિસેમ્બરની બેઠકમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારો આવવાની શકયતા વધી ગઈ છે જેને પરિણામે વૈશ્વિક ચલણો સામે ડોલર મજબૂત બની રહ્યો છે અને ક્રિપ્ટોસ જેવી જોખમી એસેટસમાંથી રોકાણકારો હળવા થઈ રહ્યા છે. ડોલર ઈન્ડેક્સ એપ્રિલ, ૨૦૨૫ બાદની ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે.

ક્રિપ્ટોકરન્સીઝમાં નબળાઈને પરિણામે વિવિધ ક્રિપ્ટો એકસચેન્જો પર અંદાજે ૧.૩૦ અબજ ડોલરના વાયદા વેપારનું ફરજિયાત લિક્વિડેશન આવી પડયુ હતું. આમાંથી ૬૭.૭૦ કરોડ ડોલરનું લિક્વિડેશન એકલા બિટકોઈનનું હતું.

કંપનીઓની ECB, FCCB દ્વારા ભંડોળ એકત્ર કરવાની દરખાસ્તો ઘટી

અમદાવાદ, તા. ૧૩

રિઝર્વ બેંકના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી) સહિતની ભારતીય કંપનીઓએ એક્સટર્નલ કોમ શયલ બોરોઈંગ્સ (ECBs) અને ફોરેન કરન્સી કન્વર્ટિબલ બોન્ડ્સ (FCCBs) દ્વારા ૭.૦૫ બિલિયન ડોલર એકત્ર કરવા માટે રિઝર્વ બેંક સમક્ષ દરખાસ્તો રજૂ કરી હતી, જે ઓગસ્ટના ૮.૧૩ બિલિયન ડોલર કરતા ઓછી છે.

ઓગસ્ટમાં આ દરખાસ્તો ૮.૧૩ બિલિયન ડોલર હતી તે સપ્ટેમ્બરમાં ૭.૦૫ બિલિયન ડોલર રહી

ડેટા દર્શાવે છે કે કુલ દરખાસ્તોમાંથી ૬.૭૧ બિલિયન ડોલરની દરખાસ્તો જનરલ પરમિશન રૂટ હેઠળ હતી, જ્યારે ૩૩૬.૯૪ મિલિયન ડોલરની દરખાસ્તો સ્પેશિયલ પરમિશન રૂટ હેઠળ હતી.

સપ્ટેમ્બરમાં ભંડોળ એકત્ર કરવાનો ઈરાદો રજૂ કરનાર અગ્રણી કંપનીઓમાં વોડાફોન આઈડિયાનો સમાવેશ થાય છે, જે કેપિટલ ગુડ્સની સ્થાનિક ખરીદી માટે ૧૦ વર્ષ માટે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ખાતેની નાણાકીય સંસ્થા પાસેથી ૧૫૦ મિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે.

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પાંચ વર્ષ માટે ભારત બહાર સ્થિત નિવાસી નાણાકીય સંસ્થાની શાખામાંથી ૫૦૦ મિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે. નેશનલ બેંક ફોર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ ઓન-લેન્ડિંગ અથવા સબ-લેન્ડિંગ પ્રવૃત્તિઓ માટે ૧૦ વર્ષ માટે આંતરરાષ્ટ્રીય મૂડી બજારમાંથી ૧ બિલિયન ડોલર એકત્ર કરવાની યોજના બનાવી રહી છે. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન રૂપિયાની લોન રિફાઈનાન્સ કરવા માટે પાંચ વર્ષ માટે ભારત બહાર સ્થિત નિવાસી નાણાકીય સંસ્થાની શાખામાંથી ૫૦૦ મિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે.

વધુમાં, આરઈસી સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પાંચ વર્ષ માટે IFSC માંની નાણાકીય સંસ્થા પાસેથી ૩૦૦ મિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે. NHPC કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ) ની જરૂરિયાતો માટે પાંચ વર્ષ અને ચાર મહિના માટે IFSC માંની નાણાકીય સંસ્થા પાસેથી લગભગ ૨૫૪.૫૧ મિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે.

સ્પેશિયલ પરમિશન રૂટ હેઠળ, ઈન્ડિગોનું સંચાલન કરતી ઈન્ટરગ્લોબ એવિએશનની ત્રણેય દરખાસ્તો કેપિટલ ગુડ્સની આયાત કરવા માટે છે.

નવી મ્યુ. ફંડ યોજના થકી એકત્ર કરાતા ભંડોળમાં ૪૧%નો વધારો

અમદાવાદ, તા. ૧૩

શેરબજારમાં અસ્થિરતા હોવા છતાં, ઓક્ટોબરમાં મ્યુચ્યુઅલ ફંડ નવી યોજનાઓ (એનએફઓ) માં રોકાણકારોનો રસ વધ્યો હતો. આ સમયગાળા દરમિયાન ૨૮ નવા ભંડોળ ઓફર દ્વારા કુલ રૂ. ૩,૮૨૯ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બરમાં સમાન સંખ્યામાં એનએફઓ દ્વારા એકત્ર કરાયેલા રૂ. ૨,૭૦૮ કરોડ કરતાં આ ૪૧.૪% વધુ છે. આ દર્શાવે છે કે બજારની અનિશ્ચિતતા વચ્ચે પણ, રોકાણકારો નવી યોજનાઓમાં રોકાણ કરવામાં રસ ધરાવતા રહ્યા છે.

ઓક્ટોબરમાં કુલ ૨૮ નવી યોજના શરૂ કરવામાં આવી, કુલ રૂ. ૩,૮૨૯ કરોડ એકત્ર કરવામાં આવ્યા

આઈપ્રુ કોન્ટ્રા ફંડ ઓક્ટોબરમાં સૌથી મોટું એનએફઓ ભંડોળ એકત્ર કરનાર હતું. તેણે રૂ. ૧,૪૮૮ કરોડ એકત્ર કર્યા હતા, જે મહિના દરમિયાન બધી નવી યોજનાઓ દ્વારા એકત્ર કરાયેલા કુલ ભંડોળના લગભગ ૩૯% છે. આના પરિણામે ઓક્ટોબરમાં છ-સ્કીમ કોન્ટ્રા ફંડ કેટેગરીમાં રૂ. ૧,૬૯૪.૧૩ કરોડનો ચોખ્ખો પ્રવાહ આવ્યો હતો, જે સપ્ટેમ્બરમાં રૂ. ૯૭.૮૮ કરોડનો ચોખ્ખો પ્રવાહ હતો.

જોકે, આ નવી યોજના એકલા શ્રેણીમાં કુલ રોકાણના લગભગ ૮૮% હિસ્સો ધરાવે છે. બાકીની પાંચ યોજનાઓમાં મળીને આશરે રૂ. ૨૦૬ કરોડનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો.

ઓક્ટોબરમાં કુલ ૧૧ ઈન્ડેક્સ ફંડ્સ લોન્ચ કરવામાં આવ્યા હતા, જેમાં ૧૦



ઈક્વિટી ઈન્ડેક્સ ફંડ્સ અને એક હાઈબ્રિડ ઈન્ડેક્સ ફંડનો સમાવેશ થાય છે. આ ફંડોએ કુલ મળીને રૂ. ૨૬૧ કરોડ એકત્ર કર્યા હતા. ઈક્વિટી કેટેગરીમાં ઈક્વિટી ફંડ્સે કુલ ?રૂ. ૨૪૮ કરોડ એકત્ર કર્યા હતા. હાઈબ્રિડ કેટેગરીમાં, રૂ. ૧૩ કરોડ એકત્ર કરાયા હતા.

ઓક્ટોબર માસમાં કુલ ૭ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) લોન્ચ કરવામાં આવ્યા હતા. આમાં ૬ ઈક્વિટી ઈટીએફ અને ૧ ડેટ ઈટીએફનો સમાવેશ થાય છે. ઈક્વિટી ઈટીએફ એ એકસાથે રૂ. ૪૪ કરોડ એકત્ર કર્યા હતા. દરમિયાન, ડેટ કેટેગરીમાં લોન્ચ કરાયેલ ઈટીએફ એ રૂ. ૨૧ કરોડ એકત્ર કર્યા હતા. આમ, તમામ ૭ ઈટીએફમાંથી કુલ રોકાણ રૂ. ૬૫ કરોડ હતું.

ઓક્ટોબરમાં બે ડેટ ફંડ્સ લોન્ચ કરવામાં આવ્યા હતા. આ ફંડ્સે કુલ રૂ. ૬૯૩ કરોડ એકત્ર કર્યા હતા. ઓક્ટોબરમાં શરૂ કરાયેલી ત્રણ ડોમેસ્ટિક ફંડ ઓફ ફંડ્સ (FoF) યોજનાઓમાંથી, કુલ કલેક્શન ૧૪૫ કરોડ હતું.બે ક્લોઝ્ડ-એન્ડેડ ફંડ્સે પણ ઓક્ટોબરમાં કુલ રૂ. ૧,૦૬૪ કરોડ એકત્ર કર્યા હતા.

ઝવેરી બજારમાં તહેવારોની મોસમી માંગ ઓસરતાં

સોનામાં બે દિવસમાં રૂ.૫૦૦૦, ચાંદીમાં ૮૦૦૦ તૂટ્યા : વૈશ્વિક બજાર ૩૯૦૦ ડોલરની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ વધુ તૂટ્યા હતા. પ્લેટીનમના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ગબડી ઔંસના ૩૯૦૦ ડોલરની અંદર ઉતર્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઈમ્પોર્ટ કોસ્ટ ઘટતાં કિંમતી ધાતુઓના ભાવ તૂટતા જોવા મળ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ વધુ રૂ.૨૦૦૦ તૂટી ૯૯૫ના રૂ.૧૩૫૨૬૫ તથા ૯૯૯ના રૂ.૧૩૫૮૦૯ બોલાતા થયા હતા.

વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં સોનામાં ફંડોનું સેલીંગ વધ્યું: કોપર ત્રણ મહિનાના તળિયે: ક્રૂડ ફરી ઉંચકાયું

મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર આજે વધુ રૂ.૩૦૦૦ તૂટી રૂ.૧૭૮૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાના સમાચાર મળ્યા હતા.

વિશ્વ બજારમાં સોનાના ભાવ ૩૯૪૮ વાળા ૩૮૭૫ થઈ ૩૮૯૪થી ૩૮૯૫ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૫૧.૦૩ વાળા ૪૯.૫૯ ડોલર થઈ ૫૦.૦૪થી ૫૦.૦૫ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંસના ૧૫૨૬ વાળા ૧૫૦૫ થઈ ૧૫૧૭થી ૧૫૧૮ ડોલર રહ્યા હતા. મુંબઈ બજારમાં જોકે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૧૦૦ ઉછળી રૂ.૫૫૯૪૦ બોલાતા થયા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે વધુ ૦.૬૨ ટકા તૂટી ૩ મ હિનાના તળિયે ઉતરી ગયાના સમાચાર હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડ તેલના ભાવ ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૯૨.૨૯ વાળા ૯૬.૮૧ થઈ ૯૫.૮૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૮૫.૯૬ વાળા ૮૯.૨૦ થઈ ૮૮.૩૬ ડોલર રહ્યા હતા. હોર્મુઝ રુટ પર છાશવારે હુમલાઓ થતા રહેતાં જહાજોની અવરજવરમાં હજી અજંપો જણાયો છે. યુએઈ દરિયાકાંઠે પણ ઓઈલ ટેન્કર પર હુમલો થયાના સમાચાર મળ્યા હતા. ઈરાન સાથે શાંતિકરારની શક્યતા ઓછી હોવાનું ટ્રમ્પે જણાવતાં તેની ઈમ્પેક્ટ પણ ક્રૂડતેલ બજાર પર દેખાઈ હતી. મુંબઈ બુલિયન બજારમાં સોનાના ભાવ બે દિવસમાં રૂ.૫૦૦૦ તૂટ્યા છે જ્યારે ચાંદીના ભાવ બે દિવસમાં રૂ.૮૦૦૦ ગબડ્યા હતા.

રૂપિયામાં તેજીના વળતા પાણી: ફોરેક્સ રિઝર્વમાં અઢી અબજ ડોલરની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં તેજી આગળ વધી હતી. શેરબજારમાં પીછેહટ તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચકાયાના નિર્દેશો વચ્ચે કરન્સી બજારમાં રૂપિયો ફરી દબામ હેઠળ જોવા મળ્યો હતો. રૂપિયા સામે આજે ડોલરના ભાવ રૂ.૯૪.૦૫ વાળા આજે સવારે રૂ.૯૪.૦૩ ખુલ્યા પછી ભાવ વધી ઉંચામાં રૂ.૯૪.૨૯ થઈ રૂ.૯૪.૨૪ બંધ રહ્યા હતા.

શેરબજાર ઘટતાં તથા ક્રૂડ ફરી વધતાં રૂપિયો દબાણ હેઠળ: વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉછળી દોઢ વર્ષની ટોચે

ડોલરના ભાવ આજે વધુ ૧૯ પૈસા વધતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૨૦ ટકા તૂટ્યો હતો. મુંબઈ કરન્સી બજારમાં તાજેતરમાં રૂપિયો ઉછળી ૭ મહિનાની ટોચે પહોંચ્યા પછી બે દિવસથી રૂપિયામાં નવેસરથી ઘટાડો શરૂ થયો હતો. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ વધી ૧૯ મહિનાની ટોચે પહોંચ્યો છે. ઈરાન સાથે કરાર કરવામાં અમેરિકાને રસ નથી એવું નિવેદન ટ્રમ્પે કરતાં ક્રૂડના ભાવ ઉછળ્યા હતા. ભારતમાં વેપાર ખાધ વધી બાર મહિનાની ટોચે પહોંચતાં તેની અસર પણ રૂપિયા પર આજે જોવા મળી હતી.

દરમિયાન, મુંબઈ બજારમાં બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૧૦ પૈસા ઘટયા હતા. પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૪.૪૬ થઈ રૂ.૧૨૪.૭૧ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૧૧ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૪.૦૨ થઈ રૂ.૧૦૪.૨૨ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે જોકે ૦.૧૦ ટકા વધી હતી જ્યો ચીનની કરન્સી ૦.૨૨ ટકા ઉંચકાઈ હતી. ભારતમાં ફોરેક્સ રિઝર્વ ૨.૪૯ અબજ ડોલર વધી ૭૧૯.૫૫ અબજ ડોલર થયાના સમાચાર હતા. ગોલ્ડ રિઝર્વ ૨.૨૧ અબજ ડોલર વધી ૧૦૪.૮૦ અબજ ડોલર થયાના સમાચાર પણ રિઝર્વ બેન્કના સૂત્રોએ આપ્યા હતા. ફોરેક્સ રિઝર્વ ઘટતું અટકી ફરી વધતાં બજારમાં અજંપો હળવો બન્યો હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા.

ફોરેક્સ ભાવ	
ડોલર	રૂા. ૯૪.૨૪
પાઉન્ડ	રૂા. ૧૨૪.૭૧
યુરો	રૂા. ૧૦૪.૨૨
યેન	રૂા. ૦.૫૯
બ્રેન્ટ ક્રૂડ	૯૬.૨૦ ડોલર

ભારતની વેપાર ખાધ ઓક્ટોબરમાં ૧૨ મહિનાની ઊંચાઈએ, ફુગાવો વધતાં

શેરોમાં તેજીને વિરામ : ઓટો, બેંકિંગ, મેટલ શેરોમાં વેચવાલીએ સેન્સેક્સ ૩૧૯ પોઈન્ટ ઘટીને ૮૧૫૯૨

નિફ્ટી ૧૫૫ પોઈન્ટ ઘટીને ૨૫૧૪૪ : કેપિટલ ગુડ્ઝ શેરોમાં આકર્ષણ : એફપીઆઈઝની કેશમાં રૂ.૫૭૩૭ કરોડની ચોખ્ખી ખરીદી : રોકાણકારોની સંપત્તિમાં રૂ.૨.૦૯૯ લાખ કરોડનો ઘટાડો થયો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, શુક્રવાર

ભારતમાં રિટેલ ફુગાવો આરબીઆઈના લક્ષ્યાંકથી વધીને ઓક્ટોબરમાં ૬.૦૯ ટકા થઈ જતાં અને હવે ભારતની વેપાર ખાધ પણ વધીને ઓક્ટોબરમાં ૧૨ મહિનાની ટોચે પહોંચતાં આ નેગેટીવ પરિબળો સાથે ક્રુડ ઓઈલના ઊંચા ભાવને લઈ મોંઘવારી કાબૂ બહાર જવાના એંધાણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પણ વ્યાજ દરમાં તોળાતા વધારાએ આજે ભારતીય શેર બજારોમાં તેજીને વિરામ આપી ફંડો, મહારથીઓએ નફો બુક કરવાની શરૂઆત કરી હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં પાછલા ૧૭ દિવસથી જંગી ખરીદી પણ આજે ધીમી પડતી જોવાઈ હતી. અમેરિકી ડોલર પણ રૂપિયા સામે આજે વધુ મજબૂત બનતાં શેરોમાં વેચવાલી વધતી જોવાઈ હતી. નબળા કોર્પોરેટ પરિણામોએ ફંડોએ આજે ટાટા મોટર્સ ગ્રુપ શેરો પાછળ ઓટોમોબાઈલમાં મોટી વેચવાલી કરી હતી. બેંકિંગ-ફાઈનાન્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોમાં નફારૂપી વેચવાલી કરી હતી. જો કે કેપિટલ ગુડ્ઝ-પાવર શેરોમાં સિલેક્ટિવ ખરીદી કરી હતી. સેન્સેક્સ ૩૧૮.૫૬ પોઈન્ટ ઘટીને ૮૧૫૯૨.૪૫ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ૧૫૫.૦૫ પોઈન્ટ ઘટીને ૨૫૧૪૪.૩૦ બંધ રહ્યો હતો.

નબળા પરિણામો ટાટા મોટર્સ ગ્રુપ ઓટો શેરોમાં ફંડો વેચવાલ બન્યા : મહિન્દ્રા, એક્સાઈડ, બોશ ઘટ્યા

ઓટોમોબાઈલ શેરોમાં ફંડોએ આજે તેજીનો વેપાર હળવો કર્યો હતો. ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૨૦.૬૦ ઘટીને રૂ.૪૩૩.૩૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ દ્વારા રૂ.૫૪૫૧ કરોડની ચોખ્ખી ત્રિમાસિક ખોટ નોંધાવતા શેર રૂ.૧૦ ઘટીને રૂ.૨૮૭, અશોક લેલેન્ડ રૂ.૪.૫૦ ઘટીને રૂ.૧૬૯.૧૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૭૨.૬૦ ઘટીને રૂ.૩૩૩૬.૧૦, એક્સાઈડ રૂ.૭.૫૫ ઘટીને રૂ.૩૭૩.૧૦, બોશ રૂ.૯૨૦ ઘટીને રૂ.૪૯,૫૮૦, ટીઆઈ ઈન્ડિયા રૂ.૩૯.૭૦ ઘટીને રૂ.૨૨૬૨.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ૫૦૦ ઈન્ડેક્સ ૭૩૭.૫૦ પોઈન્ટ ઘટીને ૬૧૪૩૨.૫૪ બંધ રહ્યો હતો.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૨.૦૯ લાખ કરોડ ઘટીને રૂ.૫૧૦.૧૮ લાખ કરોડ

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ તેજી અટક્યા સાથે ફંડો, ઈન્વેસ્ટરોની શેરોમાં વ્યાપક નફારૂપી વેચવાલીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૨.૦૯ લાખ કરોડ ઘટીને રૂ.૫૧૦.૧૮ લાખ કરોડ રહ્યું હતું.

મેટલ ઈન્ડેક્સ ૩૭૯ પોઈન્ટ ઘટ્યો : હિન્દુસ્તાન ઝિંક, હિન્દાલ્કો, અદાણી, એનએમડીસીમાં ફંડોની વેચવાલી

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોની આજે નફારૂપી વેચવાલી થઈ હતી. હિન્દુસ્તાન ઝિંક રૂ.૧૪.૭૦ ઘટીને રૂ.૫૫૪.૩૦, હિન્દાલ્કો રૂ.૧૯.૮૦ ઘટીને રૂ.૯૪૪.૪૦, અદાણી એન્ટરપ્રાઈસીઝ રૂ.૫૪ ઘટીને રૂ.૨૯૮૨, એનએમડીસી રૂ.૧.૨૫ ઘટીને રૂ.૬૯.૯૦, લોઈડ્સ મેટલ રૂ.૨૮.૯૫ ઘટીને રૂ.૧૭૮૬.૫૦, નાલ્કો રૂ.૨.૪૦ ઘટીને રૂ.૩૩૦, સેઈલ રૂ.૧.૨૦ ઘટીને રૂ.૧૭૬.૪૦ રહ્યા હતા.બીએસઈ ૫૦૦ મેટલ ઈન્ડેક્સ ૩૭૮.૮૫ પોઈન્ટ ઘટીને ૪૦૪૫૭.૧૬ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડો વેચવાલ : કેનેરા બેંક, આઈડીએફસી ફર્સ્ટ, ઈન્ડસઈન્ડ બેંક, એયુ બેંક ઘટ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોની આજે ઉછાળે વેચવાલી નીકળી હતી. કેનેરા બેંક રૂ.૧.૮૦ ઘટીને રૂ.૧૩૧, આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૧.૦૭ ઘટીને રૂ.૭૯.૬૮, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૧ ઘટીને રૂ.૯૧૯, એયુ સ્મોલ બેંક રૂ.૧૧.૫૦ ઘટીને રૂ.૯૬૮.૫૦, એચડીએફસી બેંક રૂ.૮.૮૦ ઘટીને રૂ.૮૦૩.૦૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૪૪૧.૮૭ પોઈન્ટ ઘટીને ૬૮૮૦૯.૩૪ બંધ રહ્યો હતો.

ક્રુડના ભાવ મજબૂત બનતાં ઓઈલ-ગેસ શેરોમાં ફંડો વેચવાલ : પેટ્રોનેટ, બીપીસીએલ, એચપીસીએલ ઘટ્યા

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ આજે વધુ મજબૂત બનતાં ફંડોની ઓઈલ-ગેસ શેરોમાં વેચવાલી રહી હતી. પેટ્રોનેટ એલએનજી રૂ.૧૧ ઘટીને રૂ.૩૨૪, બીપીસીએલ રૂ.૮.૬૦ ઘટીને રૂ.૩૦૨.૪૦, એચપીસીએલ રૂ.૭.૫૦ ઘટીને રૂ.૩૮૩, ઈન્ડિયન ઓઈલ કોર્પ રૂ.૧.૯૦ ઘટીને રૂ.૧૪૪.૧૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ ૨૦૧.૭૫ પોઈન્ટ ઘટીને ૨૬૪૭૬.૦૮ બંધ રહ્યો હતો.

આઈટી-સોફ્ટવેર શેરોમાં સાવચેતી : ઓરિએન્ટ ટેકનોલોજી, સાયબર ટેક, સોનાટા, ઈન્ફોબિન ઘટ્યા

એનવિડીયાના સીઈઓ પ્રકરણે વૈશ્વિક આઈટી ઉદ્યોગમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાતાં ફંડોએ આઈટી શેરોમાં પણ સાવચેતીમાં લેણ હળવું કર્યું હતું. ઓરિએન્ટ ટેકનોલોજી રૂ.૮.૩૦ ઘટીને રૂ.૨૦૮.૫૦, સાયબર ટેક રૂ.૪.૨૫ ઘટીને રૂ.૧૨૬.૫૦, સોનાટા સોફ્ટવેર રૂ.૭.૮૦ ઘટીને રૂ.૨૪૯.૧૫, ઈન્ફોબિન રૂ.૫.૦૫ ઘટીને રૂ.૧૬૧.૪૫, ટેરા સોફ્ટ રૂ.૯.૬૦ ઘટીને રૂ.૩૨૩.૨૦, ટાટા ટેકનોલોજી રૂ.૧૪.૪૦ ઘટીને રૂ.૬૬૮.૮૦, જેનેસીસ ઈન્ટરનેશનલ રૂ.૩.૯૫ ઘટીને રૂ.૧૮૯.૬૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૫૨.૯૦ પોઈન્ટ ઘટીને ૩૦૨૫૯.૩૧ બંધ રહ્યો હતો.

FPIs/FIIની કેશમાં રૂ.૫૭૩૭ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૨૨૫૪ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે શુક્રવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૫૭૩૬.૫૫ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૨૨૫૩.૫૮ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી.

સારા અલી ખાન દિલ ખોલીને વાત કરે છે



સૈફ અલી ખાનની પુત્રી સારા અલી ખાન પોતાના ચાહકો માટે દિલ ખોલીને વાત કરે છે.

ફિલ્મોની પસંદગી બાબતે એક ઈન્ટરવ્યુમાં સારા અલી ખાને કહ્યું હતું કે, મારી ફિલ્મોની પસંદગી હંમેશા હું જ કરું છું. મારા પિતા જેને તે અબ્બા કહીને સંબોધે છે તે કદી મારી ફિલ્મોની પસંદગીમાં દખલગીરી કરતા નથી. સ્ક્રિપ્ટ વાંચ્યા પછી જ મારે એ ફિલ્મમાં કામ કરવું છે કે નહીં તેનો નિર્ણય હું જ લઉં છું.

સારા અલી ખાને શાળાના દરેક વેકેશન લંડનમાં પસાર કર્યા છે. માતા અમૃતા સિંહ, પિતા સૈફ અને ભાઈ ઈબ્રાહિમને પણ લંડન બહુ ગમતું હતું. અમે અમારી શાળાની રજાઓ લંડનમાં જ પસાર કરતા હતા. હું દર વરસે વેકેશનમાં લગભગ દોઢ મહિનો લંડનમાં જ પસાર કરતી હતી.

આ ઉપરાંત તેને તેના દાદાનો પટૌડી પેલેસ પણ બહુ પસંદ છે. નાનપણમાં પણ સારા અલી ખાને પટોડી પેલેસમાં ઘણો સમય વિતાવ્યો છે. પટૌડી પેલેસ સાથે તેની બાળપણની ઘણી યાદો જોડાયેલી છે.જોકે હવે દીવાળી, નવું વરસ અને ક્રિસમસ વેકેશનમાં જ તે હવે પટૌડી પેલેસમાં રહેવા જાય છે.

મારી માતા મારા દિલની અને મારા જીવનની બહુ નજીક છે. તેણે સિંગલ મધર રહીને અમને જે રીતે ઉછેર્યા અને સંઘર્ષ કર્યો છે તે તેને દાદ આપવા જેવું છે. હું મારી માતાના સિંગલ મધરના અનુભવથી એક વાત જરૂ શીખી છું કે જીવનમાં ખાસ કરીને ખરાબ સમયમાં કોઈ કોઈનું હોતું નથી. વ્યક્તિએ પોતે જ આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર આત્મનિર્ભર બનવું પડતું હોય છે.

હું દ્રઢ પણે માનું છું કે, દરેક વ્યક્તિએ દરરોજ પોતાને બહેતર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. જોકે પોતાના જીવનના મૂળને યથાવત રાખવા જોઈએ.

હું મંદિરમાં ભગવાનના દર્શન કરવા જાઉં ત્યારે મોટા ભાગે મને ટ્રોલ કરવામાં આવતી હોય છે. પરંતુ પરમેશ્વરની પૂજાનો નિર્ણય દરેક વ્યક્તિની અંગત આસ્થા પર આધાર રાખતો હોય છે.

હું મારા માતા-પિતાનું મિશ્રણ વર્ઝન છું એમ કહી શકું છું. હું તેમની જેમજ ખુલ્લા વિચાર ધરાવું છું અને કોઈની પણ પરવાહ કર્યા વગર મારું મન કહે તે જ કરું છું.

મને મુસાફરીનો બહુ શોખ છે. હું એકલી પણ સફરે નીકળી પડું છું. જોકે તેનો મતલબ એ નથી કે મને મારા પરિવાર સાથે હરવું-ફરવું ગમતું નથી કે તેમના પર પ્રેમ નથી. પરંતુ મને એકલા ફરવામાં પણ આનંદ આવે છે.

વર્લ્ડ ટુરકરવાનું મારું શમણું હું ધીરે ધીરે પુરું કરી રહી છું હું દેશ-વિદેશ જ્યાં પણ સફર પર જાઉં છું ત્યાંથી મને બંગડીઓ ખરીદવાનો બહુ શોખ છે. મારી પાસે દેશ-દેશાવરની બંગડીઓ છે.

સારા અલી ખાને પોતાની ૮ વરસની કારકિર્દીમાં ૧૩થી વધુ ફિલ્મો આપી છે જેમાંથી ફક્ત ચાર જ ફિલ્મો હિટ ગઈ છે. અભિનેત્રીએ ૨૦૧૮માં સુશાંત સિંહ રાજપુત સાથે કેદારનાથ ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું.જેમાં તેનો અભિનય વખાણવામાં આવ્યો હતો. તેને આ માટે બેસ્ટ ફીમેલ ડેબ્યુ એવોર્ડ પણ મળ્યો હતો. સુશાંત અને સારાની જોડીની કેમેસ્ટ્રીને વખાણવામાં આવી હતી.

ફિલ્મ કેદારનાથ પછી સારા અલી ખાન એ અહતી.જે બ્લોકબસ્ટર ગઈ હતી. શરૂઆતની જ બે ફિલ્મો સફળ જતાં સારા અલી ખાનનું નામ ચર્ચિત અભિનેત્રીઓમાં સામેલ થઈ ગયું હતું.

> **‘મારી મા (અમૃતા સિંહ) મારા દિલથી બહુ નિકટ છે. તેણે સિંગલ મધર તરીકે અમને જે રીતે ઉછેર્યા છે અને સંઘર્ષ કર્યો છે તે દાદ આપવા જેવું છે. હું મમ્મીના અનુભવો પરથી એક વાત જરૂર શીખી છું કે જીવનમાં ખાસ કરીને ખરાબ સમયમાં કોઈ કોઈનું હોતું નથી. વ્યક્તિએ પોતે જ આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર આત્મનિર્ભર બનવું પડતું હોય છે.’**

પરંતુ આ બે ફિલ્મોની સફળતા પછી સારાની કારકિર્દી પર બ્રેક લાગી ગઈ. ૨૦૨૦માં કાર્તિક આર્યન સાથે લવ આજ કલ અને વરુણ ધવન સાથે કુલી નંબર વન રિલીઝ થઈ હતી. બન્ને ફિલ્મો એક જ વરસમાં રિલીઝ થઈ અને બન્ને બોક્સ ઓફિસ પર પછડાઈ હતી. લોકોએ આ ફિલ્મોને વખોડી કાઢી હતી.

૨૦૧૮ ના પાંચ વરસ પછી સારા અલી ખાને વિક્કી કૌશલ સાથે જરા હટકે જરા બચકે ફિલ્મ કરી જે બોક્સ ઓફિસ પર કર્મશિયલી સફળ થઈ હતી. જોકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમય પછી એક ફિલ્મ હિટ થવાથી વધુ લાભ થતો હોતો નથી.

આ પછી સારા અલી ખાનની ૩ ફિલ્મો આવી જે બોક્સ ઓફિસ પર વેરેજ સાબિત થઈ હતી. જેમાં સ્કાઈ ફોર્સ, મેટ્રો ઈન દિનો અને પતિ-પત્ની ઔર વો દો સામેલ હતી. એનો મતલબ લોકોએ એ ગણ્યો કે ડેબ્યુ પછીની બે ફિલ્મોની સફળતા બાદ સારા માટે એ સમય કોઈ ખાસ રહ્યો નહોતો. સારાએ આ દરમિયાન ઘણા ટોચના સ્ટાર્સ સાથે કામ કર્યું અને ઘણા મોટા પ્રોજેક્ટનો હિસ્સો રહી પરંતુ તેને એવી ફિલ્મો ન મળી કે જે તેની કારકિર્દી માટે માઈલસ્ટોન સાબિત થાય.

આ દરમિયાન સારાએ પોતાની કારકિર્દીમાં એવી પણ ફિલ્મો કરી જે ઓટીટી પર રિલીઝ થઈ. ૨૦૨૧માં અતરંગી ફિલ્મમાં તે અક્ષય કુમાર અને ધનુષ સાથે જોવા મળી હતી અને આ ફિલ્મને દર્શકોએ ઠીક ઠીક વખાણી હતી.

સારાએ વિક્રાંત મેસી સાથે ૨૦૨૧માં ગેસલાઈટમાં કામ કર્યું આ ઉપરાંત તેણે એક મલ્ટીસ્ટારર ફિલ્મ મર્ડર મુબારક પણ કરી બન્ને ફિલ્મો દર્શકોનું ધ્યાન ખેંચી શકવામાં નિષ્ફળ રહી હતી.

સારા અલી ખાનને ઉડતા તીર ફિલ્મ માટે ઘણી ઉમ્મીદ હતી પરંતુ તે પણ તેને ખાસ ફાયદો કરાવી શકશે એમ આલોચકોને લાગ્યું નહોતું.■

બધામાં અસલી ફેમિલી મેન તો છે, આમિર ખાન!




કલાકારોના હૃદયમાં પણ એક સંવેદનશીલ દિલ ધબકતું હોય છે, જે તેના પરિવારજનો સાથે ન વિતાવેલા દિવસો અંગે વિચારીને રડી પડે છે, તેનું ઉમદા ઉદાહરણ તાજેતરમાં જ આમિર ખાને આપ્યું છે, જે અંગે જાણીને તેમના પ્રશંસકોના આંખોમાં પણ આસું આવી જાય છે.

હજુ થોડા દિવસ પહેલાં જ સિંગાપોર આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આમિર ખાનને સ્ક્રીન આઈકોન એવોર્ડ હોંગકોંગના જાણીતા ફિલ્મ-દિગ્દર્શક પીટર ચેન હો-સુનના હસ્તે એનાયત કરાયો. આ ફેસ્ટિવલમાં આમિર ખાનને તેમના જીવન અને સિનેમાની સફર વિશે વાત કરતી વખતે આમિર ખાન કારકિર્દીના સૌથી નબળા તબક્કાને યાદ કરતાં મંચ પર જ આંસુ સારવા લાગ્યો હતો. તેણે અત્યંત ભારે હૈયે કબૂલાત કરી હતી કે મેં ત્રણ દાયકા સુધી સતત કામ કરવાના જનૂનમાં પોતાના પરિવાર સાથેનો અમૂલ્ય સમય ગુમાવી દીધો છે. આ અંગે વધુમાં જણાવતાં આમિર ખાને કહ્યું હતું કે ‘જ્યારે કોવિડના સમયકાળમાં હું સાવ નવરો બેઠો વિચારી રહ્યો હતો ત્યારે મને સમજાયું કે મારી જિંદગીના ત્રીસ વર્ષ તો સતત કામમાં વિતી ગયા છે. તમે જે કામ કરી રહ્યા છો તેની પાછળ એક વર્ષ બે વર્ષ કે પછી પાંચ વર્ષ સુધી સંપૂર્ણપણે રત બનીને અવિરત કામ કર્યા કરો છો, પરંતુ જો આ અવિરત કામગીરી ૩૦ વર્ષ સુધી સતત ચાલતી રહે છે તો હવે પછી તમે તો તમારા પારિવારિક સંબંધોની મીઠાશ તો ગુમાવી બેસો છો. તમારા બાળકો પણ મોટા થઈ ગયા હોય છે, તેની તમને ખબર પણ નથી પડતી. આ વાતનો જ મને અંદરથી ઊંડો આઘાત અને અફસોસ થયો હતો.’ મંચ પર આટલું બોલતા બોલતા તો આમિર ખાન અત્યંત ભાવુક બની ગયો હતો અને તેની આંખોમાંથી પાણી પણ આવવા લાગ્યા હતા. આ પછી તેણે દર્શકોની માફી માગી ત્યારે દર્શકોએ તેને પ્રોત્સાહિત કર્યો હતો. ચહેરા પરના આંસુ લૂંછતા આમિરે જણાવ્યું, આ અનુભૂતિએ તેના જીવનમાં મોટો ફેરફાર લાવવા પ્રેરિત કર્યો. છેલ્લા ચાર વર્ષથી તે પોતાના પરિવાર અને નિકટના મિત્રો સાથે ચોક્કસપણે સમય ફાળવી રહ્યો છે. આમિરે કહ્યું હતું કે મને એ વાતનો સંતોષ છે કે આ વિચાર મને ૫૬ વર્ષની વયે આવ્યો, ૮૬ વર્ષની વયે નહીં, કેમ કે ત્યારે તો કંઈ પણ સુધારવા માટે ઘણું મોડું થઈ ચુક્યું હોત, એમ આમિરે ઉમેર્યું હતું.■

બોલિવુડને ચડ્યો ભક્તિનો રંગઃ આસ્થા કે પછી નફો રળવાની નવી ફોર્મ્યુલા?





મસાલા ફિલ્મો ફ્લોપ જતાં બોલિવુડ હવે દેવી-દેવતાઓના શરણે

૩ પેરી પડદા પર એક સમયે જ્યાં ચમકદમક, વિદેશી લોકેશન્સ, અલ્ટ્રા-ગ્લેમેરસ પાત્રો અને પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ જોવા મળતું હતું, જેમાં લગભગ દરેક ખલનાયક તિલકધારી, જનેઉધારી જોવા મળતો, ત્યાં આજે અચાનક અગરબત્તીની સુગંધ, શંખનાદ અને હર હર મહાદેવ કે જય શ્રીરામના ગગનભેદી નારા ગૂંજી રહ્યા છે. સિનેમાઘરો હવે માત્ર મનોરંજનનું કેન્દ્ર નથી રહ્યા, પણ ભક્તો માટે જાણે હંગામી પૂજાસ્થળ બની ગયા છે. દર્શકો થિયેટરના દરવાજે પગરખાં ઉતારીની અંદર પ્રવેશી રહ્યા છે, સ્ક્રીન સામે હાથ જોડીને બેસી રહ્યા છે અને ભાવુક થઈને અશ્રુભીની આંખે બહાર નીકળી રહ્યા છે. આ દ્રશ્ય ભારતીય સિનેમાના એક નવા અને આશ્ચર્યજનક યુગની ગવાહી આપે છે. જે બોલીવૂડ વર્ષો સુધી પૌરાણિક અને ધાર્મિક વિષયોથી અંતર જાળવી રાખતું હતું, તે જ બોલીવૂડ આજે નફો કમાવવા માટે આસ્થાના શરણે પહોંચી ગયું છે.

સુવર્ણ ભૂતકાળઃ ‘જય સંતોષી મા’ થી ‘શિરડી કે સાઈ બાબા’

સિનેમા અને ભક્તિનો સંબંધ ભારતમાં કોઈ નવો નથી. આ સંબંધ દેશની સંસ્કૃતિ જેટલો જ ઊંડો છે. વર્ષ ૧૯૭૫માં જ્યારે સિનેમાઘરોમાં અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્રની એક્શન પેક્ડ મહાકાય ફિલ્મ ‘શોલે’ દર્શકોને ઘેલું લગાડી રહી હતી, ત્યારે જ અત્યંત સામાન્ય બજેટમાં બનેલી લો-પ્રોફાઈલ ફિલ્મ ‘જય સંતોષી મા’ રિલીઝ થઈ હતી. ચમત્કારિક રીતે, તે ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવીને શોલેને જોરદાર ટક્કર આપી હતી. દેશના ગામડાઓ અને નાના શહેરોમાંથી લોકો બળદગાડા જોડીને ફિલ્મ જોવા ઊમટ્યા હતા. થિયેટરના પડદા પર નાળિયેર વધેરાતા અને સિક્કાઓનો વરસાદ થતો.

તે પછી મનોજકુમારની ‘શિરડી કે સાઈ બાબા’ ફિલ્મ આવી, જેણે આખા દેશને સાઈ ભક્તિમાં લીન કરી દીધો હતો. આ ફિલ્મો માત્ર સિનેમા નહોતી, લોકજીવનની આસ્થાનું પ્રતિબિંબ હતી. પરંતુ એ સુવર્ણ યુગ પછીના દાયકાઓમાં બોલીવૂડ પશ્ચિમી રંગે રંગાયું. પટકથાઓમાંથી દેશી ભાવના ગાયબ થઈ ગઈ અને ગેન્ગસ્ટરોને બિરદાવતી વાર્તાઓ લખાવવા લાગી. ધાર્મિક કે આધ્યાત્મિક વાર્તાઓને ઓલ્ડ ફેશન માનીને હાંસિયામાં ધકેલી દેવામાં આવી.

‘કાંતારા’ અને દર્શકોની ભૂખનું પુનરાગમન

સમયનું ચક્ર ફર્યું અને દર્શકો પશ્ચિમી નકલથી કંટાળ્યા. ગેન્ગસ્ટરોને હીરો બનાવતી ફિલ્મોથી પણ લોકો દૂર થવા લાગ્યા. એવા સમયે રિષભ શેટ્ટીની કન્નડ ફિલ્મ ‘કાંતારા’એ આખા દેશને પોતાની સ્થાનિક સંસ્કૃતિ, દેવ-પરંપરા અને લોકમાન્યતાઓની તાકાતનો અહેસાસ કરાવ્યો. ‘કાંતારા’ની અસાધારણ સફળતાએ સાબિત કર્યું કે આજના અત્યાધુનિક ડિજિટલ યુગમાં પણ જો મૂળિયા સાથે જોડાયેલી વાર્તા પ્રમાણિકતાથી પીરસવામાં આવે, તો પ્રેક્ષકો તેને માથે બેસાડે છે. દર્શકો હવે કૃત્રિમ લાગણીઓથી દૂર થઈને પોતાની પરંપરા, ધર્મ અને આધ્યાત્મિક ગહનતા સાથે જોડાવા આતુર હતા.

‘હનુમાન અંશ’: બોક્સ ઓફિસ પર રચાયેલો નવો ઈતિહાસ

આ ભૂખનું તાજું અને સૌથી જીવંત ઉદાહરણ નીમ કરોલી બાબા પર બનેલી ફિલ્મ ‘હનુમાન અંશ’ છે. ૭ ઓગસ્ટે જ્યારે આ ફિલ્મ સિનેમાઘરોમાં આવી ત્યારે ભાગ્યે જ કોઈને તેના વિશે જાણકારી હતી. પ્રથમ સપ્તાહમાં માત્ર નેવું લાખ રૂપિયાનું કલેક્શન અને બીજા અઠવાડિયે માંડ ૨૭ સ્ક્રીન બાકી રહ્યા હતા. સામાન્ય રીતે આવા સંજોગોમાં કોઈપણ ફિલ્મ દબાઈને ઉતરી જાય. પણ દિગ્દર્શક વિશાલ ચતુર્વેદી અને મુખ્ય અભિનેતા શોભિનવ સત્યાએ હાર ન માની. બંને કલાકારો ગુજરાત, રાજસ્થાન અને દિલ્હીના સિનેમાઘરોમાં પહોંચ્યા, છેલ્લા થોડા દર્શકોને રૂબરૂ મળ્યા અને મૌખિક પ્રચાર કરવા વિનંતી કરી.

ત્યાર પછી જે ચમત્કાર થયો તે બોલીવૂડના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. ત્રીજા અઠવાડિયામાં કમાણી સીધી દસ કરોડને પાર પહોંચી ગઈ. માત્ર સત્તર કરોડના મામૂલી બજેટમાં બનેલી આ ફિલ્મે ભારતમાં દોઢસો કરોડથી વધુ ચોખ્ખો અને વિશ્વભરમાં ચારસો કરોડથી વધુ ગ્રોસ વકરો કરીને ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજોને સ્તબ્ધ કરી દીધા.

રસપ્રદ બાબત છે કે દર્શકો આ ફિલ્મને માત્ર ચમત્કારના કારણે નહિ, પણ તેના સાત્વિક અને માનવીય અભિગમના મુદ્દે વધાવી રહ્યા છે. અનેક શિક્ષિત યુવાનો આ ફિલ્મને વારંવાર જોઈ રહ્યા છે, કારણ કે તેમાં બાબા કોઈ અંધશ્રદ્ધા ફેલાવતા નથી, પરંતુ બીમારી પર ડોક્ટર પાસે જવાની વ્યવહારુ સલાહ આપે છે. આ સરળતા અને સત્યતાએ લોકોની આંખોમાં આંસુ લાવી દીધા. દર્શકો પગરખા બહાર કાઢીને થિયેટરમાં બેસે છે, જે દર્શાવે છે કે આ માત્ર ફિલ્મ નથી રહી, પણ પૂજા બની ગઈ છે.

ભક્તિનો પ્રવાહઃ ‘મહાઅવતાર નરસિંહા’થી ‘કૃષ્ણાવતારમ’ સુધી

આ ટ્રેન્ડ કોઈ એકલદોકલ ઘટના નથી. વર્ષ ૨૦૨૪માં પૌરાણિક એનિમેશન ફિલ્મ ‘મહાઅવતાર નરસિંહા’એ લગભગ ૨૫૦ કરોડ રૂપિયાની જંગી કમાણી કરીને સાબિત કર્યું કે ભક્તિ દરેક વયજૂથને આકર્ષે છે.

તેના પછી આવેલી ‘કૃષ્ણાવતારમ ભાગ ૧: ધી હાર્ટ’એ ઘરેલુ બોક્સ ઓફિસ પર લગભગ ચાલીસ કરોડ રૂપિયાની કમાણી કરી અને દર્શકોમાં આગામી ભાગો માટે જોરદાર ઉત્સુકતા જગાડી દીધી. આ સમગ્ર કૃષ્ણાવતારમ ટ્રાયોલોજી ભગવાન શ્રીકૃષ્ણના જીવન, દર્શન અને માનવ સંબંધોને ગહન દ્રષ્ટિકોણથી રજૂ કરવા જઈ રહી છે, જેનો બીજો ભાગ ૨૦૨૭માં આવવાની તૈયારીમાં છે. વિશાલ ચતુર્વેદીએ પણ ‘હનુમાન અંશ’ની ભવ્ય સફળતા બાદ મહાકવિ ગોસ્વામી તુલસીદાસના જીવન પર આધારીત પોતાની નવી ફિલ્મ ‘રામબોલા’ની જાહેરાત કરી દીધી છે.

ભવિષ્યની તૈયારીઃ ‘રામાયણ-૨’ અને ‘મહાકાલી’

આ લહેર હવે અટકવાની નથી. ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોટી ફિલ્મ ગણાતી નિતેશ તિવારીની ‘રામાયણ’ની સિક્વલ પાઈપલાઈનમાં છે. દેશના ટોચના કલાકારો પ્રભુ શ્રીરામની કથાને આંતરરાષ્ટ્રીય સ્તરના વિઝ્યુઅલ્સ સાથે રજૂ કર્યા છે.

તેવી જ રીતે મા શક્તિના પ્રચંડ સ્વરૂપ પર આધારીત ભવ્ય ફિલ્મ ‘મહાકાલી’ આવતા વર્ષે ૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ મોટા પડદે રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મ નિર્માતાઓ હવે સમજી ચૂક્યા છે કે હિન્દુ દેવી-દેવતાઓની પૌરાણિક કથાઓ માત્ર ધાર્મિક પ્રવચન નથી, પણ તેમાં અદ્ભુત નાટ્ય તત્વ, જીવનના મૂલ્યો, ફિલસૂફી અને વિઝ્યુઅલ વૈભવ છુપાયેલો છે જે હોલીવૂડના કોઈપણ કાલ્પનિક સુપરહીરો કરતા હજાર ગણો વધુ શક્તિશાળી છે.

શુદ્ધ આસ્થા કે માત્ર દૂધાળી ગાય?

જો કે આ સિક્કાની બીજી બાજુ પણ વિચારવા જેવી છે. શું બોલીવૂડનું ખરેખર હૃદયપરિવર્તન થયું છે, કે પછી આ માત્ર બોક્સ ઓફિસ પરથી પૈસા ખંખેરવાની નવી યુક્તિ છે? જ્યારે કોઈ પણ ફોર્મ્યુલા હિટ થાય છે, ત્યારે ઈન્ડસ્ટ્રી તેના પર તૂટી પડે છે. અગાઉ દેશભક્તિની ફિલ્મોની વણઝાર થઈ હતી, હવે વારો આધ્યાત્મિકતાનો છે.

જો નિર્માતાઓ માત્ર નફા ખાતર અધકચરી માહિતી, નબળા વીએફએક્સ અને સસ્તી લાગણીઓ પીરસશે, તો સમજુ દર્શકો તેને નકારતા અચકાશે નહિ. દર્શકોને વાર્તામાં પવિત્રતા, સાચો આદર અને પ્રમાણિકતા જોઈએ છે - જે ‘હનુમાન અંશ’ કે ‘કાંતારા’માં જોવા મળી.

ગમે તે હોય, એક વાત તો સ્પષ્ટ છે કે રૂપેરી પડદે ધર્મ અને આધ્યાત્મિકતાનું પુનરાગમન થઈ ચૂક્યું છે. પચાસ વર્ષ અગાઉ જે ચમત્કાર ‘જય સંતોષી મા’એ કર્યો હતો, આજે ડિજિટલ યુગમાં ‘હનુમાન અંશ’ અને ‘કૃષ્ણાવતારમ’ જેવી ફિલ્મો કરી રહી છે. બોલીવૂડ હવે સમજી ગયું છે કે બોક્સ ઓફિસનું તાળું માત્ર ગ્લેમરથી નહિ, પણ ભારતીય જનમાનસની આસ્થા અને શ્રદ્ધાની ચાવીથી પણ ખોલી શકાય છે. દર્શકો ફરી એકવાર થિયેટરોને પવિત્ર મંચ બનાવીને હૃદયપૂર્વક બોલી રહ્યા છેઃ ‘પ્રભુ તાલી લીલા અપરંપાર!’■

સની લીઓનીએ તાજી કરી બાળપણની હેલોવીન પાર્ટીઓ

‘હું મારા સંતાનોને પણ આવી ક્ષણો આપવા માગતી હતી. હું ઇચ્છતી હતી કે તેઓ મોટાં થઈને તેમની બાળપણની હેલોવીન પાર્ટીઓ સંભારીને ડરે નહીં, બલ્કે રાજી થાય. મહત્વની વાત એ છે કે મારા પુત્ર નોહને હોરર ફિલ્મો ગમે છે. તેણે હેલોવીન પાર્ટીને પણ મનભરીને માણી હતી.’

ગભગ દિવાળીથી થોડા સમય પહેલા આવતો વિદેશીઓનો વહાલો ‘હેલોવીન’ ઉત્સવ હવે ભારતીયોમાં પણ ખાસ્સો લોકપ્રિય થઈ રહ્યો છે. ભૂત, પ્રેત, ખોપડી, ડરામણી વેશભૂષા, ડરામણું ડેકોરેશન, હોરર ફિલ્મોની યાદ અપાવતી પાર્ટી થીમ હવે દેશી લોકોમાં પણ પ્રિય થઈ રહી છે ત્યારે કેનેડામાં ઉછરીને મોટી થયેલી ભારતીય મૂળની અભિનેત્રી સની લીઓનીને હેલોવીન ઉત્સવ આકર્ષે તે સ્વાભાવિક છે.

તાજેતરમાં આવેલા હેલોવીન દિવસે સની લીઓનીએ પોતાના નિવાસ સ્થાને હેલોવીન પાર્ટીનું આયોજન કર્યું હતું. (અહીં એ વાતની નોંધ લેવી રહી કે ‘હેલોઝ’ એટલે પવિત્ર વ્યક્તિ અથવા સંત અને ‘ઈવ’ એટલે પર્વ પૂર્વેની રાત. અને પહેલી નવેમ્બરે ઈસાઈ ધર્મમાં ‘ઓલ સેંટ્સ ડે’ ઉજવવામાં આવે છે. સેલ્ટિક લોકો માને છે કે ૩૧ ઓક્ટોબરની રાત્રે મૃતાત્માઓ અને જીવંત લોકો વચ્ચેનું અંતર ઘટી જાય છે. અને દુષ્ટ આત્માઓથી બચવા લોકો આ દિવસે ડરામણી વેશભૂષા ધારણ કરે છે અને અગ્નિ પ્રગટાવે છે.) જોકે આપણા દેશના શહેરોમાં પાર્ટીપ્રેમીઓ સમયથી પહેલા જ હેલોવીન ઈવેન્ટ્સનું આયોજન કરવા લાગે છે. સની લીઓનીએ પણ આ રીતે જ પોતાના ઘરે હેલોવીન પાર્ટીનું આયોજન કર્યું હતું.

આ ઉત્સવની ઉજવણી માટે તેણે અગાઉથી જ તૈયારીઓ શરૂ કરી દીધી હતી. તેણે અને તેના પતિએ હેલોવીનના ડેકોરેશન માટેની ઘણી વસ્તુઓ વિદેશથી અને કેટલીક ઓનલાઈન મગાવી હતી. તેણે પોતાના ઘરમાં એક ભૂલભૂલૈયા, ડરામણા કસાઈખાના ઇત્યાદિ બનાવીને પરફેક્ટ હેલોવીન પાર્ટીનું આયોજન કર્યું હતું. તે સ્વયં ચિત્રવિચિત્ર અવાજો સાથે મહેમાનોનું સ્વાગત કરતી હતી, તેમને ભૂલભૂલૈયામાંથી પસાર થવાનું કહેતી હતી અને તેનો પતિ ડેનિયલ વેબર વેમ્પાયર અવતારમાં કોફીનમાંથી બહાર આવતો હતો. સનીએ આ ડેકોરેશનમાં પોતાના સંતાનોનો સાથ પણ લીધો હતો.



અભિનેત્રીએ વાસ્તવમાં પોતાના બાળપણને સંભારીને ભયાવહ દેખાતું ડેકોરેશન કર્યું હતું. તેણે કહ્યું હતું કે મુંબઈમાં વિદેશ જેવી હેલોવીન પાર્ટીઓનું આયોજન નથી થતું. અને મને એવી હેલોવીન પાર્ટીની ખોટ સાલતી હતી, જેવી પાર્ટીઓમાં જઈને હું ઉછરી છું. વળી હું મારા સંતાનોને પણ એવી જ યાદગાર પાર્ટીનો અનુભવ કરાવવા માગતી હતી. હું નાની હતી તે વખતે હું અને અન્ય બાળકો ઓશિકાની ખોળમાં વધુમાં વધુ કેન્ડી ભેગી કરવાના પ્રયાસો કરતાં. હું મારા સંતાનોને પણ આવી યાદો આપવા માગતી હતી. હું ઇચ્છતી હતી કે તેઓ મોટા થઈને તેમની બાળપણની હેલોવીન પાર્ટીઓ સંભારીને ડરે નહીં, બલ્કે રાજી થાય. મહત્વની વાત એ છે કે મારા પુત્ર નોહને હોર ફિલ્મો ગમે છે. તેથી તેણે હેલોવીન પાર્ટીના આયોજન અને પાર્ટીને પણ મનભરીને માણી હતી.


સની માને છે કે હેલોવીન એટલે કોઈક અલગ કિરદારમાં પ્રવેશવું, પોતાની કોઈક નોખી ઓળખ ઊભી કરવી, અનપેક્ષિત કરવું. જો આપણે બધા હમેશાં એકસમાન જ રહીએ તો કંટાળી જઈએ. તેથી જીવનમાં થોડા સમય માટે પણ આવો બદલાવ તાજગી બક્ષનારો બની રહે. ■

એક મહીનાના અંતરે રાવણ અને ભરતના પાત્રો ભજવનાર આદિનાથ કોઠારે

ગુજરાતીમાં એક સરસ કહેવત છે કે ‘મોરના ઈંડા ચિતરવા ન પડે’ સાદી ભાષામાં એનો અર્થ એવો થાય કે સિદ્ધહસ્ત વ્યક્તિના સંતાનમાં એમની જેવા ગુણો આપોઆપ આવી જાય. મરાઠી અને હિન્દી સિનેમાના એક્ટર ડિરેક્ટર આદિનાથ કોઠારે માટે બેધડક આવું જ કહી શકાય. આદિનાથ અનેક એવોર્ડ વિનિંગ મરાઠી ફિલ્મો આપનાર ડિરેક્ટર મહેશ કોઠારેનો પુત્ર છે. મહેશ કોઠારેએ સંજીવ કુમારનો લીડ રોલ ધરાવતી ફિલ્મ ‘રાજા ઔર રંક’માં ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે ડબલ રોલ કરી કરીઅરની શરૂઆત કરી પછી તેઓ મરાઠી સિનેમાના ટોપના એક્ટર બન્યા. સ્ક્રીપ્ટ રાઈટિંગનો શોખ હોવાથી એમણે કેટલીક મરાઠી મૂવીજ લખી અને ડિરેક્ટર પણ કરી. એક્ટર-ડિરેક્ટર તરીકે મહેશ કોઠારેએ ફિલ્મફેર અને સ્ક્રીન જેવા ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ જીતી ચુક્યો છે. મરાઠી સિનેમામાં ડોલ્બી સાઉન્ડ અને ૩ડી જેવી અત્યાધુનિક ટેક્નોલોજી લાવવાનો શ્રેય એમને જાય છે. વરસોના અનુભવ બાદ એમણે કોઠારે વિજન નામના એક પ્રોડક્શન હાઉસની સ્થાપના કરી અને પુત્ર આદિનાથના સંગાથમાં ઘણી મરાઠી ટીવી સિરીયલો અને ફિલ્મો બનાવી.

૪૨ વરસના આદિનાથને પિતા મહેશ કોઠારે પાસેથી સિનેમા પ્રત્યેનું પેશન વારસામાં મળ્યું છે. એક્ટર તરીકે એ મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ ઉપરાંત ૩ ફિલ્મફેર મરાઠી એવોર્ડસ અને ૪ ઝી ચિત્ર ગૌરવ પુરસ્કાર જીતી ચૂક્યો છે. સૌથી ઉલ્લેખનીય વાત એ છે કે આદિનાથ કોઠારેને ૨૦૧૯માં એની ડિરેક્ટર તરીકેની પહેલી જ ફીચર ફિલ્મ ‘પાણી’ માટે પર્યાવરણ સંરક્ષણનો થીમ ધરાવતી બેસ્ટ મૂવી રતીકે નેશનલ ફિલ્મ એવોર્ડ એનાયત થયો હતો. આવો મલ્ટી- ટેલેન્ટેડ આર્ટિસ્ટ ડિરેક્ટર નીતેશ તિવારીની ‘રામાયણ’માં રામના નાના ભાઈ ભરતનું પાત્ર ભજવે છે. એ પણ કેવો વિચિત્ર યોગાનુયોગ કહેવાય કે હાલમાં જ રિલીઝ થયેલી યામી ગૌતમ ધર સ્ટારર ‘નયી નવેલી’માં રાવણનો રોલ કરી ચુકેલો આદિનાથ દિવાળી ટાંકણે રિલીઝ થનારી ‘રામાયણઃ રાઇઝ ઓફ ધ લેજન્ડ’માં આદર્શ ભાઈ ભરતના કેરેક્ટરમાં જોવા મળ્યો. તાજેતરમાં કોઠારેને આવા વિરોધાભાસી યોગાનુયોગ વિશે પૂછાતા એણે એને એક ‘દૈવી હસ્તક્ષેપ’ ગણાવતા કહ્યું ‘નય્યી નવેલી આપણી પૌરાણિક કથામાં મૂળ ધરાવતી એક ફેન્ટસી ફિલ્મ છે જ્યારે રામાયણ તો આપણો ઉજ્જવળ ઈતિહાસ છે. એટલે મારા મતે એ બંને એકબીજાથી સાવ જુદા પ્રોજેક્ટ છે, પરંતુ મને એ બે પ્રોજેક્ટ્સ મારફત રામની જીવન કથા સાથે જોડાવા મળ્યું એને હું એક અલૌકિક કૃપા જ માનું છું.’





રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ અને સની દેઉલ સ્ટારર મેરનમ ઓપસમાં કોઠારેને ભરતનો રોલ કઈ રીતે મળ્યો એની પાછળ પણ એક ઈન્ટરેસ્ટિંગ સ્ટોરી છે. નીતેશ તિવારી ડિરેક્ટેડ માયથોલોજીમાં પોતે પહેલા લક્ષ્મણના રોલ માટે ઓડિશન આપ્યું હતું એવું રહસ્યોદઘાટન કરતા આદિનાથ કહે છે, ‘લક્ષ્મણ એક સશક્ત પાત્ર હોવાથી મારી જેવા ઘણાં એક્ટરે એ રોલ માટે જ ટેસ્ટ આપ્યો હતો. એ રોલ મારફત મેકર્સ એનું જાણવા માગતા હતા કે તમે રામના ફેમિલી અને એમની દુનિયામાં બંધબેસતા આવો છો કે નહિ, એટલે મેં પણ લક્ષ્મણ માટે લુક ટેસ્ટ આપ્યો. અને નવાઈની વાત જુઓ કે છ મહિના બાદ વન ફઆઈન મોર્નિંગ મને કોલ આવ્યો કે તમારી ભરતના રોલ માટે પસંદગી થઈ છે.’

કોઠારેને મન આ તકનું અનેરું મહત્વ છે. ક્યારેક મને એવો વિચાર આવે છે કે ભરત ન હોત તો આપણને કદાચ રામાયણ પણ ન મળત. રામાયણનું દરેક પાત્રનું આપણી સંસ્કૃતિ સાથે ઉંડુ સંધાણ છે.’ એની ટીપ્પણ એક્ટર કરે છે.

ડિરેક્ટર તિવારીના વિજનને સ્ક્રીન પર સાકાર કરવું દરેક આર્ટિસ્ટ માટે એક અસીમ આનંદ બની રહ્યો. આદિનાથના જણાવવા મુજબ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા છેક ૨૦૧૬થી બે પાર્ટમાં બનનારી રામાયણની સ્ક્રીપ્ટ પર કામ કરી રહ્યા હતા. જ્યારે વિજ્યુઅલ ઈફેક્ટસનું કામ ૨૦૧૭-૧૮ની આસપાસ શરૂ થયું. સ્ક્રીપ્ટ રીડિંગ પણ એક નિર્ણાયક ક્ષણ બની રહી અને એમાં ડિરેક્ટરે કાસ્ટને અયોધ્યા, મિથીલા અને લંકાના વિજ્યુઅલ્સ બતાવ્યા. મેકર્સે ચિત્રકુટના જંગલ સહિતના સીન્સ શૂટ કરવા ભવ્ય સેટ ઉભા કર્યા હતા. એમણેએક એવું સુંદર વિશ્વ ઉભું કર્યું હતું કે એની વચ્ચે રહીને આપણને એવી અનુભૂતિ થાય કે, આપણે ખરેખર એ સતયુગમાં જ છીએ એમ કોઠારે સમાપનમાં કહે છે. ■

અસિન થોટ્ટૂકમલ : આ કોલિવુડ ક્વીન માચે હવે પરિવાર વિશેષ મહત્વનો...

અભિનેત્રીની ૭ વરસની પુત્રી ૧૨ ભાષા જાણે છે

અસિન થોટ્ટૂકમલ એક સમયે કોલીવૂડની ક્વીડ કહેવાતી હતી. તે પોતાની કારકિર્દી દરમિયાન સૌથી વધુ કમાણી કરનારા સ્ટાર્સમાંની એક હતી. તેણે ૨૦૦૦ના દાયકામાં તમિલ, તેલુગુ અને બોલીવૂડમાં ઘણી હિટ ફિલ્મો આપી હતી. ૨૦૧૬માં તેણે માઇક્રોમેક્સના કો-ફાઉન્ડર રાહુલ શર્મા સાથે લગ્ન કર્યા અને શોબિઝને અલવિદા કહી દીધું હતું. અભિનેત્રી સોશયલ મીડિયા પર પણ બહુ ઓછી સક્રિય છે અને હવે તેના માટે તેનો પતિ અને પુત્રી મહત્વના છે. તે પોતાની પુત્રીના ઉછેરમાં વ્યસ્ત છે.

થોડા સમય પહેલા અસિનના પતિ રાહુલ શર્માએ એક વાતચીત દરમિયાન પત્ની અસિન વિશે દિલથી વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, તે હંમેશા અમારા માટે સહારો રહી છે. તે પુત્રી અરિનનેટેલિવિઝન અને સોશયલ મીડિયાની લત ન લાગે તેના માટે બહુ સજાગ રહે છે. અમારા ઘરમાં ટેલિવિઝન નહોતું અને તે પુત્રીને પુસ્તકો દ્વારા આનંદ અને જ્ઞાન આપતી હતી. અમે હજી સુધી પુત્રી અરિનને કોઇ સ્ક્રીન જોવા આપી નથી પછી તે ટેલિવિઝન હોય કે મોબાઈલ ફોન. અમારા ગરમાં પુસ્તકો જ જોવા મળશે. અમારી પુત્રી અરિન હજી ૭ વરસની છે અને બીજા ધોરણમાં ભણે છે પરંતુ તેની પાસે ક્લાસ ૮ અને ૯ ધોરણનાં પુસ્તકો છે. હું તેને ઘણી વખત મજાકમાં કહું છું કે તુંએને ૧૦ ધોરણની જ બોર્ડની પરીક્ષા આપવા દે. અસિનની પુત્રી અરિન ૭ વરસની વયે ૧૨ ભાષાઓ જાણે છે. જેમાં કોરિયાઇ, જાપાની, થાઇ અને ચીની પણ સામેલ છે. મને તો બે ભાષા હિંદી અને અંગ્રેજી જ આવડે છે તેમાંય બોલવામાં મુશ્કેલી થાય છે.



અસિનના પતિ રાહુલ શર્માએ કહ્યું હતું કે, તે મારા પણ બહુ ધ્યાન રાખે છે. તે હંમેશા મારી સાથે ચટ્ટાનની માફક ઊભી રહી છે. ઘણી વખત આકરા સમયમાં તિણે મને ચિંતા ન કરતાં આગળ વધવાની જ સલાહ આપી છે. તેને મારા જ્ઞાન પર ભરોસો છે. તે મને સતત આગળ વધવા માટે પ્રોત્સાહન આપતી હોય છે. મારી જિંદગીમાં તેનું યોગદાન હું વર્ણવી શકું એમ નથી.

કેરલમની રહેનારી અસિને ૧૫ વરસની વયે કારકિર્દીની એક વિજ્ઞાપનથી કરી હતી. આ પછી તેને મલયાલમ ફિલ્મથી કારકિર્દી શરૂ કરી તેણે તેલુગુ ફિલ્મમાં પણ કામ કર્યું હતું. તેણે તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન જમાવી દીધું હતું.

અસિને બોલીવૂડમાં આમિર ખાન સાથે ગજની ફિલ્મમાં કામ કર્યું હતું. જે તમિલની આ જ શીર્ષક ધરાવતી ફિલ્મની રીમેક હતી. આ પછી અસિને સલમાન ખાન સાથે રેડી, લંડન ડ્રીમ્સ માં કામ કર્યું.

અક્ષય કુમાર સાથે હાઉસફુલ ટુ અને ખિલાડી ૭૮૬ માં કામ કર્યું. તેણે અજય દેવગણ સાથે બોલ બચ્ચનમાં કામ કર્યું અને અભિષેક બચ્ચન સાથે ઓલ ઈઝ વેલમાં કામ કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી દીધું અભિષેક બચ્ચન સાથેની આ ફિલ્મ તેની કારકિર્દીની છેલ્લી ફિલ હતી. ■

અસિનના પતિ રાહુલ શર્મા કહે છે, તે મારું પણ બહુ ધ્યાન રાખે છે. તે હંમેશા મારી સાથે ચટ્ટાનની માફક ઊભી રહી છે. આકરા સમયમાં તેણે મને ચિંતા ન કરતાં આગળ વધવાની જ સલાહ આપી છે.

રાધિકા આપ્ટે : સઘળાં કામ સાગમટે કરીને શું પુરવાર કરવું છે?

‘બદલાપુર’, ‘માંઝીઃ ધ માઉન્ટેન મેન’, ‘અંધાધૂંધી’, ‘સેક્રેડ ગેમ્સ’, ‘લસ્ટ સ્ટોરીઝ’ જેવી ફિલ્મો તેમ જ વેબ સીરિઝોમાં પોતાના અભિનયના ઓજસ પાથરનારી અભિનેત્રી રાધિકા આપ્ટેની વધુ એક વેબ સીરિઝ ‘અક્કા’ રજૂ થઈ. આ ગેંગસ્ટર ડ્રામામાં રાધિકાએ મહત્વની ભૂમિકા અદા કરી છે. મહત્વની વાત એ છે કે બે દશકથી પોતાની સહજ એક્ટિંગથી દર્શકો પર છાપ છોડનાર રાધિકામાં હવે અભિનય પ્રત્યે ઝાઝી ભૂખ નથી રહી. અદાકારા સ્વયં આ વાત કબૂલ કરતાં કહે છે કે મને એક્ટિંગ કરવાનું ગમે છે, પરંતુ હવે તેમાં પહેલાં જેવી આગ નથી રહી.

રાધિકા વધુમાં કહે છે કે મારી અભિનયની ભૂખ મંદ પડી ગઈ છે. અભિનય પ્રત્યેના અતિઉત્સાહને પગલે હું ઘણું કરી ચૂકી છું, જે હવે કરવા નથી માગતી. એક્ટિંગનો ટાઢો પડેલો ઉત્સાહ મારા માટે લાભકારક નિવડ્યો છે. હવે હું કોઈને પણ સરળતાથી ના પાડી શકું છું.

તો શું રાધિકા એમ કહેવા માગે છે કે હવે તે અગાઉ જેવા ઉત્સાહથી કામ કરવા નથી માગતી. આના જવાબમાં તે કહે છે કે ના, મારો કહેવાનો અર્થ એવો નથી. મને હજી પણ અભિનય સાથે, મારા આ વ્યવસાય સાથે લગાવ છે. મને કેમેરા સામે હજી પણ મઝા આવે છે. પરંતુ પહેલા હું કોઈપણ ભોગે કામ કરવા તૈયાર રહેતી. મેં આવા ઉત્સાહને કારણે પુષ્કળ કામ નિઃશુલ્ક કર્યું છે. અગાઉ હું ચોક્કસ લોકો સાથે ફ્રીમાં કામ કરવા તૈયાર થઈ જતી. પણ હવે એવું મન નથી થતું.



‘મારામાં હવે અભિનયની ઝાઝી ભૂખ નથી રહી. શિરે આટલો બધો બોજો રાખવાનો શો અર્થ ? મેં આ રીતે વિચારવાનું અને વર્તવાનું શરૂ કર્યું ત્યારથી બહુ હળવાશ અનુભવું છું.’

રાધિકાને એમ કબૂલ કરવામાં પણ જરાય સંકોચ નથી થતો કે આ વ્યવસાયમાં કશું નિશ્ચિત નથી હોતું તેથી સંબંધો જાળવી રાખવા, કારકિર્દીમાં આગળ વધવા તે ફ્રીમાં કામ કરતી રહી. તે એમ પણ વિચારતી કે હું જે ફિલ્મ પાછી વાળી દઈશ તે હીટ જશે તો જીવનભરનો વસવસો રહી જશે કે મેં તે શા માટે નકારી. પરંતુ હવે મને એવા વિચારો નથી આવતા તેથી હું હળવાશ અનુભવું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાધિકા બે વર્ષ પહેલા જ માતા બની છે. તો શું માતા તરીકેની જવાબદારીએ તેની વિચારસરણી બદલી હશે ? આના જવાબમાં તે કહે છે કે બાળકને જન્મ આપ્યા પછી જે તે સ્ત્રીની પ્રાથમિકતાઓ બદલાઈ જાય તે સ્વાભાવિક છે. આમ છતાં હું એમ વિચાર્યા કરતી કે આગામી અઠવાડિયે મને કામ પર જવાનું છે. આમ સતત તાણમાં રહેવાને કારણે હવે મને એમ લાગે છે કે જો મારી ક્ષુધે બીજું શિશુ અવતરશે તો હું બ્રેક લઈ લઈશ. તમે જ્યારે બધું સાગમટે કરવા જાઓ ત્યારે થાકી જાઓ. હવે હું વિચારું છું કે આટલું બધું કામ એક સાથે કરીને તમે કોને, શું દેખાડવા માગો છો ? તમને કોઈની સામે શું પુરવાર કરવું છે ? શિરે આટલો બધો બોજો રાખવાનો શો અર્થ ? મેં આ રીતે વિચારવાનું અને વર્તવાનું શરૂ કર્યું ત્યારથી બહુ હળવાશ અનુભવું છું. મારું શરીર હવે નોર્મલ થવા લાગ્યું છે. મારું હોર્મોનલ લેવલ, મારું માસિક ફરીથી સામાન્ય થઈ રહ્યું છે. માતા બન્યા પછી સઘળી સ્થિતિ થાળે પડતાં બે વર્ષ જેટલો લાંબો સમય લાગી ગયો.

અદાકારા તેની ‘અક્કા’ની સહકલાકાર કીર્તિ સુરેશની પ્રશંસા કરવાનું પણ ચૂકતી નથી. તે કહે છે કે કીર્તિ દક્ષિણ ભારતીય છે. આ શો માટે તેમે હિન્દી શીખવા જે મહેનત કરી છે તે કાબિલે તારીફ છે. તેના સ્થાને જો મને તમીળ શીખવા આટલી માથાઝીક કરવી પડે તો કદાચ હું ન કરી શકું. ■

ઐતિહાસિક ‘રામાયણ’નું આગમન : નિતેશ તિવારીની ‘એઆઈ’ના ઉપયોગ અંગે સ્પષ્ટ વાત!

રામાયણ : રાઇઝ ઓફ ધ લિજેન્ડ’ ફિલ્મને વિશ્વના ૧૦૦ દેશોના ૫૦ હજારથી વધુ સિનેમાગૃહોમાં રિલીઝ કરવાની તમામ તૈયારીઓ દિવાળી પહેલાં જ થઈ ગઈ હતી. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૪૦૦૦ કરોડ રૂપિયામાં આકાર પામ્યો છે. સૌથી પહેલું સ્ક્રીનિંગ લોસ એન્જેલસમાં થયું હતું. આ વિરાટ પ્રોજેક્ટમાં ફિલ્મના ડબિંગ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરાયો છે, એ યુવાની વ્યાપક ચર્ચા થઈ રહી છે. ત્યારે ફિલ્મના નિર્માતા નિતેશ તિવારી એ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે ફિલ્મના ડબિંગમાં એઆઈનો ઉપયોગ કરાયો છે, પણ તેનો ઉપયોગ માત્ર લિપ-સિન્ક માટે જ કરાયો છે. ફિલ્મનું ડબિંગ તો અસલ કલાકારો દ્વારા જ કરાયું છે.

આટલું જ નિતેશ તિવારીએ વધુમાં એમ પણ જણાવ્યું છે કે સ્થાનિક દર્શકોને ધ્યાનમાં રાખીને પાત્રોને વધુ સ્વાભાવિક બનાવવા માટે એઆઈની મદદ લેવામાં આવી છે. આમ, કલાકારો પાસે જ ડબિંગ કરવામાં આવ્યું છે અને તેમના અવાજને વધુ સારો બનાવવા તેમજ એમાં સ્થાનિક ભાષાનાં અંદાજ ઉમેરવા ‘બ્રહ્મા એઆઈ’ને ઉપયોગ કરવામાં આવ્યો છે.



લોસ એન્જલસમાં ફિલ્મના પ્રિમિયરમાં બોલાતા નિતેશ તિવારીએ એમ પણ કહ્યું હતું કે ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ માત્ર હોઠની ગતિવિધિઓને વિવિધ ભાષામાં સંવાદ સાથે સુમેળ કરવા માટે કરવામાં આવ્યો છે જ્યારે અન્ય તમામ અવાજ તો કલાકારો દ્વારા જ રેકોર્ડ કરાયા છે. જ્યાં સુધી એઆઈની વાત છે, તેનો ઉપયોગ માત્ર લિપ-સિન્ક કરવા માટે જ થઈ રહ્યો છે, જેથી આપણે ફિલ્મને તેની ભાષામાં દુનિયા સમક્ષ રજૂ કરી શકીએ. એઆઈનો ઉપયોગ ફક્ત લિપ-મુવમેન્ટને યોગ્ય રીતે કરવા માટે જ કરવામાં આવ્યો છે, જેથી પ્રેક્ષકો તેમની મૂળ ભાષામાં તેનો આનંદ માણી શકે. ડબિંગમાં કોઈ એઆઈનો ઉપયોગ કરાયો નથી,’ એમ તેમણે ઉમેર્યું હતું.

ફિલ્મના વર્લ્ડ પ્રીમિયર વિશે વાત કરતા નિમેશે કહ્યું, ‘મને લાગે છે કે આ એકંદરે તો ભારતીય સિનેમા માટે અત્યંત મહત્વપૂર્ણ ઘટના છે. ભારતીય સિનેમાના ૧૦૦ વર્ષથી વધુ સમય પછી એ કહેવું એક વાત છે કે ત્યાં એક સ્ક્રિનિંગ છે અને બીજી વાત એ છે કે અમેરિકામાં એક આખું શહેર છે, જેના પર ‘રામાયણ’ના હોર્ડિંગ્સ છે.’

તેમણે ઉમેર્યું કે ફિલ્મનું અમેરિકન સ્ક્રિનિંગ માત્ર જિજ્ઞાસા પેદા કરવાનો જ નહીં, પણ વિશ્વસનીયતા પણ છે. ‘રામાયણ’ પાંચ નવેમ્બરે વિશ્વભરના થિયેટરોમાં રિલીઝ થઈ. જ્યારે તેનો બીજો ભાગ ૨૦૨૮ની દિવાળી દરમિયાન આવવાની ધારણા છે.’ ■

જુગલ હંસરાજને પોતાની 'માસૂમ' ઈમેજ જરાય બોજરૂપ લાગતી નથી



૨૧ શેખર કપૂરની ડિરેક્ટર તરીકેની ડબ્યુ ફિલ્મ 'માસુમ'માં એક મા વિનાના બાળક રાહુલે દર્શકોના દિલ જીતી લીધા હતા. રાહુલ નસીરુદ્દીન શાહના લગ્નબાહ્ય સંબંધથી જન્મેલો એક અનૌરસ બાળક હોવા છતાં બધાની એને માટે સંપૂર્ણ સહાનુભૂતિ હતી. રાહુલનો રોલ કરનાર ચાઈલ્ડ આર્ટિસ્ટ જુગલ હંસરાજ આજે પર વરસના એકટર તરીકે માસુમ (૧૯૮૩)ની સિકવલ 'માસુમઃ ધ ન્યુ જનરેશન'માં નસીર અને શબાના સાથે પાછો ફરી રહ્યો છે. ડિરેક્ટર શેખર કપૂરે ફિલ્મની લીડ કાસ્ટ સાથે એને પણ રિપીટ કર્યો છે.

જુગલ હંસરાજ હવે માસુમ ચાઈલ્ડ આર્ટિસ્ટમાંથી એક મેચ્યોર્ડ એકટર, ડિરેક્ટર અને રાઈટર બની ગયો છે. હમણાં એણે એક ઈંગ્લીશ મિડીયા સાથેના ઈન્ટરવ્યુમાં પોતાની નવી જુની ઘણી વાતો કરી છે. જુગલે સૌપ્રથમ માસુમના ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકેની પોતાની યાદો વાગોળતા કહ્યું, 'મને યાદ છે કે શેખરજી મારા ડેડી સાથે ફોન પર વાત કર્યા બાદ એક સાંજે અમારા ઘરે આવ્યા હતા. એમણે અમને ફિલ્મની સ્ટોરી સંભળાવી અને ટેપ રેકોર્ડર પર તુઝસે નારાજ નહીં ઝિન્દગી હૈરાં હું મૈં ગીત વગાડ્યું. એ સાંભળ્યા બાદ મારું પહેલું રિએકશન એ હતું કે મારે આ ફિલ્મમાં કામ નથી કરવું. કારણ કે એ જોઈને સ્કૂલમાં મારા મિત્રો મને રોતલ છોકરા તરીકે ચીડવશે. એ વખતે હું ફક્ત ૯ વરસનો હતો અને એ મારું ચાઈલ્ડીસ રિએકશન હતું. પછી તો શેખર અવારનવાર અમારા ઘરે આવતા થયા અને અમે બંને સારા ફ્રેન્ડસ બની ગયા. મને યાદ છે કે હુઝુર ઈસ કદરના ઈતરાકે ચલિયે સોંગના રેકોર્ડિંગમાં પણ હાજરી આપી હતી, જ્યાં હું આર.ડી. બર્મન અને સુરેશ વાડકરને મળ્યો. પંચમદા બહુ મજાના માણસ હતા. એમણે મને પોતાના સાજિંદાઓ સાથે પરિચય કરાવ્યો. ફિલ્મ ફ્લોર પર ગયા પછી પણ સેટ પર ફેમિલી જેવો માહોલ રહેતો. અમે બધા એક જ બંગલામાં રહેતા અને અવારનવાર સાથે જમતા. વરસો બાદ યુવા થયા બાદ મને ખબર પડી કે મેં કેટલા ટેલેન્ટેડ લોકો સાથે કામ કર્યું છે. ગુલઝારસાહેબ, નસીરજી, શબાનાજી, પંચમદા અને શેખરજી માસુમ સાથે મારી બહુ સ્પેશ્યલ સ્મૃતિઓ જોડાયેલી છે.'


> 'હું હવે મુંબઈ છોડીને યુએસમાં રહું છે. ન્યુ યોર્ક શિફ્ટ થયા બાદ તમારી પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં દેખીતો બદલાવ આવ્યો છે. હું એક ફ્રીલાન્સ એકટર છું એટલે એક્ટિંગનાં અસાઈનમેન્ટ મળે ત્યારે મુંબઈ આવું છું. કામ પૂરું થાય એટલે પાછા અમેરિકા. લેખક તરીકે તો હું દુનિયાના કોઈ પણ ખૂણે રહીને કામ કરી શકું છું...'

જુગલને પૂછાયેલો બીજો સવાલ આકરો હતો. 'શું માસુમમાંથી મળેલી ઈમેજ તમને ક્યારેય નડી છે. મોટા થયા બાદ તમે એકટર તરીકે ચાલ્યા નહિ એટલે પછી રાઈટિંગ તરફ વળ્યા?' એનો બહુ શાંતિએ ખુલાસો કરતા હંસરાજ કહે છે, 'હું હંમેશા લો-પ્રોફાઈલ રાખું છું પણ એ મારી ચોઈસ છે. માસુમ બાદ મેં બાળ કલાકાર તરીકે સુભાષ ઘાઈ સાથે 'કર્મા' અને ધરમજી સાથે ચારેક ફિલ્મો કરી, જે સારી ચાલી. પછી બ્રેક લઈ હું ૧૯૯૩- ૯૪માં આ ગલે લગજાથી લીડ એકટર તરીકે પાછો ફર્યો. ૨૦૦૬- ૨૭ સુધી ફિલ્મો કર્યા બાદ મેં રાઈટર- ડિરેક્ટર તરીકે કામ શરૂ કર્યું. ડિરેક્ટર તરીકે મારી ડેબ્યુ ફિલ્મ રોઈડ સાઈડ રોમિયો હતી, ભારતની પહેલી ફિચર લેંથ એનિમેશન મૂવી હતી. એણે મને બેસ્ટ ડિરેક્ટર સહિતના ૩ નેશનલ એવોર્ડ્સ અપાવ્યા. પછી મેં પ્યાર ઈમ્પોસિબલ પણ ડિરેક્ટ કરી અને ફિલ્મો (નાદાનિયાં), વેબ સિરીઝ (મિસ મેચ્ડ અને ધ ફેમિલી મેન) અને ટીવી કમર્સિયલ્સમા એક્ટિંગ પણ ચાલુ રાખી. મેં ફિલ્મો કે એક્ટિંગ હજુછોડી નથી. પ્રોજેક્ટ્સ નિષ્ફળ જાય એટલે હું નાસીપાસ નથી થતો. ચાઈલ્ડ આર્ટિસ્ટ મોટા થઈને ફ્લોપ એકટર જ બને છે એવી માન્યતા જરાય સાચી નથી અને માસુમની ઈમેજ વિશે કહું તો હજુ આટલા વરસે પણ મને આટલો બધો સ્નેહ અપાવા બદલ હું દર્શકોનો આભારી છું. માસુમ બોય તરીકેની ઓળખ મને ક્યારેય બોજરૂપ લાગી નથી. ઉલ્ટાનો, એને લીધે હું કૃતજ્ઞ બન્યો છું.'

બહુ ઓછા લોકો જાણે છે જુગલ હંસરાજ હવે મુંબઈ છોડીને યુએસમાં રહે છે. એટલે સમાપનમાં એને એ સંબંધમાં જ પૃચ્છા થાય છે', 'યુએસમાં શિફ્ટ થયા બાદ તમારી પર્સનલ અને પ્રોફેશનલ, લાઈફમાં શું બદલાવ આવ્યો?' એના જવાબમાં એકટર કહે છે, 'સર, હજુ હમણાં જ ન્યૂયોર્ક રહેવા ગયો છું. હું એક ફ્રીલાન્સ એકટર છું એટલે એક્ટિંગના અસાઈનમેન્ટ મળે ત્યારે મુંબઈ આવું છું. શૂટીંગ પતે એટલે પાછો ન્યૂયોર્ક ભેગો થઈ જાઉં અને એક ઓથર (લેખક) તરીકે તો હું ગમે ત્યાંથી મારું કામ કરી શકું છું. ફિલ્મો કરવા અવારનવાર મુંબઈ આવવાનું થાય છે એટલે મુંબઈને મિસ પણ નથી કરતો. પરંતુ મુંબઈ હંમેશા મારું વતન રહેશે. મારી વાઈફનો ન્યૂયોર્કમાં સારો જોબ છે અને મારો પણ ત્યાંની સ્કૂલમાં ભણે છે. એટલે ત્યાં રહું છું.' ■

TV TALK

ગશ્મીર મહાજની : હું બોલિવુડ પાછળ નથી ભાગતો



અભિનેતા ગશ્મીર મહાજનીએ આ વર્ષના ઓગસ્ટ મહિનામાં, ત્રણ વર્ષના અંતરાલ પછી દેખા દીધી. રખે એમ માની લેતાં કે તે ત્રણ વર્ષથી નવરો બેઠો હતો. હકીકતમાં અભિનેતા મરાઠી ફિલ્મો અને ઓટીટી પર વ્યસ્ત હતો. તે માને છે કે ટીવી સીરિયલ હાથ ધર્યા પછી તે કેટલાં વર્ષ સુધી ચાલ્યા કરશે તેનો કોઈ ભરોસો નથી હોતો. અને મને લાંબા સમય સુધી ચાલ્યા કરે એવા શોમાં બંધાઈ નહોતું જવું. મને મર્યાદિત એપોસિડોનો શો કરવામાં જ રસ હતો. અભિનેતા મરાઠી ફિલ્મોમાં વધુ સક્રિય હોવાથી તેને હિન્દી ફિલ્મોદ્યોગ પાછળ ભાગવાનું ક્યારેય જરૂરી નથી લાગ્યું. અભિનેતા કહે છે કે જો બોલીવૂડને મારી જરૂર હશે તો ત્યાંના સર્જકો સ્વયં મને બોલાવશે. મને તેમનો સંપર્ક કરવાની જરૂર નથી લાગતી. તે વધુમાં કહે છે કે ઓટીટીની લોકપ્રિયતા વધતાં મરાઠી ફિલ્મો પણ ખૂબ જોવાઈ રહી છે. માત્ર મરાઠીભાષી જ નહીં, અન્ય ફિલ્મી રસિયાઓ પણ સબટાઈટલ સાથેની મરાઠી ફિલ્મો જુએ છે. પરિણામે મરાઠી ફિલ્મોદ્યોગમાં શ્રેષ્ઠ ફિલ્મો બની રહી છે. આ સિનેમાં ૨૫૦થી ૩૦૦ કરોડ સુધીનો આંકડો પાર કરી રહ્યા છે. વળી મરાઠી ફિલ્મોના સર્જકો સમજી ગયા છે કે ફિલ્મોને દર્શકો સુધી પહોંચાડવા કન્ટેન્ટ જેટલું સંવેદનશીલ હોવું જોઈએ એટલું પીઆર વર્ક પણ આવશ્યક છે. અને જેટલા વધુ લોકો આગળ આવશે એટલું વધુ સારું. પરંતુ છેવટે તો કન્ટેન્ટ સારુ હોય તો જ જે તે ફિલ્મ ચાલે. આ કારણે જ મરાઠી ફિલ્મોની માગ વધી છે.

રાહુલ રાજ સિંઘ : હું મારા પ્રથમ પ્રેમ-અભિનયમાં પાછો ફરવા ઉત્સુક!



મુંબઈ હાઈકોર્ટે તાજેતરમાં જ અભિનેત્રી પ્રત્યુશા બેનરજીના મૃત્યુ સાથે સંબંધિત આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાના કેસમાં રાહુલ રાજ સિંઘને નિર્દોષ જાહેર કર્યો. પહેલી એપ્રિલ, ૨૦૧૬ના રોજ પ્રત્યુશાનું મૃત્યુ થયું એ પહેલાના આઠ મહિના રાહુલ રાજ સિંહ તેની સાથે રહ્યો હતો. આ ઘટના સંદર્ભે રાહુલ રાજ સિંહ કહે છે, 'આ એક લાંબી સફર રહી છે અને મને ખુશી છે કે હું તેમાંથી બહાર નીકળી ગયો છું. તપાસ પૂર્ણ થાય તે પહેલાં જ કેટલાંક લોકોએ મારા પર આરોપ લગાવીને મારી વિરુધ્ધ એક સ્ટોરી-વાર્તા બનાવી. મુઝે મર્ડર કા ટેગ દિયા ગયા થા. મેં હમેશાં કહ્યું કે હું નિર્દોષ છું. ભગવાનમાં મારી શ્રધ્ધા, પરિવારનો ટેકો અને મારી પ્રામાણિકતાએ મને આ મુશ્કેલીમાંથી-મુશ્કેલ તબક્કામાંથી બહાર નીકળવાની શક્તિ આપી.' આ સાથે જ રાહુલ રાજ સિંઘ કહે છે, 'આ આરોપોને કારણે મારી કારકિર્દી પર પણ તેની અવળી અસર પડી છે અને તેને કારણે મારા માટે તો કામ શોધવાનું પણ મુશ્કેલ બન્યું. લોકો કેસને કારણે અને મને કાસ્ટ કરવાથી ડરતા હતા. કૌન ઐસે ઈન્સાન કો ઓડિશન કે લિયે બુલાયેગા. જિસ પર ઈસ તરહ કા આરોપ લગાતે હો?

આ સાથે જ રાહુલ ઉમેરે છે, 'હું ફક્ત એટલું જ કહીશ કે સત્ય જાણ્યા વિના ન્યાય ના કરો. મને ખુશી છે કે હાઈકોર્ટે મને મુક્ત કર્યો છે. આશા છે કે હવે હું શાંતિ અને ગૌરવથી રહી શકીશ.'

સાંઈ દેવધર : કેમેરાની આગળ-પાછળ દોડવાનો આનંદ અનેરો

ટીવી પર આવતી ધારાવાહિકોમાં ચોક્કસ ચહેરાઓ દર્શકોમાં ખાસ્સા પ્રિય થઈ પડે છે. આવા ચહેરાઓમાંનો એક એટલે સાંઈ દેવધર. છેક વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધી સંખ્યાબંધ સીરિયલોમાં કામ કરનાર સાંઈને દર્શકો ખૂબ પસંદ કરે છે. 'સારા આકાશ', 'કસૌટી ઝિંદગી કી', 'ઉડાન' જેવી કંઈકેટલીય શ્રેણીઓમાં અભિનય કર્યા પછી સાંઈને લાગ્યું કે હવે કેમેરા પાછળ પણ કામ કરવું જોઈએ અને અદાકારાએ પોતાની પાંખો લેખન, દિગ્દર્શન, નિર્માણ સુધી પ્રસારી. અલબત્ત, તેની કારકિર્દીના વિસ્તારમાં ફિલ્મોનું સર્જન પણ સામેલ છે. તે કહે છે કે અમે માત્ર અભિનય કરીને જ નહીં, સર્જનના અન્ય પાસાંના માધ્યમથી અભિવ્યક્તિનો આનંદ લેવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. તાજેતરમાં જ સાંઈએ તેની સૌપ્રથમ ફીચર ફિલ્મ 'ના આવડતી ગોષ્ટ' (મરાઠી)નું શૂટિંગ પૂરું કર્યું. આ ફિલ્મનું લેખન-દિગ્દર્શન પણ તેણે જ કર્યું છે. રખે એમ માની લેતાં કે સાંઈએ હવે ફિલ્મ સર્જન પર હાથ અજમાવ્યો છે. વાસ્તવમાં આજથી આઠ વર્ષ પહેલા તેણે તેની કારકિર્દીની સૌપ્રથમ શોર્ટ ફિલ્મ 'ડી.એ.ટી.ઈ.' બનાવી હતી. આ ફિલ્મમાં તેના પતિ શક્તિ આનંદે કામ કર્યું હતું. અભિનેત્રી કહે છે કે મેં મારા પતિને લઈને સૌપ્રથમ ફિલ્મનું દિગ્દર્શન કર્યું.લેખિકા-દિગ્દર્શિકા તરીકે તે મારી પહેલી ફિલ્મ હતી. અને આ શોર્ટ ફિલ્મને ઘણાં આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યાં. પછીથી એક પ્લેટફોર્મ તેના હકો ખરીદી લીધાં. મને એમ કહેવામાં ગર્વની અનુભૂતિ થાય છે કે મારા પતિ મારા માટે નસીબદાર છે.



અહીં એ વાતની નોંધ લેવી રહી કે સાંઈ દેવધર અને શક્તિ આનંદે ૨૧ વર્ષ પહેલા પોતાનો સંસાર માંડ્યો હતો. તેણે 'સારા આકાશ'માં સાથે કામ કર્યું હતું. અદાકારા-દિગ્દર્શિકા કહે છે કે અમે બહુ સારા સહકલાકારો પણ છીએ. હું ફરીથી મારા પતિ સાથે કામ કરવા ઈચ્છું છું.

અનુજ વીરવાણી : મને ઓટીટીએ તાર્યો



'મારી પુત્રી નીંદ્રાધીન હોય ત્યારે હું તેને મારી નજરોથી હૃદયમાં ભરી લઉ છું. સવારે તે ઉઠે ત્યારે તેની સાથે થોડો-ઘણો સમય વિતાવવા મળે. પરંતુ આ જ મારી જીવનચર્યા છે. હું અમારા પરિવારનો મુખ્ય કમાનાર માણસ છું, કુટુંબીજનો માટે રોટલો રળી લાવવો મારી પ્રાથમિક ફરજ છે અને તેને માટે મારે આટલો ભોગ તો આપવો જ પડે.'

બોલીવૂડના મહાસાગરમાં લાંબા સમય સુધી સામા પ્રવાહે તરવાના નિષ્ફળ પ્રયાસો કરનારા ઘણાં કલાકારોને ઓટીટીએ ખરેખર તારી દીધાં છે. આવા કલાકારોમાંનો એક એટલે એક સમયની લોકપ્રિય અભિનેત્રી રતિ અગ્નિહોત્રીનો પુત્ર અનુજ વીરવાણી. આ અભિનેતાએ મૉડેલિંગ અને એક્ટિંગમાં નસીબ અજમાવ્યું. પરંતુ હિન્દી ફિલ્મોદ્યોગે તેને લાંબા સમય સુધી મચક ન આપી. હા ઓટીટીના ઉદય પછી અનુજને લોકો જાણતા થયાં. તેને પોતાની અભિનય ક્ષમતાનો પરચો બતાવવાની તક મળી. અનુજ સ્વયં આ વાત નિઃસંકોચપણે કબૂલે છે.

અભિનેતા પોતાની એક ડઝન વર્ષની અભિનય યાત્રાને પુષ્કળ ચડાવ-ઉતારથી ભરેલી ગણાવે છે. તે કહે છે કે મારી કારકિર્દીનો આરંભ જ નિષ્ફળતાથી થયો હતો. પરંતુ મેં હારને અવગણીને આગળ વધવાના પ્રયાસો જારી રાખ્યાં. અલબત્ત, બૉલીવૂડમાં મારું ધાર્યું કામ પાર ન પડ્યું. પરંતુ ઓટીટીએ મને તાર્યો. વળી મેં અભિનય શાળાનું મોઢું નહોતું જોયું.

હું અભિનય તેમ જ ફિલ્મ સર્જનના પાઠ સેટ પર શીખ્યો. સેટ પર રહેલાં કલાકારો અને ક્રસબીઓ જ મારા શિક્ષકો બન્યા. અને ૧૨ વર્ષ પછી પણ મને તેમના વિદ્યાર્થી બની રહેવાનું ગમે છે.

અનુજે બૉલીવૂડમાં કદમ માંડ્યા ત્યારે તેને કલ્પના પણ નહોતી. કે ભવિષ્યમાં તે ઓટીટી પર કામ કરશે. પણ આજે તે કહે છે કે મારા માટે કેમેરા સામે કામ કરવું મહત્વનું છે, અભિનયનું માધ્યમ નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે 'લવ યુ સોનિયા' અને 'પુરાની જીન્સ' જેવી નિષ્ફળ ફિલ્મો આપ્યા પછી સની લીઓની સાથેની કામપ્રચૂક ફિલ્મ 'વન નાઈટ સ્ટેન્ડ' ને પગલે અનુજની નોંધ લેવાઈ. પરંતુ 'ઈનસાઈડ એજ', 'કોડ એમ', 'માસાબા માસાબા', 'રાણા નાયડુ' જેવી કેટલીક વેબ સીરિઝોએ તેને ખરી ઓળખ આપી. અને હવે તેની અભિનય કળા પ્રતેયની ભૂખ ઉઘડી છે. તે કહે છે કે મને લાંબી કહાણી ધરાવતા શોમાં કામ કરવાનું વધુ ગમે છે. આવા પ્રોજેક્ટમાં તમને અભિનયનાં વિવિધ પાસાં રજૂ કરવાની બહોળી તક મળે. તમે એક જ પાત્રમાં કેટલાંય કિરદાર સાગમટે જીવી શકો.

દરેક કલાકારની જેમ અનુજને પણ પોતાના વ્યવસાય સાથે પરિવાર પણ સંભાળવો પડે છે. તે કહે છે કે મારી પુત્રી હવે પ્લે સ્કૂલમાં જાય છે, તેથી અમને સહેલગાહે જવું હોય તો તેનું સમય પત્રક પણ ધ્યાનમાં લેવું પડે છે, જોકે તેને એ વાતનો વસવસો છે કે તે પોતાની વહાલસોઈને મોટાભાગે ઊંઘતી જ જૂએ છે. અભિનેતા કહે છે કે તે નીંદ્રાધીન હોય ત્યારે હું તેને મારી નજરોમાં-હૃદયમાં ભરી લઉ છું. સવારના તે ઉઠે ત્યારે તેની સાથે થોડો-ઘણો સમય વિતાવવા મળે. પરંતુ આ જ મારી જીવનચર્યા છે. હું અમારા પરિવારનો મુખિયા છું, કુટુંબીજનો માટે રોટલો રળી લાવવો મારી પ્રાથમિક ફરજ છે અને તેને માટે મને આટલો ભોગ તો આપવો જ પડે.

અભિનેતા આ ક્ષેત્રની અનિશ્ચિતતાઓથી સારી રીતે વાકેફ છે. તે કહે છે કે જો તમને આ ક્ષેત્રે ટકી રહેવું હોય તો જાડી ચામડીના થવું પડે, મનોબળ મક્કમ રાખવું પડે. તમને કામ ન મળતું હોય ત્યારે પડી ભાંગો તો આ ક્ષેત્રે ટકી ન શકો. અને હું હથિયાર હેઠાં મૂકવામાં નથી માનતો તેથી જ ૧૨ વર્ષ પછી પણ ટકી રહ્યો છું. ■

પૂનમ-પદ્મિનીની સામે પડેલી ઉપાસનાએ 'સિન્ટા'ની લગામ સંભાળી લીધી



સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિયેશન (સિન્ટા)માં નેતૃત્વ સંબંધમાં મહિનાઓથી ચાલતા કટુ કલહ બાદ હવે ઉપાસના સિંઘે એમ કહ્યું છે કે મારી કમિટીએ ૨૭મી ઓક્ટોબરે સિન્ટાનો ચાર્જ (અખત્યાર) સંભાળી લીધો છે. સંગઠનના હરીફ પક્ષોની જુદી જુદી ચૂંટણીઓ અને કોર્ટની કાર્યવાહીઓ બાદ હવે સિન્ટાના ટેકઓવરની વાત આવી છે. બીજી તરફ ઉપાસનાએ એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે સિન્ટાની રૂા. ૭૩ લાખની ફિક્સ્ડ ડિપોઝિટ્સ (એફડીઝ) તોડી એના નાણાં બીજા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવાયા છે.

'જ્યારે દરેક વ્યક્તિએ એવી ઈચ્છા દર્શાવીકે ઉપાસના સિંઘે પ્રેસિડન્ટ (પ્રમુખ) બનવું જોઈએ ત્યારે એ લોકોનો મારા પર ભરોસો દર્શાવે છે. હવે હું એમની સાથે મળીને સંગઠનની પ્રગતિ માટે કામ કરવા ઈચ્છુ છું,' એમ અગાઉ સિન્ટાની જનરલ સેક્રેટરી રહી ચુકેલી ઉપાસના કહે છે.

સિન્ટાના કામકાજ બાબતમાં એની તત્કાલીન પ્રેસિડન્ટ પૂનમ ધિલ્લોન અને ત્યારની સિનિયર વાઈસ-પ્રેસિડન્ટ પદ્મિની કોલ્હાપુરે સાથેના મતભેદોને એક્ઝિક્યુટિવ કમિટીના ૧૨ સભ્યોએ ઓગસ્ટમાં સાગમટાં રાજીનામાં આપી દેતા તકરારની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ ૧૨મી સપ્ટેમ્બરે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમપ્લોયીઝ (એફડબ્લ્યુઆઈસીઈ)ની દેખરેખમાં સિન્ટામાં નવેસરથી ચૂંટણી થઈ, જેમાં ઉપસાનાને સૌથી વધુ મત મળ્યા. અલબત્ત, ધિલ્લોન અને કોલ્હાપુરેના જૂથે ચૂંટણીઓની કાયદેસરને કોર્ટમાં પડકારી હતી.

સપ્ટેમ્બરમાં પેન્ડિંગ કાનૂની કાર્યવાહીઓને આધીન ચૂંટણી કરવા દેવાઈ પણ ત્યાર બાદ હરીફ પક્ષે ૨૦મી ઓક્ટોબરે પોતાની અલગથી ચૂંટણી કરી.

બોમ્બે હાઈકોર્ટે પછીથી પૂનમ-પદ્મિનીના જૂથને ચૂંટણીના પરિણામોનો અમલ કરતા રોકી પોતાના અગાઉના આદેશોના કહેવાતા ઉલ્લંઘન બદલ એમની વિરુદ્ધ અદાલતના અવમાનને લગતી શોકોઝ નોટિસ ઈસ્યુ કરી. '૨૧મી ઓક્ટોબરે અમે અદાલતના અવમાનની પિટિશન નોંધાવી. જજ બહુ નારાજ થઈ ગયા અને એમણે એમને (પૂનમ-પદ્મિની જૂથને) એવો સવાલ કર્યો કે તમારા આ પગલાને અદાલતનું અપમાન શા માટે ન ગણવું જોઈએ એવો ખુલાસો કરો. એમણે હવે ૧૮મી નવેમ્બરે થનારી સુનાવણીમાં એનો ખુલાસો આપવો પડશે' એમ સિંઘ કહે છે. પોતાની કમિટીએ ૨૭મી ઓક્ટોબરે સિન્ટાનો ચાર્જ સંભાળી લીધો હોવાનું જણાવતા ઉપાસના ઉમેરે છે કે 'અમે પૂજા કરી અમારું કામ શરૂ કરી દીધું.'

> **'દરેક વ્યક્તિએ એવી ઈચ્છા દર્શાવીકે ઉપાસના સિંઘે પ્રેસિડન્ટ બનવું જોઈએ. આ બાબત લોકોનો મારા પર ભરોસો દર્શાવે છે. હ વે હું એમની સાથે મળીને સંગઠનની પ્રગતિ માટે કામ કરવા ઈચ્છુ છું,'**




બોલીવૂડની ચરિત્ર અભિનેત્રીએ સિન્ટાના નાણાં સંબંધમાં પણ ગંભીર આરોપ કર્યા છે. 'અમારા એકાઉન્ટ્સનો વહીવટ સંભાળતી વ્યક્તિએ અમને કહ્યું હતું કે ૭૩ લાખ રૂા.ની એફડીઝ તોડાઈ છે. એ સિન્ટાના એકસોના પૈસા છે. ચાર બેન્કોએ (એમને) એકાઉન્ટ્સ મુક્તપણે ઓપરેટ નહોતા કરવા દીધા, પણ પંજાબ નેશનલ બેન્કમાં એક ખાતું ખોલી એમાં પૈસા ટ્રાન્સફર કરી દેવાયા' એવો સણસણતો આક્ષેપ ઉપાસના કરે છે.

તમારી કમિટી એ નાણાં પાછા મેળવશે કે કેમ એવું પૂછાતા સિંઘ દ્રઢતાથી કહે છે, 'ચોક્કસ એ માટે જ આ જંગ ચાલી રહી છે. પદ્મિની અને પૂનમની સામે મેદાને પડેલી અભિનેત્રીનો એવો પણ આક્ષેપ છે કે એસોસિયેશનના મહત્ત્વના દસ્તાવેજો બીજે ક્યાંક લઈ જવાતા એના કામકાજમાં વિક્ષેપ પડ્યો છે.

બીજી તરફ, મીડિયાએ પૂનમ અને પદ્મિનીનો સંપર્ક સાધતા બન્નેએ આ બાબત સબજૂડીસ હોવાનું જણાવી કોઈ પણ પ્રકારની કમેન્ટ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ■

શ્યામા પ્રસાદ મુકરજીના જીવનકવનને મોટા પડદા પર લાવશે મધુર ભંડારકર





રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ફિલ્મ સર્જક મધુર ભંડારકર તેમની આગામી ફિલ્મ 'ધ વાઇઝ ઓફ બોલીવૂડ' પૂરી કર્યા પછી ડો. શ્યામા પ્રસાદ મુખરજીને બોલીવૂડના વિરાટ પડદા પર લાવવા માટે તૈયાર થયા છે અને એ માટે તેમણે ઘટતું સંશોધન પણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ ફિલ્મ નિર્માતા આદિત્ય કુમાર કલવાસિયા દ્વારા સમર્પિત છે અને ભંડારકર એન્ટરટેઇન્મેન્ટ તથા એકેએચ વેન્ચર્સ તેને સહયોગ આપશે.

આ ફિલ્મનું શિર્ષક 'શ્યામા- ધ મિસિંગ ચેપ્ટર' છે જે કાર્યકારી શિર્ષક છે. આ ફિલ્મનો ઉદ્દેશ ડો. શ્યામા પ્રસાદ મુકરજીના જીવન અને વારસાનો આજની પેઢી સમક્ષ જીવંત કરવાનો છે. એક વિ દ્વાન રાજનેતા અને રાષ્ટ્રીય એક્તાના હિમાયતી તરીકે તેમણે ભારતીય ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે કોલકાતા યુનિવર્સિટીના સૌથી નાની વયના વાઇસ- ચાન્સેલ તરીકે સેવા આપી કારકિર્દીની શરૂઆત કરી એ પછી તેઓ સ્વતંત્ર ભારતના જવાહરલાલ નહેરુના પ્રથમ પ્રધાનમંડળમાં સ્થાન પામ્યા. તેમણે હિંમત અને મુશ્કેલ રાજકીય પસંદગી કરી આગળ વધ્યા.

આ ફિલ્મ તેનું અન્વેષણ કરાવશે. એટલું જ નહીં, પણ સરકાર સાથેના વૈચારિક મતભેદોને કારણે તેમણે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું અને એ પછી ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના કરી, એ વાતને પણ વણી લેવામાં આવી છે. આ પછી ૧૯૫૩માં જમ્મુ અને કાશ્મીરમાં પરમિટ સિસ્ટમ સામેના તેમના અભિયાન અને અટકાયતથી માંડીને તેમની મૃત્યુની આસપાસના સંજોગોને પણ પડદા પર રજૂ કરવામાં આવશે.

રાજકીય ડ્રામાની તીવ્રતા સાથે ઇતિહાસને મિશ્રિત કરતી આ ફિલ્મ અંગે વાતો કરતાં નિર્માતા આદિત્ય કુમાર કલવાસિયાએ જણાવ્યું, 'ડો. મુકરજીનું જીવન એક શક્તિશાળી સાચું નેતૃત્વ, હિંમત, દૃઢતા અને રાષ્ટ્ર સેવામાં રહેલું છે, તે યાદ અપાવે છે. શ્યામા દ્વારા અમે તેમની નોંધપાત્ર યાત્રાને પડદા પર લાવવા અને આજની પેઢીનું આપણા ઇતિહાસને સાચી દ્રષ્ટિએ શોધવા માટે પ્રેરણા આપવાનો પ્રયાસ છે. આપણા વારસાને સ્વીકારવાનો અને આપણા રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપનારા મૂલ્યોને સમજવામાં મદદ કરવાનો લક્ષ્ય રાખીએ છીએ,' એમ ભંડારકરે ઉમેર્યું હતું અને જણાવ્યું હતું કે આ ફિલ્મ દ્વારા હું ભારતના ઇતિહાસના એક મહત્વપૂર્ણ પ્રકરણને પ્રામાણિક્તા, સંવેદનશીલતા અને નવા દ્રષ્ટિકોણ સાથે પડદા પર લાવવાની આશા રાખું છું.

આ ફિલ્મ આવતા વર્ષે ફ્લોર લઈ જવામાં આવે એવી આશા રાખવામાં આવે છે. ■

નેહા ધુપિયા વાત માંડે છે તેની પહેલી આંતરરાષ્ટ્રીય ફિલ્મના અનુભવની

નેહા ધુપિયાને હમણાં પર બ્લુ નામની આંતરરાષ્ટ્રીય સ્તરની ફિલ્મમાં અભિનય કરવાની યાદગાર તક મળી છે. નેહા ધુપિયા આમ તો લગભગ ૨૦ વર્ષથી હિન્દી ફિલ્મ જગતમાં છે. જોકે નેહાને પહેલી જ વખત આંતરરાષ્ટ્રીય સ્તરની ફિલ્મમાં તક મળી છે.

કેરળના કોચીન શહેરમાં મૂળ પંજાબી શીખ પરિવારમાં જન્મેલી અને ઉછરેલી નેહા ધુપિયા કહે છે, થોડા સમય પહેલાં જ 'ફિફ્ટી-ટુ બ્લુ' ફિલ્મના પ્રિમિયરનું આયોજન લંડન શહેરમાં થયું હતું. મેં મારી ફિલ્મ મોટા પડદા પર પહેલી જ વખત જોઇ. પ્રિમિયર બાદ દર્શકો સાથે પ્રશ્નોત્તરી પણ યોજાઇ હોવાથી મને બહુ જ ખુશી થઇ. એક નવો અને વિશિષ્ટ પ્રયોગ હતો.

મજેદાર બાબત તો એ હતી કે બ્રિટનનાં દર્શકોએ આપણી ઘણી હિન્દી ફિલ્મો જોઇ છે. ખાસ કરીને તેઓએ મારી એક ચાલીસ કી લાસ્ટ લોકલ, સિંગ ઇઝ કિંગ, ચૂપ ચૂપ કે વગેરે ફિલ્મોનો આનંદ માણ્યો છે.

નેહા ધુપિયાએ 'ફિફ્ટી-ટુ બ્લુ'ફિલ્મમાં કેરળના એક ખોબલા જેવડા ગામમાં રહેતી લક્ષ્મી નામની સ્ત્રીનું પાત્ર ભજવ્યું છે. લક્ષ્મીનો પરિવાર સાધારણ હોવાથી તે નાની-મોટી સમસ્યાનો સામનો પણ કરી રહી છે. લક્ષ્મીના દીકરાને ફૂટબોલનો જબરો શોખ હોવાથી તે કતારમાં યોજાયેલી ફૂટબોલ સ્પર્ધા જોવા જવા ઇચ્છતો હોય છે. લક્ષ્મી માતા તરીકે તેના પુત્રની ઇચ્છા પૂરી કરવા શક્ય બધી મદદ કરે છે.

મોડેલિંગ, નાટકો, ટેલિવિઝન સિરિઝમાં કામ કરી ચૂકેલી નેહા કહે છે, મને બરાબર યાદ છે કે પર બ્લુ ફિલ્મના દિગ્દર્શક અલી એલ આરબીએ મારો સંપર્ક કર્યો હતો. ખરું કહું તો મને બહુ જ આશ્ચર્ય થયું હતું. મેં નમ્રતાથી તેમને પૂછ્યું હતું કે તમે લક્ષ્મીની ભૂમિકા માટે મને જ શા માટે ઓફર કરી રહ્યા છો?

અલી એલ આરબીએ બહુ સરસ જવાબ આપતાં કહ્યું હતું, મારે ફિલ્મના પડદા પર એવી માતા રજૂ કરવી છે, જે તેની મૌનની ભાષા દ્વારા ઘણું બધું કહી દે. બહુ જ ઓછા શબ્દો દ્વારા પોતાના મનની વાત કહી શકે. મને પહેલી જ વખત મારી આ પ્રકારની શક્તિ કે પ્રતિભાનો ખ્યાલ આવ્યો કારણ કે હું તો બહુ જ વાતો કરું છું. એમ કહો કે હું જબરી વાતોડિયણ છું.

એક ખાસ બાબત. હું અને અલી એલ આરબ ઝૂમ દ્વારા વાત કરતાં હતાં ત્યારે તેમણે મને બહુ મહત્વનો મુદ્દો કહ્યો હતો કે હું તેમની વાત અને મારા પાત્ર વિશે બહુ ધ્યાનપૂર્વક સાંભળતી હતી. સાથોસાથ, હું ફિલ્મની કથા - પટકથા અને લક્ષ્મીની ભૂમિકા વિશે પણ પૂછતી હતી. મારું આ પાસું તેમને બહુ ગમ્યું હતું. મેં ફિલ્મમાં ભારતીય સાડી પહેરી છે. જરા સરખો મેક - અપ નથી કર્યો કે નથી કોઇ નવી હેર સ્ટાઇલ કરી. બસ, મેં ફિલ્મના પડદા પર એક ભારતીય નારીનું સાચું સ્વરૂપ રજૂ કર્યું છે. જોકે મને લક્ષ્મીના પાત્રથી જરા સરખી અસલામતી નથી લાગી કે મારી કારકિર્દીની જરાય ચિંતા પણ નથી થઇ.

નેહા ધુપિયાએ '52 બ્લુ' ફિલ્મમાં કેરળના એક નાનકડા ગામમાં રહેતી લક્ષ્મી નામની સ્ત્રીનું પાત્ર ભજવ્યું છે



તેલુગુ ફિલ્મ નીન્ને ઇસ્તાપદનું(૨૦૦૩) થી અભિનય યાત્રા શરૂ કરનારી અને ફિલ્મ કયામત : સિટી એન્ડર થ્રેટ (૨૦૦૩) થી હિન્દી ફિલ્મ જગતમાં પ્રવેશ કરનારી નેહા ધુપિયા કહે છે, જુઓ, હું બોલીવુડમાં બે દાયકાથી કામ કરી રહી છું. હાલ મારી ઉંમર ૪૦ વર્ષની છે અને મારે બે સંતાન પણ છે. મને હજી પણ ઘણી ઓફર મળે છે. જોકે હું હવે અગાઉ ભજવેલી ભૂમિકાઓનું પુનરાવર્તન નથી કરવા ઇચ્છતી. એટલે કે હું હવે કંઇક નવું, વિશિષ્ટ, પ્રયોગશીલ પાત્ર ભજવવા ઇચ્છું છું.

વળી, આજે તો બોલીવુડમાં જબરું પરિવર્તન પણ થઇ રહ્યું છે. નવી પેઢીના નિર્માતાઓ, દિગ્દર્શકો, કલાકારોનું આગમન થઇ રહ્યું છે. નવા, વિચારશીલ, પ્રયોગશીલ વિષયો પર ફિલ્મો બની રહી છે. આજે તો નવી પેઢીની અભિનેત્રીઓ તેમના કાર્ય અને ભવિષ્ય વિશે બરાબર આયોજન કરી શકે છે. મને ખબર છે કે અમુક પરણેલી અભિનેત્રીઓ તો છેક સાતમા - આઠમા મહિનાની સગર્ભાવસ્થા સુધી પણ ફિલ્મોમાં કામ કરે છે. હું મારી પોતાની વાત કરું તો મેં પણ મારી આઠમા મહિનાની સગર્ભાવસ્થા સુધી શૂટિંગ કર્યું છે. હા, મને મારા દિગ્દર્શક અને આખી ટીમ દ્વારા બહુ જ સહકાર મળ્યો છે તેનો આનંદ અને સંતોષ છે.

નેહા ધુપિયા કહે છે, હાલ હું મારા ડબલ ડેટ નામના ટીવી શો માં અતિ વ્યસ્ત છું. મને આનંદ અને સંતોષ એ છે કે આ શો માં મારી સાથે મારા પતિ અંગદ બેદી છે. અમે બંને પતિ -પત્ની સાથે મળીને કામ કરતાં હોવાથી કામનું ભારણ જરાય નથી રહેતું. જાણે અમે બંને અમારા ઘરમાં કામ કરતાં હોઇએ તેવો હાશકારો અનુભવાય છે. ■

પવલીન ગુજરાલ : માત્ર નાણાં માટે જ ખરાબ પ્રોજેક્ટ કરવા માગતી નથી

અભિનેત્રી પવલીન ગુજરાલ તેને મળી રહેલી અભૂતપૂર્વ પ્રસંસા અને પ્રેમથી ખૂબજ ખુશખુશાલ જોવા મળી રહી છે. તેનામાં ગજબનો આત્મવિશ્વાસ પણ ઝળકી રહ્યો છે. પવલીન ગુજરાલ તાજેતરમાં જ 'હુંકાર : ધ શેર' વેબ સીરિઝમાં જોવા મળી. 'હું બધા તરફથી પ્રશંસા મેળવીને ખૂબ જ આનંદિત છું. મિત્રો, પરિવિપાજનો અને ફિલ્મ જગજની અંગ્રણીઓ દ્વારા મારી જે પ્રસંસા કરવામાં આવી છે, તે અભૂતપૂર્વ છે. અને આ એક એવી બાબત છે જે તમને આગલી વખતે વધુ મોટી ફિલ્મોમાં કામ કરવા માટે પ્રેરિત કરે છે, એમ તે કહે છે.

આ વર્ષની શરૂઆતમાં રિલિઝ થયેલી જાસૂસી એકશન-થ્રિલર ફિલ્મ 'આલ્ફા'માં પણ જોવા મળેલી આ અભિનેત્રી પવલીન ગુજરાલ કહે છે, 'જો કે મારા માટે કોઇ પ્રોજેક્ટ્સ અભિનય મેળવવા વિશે તો રહ્યો જ નથી.' હું માત્ર નાણાં માટે ખરાબ પ્રોજેક્ટ કરવા ઇચ્છતી નથી. આનું કારણ એ છે કે અભિનય મારા માટે એક સર્જનાત્મક અભિવક્તિ છે, માત્ર નાણાંકીય સંતોષ માટે નથી,' એમ પવલીન કહે છે.

'આલ્ફા'માં કામ કરવાથી પવલીન ગુજરાલને તેના સહુકલાકારો-આલિયા ભટ્ટ અને અનિલ કપૂર સાથે ઘણું ઘણું શીખવાની તક મળી. 'જેટલો મોટો સ્ટાર તેટલો જ મજબૂત અને હુંફાળો તેનો સાથ-સહકાર હોય છે. આલિયા અદ્ભુત હતી અને અનિલ કપૂર પાસેથી મને ઘણું શીખવા અને જાણવા મળ્યું. તેમણે તેમના જીવનમાં ઘણું બધું પ્રાપ્ત કર્યું છે. અને તેમનામાં હજુ પણ એટલો જ ઉત્સાહ અને સેટ પર અન્ય બીજા કલાકારો કરતાં વધુ ઊર્જા અને ઉમંગ હોય છે. તેઓ પાત્ર વિશે વાત કરે છે. તેઓ તમારી સાથે દ્રશ્યની પણ ઊંડી ચર્ચા કરે છે,' એમ પવલી ગુજરાલ કહે છે. અનિલ કપૂરે તો મારી સંવાદ બોલવાની સ્ટાઇલની પ્રશંસા કરી છે. તેને ખૂબ જ 'પ્રભાવશાળી પ્રતિભા' ગણાવી છે,' એમ ગુજરાલે ઉમેર્યું હતું.

પવલીન ગુજરાલ હવે વધુ પડકારજનક ભૂમિકા ભજવવા માટે ઉત્સુક છે 'હું મારી મહેનતને કારણે જ આટલી દૂર સુધી પહોંચી ચુકી છું. અને મેં મારા દરેક પગલે મારી કુશળતાને નિખારી છે. હવે મને લાગે છે કે હું પાત્ર- સંચાલિત મુખ્ય ભૂમિકા માટે તૈયાર છું,' એમ પવલીને જણાવ્યું હતું.

એક ઉદ્યોગસાહસિક અને સર્ટિફાઇડ ન્યુટ્રિનિસ્ટ (પોષણ શાસ્ત્રી) પવલીન ગુજરાલ દિલ્હીની રેસ્ટોરા 'ઝેટ્ટ'મી ભાગીદારી ધરાવે છે, જે શ્રીલંકન ભોજન પીરસે છે તેણે એક ઇવેન્ટ હોસ્ટ અને કન્સલ્ટન્ટ તરીકે પણ કામ કર્યું છે. આ સાથે પપલીન કહે છે, 'આ બધા કાર્યોએ જ મને અભિનય પ્રોજેક્ટ્સ વિશે પસંદગી કરવાની સ્વતંત્રતા આપી છે. 'આનાથી મને ફક્ત એવી ભૂમિકાઓ પસંદ કરવાની સ્વતંત્રતા મળી છે, જે અર્થપૂર્ણ અથવા વાર્તાનો અભિન્ન ભાગ છે,' એમ કહી પવલીન ગુજરાલે સમાપન કર્યું હતું. ■



પવલીન ગુજરાલ હવે વધુ પડકારજનક ભૂમિકા ભજવવા માટે ઉત્સુક છે 'હું મારી મહેનતને કારણે જ આટલી દૂર સુધી પહોંચી ચુકી છું. અને મેં મારા દરેક પગલે મારી કુશળતાને નિખારી છે. હવે મને લાગે છે કે હું પાત્ર- સંચાલિત મુખ્ય ભૂમિકા માટે તૈયાર છું,'

ગુલઝારે કર્યું મુંબઈના નમકનું ઋણ અદા

બોલિવુડના જાણીતા ગીતકાર, પટકથા લેખક, દિગ્દર્શક અને ઊર્દુ ભાષાના 'રખેવાળ' ગુલઝાર ૯૨ વર્ષની વયે પણ લોરોના દિવને સ્પર્શી શકે છે. મૂળભૂત રીતે પંજાબના (ભાગલા પછી પાકિસ્તાનના હિસ્સામાં ગયેલા પંજાબના) આ શખ્સે મુંબઈને પોતિકું કર્યું. આ મહાનગરને પોતાની કર્મભૂમિ બનાવનાર ગુલઝારે તાજેતરમાં યોજાયેલા 'એક શાયર ઈસ શહર મેં : અ પોએટ્સ લવ લેટર ટુ હિસ સિટી' નામના કાર્યક્રમમાં પોતાના પુસ્તક આમચી મુંબઈઃ માય સિટી ઈન સ્ટોરીઝ એન્ડ પોએમ્સ'ની રચનાઓ રજૂ કરીને જાણે કે મુંબઈનું ઋણ અદા કર્યું હતું. તેમણે પોતાની લેખનીમાં મુંબઈએ કેવું અને કેટકેટલું યોગદાન આપ્યું છે તે તેમની રચનાઓના માધ્યમથી વ્યક્ત કર્યું હતું. જોકે આ રચનાઓ ઉર્દુમાં



આકાર પામી હોવાથી કાર્યક્રમ દરમિયાન તેનું અંગ્રેજીમાં રૂપાંતર કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાં તેમનો મુંબઈ પ્રત્યેનો લગાવ, આ મહાનગરની બદલાયેલી ઓળખ, અહીંની ઋતુઓ અને મુંબઈમાં સ્થળાંતર કર્યા પછીની વાસ્તવિકતાઓ બખૂબી રજૂ થઈ હતી.

પોતાની કલમ પર મુંબઈનો, અહીંની પચરંગી વસતિનો, અહીંના વાતાવરણનો કેવો અને કેટલો પ્રભાવ પડ્યો તેનું વર્ણન શાયરાના અંદાજમાં કરતાં કહે છે કે 'હું મુંબઈ પાસેની શીખતો પણ રહ્યો અને બદલાતો પણ રહ્યો. મેં અહીંની હવામાં મુંબઈનું નમક (ખારાશ) ચાખી છે. આ પચરંગી શહેરના સમુદ્ર પરથી થઈને આવતી હવાની લહેરખીઓમાં ભળીને આવતી મુંબઈની ખારાશ માને ટુંવે ટુંવે સ્પર્શી ગઈ. મેં આ હવામાં લીધેલા શ્વાસના માધ્યમથી મારા શરીરમાં ગયેલા નમકનું [illegible] તો અદા કરવું જ પડે અને [illegible] વખત નમક ચાલી લો તો [illegible]

વસ્તુઓ પણ નમકીન થઈ જવાની. તમે બહાર ફરી રહ્યાં હો ત્યારે ત્યાં ફરતાં- રહેતાં લોકો પણ તમને નમકીન લાગે. હું આ નમકનું ઋણ શી રીતે ચૂકવત. મારી રચનાઓના માધ્યમથી તેનું ઋણ અદા કરવાથી વધુ સારો માર્ગ બીજો ક્યો હોઈ શકે.

તેમણે પોતાના પુસ્તકનું નામ 'આમચી મુંબઈ' શા માટે રાખ્યું, ખાસ કરીને 'આમચી' શબ્દનો પ્રયોગ શા કારણે કર્યો તે જણાવતાં ગુલઝાર મુંબઈની ભાષા અને સંસ્કૃતિનો [illegible] મહારાષ્ટ્રની [illegible] ચાલતી [illegible] ઓના [illegible] કે [illegible] એ [illegible] હતી કે અહીં કોઈપણ ભાષા બોલતા લોકો સરળથાથી સમાઈ જતાં. પરંતુ જો એવું ન હોત તો વધુ સારું થાત. જો આ મહાનગરમાં પ્રત્યેક ભાષાનો સરળતાથી સ્વીકાર ન થાત તો લોકો આપોઆપ મરાઠી શીખી જાત. પરંતુ દશકો અગાઉ જ્યારે ભાષાની ધરી પર મહારાષ્ટ્રની રાજધાનીને શું કહેવું તેનો નિર્ણય લેવામાં આવી રહ્યો હતો ત્યારે 'મુંબઈ કોણાચી?' નામે શ્લોગન આવ્યું હતું અને તેનો જવાબ હતો, 'મુંબઈ આમચી' અને મેં તેના પરથી મારા આ પુસ્તકનું નામ 'આમચી મુંબઈ' રાખ્યું.

ગુલઝાર નિઃસંકોચપણે કબૂલે છે કે તેમની શાયરીઓ, કહાણીઓ, અહીંથી મળેલી પ્રત્યેક શીખમાં મુંબઈનું યોગદાન છે. આ શહેર મારું ભાગીદાર છે. મને મુંબઈ મારું પોતિકું લાગે છે. ■

કિંગ ખાનનો દરબાર આ વખતે મોડો ભરાશે

શૂટિંગમાં વ્યસ્ત શાહરૂખે જન્મદિવસનો પરંપરાગત ફેન મીટિંગનો કાર્યક્રમ રદ કર્યો



નવેમ્બર મહિનો શરૂ થાય એટલે બોલીવૂડના બાદશાહ શાહરૂખ ખાનના અસંખ્ય ચાહકો માટે એ માત્ર કેલેન્ડરનું એક નવું પાનું નથી હોતું, પરંતુ એક ભવ્ય ઉત્સવની શરૂઆત હોય છે. દર વર્ષે ૨ નવેમ્બરે શાહરૂખ ખાનના જન્મદિવસ નિમિત્તે મુંબઈ સ્થિત તેના નિવાસસ્થાન મન્નતની બહાર દેશ-વિદેશથી માનવ મહેરામણ ઊમટી પડે છે. પોતાના માનીતા સુપરસ્ટારની એક ઝલક મેળવવા, તેમને હાથ હલાવીને શુભેચ્છા પાઠવવા અને દર વર્ષે યોજાતી પરંપરાગત ફેન-મીટિંગમાં તેની સાથે સીધો સંવાદ સાધવા માટે પ્રશંસકો આતુરતાથી રાહ જોતા હોય છે. પણ આ વખતે શાહ રૂખ ખાનના ચાહકો માટે એક નિરાશાજનક સમાચાર સામે આવ્યા. કિંગ ખાને આ વર્ષે પોતાના જન્મદિવસે યોજાનારી આ વાર્ષિક ફેન-મીટિંગ રદ કરવાનો નિર્ણય લીધો.

આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ શાહ રૂખ ખાનનું અત્યંત વ્યસ્ત શૂટિંગ શેડ્યુલ છે. શાહરૂખ ખાન હાલમાં દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદની બહુપ્રતિક્ષિત એક્શન થ્રિલર ફિલ્મ 'કિંગ'ના અંતિમ તબક્કાના શૂટિંગમાં સતત વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે દીપિકા પાદુકોણ, રાની મુખર્જી, અભિષેક બચ્ચન અને પુત્રી સુહાના ખાન જેવા કલાકારો સ્ક્રીન શેર કરી રહ્યા છે. ફિલ્મ ૨૪ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે, જેના કારણે નિર્માતાઓ અને સમગ્ર ટીમ પાસે હવે બે મહિનાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. આવી સ્થિતિમાં ફિલ્મના બાકી રહેલા મહત્વના ભાગોનું કામ સમયસર પૂરું કરવું એ ટીમ માટે સર્વોચ્ચ પ્રાથમિકતા બની ગયું છે.

સૂત્રોનો જણાવ્યા અનુસાર નિર્માણ ટીમ દ્વારા હાલમાં બે સળંગ ગીતોના શૂટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ શાહ રૂખ ખાન અને દીપિકા પાદુકોણે મુંબઈના વિલે પાર્લે વિસ્તારમાં એક ખાસ ગીતનું શૂટિંગ શરૂ કર્યું હતું. જાણીતા કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટ દ્વારા નિર્દેશિત આ ગીતનું શૂટિંગ પૂર્ણ થયા પછી ટીમ એક ટૂંકા આંતરરાષ્ટ્રીય પ્રવાસે રવાના થશે. વિદેશના લોકેશન પર અન્ય એક ગીત અને ફિલ્મના અંતિમ દ્રશ્યો ફિલ્માવવામાં આવશે. આ બીજા ગીતમાં શાહ રૂખ ખાન સાથે તેની પુત્રી સુહાના ખાન પણ જોવા મળશે, જેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. સમય મર્યાદા ખૂબ ઓછી હોવાથી સમગ્ર યુનિટ દિવસ-રાત કામ કરી રહ્યું છે.

આ વર્ષે ૬૧માં વર્ષમાં પ્રવેશી રહેલા બાદશાહ ખાન માટે આ કડક અને પેક્ડ શૂટિંગ કેલેન્ડર જ જન્મદિવસના ઉત્સાહ વચ્ચે આવી ગયું છે.

શાહરૂખ ખાનના એક અગ્રણી ફેન ક્લબના પ્રતિનિધિએ આ બાબતે પુષ્ટિ આપતા જણાવ્યું હતું કે તેમને સત્તાવાર રીતે જાણ કરવામાં આવી છે કે આ વર્ષે ૨ નવેમ્બરે જન્મદિવસ નિમિત્તે યોજાતી વાર્ષિક ફેન-મીટિંગ યોજાશે નહિ. શાહ રૂખ હાલમાં કિંગના શૂટિંગમાં સંપૂર્ણપણે વ્યસ્ત છે અને ફિલ્મને સમયસર તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ છે. જો કે, પ્રશંસકોએ સાવ નિરાશ થવાની જરૂર નથી, કારણ કે આ મીટિંગ રદ નથી કરાઈ, પણ મોકૂફ રાખવામાં આવી છે. આ કાર્યક્રમનું આયોજન હવે ડિસેમ્બરની મધ્યમાં, એટલે કે ફિલ્મ રિલીઝ થવાના લગભગ એક અઠવાડિયા પહેલા થવાની યોજના છે.

આમ શાહરૂખ ખાનનો રાજવી દરબાર ૨ નવેમ્બરે ભલે ન ભરાયો, પરંતુ ડિસેમ્બરમાં ફિલ્મની રિલીઝ પહેલાં એક વિશાળ કાર્યક્રમ રૂપે યોજાશે, જ્યાં કિંગ ખાન પોતાના ચાહકો સાથે રૂબરૂ મુલાકાત કરીને તેમની આતુરતાનો અંત લાવશે.

આ નિરાશાજનક સમાચારની વચ્ચે પ્રશંસકો માટે એક મોટા ખુશખબર પણ આવ્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) દ્વારા ફિલ્મ કિંગના બે ટૂંકા વીડિયો એસેટ્સને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. ૨૬ ઓક્ટોબરના રોજ પ્રમાણિત થયેલો આ બીજો પ્રોમો ૧૮ સેકન્ડનો છે અને માનવામાં આવી રહ્યું છે કે કે આ ખાસ ટીઝર સુપરસ્ટારના જન્મદિવસે એટલે કે ૨ નવેમ્બરે ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે.

આ ૧૮ સેકન્ડની રોમાંચક ઝલક કદાચ ફેન મીટિંગ ચૂકી જવાની ખોટ પૂરી કરવા માટે પૂરતી સાબિત થશે.

આમ ખાનના ચાહકો માટે ડિસેમ્બર મહિનો બેવડી ખુશી લઈને આવશે, એક તરફ મોટા પડદા પર કિંગ ખાનનો દમદાર અવતાર અને બીજી તરફ તેમના ચહિતા અભિનેતા સાથે મુલાકાત ■

ગુજરાત સમાચાર

હેમંત તુનો આરંભ

વિક્રમના નવા વરસના આરંભ પછી હવે ભારે ઠંડીનો એક રાઉન્ડ આવવો જોઈએ પરંતુ હજુ વાતાવરણમાંથી ઉષ્ણતામાન ઓછું થયું નથી. આ વખતનો શીતકાળ કાતિલ રહેશે. શિયાળો પતંગ ઉડાડીને નહિ પણ હોળીનું તાપણું તાપીને પછી જાય છે. એના પછી શિયાળો થોડા દિવસનો મહેમાન હોય, પછી શિયાળો વિદાય લે અને વસંત ઋતુ આવે. આકાશમાં ખુશનુમા તાજગી અને મીઠી લહેરો તો શરૂ થઈ ગઈ છે તોય હજુ ઠંડીના રાઉન્ડ શરૂ થવાને થોડી વાર છે. સવારમાં અદ્રશ્ય ઝાકળવર્ષા થવા લાગી છે. ધૂળેટી પછી શિયાળો ખુદ ઠંડો પડી જવાનો હોય. એટલે બહુ શરૂઆતમાં ઠંડીની મોસમમાં જે ખુશનુમા વાતાવરણ હોય તે ફરી પાછું આવે. શિયાળાની મોસમમાં વહેલી સવારે ઊઠીને ખુલ્લા આકાશ તળે સ્વૈરવિહાર કરવાનો લ્હાવો લેવા જેવો હોય છે. જેઓ ચૂકી ગયા હોય તેમને માટે હવેના દિવસોનો શીતકાળ બાકી છે. વહેલી સવારે ગામના પાદરે કે શહેરની બહાર ક્ષિતિજ સુધી નજર નાંખો તો એનો અનુભવ જુદો છે. ક્ષિતિજો દેખાતી હોય એવા વિસ્તારોમાં પરિભ્રમણ કરવું એ પણ એક લ્હાવો છે.

સૂર્યના કિરણો પૂર્વના ઊંચા આકાશમાં ઉદયમાન થાય અને ક્ષિતિજને પેલે પાર ઊંડેથી સૂર્યનારાયણના પડઘા સંભળાય એ સમયે શય્યા અને ગૃહનો ત્યાગ કરવો જોઈએ. એ સમયે આંખને પહોંચવું હોય ત્યાં સુધી પહોંચી શકતી નથી. નજર તો સલામત હોય છે. પરંતુ ધારે એવું કંઈ જોઈ શકતી નથી કારણ કે આકાશમાં ધુમ્મસનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. ધુમ્મસ માણવા જેવું વાતાવરણ છે. ધુમ્મસ વહેલી સવારની થોડા સમય માટેની એક સ્વતંત્ર મોસમ છે. ધુમ્મસ નજીકમાં દેખાતું નથી પણ જે દૂર હોય એને નજીક દેખાવા દેતું નથી. ધુમ્મસ હોય છે તો આંખોમાં પરંતુ તેનું પ્રભુત્વ વાતાવરણ પર એવું છે કે રસ્તા પર આવનારો વળાંક એ આપણી આંખ સુધી પહોંચવા દેતું નથી.

એટલે કે જે પથ પર આપણે પ્રવાસ કરીએ છીએ એનો હવે પછી જે વળાંક અને આપણી આંખ વચ્ચે ધુમ્મસ પડદો બની જાય છે. એટલે ધુમ્મસ જ આપણી અજ્ઞાનતા બની જાય છે. વહેલી સવારનું ધુમ્મસ તો સૂરજ ઊંચે ચડે ત્યાં સુધી ટકે છે અને પછી વિખેરાઈ જાય છે. પરંતુ જિંદગીમાં ધુમ્મસ એમ ઝડપથી વિખરાતું નથી. આપણી જિંદગી પણ શિયાળાની વહેલી સવાર જેવી જ છે. આવતીકાલને થોડા કોઈ જોઈ શકે છે કે જિંદગીના હવે પછીના વળાંક કેવા છે ને ત્યાં કોઈ જાણે છે કે હવે પછી શું ? યુદ્ધ, રોગચાળાઓ, હૃદય પરના હુમલાઓ, આર્થિક સંઘર્ષ અને અનિશ્ચિત વર્તમાન વચ્ચે કોણ કહી શકે કે કાલ કેવી છે? દરેક મનુષ્યની વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જિંદગીમાં એક ધુમ્મસ તો હોઈ શકે છે. ધુમ્મસ એટલે ભવિષ્ય વિશે અજ્ઞાનતા અને એ તો દરેક મનુષ્ય પર છવાયેલી છે. તો પણ કોઈ કુશળ વાહનચાલક ગાઢ ધુમ્મસમાં પણ અકસ્માત ન થાય તે રીતે પોતાની ગતિ શરૂ રાખે છે. એ જ રીતે આપણી જિંદગીને પણ આપણે ધુમ્મસ હોવા છતાં સતત પ્રગતિ માટે આગળ ધપાવવાનું કામ ચાલુ રાખવાનું છે. કારણ કે જિંદગીમાં આપણી તપશ્ચર્યા, પરિશ્રમ અને પુરુષાર્થનું તેજ જેમ જેમ વધતું જાય તેમ તેમ ધુમ્મસ વિખરાતું જાય છે.

શીતકાલીન રાત્રિઓનું સૌન્દર્યવિધાન કેવું છે ? આપણી ગીર કાંઠાની નદીઓના વહેતા જળના અવાજ સાથે કાંઠાળ વૃક્ષરાજિમાંથી વહી આવતા સૂસવાટાઓ ભળે, કુદરતના ધ્વનિઓ હળેમળે ને જે સિમ્ફની રચાય એ જ અસલ ધ્યાન છે. શિયાળામાં ચડતી કળાનો ચન્દ્ર હોય ત્યારે ચકોર સિવાયના પંખીઓ પણ ચકોર બની જાય. ઠંડીથી બચવા ઘનઘોર ડાળી વચ્ચે પંખીઓ રાત પસાર કરે તો આભમાં ઊંચો ચન્દ્ર એને ન દેખાય. ચન્દ્ર અલપઝલપ દેખાય. શીતકાળમાં પંખીઓની ચન્દ્રપ્રીતિ વધે કારણ કે એને એવો ભ્રમ રહે કે અહીં પણ સૂર્ય જેવી ઉષ્ણતા મળશે. કારણ કે ચન્દ્ર અને સૂર્ય હોય છે તો એ જ એક આભના આસને. એ ભ્રમમાં જ પંખીઓની રાત પસાર થાય ને ત્યાં તો ખરેખર જ સૂરજ આવી પણ જાય. ભ્રમ જ એ પંખીઓને સત્ય સુધી પહોંચવાની વેળા આવે ત્યાં સુધી ટકાવી રાખે.

આપણે જેને આપણી ગણતરી, અનુમાન, આયોજન કે કલ્પના કહીએ તે પણ ક્યારેક ઝાંઝવા હોય છે. એ પણ ધુમ્મસનું જ એક રૂપ કહેવાય. જો એ ઝાંઝવા કુદરતી હોય તો જળ સુધી પહોંચી જવાય છે. પણ એ ઝાંઝવા માણસજાતે બનાવેલા હોય તો નક્કી નથી કે એ જળમાં પરિણત થશે કે નહિ. શિયાળાની રાત પસાર કરવામાં પંખીના શરીરને પોતાની જ પિચ્છસમૃદ્ધિ રજાઈ જેવી કામમાં આવે છે પણ એના જીવાત્માને કામમાં આવે છે આશા. થોડી રાત્રિઓ તો સાવ અંધારઘેરી હોય. પંખી ન હલે કે ન ચલે. જે જ્યાં છે ત્યાં સ્તબ્ધ થઈ જાય. જાણે કે ડૂબતા સૂરજે એમને 'ઈસ્ટોપ' ન કહ્યું હોય! મનુષ્ય કુદરતી અને કૃત્રિમ એવા બે પ્રકારના ઝાંઝવામાં ફસાયેલો દેખાય છે. સૌને પોતપોતાના ઝાંઝવાની જંઝાળ વળગેલી છે તે એમાં કોણ કોને બહાર લાવે.

'આ બ્રહ્માંડમાં આપણું હોવું જ સમજાતું નથી...'

વાત-વિચાર

શિશિર રામાવત


શું થનગનવા માટે, ઉમંગ અનુભવવા માટે માણસે તરુણ કે યુવાન જ હોવું પડે? સાહિત્યકાર-ચિત્રકાર પ્રબોધ પરીખ ૮૧ વયે પણ જીવનરસથી તર-બ-તર છે. તેઓ કહે છે, 'જીવનનાં રહસ્યો, એનાં આશ્ચર્યો, જીવનની સંકુલતાને સમજવાની મથામણ, આ સંકુલતામાંથી મારગ કાઢવો, આ બધાને કારણે ભીતર પેદા થતો અજંપો... બસ, આ જ બધું મને ભીતરથી જીવંત રાખે છે.'

થનગનવા માટે, ઉમંગ અનુભવવા માટે, બે કાંઠે જોશભેર વહેતી જિંદગીમાં ડૂબકી મારવા માટે માણસે જીવનની કઈ અવસ્થામાં હોવું પડે? તરુણાવસ્થામાં, યુવાવસ્થામાં, મધ્યવયમાં? જો તમે પ્રબોધ પરીખને મળો તો તરત કહી શકો કે માણસ ૮૦ વર્ષ વટાવી ગયા પછી પણ જીવનરસથી તર-બ-તર હોઈ શકે છે. પ્રબોધ પરીખ એટલે કવિ, નવલિકાકાર, પેઈન્ટર અથવા કહો કે વિઝ્યુઅલ આર્ટિસ્ટ, સિનેમાના ક્યુરેટર અને ફિલોસોફર. ગણતરીના દિવસોમાં એમનું સોલો આર્ટ એક્ઝિબિશન યોજાવાનું છે, એમણે બનાવેલી ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ થવાનું છે, ત્યાર બાદ એમનાં એકાધિક નવાં પુસ્તકો પ્રકાશિત થવાનાં છે. જાણે દીકરીનાં લગ્ન લેવાનાં હોય... ના-ના, દીકરી શું કામ, એ સ્વયં દુલ્હેરાજા બનીને ઘોડા પર સવાર થવાના હોય એવો ઉત્સાહ, થનગનાટ અને વ્યસ્તતા એમની વાતોમાં છલકાય છે. જીવન જીવવાની હોંશ અને શારીરિક વય વચ્ચે ખરેખર કોઈ સીધો સંબંધ નથી.

પ્રબોધ પરીખનાં અત્યાર સુધીમાં છ ચિત્રપ્રદર્શનો યોજાયાં છે - મુંબઈમાં ત્રણ અને અમેરિકામાં ત્રણ. મુંબઈમાં છેલ્લું એક્ઝિબિશન છેક ૧૯૭૦માં યોજાયું હતું અને અમેરિકામાં ૧૯૭૩માં. અડધી સદી કરતાંય વધારે સમય વહી ગયા બાદ, ટુબી પ્રિસાઇઝ, પંચાવન વર્ષના લાંબા અંતરાલ પછી, મુંબઈમાં ગયા વર્ષે એમનું લેટેસ્ટ એક્ઝિબિશન યોજાઈ ગયું. પંચાવન વર્ષ! આર્ટિસ્ટિક સાતત્યની આ તે કેવી આગવી છટા! અને હવે ૧૯ નવેમ્બરે અમદાવાદમાં નવજીવન ટ્રસ્ટ સ્થિત સત્ય આર્ટ ગેલેરીમાં એમનું આગામી આર્ટ એક્ઝિબિશન ખુલ્લું મૂકાવાનું છે.

'આધુનિક કલાની પાછળ ઇતિહાસ, સંવેદનશીલતા અને અભિવ્યક્તિની અનેક છટાઓ હોય છે,' પ્રબોધ પરીખ કહે છે, 'અહીં રમત એ છે કે પ્રત્યેક ચિત્રને નામ આપવાને બદલે સઘળાં ચિત્રોને ચાર હિસ્સામાં વહેંચી દઈને દરેક ખંડને નામ આપ્યાં છે. પહેલો ખંડ છે, 'અહીંયા હોવું', પછી 'અન્યની સાથે હોવું', ત્રીજો ખંડ એટલે 'ટોળાની વચ્ચે હોવું' અને છેલ્લે 'માત્ર હોવું.''

જરૂરી નથી કે ચિત્રને તત્ક્ષણ પામી જવાય. આધુનિક કળાની દુનિયામાં રિયલિસ્ટિક



સરળતાને ક્યાં ઊંચું આસન આપવામાં આવ્યું જ છે? મુંબઈવાસી પ્રબોધ પરીખ કહે છે તેમ, ગણેશ-શંકર-દુર્ગા ઇત્યાદિનો દેખાવ કેટલો અસામાન્ય છે, પણ તોય ભાવકને તે સ્પર્શે તો છે જ. 'વિચિત્ર હોય એટલે સ્પર્શી ન જ શકે એવું નથી,' તેઓ કહે છે, 'ચિત્રને નિરખવું-ધ એક્ટ ઓફ સીઈંગ-બહુ મહત્ત્વનું છે. ચિત્ર જોનારની ભીતર પણ એક જરૂરિયાત હોય છે, ઝંખના હોય છે... અને કલાકાર જ્યારે આ ઝંખનાને મૂર્ત આકાર આપી દે છે ત્યારે એ રાજી રાજી થઈ જાય છે.'

એક્રેલિક, ચારકોલ, વોટરકલર, મિક્સ મિડીયા ઇત્યાદિ પ્રબોધ પરીખની અભિવ્યક્તિના વાહકો બન્યા છે. એમનાં ચિત્રો વિશે કલા-આસ્વાદક પીયૂષ ઠક્કર, કે જેઓ સ્વયં એક કવિ અને ચિત્રકાર છે, સરસ વાત કહે છે, '(પ્રબોધ પરીખનાં પેઇન્ટિંગ્સ જોઈને લાગે કે) જાણે અનંત કાળથી આ ફિલસૂફ કવિ-ચિત્રકાર લખ-છેક-ભૂંસ કરી રહ્યા છે. કોઈ એમ પણ કહી શકે કે તેઓ શબ્દો લખતાં-વાંચતાં ચિત્રમય આકારો માંડી બેસે છે. કોઈક એમાં શબ્દોનું સંગોપન કે એનું ઉત્થાપન કે પછી એનો સદંતર નકાર પણ વાંચે તો નવાઈ નહીં. જાણે શબ્દ અને મૌન એમનાં ચાલક બળ ન હોય!... એક ચિત્રકાર તરીકે તેઓ રચે છે અડીખડી રેખાઓમાં નશ્વરતાનું એક માળખું કે નકશો. જેમાં રચાતાં બિમ્બની પડખોપડખ હોય છે એના વિલયની શક્યતાઓ. તમે આ રચાવા ને વિલાવાની ક્યાંક મધ્યે ઊભા હો છો... આ ફિલસૂફ કવિ-ચિત્રકારે વર્ષોના એકાલાપે સર્જી છે એક એવી ચિત્રસૃષ્ટિ જેની પોતિકી દ્રશ્યભાષા છે.'

પ્રબોધ પરીખ માણસ તરીકે ભલે હળવાફૂલ હોય, પણ પ્રયોગશીલ કલાકાર તરીકે 'અઘરા' ખરા. 'કારણ વિનાના લોકો' વાર્તાસંગ્રહ હોય, 'કૌંસમાં' કાવ્યસંગ્રહ હોય કે એમનાં ચિત્રો હોય - આ તમામમાં પ્રબોધ પરીખની એક વેલ-ડિફાઈન્ડ છાપ સ્પષ્ટપણે વર્તાઈ આવે. એમની 'શોકપ્રદેશમાં' નામની કવિતા જુઓઃ

મારી સમજનાં મેદાનોમાં રાતનો ઉતારો,
અંત સુધી પંખીઓને જોઈ ના શકું
ને લોહીની ખારાશનો સ્પર્શ નહીં,
સમુદ્રની ખાલી છે આંખો આ પૃથ્વી પર
સારથિની હતાશાનો ભય મારી નસનસમાં...
બેબાકળો થઈને જાગી ગયો છું
મારી સર્જિત દંતકથાના દુઃસ્વપ્નમાંથી,
પીળી થતી જાય છે મારી પ્રાર્થના.
ઘરથી દૂર દિશાનું દાન ક્યા મનુષ્ય પાસે મળશે મને,
ડંખતા સાપોની સ્મૃતિ સામે
અગતિનો શાપ મગજમાં રહ્યો હવે.
મોક્ષના ભ્રમનાં વર્તુળમાં ફરતો રહીશ,
એવા શબ્દોના વેષ પહેરી ભટકતો રહીશ હું
પરદેશી, આ શોકપ્રદેશમાં.

મોક્ષના ભ્રમના વર્તુળમાં ફરતા રહેવાની વાત કરતા પ્રબોધ પરીખનું અવતરણ નડિયાદમાં થયું હતું, ૧૯૪૫માં. મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. કર્યા બાદ એમણે અમેરિકાની ઓક્લાહોમા સ્ટેટ યુનિવર્સિટીમાંથી ફિલોસોફી સાથે એમ.એ. કર્યું. ભારત પાછા ફર્યા બાદ મુંબઈની મીઠીબાઈ કોલેજમાં નિવૃત્તિ સુધી વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન ભણાવતા રહ્યા. બૌદ્ધ દર્શન, અસ્તિત્વવાદ, સૌંદર્યશા અને તુલનાત્મક સાહિત્યમાં તેમની વિશેષ ગતિ છે. વિશ્વની એકાધિક યુનિવર્સિટીમાં એમણે વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપી છે, દુનિયાભરના દેશોમાં તેઓ તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સિનેમા જેવા વિષયો પર વ્યાખ્યાનો આપે છે, અને ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ્સનાં આયોજનો કરે છે.

'હું સ્વીકારું છું કે મેં બહુ ઓછું લખ્યું છે,' તેઓ કહે છે, 'લખવું એક કમિટમેન્ટ છે અને કમિટમેન્ટ એક જુદી જ વસ્તુ છે. હું કદાચ મારી જાતને લેખન પ્રત્યે કમિટ કરવાથી દૂર ભાગતો હોઉં છું, કારણ કે તમે જે બોલો છો તે ઘસાઈ જાય છે, હવામાં ઓગળી જાય છે... પણ જો તમે લખો છો તો તમારે લિખિત શબ્દોની જવાબદારી લેવી પડે છે.'

અલબત્ત, ગણતરીના મહિનાઓમાં એમનો નવો કાવ્યસંગ્રહ 'ફરી કૌંસમાં' પ્રકાશિત થવાનો છે. 'કૌંસમાં' અને 'ફરી કૌંસમાં' વચ્ચે ૩૨ વર્ષનો અંતરાલ છે! 'ફરી કૌંસમાં'નો અંગ્રેજી અનુવાદ પણ પ્રસિદ્ધ થશે. આ ઉપરાંત, નવા પત્રસંગ્રહો તો ખરા જ.

પ્રબોધ પરીખ કિશોરાવસ્થામાં હતા ત્યારે ગુજરાતીમાં જોડકણાં લખતા. 'મારા પિતાજી પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા હતા અને ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહને ઓળખતા હતા, જેઓ અમે રહેતા હતા ત્યાંથી નજીકમાં જ પ્રેસ ચલાવતા હતા. દર રવિવારે રાજેન્દ્રભાઈ પ્રેસના નાના કમ્પાઉન્ડમાં કવિઓની બેઠક યોજતા. આ બેઠકો મારા માટે અભિવ્યક્તિ અને મિત્રતાનું માધ્યમ બની ગઈ. કવિતા મારા માટે પ્રાર્થના સમાન હતી. અહીં જ મારી મુલાકાત આપણા દિગ્ગજ કવિ અને લેખક સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા સાથે થઈ. હું ત્યારે ૧૭ વર્ષનો હતો અને સિતાંશુ ૨૧ વર્ષના. થોડા જ દિવસોમાં અમે ખૂબ ગાઢ મિત્રો બની ગયા. અમે બંનેએ ૧૯૬૩માં 'સંદર્ભ' નામનું ગુજરાતી સાહિત્યિક સામયિક શરૂ કર્યું.

અતિવાસ્તવવાદ (સરરિયાલિઝમ)નો પ્રબોધ પરીખ પર ઊંડો પ્રભાવ. તેમણે ઘોષણા કરી નાખીઃ ગુજરાતી સાહિત્યમાં પણ અતિવાસ્તવવાદનું આગમન થઈ ચૂક્યું છે! તેઓ કહે છે, 'દર શનિવારે અમે હાથમાં ફાનસ લઈને નરીમાન પોઈન્ટ જતા અને કવિતાઓ સંભળાવતા. જે કોઈને રસ હોય તે અમારી સાથે જોડાઈ શકતું. આ બધું થોડા મહિના ચાલ્યું. 'સંદર્ભ'ના અમે કુલ ત્રણ અંકો બહાર પાડ્યા. અમારા માટે તો આ એક મોટું સાહસ હતું.'

પ્રબોધ પરીખ અને સિતાંશુ યશશ્ચંદ્રની મૈત્રી આજીવન અકબંધ રહી. પ્રબોધ પરીખે, ઈન ફેક્ટ, સિતાંશુ યશશ્ચંદ્રના જીવન પર 'આ માણસ મદ્રાસી લાગે છે' નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે, જેનું સ્ક્રીનિંગ ૨૧ નવેમ્બરે અમદાવાદ સ્થિત નવજીવન ટ્રસ્ટમાં થવાનું છે. પ્રબોધ પરીખે એમ તો કવિ લાભશંકર ઠાકરના જીવન પર 'માણસની વાત' નામની દસ્તાવેજી ફિલ્મ પણ બનાવી છે.

પ્રબોધ પરીખનો રસઉછાળ જોઈને સહેજે સવાલ થાય કે જીવનના આઠ દાયકા પછી પણ જીવન પ્રત્યે સંયમિત મુગ્ધતા શી રીતે જાળવી શકાય? 'આ બ્રહ્માંડમાં આપણું હોવું એ જ સમજાતું નથી...' પ્રબોધ પરીખ સમાપન કરે છે, 'બ્રહ્માંડનાં રહસ્યો, જીવનનાં રહસ્યો, એનાં આશ્ચર્યો, જીવનની સંકુલતાને સમજવાની મથામણ, આ સંકુલતામાંથી મારગ કાઢવો, આ બધાને કારણે ભીતર પેદા થતો અજંપો... બસ, આ જ બધું મને ભીતરથી જીવંત રાખે છે.'

આ શિયાળામાં સરખી ઠંડી ન પડે તો નહેરુ જવાબદાર

અગડમ્ બગડમ્

બાબા આદમ

સરકારમાંથી આદેશ છૂટ્યો. '૧૪મી નવેમ્બર મંત્રીશ્રીને ટ્વિટર પર અને ફેસબુક પર, રીલ બનાવવા માટે અને પ્રેસ કોન્ફરન્સોમાં બોલવા માટે જવાહરલાલ નહેરુના થોડાક નવા વાંક શોધી કાઢવા માટેના આઇડિયા આપો.'

એક અધિકારી તો બબડ્યા. 'આ મંત્રીઓ ગમે તેવા આદેશો માથે મારે અને અધિકારીઓએ તેનો અમલ કરવો પડે એવી શાસન વ્યવસ્થા જ નહેરુનો સૌથી મોટો વાંક.'

પણ સાથી અધિકારીને આઇડિયા આવ્યો. 'જેમ સરકારે સારી શાળા કોલેજો ચલાવવાનું, સારી હોસ્પિટલો નિભાવવાનું, ચોખ્ખાં પાણી અને હવાની જોગવાઈ કરવા જેવું ઘણું બધું નહેરુએ સરકારોને સોંપેલું કામ છોડી જ દીધું છે તેમ આપણે નહેરુનો વાંક કાઢવાનું કામ પણ છોડીને જનતા માથે લાદી દઈએ તો?'

પેલા અધિકારી કહે, 'ભલા માણસ? નહેરુનો વાંક કાઢવાનું છોડી દઈશું તો નોકરી જ છોડવી પડશે.'



સાથી આઈડિયાબાજ અધિકારી કહે, 'યાર, હું નહેરુનો વાંક કાઢવાનુ છોડવાનું નથી કહેતો. એ તો હવે દેશમાં આગામી એક હજાર વર્ષ સુધી નવી નવી સમસ્યાઓ તમામ માટે નહેરુને દોષિત ઠેરવવાનું ચાલતું જ રહેશે. હું તો કહું છું કે આ વખતે આપણે નહેરુનો વાંક કાઢતા રહેવાના કામનું જ લોકશાહીકરણ કરી નાખીએ.

૧૪મી નવેમ્બરે જાહેર જનતા માટ 'નહેરુ દોષ-દર્શન કોમ્પિટિશન'નું ભવ્યાતિભવ્ય આયોજન કરીએ. આખા દેશમાંથી લોકો પાસેથી કઈ કઈ સમસ્યાઓ માટે, કેવી કેવી તકલીફો માટે નહેરુને દોષ આપી શકાય તેની યાદી મગાવીએ. બેસ્ટ દોષ કાઢનારાઓને ઈનામ પણ આપીશું. સૌથી મોટો ફાયદો એ કે ઈનામની લાલચમાં લોકો નહેરુના વધુને વધુ વાંક કાઢવાની દિશામાં વિચારતા થશે.'

૧૪ નવેમ્બરે નહેરુ દોષ દર્શન કોમ્પિટિશનનું ભવ્ય આયોજન

પેલા અધિકારી તો હરખથી સાથીને ભેટી પડ્યા. તેમણે મંત્રીશ્રી સુધી આ આઈડિયા આપી દીધો. નહેરુનો વાંક કાઢવાનું કામ ઝડપથી કરતી સરકારમાં વીજળીક વેગે આઈડિયાનો અમલ થયો અને લોકોએ નહેરુનો વાંક શોધી શોધીને મોકલવાનું શરુ કર્યું.

એક જણે મોકલ્યું, 'આ વખતે અમારા ઘરમાં દિવાળીના નાસ્તા બહુ વધી પડ્યા છે. તેમાં નહેરુનો વાંક છે. નહેરુએ સ્થાપેલી મેડિકલ કોલેજોમાં ભણેલા લોકો એવી એવી વાતો ફેલાવે છે કે તળેલા નાસ્તા હાનિકારક છે.'

બીજાએ મોકલ્યું, 'અમારી દિવાળી વેકેશનની ટ્રેન ટિકિટ કન્ફર્મ નથી થઈ તે માટે નહેરુ જવાબદાર છે. તેમનાં 'ભારત એક ખોજ' પુસ્તક ટાઈટલ પરથી જ બધાને પ્રવાસનો આઈડિયા આવતો લાગે છે એમાં ટિકિટો મળતી નથી.'

ત્રીજાએ મોકલ્યું, 'શિયાળો શરુ થઈ ગયો છે, પરંતુ સરખી ઠંડી પડતી નથી. આમાં નહેરુનો વાંક છે. તેમણે ઈન્ડસ્ટ્રઅલાઈઝેશન કરાવવાને બદલે દેશને બળદ ગાડાં યુગમાં જ રાખ્યો હોત તો આપણે મસ્ત ટાઢોબોળ શિયાળો માણતા હોત.'

એક અધિકારીએ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું કે, 'સર, વધારે સૂચનો જાહેર કરવાના રહેવા દઈએ. આમાં નહેરુનો વાંક નીકળવાને બદલે ગુણાનુવાદ વધારે થતો હોય તેવું લાગે છે.'

મંત્રીશ્રીએ ભારે હૈયે આ સૂચનો આપનારાને ઈનામને બદલે દંડ કરવાનો નવો હુકમ કર્યો.

આદમનું અડપલું

નહેરુને બાળકો વ્હાલાં હતાં, હવેના શાસકોને બાળકબુદ્ધિ ધરાવતા અનુયાયીઓ વ્હાલા હોય છે.

દેશભરમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ

છઠ પૂજાનો પ્રારંભઃ પર્યાવરણ પ્રત્યે સન્માન, ડૂબતા-ઉગતા સૂર્યને અર્ધ્ય

પ્રસંગપટ

૧૩ નવેમ્બરથી છઠ પૂજા શરૂ થઈ ગઈ છે. આપણી અર્થવ્યવસ્થા ઉત્સવો આધારિત છે. ૧૬ નવેમ્બર સુધી ચાલતો છઠ ઉત્સવ શ્રદ્ધાથી છલકાતો જોવા મળે છે. એક સમય હતો કે જ્યારે છઠ ઉત્સવની બોલબાલા બિહાર અને ઉત્તર પ્રદેશ સુધી સીમિત હતી, પરંતુ હવે દેશમાં અમદાવાદ સહિતનાં દરેક શહેરોમાં છઠ ઉત્સવની ઉજવણી જોવા મળે છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના તાજેતરના અહેવાલો અનુસાર, આ તહેવારે દેશભરમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું ઐતિહાસિક બિઝનેસ ટર્નઓવર નોંધાવ્યું છે. આ મહાપર્વ હવે માત્ર શ્રદ્ધા પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે ભારતની ઉત્સવ આધારિત અર્થવ્યવસ્થા માટે એક મોટું પ્રેરક બળ બન્યું છે.



બિહારમાં ૧૫,૦૦૦ કરોડનો સૌથી મોટો વેપાર થયો છે, જ્યારે બીજા નંબરે દિલ્હી આવે છે, જ્યાં ૮,૦૦૦ કરોડનો વેપાર જોવા મળે છે. ઝારખંડમાં રૂપિયા ૫,૦૦૦ કરોડથી વધુનું ટર્નઓવર થાય છે, તો મુંબઈ અને અન્ય પ્રદેશોમાં અંદાજે ૩,૦૦૦ કરોડથી વધુનો સ્થાનિક વેપાર નોંધાય છે. અહીં મુખ્ય સેન્ટરોમાં થતા બિઝનેસનો ઉલ્લેખ કરાયો છે.

છઠ પૂજા કરનારા દરેક શ્રદ્ધાળુ ચોક્કસ પ્રકારની પૂજાસામગ્રી વાપરે છેત જેમાં પૂજા માટે વપરાતી પરંપરાગત ચીજો જેમ કે વાંસનાં સૂપડાં (ટોપલીઓ), માટીના ચૂલા, શેરડી, નાળિયેર અને વિવિધ ફળોની ખરીદીથી નાના વેપારીઓ અને કારીગરોને મોટો આર્થિક ફાયદો થાય છે. છઠનું વ્રત કરનારાઓ અને તેમના પરિવારો માટે નવાં પરંપરાગત કપડાંની વ્યાપક ખરીદી છઠ પૂજા નિમિત્તે થાય છે.

દેશ-વિદેશથી કરોડો લોકો આ તહેવાર માટે પોતાના વતન મુખ્યત્વે બિહાર, પૂર્વાંચલ અને ઝારખંડ પાછા ફરે છે, જેના કારણે રેલવે, એરલાઇન્સ અને સ્થાનિક ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં જબરદસ્ત તેજી જોવા મળે છે.

નોકરી-વ્યવસાય માટે અન્ય શહેરોમાં શિફ્ટ થયેલા લોકો પોતાના વતનમાં જઈને સગાંસંબંધીઓ સાથે છઠનું વ્રત ઉજવતા હોય છે. ઉદાહરણ તરીકે સુરતથી વતન જનારાઓની સંખ્યા એટલી બધી હોય છે કે રેલવે સત્તાવાળાઓને સ્પેશિયલ ટ્રેન દોડાવવી પડે છે. છઠ પૂજાનો ક્રેઝ વધતો જાય છે. જેમ હોળી-ધૂળેટીનો તહેવાર રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર જેવાં રાજ્યોમાં અઠવાડિયા સુધી ઉજવાય છે, એમ છઠ પૂજાનું પણ છે. છઠ પૂજા પાછળ રહેલાં કેટલાંક મહત્ત્વનાં કારણો જાણવા જેવાં છે.

છઠ પૂજા પૃથ્વી પર જીવન ટકાવી રાખવા બદલ સૂર્યદેવ અને છઠી મૈયા (ષષ્ઠી માતા)નો આભાર માનવા માટે કરવામાં આવે છે. આ ચાર દિવસીય પ્રાચીન વૈદિક તહેવાર મુખ્યત્વે પરિવારની સુખાકારી, સંતાનસુખ, સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની કામના માટે ઉજવવામાં આવે છે. સૂર્યદેવ પ્રત્યે કૃતજ્ઞતાનો પૂજામાં સમાવેશ હોય છે. સૂર્યને પૃથ્વી પર ઊર્જા અને જીવનનો મુખ્ય સ્રોત માનવામાં આવે છે. શ્રદ્ધાળુઓ નદી કે તળાવના પાણીમાં ઊભા રહીને ડૂબતા અને ઊગતા સૂર્યને અર્ધ્ય આપીને તેમનો આભાર વ્યક્ત કરે છે.

છઠી મૈયાના આશીર્વાદથ ષષ્ઠી માતાને સંતાનોની રક્ષા કરનાર અને દીર્ઘાયુષ્ય આપનાર દેવી માનવામાં આવે છે. માતા-પિતા પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય, સારા સ્વાસ્થ્ય અને પરિવારની સુખ-શાંતિ માટે આ કઠિન વ્રત રાખે છે. પ્રકૃતિ અને પર્યાવરણના સંરક્ષણનો પણ પૂજામાં સમાવેશ કરાય છે. આ પૂજામાં કોઈ મૂર્તિપૂજા કે પુરોહિત હોતા નથી, પરંતુ સીધી કુદરતની ઉપાસના થાય છે. વાંસની ટોપલી, માટીના દીવા અને સિઝનનાં ફળો જેવાં કે કેળાં, શેરડી, નાળિયેર અને હળદરનો ઉપયોગ કરીને પ્રકૃતિ પ્રત્યે સન્માન દર્શાવાય છે. શારીરિક અને માનસિક શુદ્ધિકરણ માટે છઠ પૂજાની વિધિઓમાં ૩૬ કલાક સુધી નિર્જળા ઉપવાસ અને પવિત્ર સ્નાનનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ ઉપવાસ શરીરને ડિટોક્સ કરે છે અને સૂર્યનાં કિરણોમાંથી વિટામિન-ડી અને સકારાત્મક ઊર્જા મેળવવામાં મદદ કરે છે. આ તહેવારમાં ઊંચ-નીચ કે જાતિ-વર્ગના ભેદભાવ વગર સૌ એકસાથે ઘાટ પર પૂજા કરે છે, જે સમાજમાં એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. જેમ 'હનુમાન અંશ' ફિલ્મ જોવા લોકો ઉમટતા હતા એમ છઠનું મહત્વ સમજાવતી ફીલ્મ 'ધ વ્હાન ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ' પણ શ્રધ્ધાળુઓમાં ધૂમ મચાવે છે. ફિલ્મ જોવા આવનાર થિયેટરની બહાર ચંપલ ઉતારીને આવે છે.

ષષ્ઠી માતાને સંતાનોની રક્ષા કરનાર, પરિવારની સુખ-શાંતિ માટે અને દીર્ઘાયુષ્ય આપનાર દેવી માનવામાં આવે છે

અઠવાડિક ભવિષ્ય

અગ્નિદત્ત પદ્મનાભ
(અગ્નિહોત્રી)

તા. ૧૫-૧૧-૨૦૨૬ રવિવારથી તા. ૨૧-૧૧-૨૦૨૬ શનિવાર સુધી

મેષ (અ. લ. ઈ.)

સપ્તાહના પ્રારંભમાં આપને સતત કોઈને કોઈ કામ રહે. આપના કાર્યની સાથે ઘર- પરિવાર- સગા- સંબંધી વર્ગ, મિત્રવર્ગના કામકાજ અંગે વ્યસ્તતા રહે. જમીન- મકાન- વાહનના કામ થઈ શકે. ધીરે- ધીરે આપના કામનો ઉકેલ આવતો જાય. દોડધામ- શ્રમમાં ઘટાડો થતો જાય. પરંતુ સંતાનના પ્રશ્ને આપને ચિંતા જણાય. સપ્તાહના અંતમાં આપને કામમાં મુશ્કેલી રહે. બેંકના, વીમા કંપનીના, શેરોના કામકાજમાં સાવધાની રાખવી પડે. તા. ૧૫ આપના કામમાં વ્યસ્ત રહો, ૧૬ મધ્યમ, ૧૭ બપોર પછી દોડધામ- શ્રમ ઓછા થાય, ૧૮ કામકાજમાં સાનુકૂળતા મળી રહે, ૧૯ ધંધામાં લાભ- ફાયદો જણાય, ૨૦ નાણાંકીય લેવડદેવડમાં ધ્યાન રાખવું, ૨૧ કામકાજમાં પ્રતિકૂળતા જણાય. સ્ત્રી વર્ગને કામકાજ અંગે વ્યસ્તતા રહે, વિદ્યાર્થી વર્ગને મધ્યમ.

વૃષભ (બ. વ. ઉ.)

સપ્તાહ દરમ્યાન આપને સાનુકૂળતા રહે. દેશ- પરદેશના કામમાં સરળતા થતી જાય. આપના અટકી પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહકાર મળી રહે. ધીરે-ધીરે કામકાજ અંગેની વ્યસ્તતા વધતી જાય. જમીન- મકાન- વાહનના કામ થઈ શકે, મિત્રવર્ગ આપને મદદરૂપ થાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય. સંતાનના પ્રશ્ને થોડી દોડધામ રહે. તા. ૧૫ યાત્રા- પ્રવાસ થઈ શકે, ૧૬ આયાત- નિકાસનના કામમાં સાનુકૂળતા રહે, ૧૭ મિલન- મુલાકાત થાય, ૧૮ કામકાજ અંગે દોડધામ- શ્રમ રહે, ૧૯ મધ્યમ, ૨૦ વાણીની સંયમતા રાખવી, ૨૧ કામનો ઉકેલ આવવાથી રાહત રહે. સ્ત્રી વર્ગને મિલન- મુલાકાતથી આનંદ રહે, વિદ્યાર્થી વર્ગને નવી ઓળખાણ મિત્રતા થાય.

મિથુન (ક. છ. ઘ)

સપ્તાહના પ્રારંભમાં આપે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે. સીઝનલ, વાયરલ બીમારીથી સંભાળવું પડે. જૂની બીમારીમાં તકલીફ વધે તબિયતના લીધે કામમાં ધ્યાન આપી શકો નહીં પરંતુ જેમ સપ્તાહ પસાર થાય આપને રાહત થતી જાય. આયાત- નિકાસના કામ થઈ શકે. અગત્યના કામ અંગે મિલન- મુલાકાત થાય. નોકર- ચાકર વર્ગ સાથે વાદ- વિવાદથી સંભાળવું પડે તેમ છતાં આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. તા. ૧૫ સામાજિક વ્યવહારિક કામમાં ઉતાવળ ન કરવી, ૧૬ તન- મન- ધનથી વાહનથી સંભાળવું પડે, ૧૭ કામકાજમાં પ્રતિકૂળતા જણાય, ૧૮ સારી, ૧૯ પરદેશના કામ થઈ શકે, ૨૦ ઉચાટ- ઉદ્વેગ રહે, ૨૧ મધ્યમ. સ્ત્રી વર્ગે સ્વાસ્થ્યની કાળજી રાખી દોડધામ કરવી, વિદ્યાર્થી વર્ગે વાહન ધીરે ચલાવવું.

કર્ક (ડ. હ.)

સપ્તાહ દરમ્યાન આપના કામનો ઉકેલ આવતો જાય. આપના કામની સાથે જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. રાજકીય- સરકારી કામકાજ અંગે મિલન- મુલાકાત થઈ શકે. પરદેશના કામ થાય. ધર્મકાર્ય- શુભકાર્ય થઈ શકે. પરંતુ નોકર- ચાકર વર્ગની તકલીફ અનુભવાય. ક્યારેક આપને માનસિક પરિતાપ- વ્યગ્રતા જણાય. વાહન ચલાવવામાં સાવધાની રાખવી પડે. તા. ૧૫ મિલન- મુલાકાતથી આનંદ રહે, ૧૬ મહત્ત્વના કામનો ઉકેલ લાવી શકો, ૧૭ બપોર સુધી સાનુકૂળતા રહે, ૧૮ કામકાજમાં પ્રતિકૂળતા જણાય, ૧૯ ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો, ૨૦ યાત્રા- પ્રવાસમાં ધ્યાન રાખવું, ૨૧ સારી. સ્ત્રી વર્ગને પતિનો સાથ સહકાર મળી રહે. વિદ્યાર્થી વર્ગને સારું.

સિંહ (મ. ટ.)

સપ્તાહ દરમ્યાન આપે તન- મન- ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસો પસાર કરી લેવા. આપના કામ અંગેના દોડધામ- શ્રમ- તણાવ- દબાણની અસર આપના સ્વાસ્થ્ય પર ના પડે તેની કાળજી આપે રાખવી પડે. સીઝનલ ધંધામાં આપે માલનો વધુ ભરાવો કરવો નહીં. સામાજિક વ્યવહારિક કામમાં સાચવવું પડે. તેમ છતાં આપના એક-બે કામનો ઉકેલ આવવાથી રાહત થાય. તા. ૧૫ આકસ્મિક ખર્ચ- ખરીદી જણાય, ૧૬ કોર્ટ- કચેરીના કામકાજ અંગે દોડધામ- શ્રમ રહે, ૧૭ મધ્યમ, ૧૮ આપના કામમાં વ્યસ્ત રહી શકો, ૧૯ પરદેશના કામ થાય, ૨૦ સીઝનલ- વાયરલ બીમારીથી સંભાળવું, ૨૧ કામકાજમાં ઉતાવળ કરવી નહીં. સ્ત્રી વર્ગને ઠીક. વિદ્યાર્થી વર્ગને તબિયત સાચવવી.

કન્યા (પ. ઠ. ણ.)

સપ્તાહ દરમ્યાન આપના રૂકાવટ- વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે- ધીરે ઉકેલ આવતો જાય. મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. પરદેશના કામકાજ અંગે મિલન- મુલાકાત થઈ શકે. ઇચ્છિત વ્યક્તિ સાથેની મુલાકાત થવાથી આનંદ અનુભવો. સંતાનના પ્રશ્ને આપની ચિંતા- પરેશાની ઓછી થતી જાય. પરંતુ એક-બે કામમાં હરિફ વર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગનો સામનો કરવો પડે. કોર્ટ- કચેરીના કામકાજ અંગે ખર્ચ જણાય. તા. ૧૫ સીઝનલ ધંધામાં લાભ ફાયદો મળી રહે, ૧૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૧૭ સારી, ૧૮ દોડધામ શ્રમ જણાય, ૧૯ રાજકીય સરકારી કામમાં રૂકાવટ જણાય, ૨૦ માનસિક પરિતાપ વ્યગ્રતા રહે, ૨૧ આપના કામમાં વ્યસ્ત રહો. સ્ત્રી વર્ગને પતિ- સંતાનનો સાથ- સહકાર મળી રહે.



વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

તુલા (ર. ત.)

સપ્તાહના પ્રારંભમાં આપ હરો ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ- રાહત જણાય નહીં. આપને કામમાં રૂકાવટ- વિલંબ જણાય. પરંતુ સપ્તાહ પસાર થાય તેમ થોડી રાહત થતી જાય. આપની બુદ્ધિ- અનુભવ- આવડત- મહેનતથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં સરળતા રહે. નોકરી- ધંધાના કામની સાથે બીજું કોઈ કામ આવી જતાં, અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભાર- દોડધામ- શ્રમમાં વધારો થાય. તા. ૧૫ ઉચાટ- ઉદ્વેગ રહે, ૧૬ કામકાજમાં મુશ્કેલીનો સામનો કરવો પડે, ૧૭ ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો, ૧૮ આપના કામમાં વ્યસ્ત રહી શકો, ૧૯ કામમાં સાનુકૂળતા મળી રહે, ૨૦ હરિફ વર્ગથી મુશ્કેલી જણાય, ૨૧ ખર્ચ- ખરીદી રહે, સ્ત્રી વર્ગને ઘર- પરિવારની ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગને મિત્રવર્ગની ચિંતા જણાય.

વૃશ્ચિક (ન. ય.)

સપ્તાહ દરમ્યાન આપના યશ- પદ- ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આપને આનંદ રહે. આપના કામમાં ઉપરીવર્ગ- સહકાર્યકર વર્ગ- નોકર- ચાકર વર્ગનો સાથ- સહકાર મળી રહે. બઢતી- બદલીના કામમાં પ્રગતિ જણાય. સંતાનના કામકાજ અંગે આપને દોડધામ- શ્રમ રહે. ધંધામાં કામકાજ જણાય પરંતુ જમીન- મકાન- વાહનના કામમાં આપે ઉતાવળ કરવી નહીં. પરદેશના કામ અંગેની મિલન- મુલાકાતમાં સંભાળવું. તા. ૧૫ યાત્રા- પ્રવાસ- મિલન- મુલાકાત થઈ શકે, ૧૬ કામકામજમાં સાનુકૂળતા મળી રહે, ૧૭ બપોર પછી સાવધાની રાખવી, ૧૮ ઉચાટ- ઉદ્વેગ જણાય, ૧૯ કામકાજમાં રૂકાવટ રહે, ૨૦ વાણીની સંયમતા રાખવી, ૨૧ હર્ષ- લાભ રહે, સ્ત્રી વર્ગને ભાઈભાંડુનો સહકાર મળી રહે, વિદ્યાર્થી વર્ગને જૂના મિત્ર સાથે મુલાકાતથી આનંદ થાય.

ધન (ભ. ધ. ફ. ઢ.)

સપ્તાહ દરમ્યાન આપને કામમાં સાનુકૂળતા રહે. ધંધામાં આવક જણાય. આપના કાર્યની સાથે સામાજિક- વ્યવહારિક કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. બેંકના, વીમા કંપનીના, શેરોના કામની કદર- પ્રશંસા થવાથી આનંદ અનુભવો. પરંતુ ઉપરીવર્ગ સહકાર્યકર વર્ગની તકલીફ જણાય આપની પ્રગતિની ઈર્ષ્યા કરનાર વર્ગ મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કરે. માતૃપક્ષની ચિંતા અનુભવાય. તા. ૧૫ ધંધામાં આવક જણાય, ૧૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૧૭ ધીરે- ધીરે કામનો ઉકેલ આવતો જાય, ૧૮ અડોશ- પડોશમાં વાદ- વિવાદથી સંભાળવું, ૧૯ સારી. ૨૦ આવેશ- ઉશ્કેરાટમાં આવી જવું નહીં, ૨૧ કામમાં કોઈને કોઈ રૂકાવટ- મુશ્કેલી જણાય. સ્ત્રી વર્ગને કુટુંબ- પરિવાર માટે દોડધામ રહે, વિદ્યાર્થી વર્ગને સારું.

મકર (ખ. જ.)

સપ્તાહ દરમ્યાન આપની ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. સપ્તાહ પસાર થાય તેમ આપના રૂકાવટ- વિલંબમાં અટવાઈ પડેલા કામનો ઉકેલ આવતો જાય. મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. સીઝનલ ધંધામાં કુટુંબ- પરિવાર આપને મદદરૂપ થાય. આવક જણાય પરંતુ સપ્તાહના અંતમાં નોકર- ચાકર વર્ગની તકલીફ જણાય. તા. ૧૫ આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો, ૧૬ મહત્ત્વના કામનો ઉકેલ આવતા આનંદ થાય, ૧૭ મિલન- મુલાકાત થઈ શકે, ૧૮ કામકાજમાં સાનુકૂળતા થતી જાય, ૧૯ સામાજિક- વ્યવહારિક કામકાજ રહે, ૨૦ યાત્રા- પ્રવાસમાં ધ્યાન રાખવું, ૨૧ મધ્યમ. સ્ત્રી વર્ગને કાર્યસફળતાથી આનંદ રહે, વિદ્યાર્થી વર્ગને હર્ષ-લાભ

કુંભ (ગ. સ. શ. ષ.)

સપ્તાહના પ્રારંભમાં આપે રાજકીય- સરકારી કામમાં, ખાતાકીય કામમાં સંભાળવું પડે. ઉતાવળ કરવામાં કામમાં ભૂલ થાય કે કામ બગડે. ઉચાટ- ઉદ્વેગ રહે. નાણાંકીય લેવડદેવડમાં ધ્યાન રાખવું પડે. પરંતુ સપ્તાહ જેમ પસાર થાય તેમ આપને રાહત- શાંતિ થતા જાય. મહત્ત્વના કામમાં વ્યસ્ત રહી તેનો ઉકેલ લાવી શકો. કૌટુંબિક- પારિવારિક કામકાજ રહે. તા. ૧૫ ચિંતા- ઉચાટ રહે, ૧૬ આકસ્મિક ખર્ચ- ખરીદીથી નાણાંભીડ જણાય, ૧૭ કામકાજમાં ઉતાવળ કરવી નહીં, ૧૮ અગત્યના નિર્ણય લઈ શકાય, ૧૯ મિલન- મુલાકાતથી આનંદ રહે, ૨૦ નાણાંકીય કામમાં સંભાળવું પડે. ૨૧ ધંધામાં આવક જણાય, સ્ત્રી વર્ગને સાસરી પક્ષની ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગે વાદ- વિવાદથી સંભાળવું.

મીન (દ. ચ. ઝ. થ.)

સપ્તાહ દરમ્યાન આપને કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા આપના કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં સરળતા થતી જાય. કામનો ઉકેલ આવવાથી આપના દોડધામ- શ્રમમાં ઘટાડો થાય. સીઝનલ ધંધામાં ઘરાકી જણાય પરદેશના કામ થાય. ધર્મકાર્ય- શુભકાર્ય થઈ શકે. સંતાનના પ્રશ્ને ચિંતા- પરેશાની ઓછી થાય પરંતુ કોર્ટ- કચેરીના કામમાં આપે ધીરજ રાખવી પડે. વાદ- વિવાદથી દૂર રહેવું. તા. ૧૫ કામકાજમાં સાનુકૂળતા રહે, ૧૬ આપના કામની કદર પ્રશંસા થાય, ૧૭ બપોર સુધી કામમાં સાનુકૂળતા જણાય, ૧૮ વાદ- વિવાદ ગેરસમજ- મનદુઃખથી સંભાળવું, ૧૯ ઠીક, ૨૦ માનસિક પરિતાપ વ્યગ્રતા રહે, ૨૧ મહત્ત્વના કામમાં વ્યસ્ત રહો, સ્ત્રી વર્ગને સંતાનથી હર્ષ-લાભ રહે, વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

૨૬ અબજ ડોલરના ખાનગી રોકાણ સાથે કંપની બજારમાંથી કુલ ૯૦.૪ અબજ ડોલર એકત્ર કરશે

એન્થ્રોપિકનો

(૧૭મા પાનાનું ચાલુ)

૮૨.૫ કરોડ શેર વેચવાની યોજના ધરાવે છે. તેમાંથી આશરે ૮૦.૧૩ કરોડ નવા શેર કંપની દ્વારા જારી કરવામાં આવશે. જ્યારે, બાકીના ૨.૩૬ કરોડ શેર હાલના શેરધારકો વેચશે. જો શેરની કિંમત ૭૮ ડોલરના ઉપરના સ્તરે નક્કી થાય તો કંપનીને આઈપીઓ દ્વારા આશરે ૬૪.૪ અબજ ડોલર મળી શકે છે. કંપનીએ **'ANT'** નામથી લિસ્ટિંગ માટે અરજી કરી છે. ૧૯ નવેમ્બર, ૨૦૨૬થી શેરનું ટ્રેડિંગ શરૂ થવાની સંભાવના છે.

એન્થ્રોપિકના આઈપીઓની ખાસ વાત એ છે કે માત્ર સામાન્ય રોકાણકારો જ નહીં, પરંતુ ટેકનોલોજી સેક્ટરની મોટી કંપનીઓ પણ તેમાં રોકાણ કરી રહી છે. કંપનીએ આઈપીઓ ઉપરાંત ખાનગી રોકાણ દ્વારા વધુ ૨૬ અબજ ડોલર એકત્ર કરવાની વ્યવસ્થા કરી છે. આ રોકાણમાં ગૂગલ, એનવીડિયા, એએમડી, માઈક્રોસોફ્ટ, બ્રોડકોમ, માઈક્રોન અને ટીએસએમસી જેવી કંપનીઓ સામેલ છે. આમ, આઈપીઓ અને ખાનગી રોકાણ મળીને કંપની આશરે ૯૦.૪ અબજ ડોલરનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે.

આસામનાં

(૧૭મા પાનાનું ચાલુ)

અકસ્માતનો ભોગ બનેલ મિની બસના ટ્રાફિક ચલનની વિગતો સામે આવી છે. આ બસનાં ૧૨ ચલણ ઈશ્યુ થયા હતાં. જેની કુલ રકમ ૩૮૫૦૦ રૂપિયા થઈ હતી જે ભરી દેવામાં આવી હતી. જો કે ૪૦૦૦ રૂપિયાનું એક ચલણ હજી ભરવાનું બાકી છે.પોલીસનાં એક અધિકારીનાં જણાવ્યા અનુસાર મિની બસની ઝડપ ખૂબ જ વધારે હતી. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે ખૂબ જ વધારે ઝડપને કારણે ડ્રાઈવરે વાહન પરનો અંકુશ ગુમાવી દીધો હતો. ત્યારબાદ બસ સામેથી આવતા ટ્રક સાથે ટકરાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ આસામ સરકારમાં પંચાયત અને ગ્રામીણ વિકાસ પ્રધાન અતુલ બોરા ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. તે ગોલાઘાટની સ્થાનિક વિધાનસભા બેઠકનાં ધારાસભ્ય પણ છે. આસામનાં મુખ્યપ્રધાન હિમંત બિસ્વા સરમાએ કાઝીરંગા માર્ગ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે અકસ્માતમાં પ્રાણ ગુમાવનારા લોકોનાં પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

નવા વર્ષે

(૧૭મા પાનાનું ચાલુ)

કિંમતમાં ૬૦.૭૪ ટકા જ્યારે લીંબુના ભાવમાં વાર્ષિક ધોરણે ૪૭.૩૦ ટકા વધારો નોંધાયો હોવાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયુ હતું. જો કે શાકભાજી જેમ કે બટાટા, રીંગણા, કોબી તથા ફલાવરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું ડેટામાં જણાવાયુ હતું. ગ્રામીણ વિસ્તારમાં ફુગાવાનું પ્રમાણ ઊંચુ જોવા મળ્યુ હતું. ગ્રામીણ વિસ્તારનો ફુગાવો જે સપ્ટેમ્બરમાં ૬.૦૮ ટકા હતો તે ઓક્ટોબરમાં વધી ૬.૬૩ ટકા પહોંચી ગયો હતો, જ્યારે શહેરી વિસ્તાર માટે આ આંક ૪.૮૮ ટકા પરથી વધી ૫.૪૧ ટકા રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં ખાધાખોરાકીનો ફુગાવો વધી ૯.૦૯ ટકા રહ્યો છે, જે સપ્ટેમ્બરમાં ૮.૦૬ ટકા હતો. શહેરી ક્ષેત્રમાં ખાધાખોરાકીનો ફુગાવો ૭.૧૮ ટકા પરથી વધી ૮.૬૮ ટકા રહ્યો હતો.વર્તમાન વર્ષમાં દેશમાં ચોમાસુ નબળુ રહેતા તથા અમેરિકા-ઈરાન યુદ્ધની અસરથી ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થયો છે. નીચામ ાં બે અને ઉપરમાં છ ટકાની રેન્જ મર્યાદા સાથે રિટેલ ફુગાવો ૪ ટકા પર સ્થિર રાખવા રિઝર્વ બેન્કને ટાર્ગેટ અપાયેલ છે.

દરમિયાન ફુગાવો વધીને આવતા ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)ની મળનારી બેઠકમાં રેપો રેટમાં ફરી વધારો આવવાની શકયતા હોવાનું એક નિષ્ણાતે જણાવ્યું હતું. ઓકટોબરની બેઠકમાં એમપીસીએ રેપો રેટ ૦.૨૫ ટકા વધારી ૫.૫૦ ટકા કર્યો હતો.

ચીનમાં સિંગ્લસ ડે : ૨૬૭ અબજ ડોલરનું વેચાણ



જ્યારે, ૧૧ નવેમ્બર આવે ત્યારે, ૧૧ - ૧૧ જોવા મળે. ચીન તેને સિંગ્લસ ડે તરીકે ઉજવે છે. આ સિંગ્લસ ડે દરમિયાન ઓનલાઈન ઈ-કોમર્સ કંપનીઓ રેકોર્ડ ડિસ્કાઉન્ટ આપતી હોય છે. આ રેકોર્ડ ડિસ્કાઉન્ટ લેવા માટે ચીનના નાગરિકો રેકોર્ડ ખરીદી કરતા હોય છે. આ વર્ષે નિરાશા વચ્ચે પણ સિંગ્લસ ડેના તમામ રેકોર્ડ તોડીને સેલ્સનો આંકડો ૨૬૭ અબજ ડોલરને પાર પહોંચ્યો હતો. વિચારો ૨૬૭ અબજ ડોલરનો માલ-સામાન ડિલિવરી બોય્ઝના માધ્યમથી આખા દેશમાં ફરતો થશે. ચીન પાસેથી કોઈપણ કામને પાર પાડવાનો સ્કેલ શીખવાની જરૂરત છે.

ડાઉનડિટેક્ટર મુજબ આઉટલૂક સાથે જોડાયેલા પ્રોબ્લેમ્સનો આંકડો ૧.૩૮ લાખ, યુએસના સરકારી વિભાગોનું કામ લટક્યું

માઈક્રોસોફ્ટ

(૧૭મા પાનાનું ચાલુ)

તેની સાથે ટીમ્સ તેમજ માઈક્રોસોફ્ટ એઆઈ આસિસ્ટન્ટ કોપાયલોટના ઘણા ફીચર્સ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે.

ડાઉનડિટેક્ટર મુજબ આઉટલૂક સાથે જોડાયેલી તકલીફોના કુલ ૧.૩૮ લાખ મામલા નોંધાયા છે. કેટલાક યુઝર્સ માટે આ સંકટ પાંચ કલાકથી પણ વધુ સમય ચાલ્યું. આ દરમિયાન ચેટજીપીટી અને ક્લોડ જેવા લોકપ્રિય એઆઈ ટૂલ્સને પણ માઈક્રોસોફ્ટ ૩૬૫ સાથે જોડાવવામાં ભારે સંઘર્ષનો સામનો કરવો પડ્યો.કંપનીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે રિકવરીના ઉપાય જારી છે. અમને સ્થિતિમાં પ્રારંભિક સ્થિરતા અને ક્ષમતામાં સુધારો જોવા મળી રહ્યો છે. આ ઘટનાના પગલે મોડેથી પહોંચતા ઈ-મેઈલને સલામતરાખવા માટે અમે ઈ-મેઈલનો ટાઈમઆઉટ સમય વધારી ૪૦ મિનિટનો કરી દીધો છે.

શુક્રવારે સવાર સુધી માઈક્રોસોફ્ટે ભારતમાં તેના કેટલાક સર્વર રિસ્ટોર કરી દીધા હતા, પરંતુ હજી સુધી તેની સંપૂર્ણ સર્વિસ બરોબર થઈ નથી. કંપનીએ જણાવ્યું હતું કે કેટલાક સર્વર રિસ્ટાર્ટ કરવામાં આવ્યા પછી કામ કરવા લાગ્યા હતા, પરંતુ જેવી રીતે યુઝર્સની રિકવેસ્ટનો લોડ વધ્યો,તરત જ આ સર્વર ક્રેશ થઈ ગયા. માઈક્રોસોફ્ટ હાલમાં મશીનોના નાના જૂથ પર પેચનો ટેસ્ટ કરી રહી છે. નેટવર્ક સેટિંગ્સ હાલમાં કરવામાં આવેલા ફેરફાર પછી રોલબેક થઈ રહ્યા છે. આ સુધારા પછી કેટલાક ગ્રાહક કનેક્ટ થવામાં સફળ રહ્યા. જ્યારે કેટલાકે ઈ-મેઈલએક્સેસ કરવામાં પણતકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારતીય સમયાનુસાર ગુરુવારે રાત્રે સાડા અગિયાર વાગે જ ફરિયાદોની સંખ્યા ૧.૩૮ લાખ પર પહોંચી ગઈ હતી. માઈક્રોસોફ્ટ પહેલા તો અમેરિકા અને લેટિન અમેરિકામાં જ આ સમસ્યાને ઓળખી હતી, પરંતુ પછી કંપનીએ સ્વીકાર્યુ હતુ કે આ સમસ્યાની તકલીફ વિશ્વના અનેક યુઝર પર પડી શકે છે. તેની આ અસર ફક્ત ઈ-મેઈલ સુધી જ મર્યાદિત ન રહી. ઓસ્ટ્રેલિયામાં પ્રજાકીય બાબતો અને બિઝનેસીસ માટે જરૂરી કામકાજ સંભાળતી સરકારી એજન્સી સર્વિસ એનએસડબલ્યુએ પોતાની ઓફિસમાં આવનારા લોકોને વિઝિટ ટાળવાની અપીલ કરવી પડી. તેનું કારણ એ હતું કે સર્વર ડાઉન હોવાથી વ્યવહાર થઈ શકતા ન હતા. માઈક્રોસોફ્ટ ૩૬૫ની કેટલીક ઓફિસ એપ્સ અને ઓનલાઈન સર્વિસિઝ જેવી આઉટલૂક ટીમ્સ અને શેરપોઈન્ટનું એક પ્રીમિયમ સબસ્ક્રિપ્શન બંડલ છે. આ વખતની મુખ્ય તકલીફ એક્સ્ચેન્જ ઓનલાઈનમાં આવી હતી.

એક્સ્ચેન્જ ઓનલાઈન કંપનીની ક્લાઉડ સર્વિસ છે, જે ઈ-મેઈલનો સ્ટોર કરવા, મોકલવા અને કેલેન્ડર મેનેજ કરવાનું કામ કરે છે.

માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે સાઈબર હુમલાના કોઈ પુરાવા મળ્યા નથી. અસર પામેલા સર્વર પર સુરક્ષિત કનેકશન સ્થાપિત કરતા સોફ્ટવેર પર લોડ અચાનક વધી ગયો હતો. તેના લીધે કેટલાક સર્વર ક્રેશ થઈ બંધ થઈ ગયા. તેના પગલે બાકીના સર્વર પર દબાણ વધી ગયુ. કંપની હવે તે વાતની ચકાસણી કરી રહી છે કે શું આઉટેજ શરૂ થયું તેના ઠીક પહેલા નેટવર્ક સેટિંગમાં કરવામાં આવેલો કોઈ ફેરફાર આ ખરાબીનુ મુખ્ય કારણ હતા.

માઈક્રોસોફ્ટનો દાવો છે કે આટલા મોટા સંકટ દરમિયાન પણ ટીમ્સના મુખ્ય ચેટ અને ઓનલાઈન મીટિંગ ફીચર ઘણી હદ સુધી કામ કરતા હતા. પરંતુ જ્યારે યુઝર્સ નવી મીટિંગ શેડ્યુલ કરવા કે કેલેન્ડર ખોલવાનો પ્રયત્ન કરતા હતા તો નિષ્ફળ જતા હતા.

દિલ્હીની વાત

(૧૭મા પાનાનું ચાલુ)

નથી.

સોનિયા ગાંધીએ પુસ્તકમાં વસુંધરા રાજે વિશે શું લખ્યું છે

સોનિયા ગાંધીએ એમની આત્મકથામાં એક વિવાદાસ્પદ કિસ્સા વિશે લખ્યું છે. એમણે રાજસ્થાનના વસુંધરા રાજે સિવાય બીજા કોઈપણ પક્ષના નેતાઓનો ઉલ્લેખ કર્યો નથી. એમણે લખ્યું છે કે વસુંધરા રાજેએ ઈન્દિરા ગાંધીને નીચુ દેખાડવા મેનકા ગાંધીનો સાથ લીધો હતો. મેનકા ગાંધીના પુત્ર વરુણ ગાંધીનો પહેલો જન્મદિવસ વસુંધરા રાજેના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મનાવવામાં આવ્યો હતો. આ બર્થડે પાર્ટી ખૂબ જ ખાનગી રાખવામાં આવી હતી. સોનિયા ગાંધીએ લખ્યું છે કે 'જ્યારે માર્ચ ૧૯૮૧માં વરુણનો પહેલો જન્મદિવસ આવ્યો ત્યારે મારા સાસુ ઈન્દિરા ગાંધીએ મેનકા ગાંધીના કેટલાક મિત્રો અને બાળકો સાથે ગેટ ટૂ ગેધર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મેનકાએ આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો અને વસુંધરા રાજેના ઘરે વરુણના જન્મદિવસની પાર્ટી રાખી હતી.'

મોદી - પિત્રોડા વચ્ચે ઈલુ ઈલુથી નવાઈ

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર ટીકાકાર રહ્યા છે. રાહુલ ગાંધીના સલાહકાર પિત્રોડાની એક ટીપ્પણીએ હવે બધાનું ધ્યાન ખેંચ્યું છે. દિવાળીના દિવસો દરમિયાન પિત્રોડા અને મોદી વચ્ચે મીની ઈલુ ઈલુ થવાથી ઘણાને નવાઈ લાગી છે. પિત્રોડાએ નરેન્દ્ર મોદીને કુશળ વક્તા અને મહેનતી વ્યક્તિ ગણાવ્યા છે. પિત્રોડાના કહેવા પ્રમાણે ભલે એમની અને વડાપ્રધાન વચ્ચે વિચારધારાનો તફાવત હોય, પરંતુ વ્યક્તિ તરીકે તેઓ મોદીનું સન્માન કરે છે. પિત્રોડાએ મોદીને પોતાના ગુજરાતી મિત્ર ગણાવીને ખુબ જ આત્મિય, દયાળુ અને બીજા લોકોનું ધ્યાન રાખનાર વ્યક્તિ ગણાવ્યા હતા. હું એમને મળ્યો છું, મારી પત્ની અને હું એમને મળ્યા હતા. અમને એક બીજા સાથે ખૂબ બને છે. બીજી તરફ નરેન્દ્ર મોદીએ પણ સામ પિત્રોડાને અભિનંદન આપ્યા હતા અને એમના પત્નીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

વોટ ચોરી અને 'સર'ના મુદ્દા સંસદમાં ઉઠાવીશું : સંજય સિંહ

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું છે કે, એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવાર સંસદમાં વોટ ચોરી અને એસઆઈઆર મુદ્દે સરકારને ઘેરશે. શરદ પવાર સાથે મીટીંગ કર્યા પછી સંજય સિંહ ભારે મૂડમાં જોવા મળ્યા હતા. સંજય સિંહના કહેવા પ્રમાણે સંસદના ખાસ સત્રની શરૂઆતમાં આ મુદ્દાઓને ઉઠાવવામાં આવશે. સંજય સિંહે કહ્યું હતું કે, 'અમે મહારાષ્ટ્રના રાજકારણ તેમજ એમએલસી ચૂંટણીના પરિણામો વિશે વાત કરી હતી. અમારી મુલાકાત ખુબ સુખદ રહી હતી. હું ભગવાનને પ્રાર્થના કરૂ છું કે પવાર સાહેબ જલ્દીથી સ્વસ્થ થઈ જાય. જોકે એનસીપીના બંને જૂથના વિલિનીકરણ વિશે સંજય સિંહે કોઈ કોમેન્ટ કરી નહોતી. એમના કહેવા પ્રમાણે સંસદમાં સિમાંકન બીલ પસાર કરવા માટે એનડીએ પાસે બહુમતી નથી.'

ઔવેસી - ચંદ્રશેખરની દોસ્તીથી સપા - બસપાનું ટેન્શન વધ્યું

ઉત્તર પ્રદેશમાં ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઔવેસીના ગઠબંધનને કારણે રાજકારણમાં ગરમી આવી ગઈ છે. બંને પક્ષના કાર્યકરોએ નવચંદી મેદાનમાં મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી. હવે નજર ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પર છે. સવાલ એ છે કે, મેરઠની ૭ બેઠકો પર ગઠબંધન કઈ રીતે બેઠકોની વહેંચણી કરશે. કાર્યકર્તાઓનો દાવો છે કે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનને મોટી સફળતા મળશે. આ ગઠબંધન દલીત અને લઘુમતીને એક મંચ પર લાવવાની કોશિષ કરશે. એઆઈએમઆઈએમ લઘુમતીઓના મુદ્દાઓ ઉઠાવે છે જ્યારે ચંદ્રશેખર આઝાદનો પક્ષ દલીતોના મુદ્દા ઉઠાવે છે. મેરઠ શહેરની વિધાનસભા બેઠકો સૌથી અગત્યની ગણાશે, કારણ કે મેરઠમાં દલીત અને લઘુમતિ મતદારોની સંખ્યા વિશેષ છે. હજી સુધી નક્કી કરવામાં આવ્યું નથી કે ગઠબંધન કઈ બેઠકો પર કયા પક્ષના ઉમેદવાર ઉભા રાખશે.

કાશ્મીરમાં વધતા આતંકવાદથી ચિંતા વધી

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ વધી રહ્યા છે. કિશ્તવાડમાં આતંકવાદીઓએ એક વર્ષની અંદર બીજી વખત સ્થાનિક સુરક્ષા કર્મચારીઓને ટાર્ગેટ કર્યા છે. ગયા વર્ષે બે ગ્રામ રક્ષા ગાર્ડ (વીડીજી)ની હત્યા કરવામાં આવી હતી. હવે બે વિશેષ પોલીસ અધિકારીઓ (એસપીઓ)ની હત્યા થવાથી સ્થાનીક સુરક્ષા કર્મચારીઓની સુરક્ષા બાબતે ચિંતા વધી છે. બંને ઘટનાઓમાં એક સમાનતા એ છે કે, જેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યા એ સ્થાનિક સુરક્ષા કર્મચારીઓ હતા. આતંકવાદીઓ સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી માહિતગાર હતા. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ઓપરેશન ત્રાશીર દરમિયાન પાકિસ્તાની સેફુલ્લાહ સહિત ૭ આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. ત્યાર પછી થોડા સમય માટે આતંકવાદી પ્રવૃત્તિ પર બ્રેક લાગી હતી. જોકે હવે ફરીથી આતંકવાદીઓ માથુ ઉંચકવા માંડ્યા છે.

ઝાકીરની એનજીઓ પર પ્રતિબંધ વધ્યો, જોકે એ ખુલ્લો ફરે છે

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ભાગેડુ ઝાકીર નાઈકની સંસ્થા 'ઈસ્લામીક રીસર્ચ ફાઉન્ડેશન' (આઈઆરએફ)ને ફરીથી ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યું છે. મંત્રાલયે બહાર પાડેલા એક પરિપત્રમાં આ પ્રતિબંધ પાંચ વર્ષ સુધી લંબાવ્યો છે. આ નિર્ણય ગેરકાયદેસર પ્રવૃત્તિ (અટકાવવી) કાયદા ૧૯૬૭ની કલમ ૩ હેઠળ લેવામાં આવ્યો છે. આ પહેલા સંગઠન પર ૨૦૧૬ અને ૨૦૨૧ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સંગઠન પર પ્રતિબંધ હોવાથી ઝાકીર નાઈકને કોઈ ફેર પડતો નથી. ઝાકીર નાઈક મલેશિયા અને દુનિયાના બીજા દેશોમાં ખુલ્લેઆમ ફરતો રહે છે. થોડા સમય પહેલા એ પાકિસ્તાન જઈને પણ ભારત વિરૂદ્ધ ઝેર ફેલાવી આવ્યો હતો. ભારતની વિદેશ નીતિ કે ગૃહમંત્રાલયના કોઈપણ નિર્ણયો ઝાકીર નાઈકને ભારત પરત લાવી શકે એમ નથી. નાઈકના ચેલા ચપાટા હજી પણ ભારતમાં સક્રિય છે.

સરકારની તિજોરી

(૧૭મા પાનાનું ચાલુ)

ટકાનો વધારો જોવા મળ્યો છે.

ગ્રોસ કોર્પોરેટ ટેક્સ ૮,૦૧,૪૭૧.૭૧ કરોડ રૂપિયા રહ્યું છે. જો કે ૧,૬૯,૫૧૨.૧૮ કરોડ રૂપિયાનાં રિફંડ પછી નેટ કોર્પોરેટ ટેક્સ ૬,૩૧,૯૫૯.૫૩ કરોડ રૂપિયા રહ્યું છે.

ગ્રોસ નોન કોર્પોરેટ ટેક્સ દ્વારા ૮,૯૪,૭૧૬.૧૮ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. જો કે ૧,૩૮,૭૭૧.૨૨ કરોડ રૂપિયાનાં રિફંડ પછી આ રકમ ૭,૫૫,૯૪૪.૯૬ કરોડ રૂપિયા રહી છે. સરકારે ૫૪,૦૭૭.૯૦ કરોડ રૂપિયા સિક્યોરિટી ટ્રાન્ઝેકશન ટેક્સ પેટે એકત્ર કર્યા છે.

હનીટ્રેપમાં

(૧૭મા પાનાનું ચાલુ)

સાથે હાર્વે સી. જોન્સની બોર્ડના પ્રથમ ચેરમેન તરીકે નિયુક્તિ કરી હતી. ૩૦ વર્ષનો અનુભવ ધરાવતાં હાર્વે સિનોપ્સિસ કંપનીના સીઈઓ અને એક્ઝિક્યુટિવ ચેરમેન રહી ચૂક્યા છે.

ચીનની જાસૂસ હોવા મનાતી સિંગાપોર સ્થિત કંપની મેગાસ્પીડની ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ એલિસ હુઆંગ સાથે એનવિડિયાના સીઈઓ જેન્સન હુઆંગના સંબંધો હોવાની વાત બહાર આવવાને પગલે ૬૩ વર્ષના હુઆંગે સ્ટાફને મેમો મોકલી પોતે પત્ની લોરી હુઆંગને વફાદાર ન રહ્યા હોવાની કબૂલાત કરી જણાવ્યું હતું કે મારા પગલાંથી તેને અને મારા સંતાનોને દુખ થયું છે હું ખૂબ દિલગીર છું.

આ સાથે તેમણે પોતાની જાતને બરોબરની કોસી હતી અને પોતાને ખૂબ જ ખરાબ વ્યક્તિ ગણાવ્યો હતો. બીજી તરફ બુધવારે ન્યુયોર્ક ટાઈમ્સે એનવિડિયાની હેલ્થકેર વિભાગની વાઈસ પ્રેસિડેન્ટ કિમ્બરલી પોવેલ્સ સાથે પણ હુઆંગને અફેર હોવાની સ્ટોરી કંપનીના પાંચ માણસને ટાંકી પ્રકાશિત કરતાં કંપનીના શેરના ભાવમાં આઠ ટકા કરતાં વધારે મોટો કડાકો બોલી ગયો હતો.

હુઆંગના રાજીનામાની સાથે માઈક્રોસોફ્ટ ૩૬૫ના આઉટેજની ઘટના બનતા જાતજાતની કાવતરાની થિયરીઓ વહેતી થઈ છે. રાજકીય વિવેચક લૌરા લૂમરે આ પ્રકારના આઉટેજ સામે સવાલ ઉઠાવ્યા છે. તેના લીધે અમેરિકામાં ક્રેડિટ કાર્ડથી લઈને બેન્કિંગ સેવા ઠપ થઈ ગઈ છે. આ સિવાય માઈક્રોસોફ્ટ પાસે કેટલાય સરકારી કોન્ટ્રાક્ટ હોવાથી કેટલીય સરકારી સર્વિસ બંધ થઈ ગઈ છે. ૯૧૧ જેવી સરકારી સર્વિસ પણ ચાલતી નથી.

હુઆંગના રાજીનામાની સાથે માઈક્રોસોફ્ટ આઉટેજની ઘટના બનતા ચીને યુએસ કમ્યુનિકેશન ગ્રિડ પર હુમલો કર્યાનો દાવો

એડવાન્સ એઆઈની ચીપના ૮૦થી ૯૦ ટકા બજાર હિસ્સા પર એનવિડિયાનું નિયંત્રણ છે

એનવિડિયાની ૧૯૯૩માં સ્થાપના થઈ ત્યારથી હુઆંગ તેના વડા હતા. તેમણે કંપનીને વિડિયો ગેમ્સની ગ્રાફિક ચીપ્સ બનાવતી કંપનીને એઆઈનું સંચાલન કરતાં પ્રોસેસર્સ પુરાં પાડનારી કંપની બનાવી દીધી હતી. એડવાન્સ્ડ એઆઈ જેના પર ચાલે છે તે ચીપના ૮૦થી ૯૦ ટકા બજાર હિસ્સા પર એનવિડિયાનું નિયંત્રણ છે. એનવિડિયા એપલ બાદ બીજા ક્રમની સૌથી મૂલ્યવાન કંપની છે.

જો કે સીઈઓના હોદ્દા પરથી રાજીનામુ આપ્યા પછી પણ લગ્ન બાહ્ય સંબંધોનો વિવાદ હુઆંગનો પીછો છોડતા નથી. હુઆંગનો વધુ એક મહિલા કર્મચારી સાથેનો સંબંધ બહાર આવ્યો છે. હુઆંગનો એલિસા હુઆંગ અને વાઈસપ્રેસિડેન્ટ પોવેલ સાથેના સંબંધો હોવાની વાત તો જાહેરમાં આવી ચૂકી છે, પરંતુ વધુ એક મહિલા કર્મચારી સાથેના સંબંધો હવે પ્રકાશમાં આવ્યા છે. હજી સુધી આ મહિલા કર્મચારીની ઓળખ જાહેર થઈ નથી.

હુઆંગે રાજીનામુ આપવાની સાથે-સાથે તેમને નાણાકીય રીતે પણ મોટાપાયા પર ફટકો પડી શકે છે. તેમણે અનવેસ્ટેડ ઈક્વિટી કમ્પેન્સેશન તરીકે લગભગ એક હજાર કરોડથી વધુ ઈક્વિટી સ્ટોક એવોર્ડ ગુમાવવા પડશે.

જો કે આ રકમ પણ તેની કુલ સંપત્તિનો ૦.૦૮ ટકા જ હિસ્સો છે. કંપનીની ઈક્વિટી કમ્પેન્સેશન પોલિસી હેઠળ જે પણ એક્ઝિક્યુટિવ કંપનીની સાથે રેગ્યુલર સર્વિસ ખતમ કરે છે તેણે પોતાના અનવેસ્ટેડ રિસ્ટ્રિક્ટેડ સ્ટોક યુનિટ્સ (આરએસયુ) સરન્ડર કવા પડે છે. હુઆંગ પાસે આ પ્રકારના લગભગ ૩,૪૬ લાખ યુનિટ્સ છે.

બેસેંટે એનવીડિયા અને કોમર્સ સેક્રેટરીની ટીકા કરી

ચિપ એક્સપોર્ટ સિસ્ટમમાં ખૂબ જ લીકેજ છે : યુએસ ટ્રેઝરી સેક્રેટરી

વોશિંગ્ટન, તા. ૧૩

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે જાસુસી વિવાદ પર એનવીડિયા અને કોમર્સ સેક્રેટરી હાવર્ડ લુટનિકની ટીકા કરતા જણાવ્યું હતું કે ચિપ બનાવનારી કંપની પાસે જાસુસી થઈ રહી છે કે નહીં તે તપાસ કરવા માટે કોઈ મજબૂત કન્ટ્રોલ ન હતો.

એક ઈન્ટરવ્યુ દરમિયા બેસેંટે જણાવ્યું હતું કે ચિપ એક્સપોર્ટ સિસ્ટમમાં ખૂબ જ લીકેજ છે અને ટ્રમ્પ વહીવટી તંત્ર તે ખામીઓને દૂર કરવા માટે કાર્ય કરી રહ્યું છે. ટ્રેઝરી સેક્રેટરીએ કોમર્સ ડિપાર્ટમેન્ટની પણ ટીકા કરી હતી કારણકે તે મહિનાઓથી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ દ્વારા આવું કરવા માટે કહેવામાં આવ્યા પછી પણ મેગાસ્પીડને એન્ટિટી લિસ્ટમાં જોડવામાં નિષ્ફળ રહ્યું હતું.

બેસેંટે વધુમાં જણાવ્યું હતું કે ઓએફએએસને નિકાસની બાબતમાં આવી વસ્તુઓ પર કોઈ નિયંત્રણ નથી. આ બીઆઈએસ (બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યુરિટી)નો નિર્ણય છે. કદાચ એફટીસીએ તેનાં પ્રતિબંધાત્મક યાદીમાં આ અંગેનો ઉલ્લેખ કરવાની જરૂર હતી.

ચિપ બનાવનારી કંપની પાસે જાસુસી થઈ રહી છે કે નહીં તે તપાસ કરવા કોઈ મજબૂત કન્ટ્રોલ ન હતો

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૨૮ ની ૧-૬૫-૯૨ હે.આરે.ચો.મી., આકાર રૂા.૩.૧૯ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભૂપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાલા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મિલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટીસમાં સુધારો

આથી તા.૨૦-૦૯-૨૦૨૬ ના રોજ જાહેર નોટીસમાં કોચરબની સીમના સરવે નંબર ૭૪/૧ ના ટી.પી.સ્કીમ નં.૨૦ ના ફા.પ્લોટ નં.૨૭૩ પૈકી ૩ છપાઈ ગયેલ છે. જેના બદલે કોચરબની સીમના સરવે નંબર ૭૪/૧ ના ટી.પી.સ્કીમ નં.૨૦ ના ફા.પ્લોટ નં.૨૭૩ પૈકી ૧ વાંચવુ અને સમજવું

હેમલ બી.શાહ

એડવોકેટ મો.૯૯૭૯૬ ૯૪૦૨૯

જાહેર ચેતવણી

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકા ગાંધીનગરના મોજે ગામ ડભોડાની સીમના નવો બ્લોક/સર્વે નં. ૨૭૪૧ (જુનો સર્વે/બ્લોક નંબર : ૯૩૪) ની ૭૦૮૦ ચોરસમીટર પૈકી વગર વહેંચાયેલ ૪૭૦૨ ચોરસમીટર જુનીશરતની ખેતીની જમીન અમારા અસીલ મેહુલ દશરથભાઈ ઠાકોરએ તેના માલીક ઠાકોર દિનેશકુમાર મહોબતજી, (રહેવાસી :- ૧૧૮૧, કુડીવાળો વાસ, ડભોડા, ગાંધીનગર, ૩૮૨૩૫૫) નાઓના પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ અને તે અંગે ઠાકોર દિનેશકુમાર મહોબતજીએ તારીખ ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ અમારા અસીલને એક બાનાખતનો કરાર કરી આપેલ છે, સદર જમીન અંગે વાંરવાર વિનંતી કરવા છત્તા તેઓ અમોને વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી અને તેઓ સદરહું જમીન અન્ય કોઈ ત્રાહીતને વેચાણ કરવાની કાર્યવાહીઓ હાથ ધરેલ છે જેથી ઉપરોક્ત જમીનનાં વેચાણ દસ્તાવેજ કરાવવાનાં અમારા અગ્રીમ હક્કો પોષાતા હોઈ, સદરહું મિલકત અંગે કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે કંપનીએ ઠાકોર દિનેશકુમાર મહોબતજી સાથે કે અન્ય કોઈની સાથે કોઈપણ જાતના નાણાંકીય કે બિનનાણાંકીય વ્યવહારો કરવા કરાવવા નહિ અને તેમ છતાં તેવા કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તે આથી રદ બાતલ ગણાશે અને તેની સંપૂર્ણ જ્વાબદારી જે તે વ્યવહાર કરનાર ઈસમના શીરે રહેશે અને તેથી કરીને કોઈપણ ઈસમનો કોઈપણ જાતનો સદરહુ જમીન ઉપર હક્ક ઉપસ્થીત થયેલ ગણાશે નહિ, તેમજ આવા ઈસમે પણ કાયદાની પ્રક્રીયાનો ભાગ બનવું પડશે જેની જાહેર જનતાએ તથા લાગતાં વળગતાં તમામે ખાસ નોંધ લેવી.

તા. ૧૪/૧૧/૨૦૨૬.

અમારી સુચના અને ફરમાઈશથી

મેહુલ દશરથભાઈ ઠાકોર

Hima Patel, Advocate,

Block No. A-1, 407, Celebration, City Centre, South Bopal, Ahmedabad - 380 058.

Contact No. : 88666 65161

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકા સાણંદ ના મોજે ગામ મણીપુર ની સીમના સર્વે નં ૨૯૮, ૩૦૦ પૈકી, ૩૦૧, ૩૦૨, ૩૪૦, ૩૪૧ પૈકી, ૩૪૨ પૈકી, ૩૪૫ પૈકી (નવા સર્વે નં ૧૦૦૯, ૧૦૧૮, ૧૦૨૦, ૧૨૨૫, ૧૦૨૯, ૧૦૩૦, ૮૩૧, ૧૦૭૯, ૧૦૮૨) ની બિનખેતીની જમીન પર અલકનંદા એસોસીએશન આવેલ છે જે 'સિલ્વર અલકનંદા બંગલોઝ' તરીકે ઓળખાય છે તેના બંગલા નં ૪૫/૧ જેનો પ્લોટ એરીયા ૨૧૮.૬૨ ચો.વાર તથા બાંધકામ ૩૦૫ ચો.વાર (સુપર બિલ્ટઅપ) છે તેવી મિલકત (૧) મૌલિન દેવેન્દ્રભાઈ ત્રિવેદી (૨) પ્રાપ્તિ મૌલિમભાઈ ત્રિવેદીની માલીકી, કબજા-ભોગવટાની કોઈ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઈ પણ બેંક,શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૧૪/૧૧/૨૦૨૬.

મંથન અજીતકુમાર રાવલ

(એડવોકેટ અને નોટરી)

ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮

મો . ૯૬૨૪૦ ૮૬૬૪૪

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : ગાંધીનગરના મોજે ગામ : મેદરાની સીમના બ્લોક/સર્વે નંબર : ૧૨૭ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબર : ૮૫)ની હે.આરે.ચો.મી. ૦-૪૪-૫૧ ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન (૧) કનુભાઈ રૂખડભાઈ ભરવાડ (૨) લક્ષ્મીબેન રૂખડભાઈ ભરવાડ (૩) નવઘણભાઈ ભારાભાઈ ભરવાડનાઓની સહમાલીકી, સહ કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

ભક્તિ એસોસીએટ્સ,

હાર્દિક બી. સુવાગીયા, એડવોકેટ

મોબાઈલ: ૯૭૧૪૦૪૦૦૩૬

ઓફિસઃ ૨૦૪, સંકલ્પ આઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

એપોઈન્ટમેન્ટ

જોઈએ છે

સિનિયર એકાઉન્ટન્ટ

Email : info@coldwave.in

સેલ્સ એક્ઝીક્યુટીવ

Rajkot Nagarik Sahakari Bank Ltd.

(Multistate Scheduled Bank)

INVITES

Application for the following positions in Rajkot

Senior Positions in the cadres of Chief Manager and Asst. Gen. Manager

For further details, please visit our website

www.rnsb.bank.in

જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગાંધીનગર જીલ્લાના તાલુકા ગાંધીનગરના મોજે અડાલજના બ્લોક નં. ૪૪૪/૭૮ (જુના બ્લોક નં. ૪૪૪, ૪૪૬, ૪૫૧ જેના એકત્રીત બ્લોક નં. ૪૪૪ પૈકી), સીટી સર્વે ન. એનએ૪૪૪/૭૮, સીટી સર્વે વોર્ડ: અડાલજ ની બીનખેતી થયેલ જમીન ઉપર આવેલ "અંબા ટાઉનશીપ સેકટર-૧" માં આવેલ પ્લોટ નં. બી૧૩ (મંજુર થયેલ પ્લાન મુજબ) તેમજ પ્લોટ નં. બી૧૩ કે જે સન્મુખ-૧૩ તરીકે ઓળખાય છે જેનું ક્ષેત્રફળ ૫૪૫.૯૭ સમચોરસમીટર તથા તે ઉપરના ૫૪૬.૭૫ સમચોરસમીટરના બાંધકાવાળી મિલકત રમેશ ગજ્જર અને શીલ્પા ગજ્જરના સંયુકત કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે અને તેઓ પાસેથી સદરહું મિલકત મારા અસીલ ખરીદ કરવા માંગે છે તેવું જણાવી સદરહું મિલકતના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું મિલકત પરત્વે કોઈને કોઈ પણ જાતનો વાંધો-તકરાર, હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. મુદત વિત્યે આ મિલકત પરત્વે કોઈ પણ જાતના વાંધા-તકરાર હોય તો તે જતા (Waive) કરેલ છે તેમ માની અમો સદરહું મિલકત અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આગળની કાર્યવાહી કરીશુ. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

Date: 14/11/2026

Hitesh V. Patel Advocate

VMP Legal & Associates

Solicitor & Advocates

423, Platinum Plaza, Judges' Bungalow Road, Bodakdev, Ahmedabad.

Ph. 26840304.

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

હેનરીએ પહેલી જ ઓવરમાં રોહિત, કોહલી અને ઐયરને શૂન્ય પર આઉટ કરતાં ભારત ૦/૩ પર ફસડાયું હતું

ભારત શરમજનક બેટિંગ સાથે ૮૯માં ખખડ્યું ન્યુઝીલેન્ડનો ચોથી વન ડેમાં ૨૪૪ રનથી વિજય

પ્લેયર ઓફ ધ મેચ હેનરીની ૨૭ રનમાં છ વિકેટ : યંગની ૧૨૫ રનની ઈનિંગને સહારે ન્યુઝીલેન્ડે ૩૩૩ રન ખડક્યા : ભારત શ્રેણીમાં ૨-૧થી આગળ : ભારતના વન ડે ઈતિહાસની બીજા ક્રમની નાલેશીભરી હાર

માઉન્ટ માઉન્ગનુઈ, તા.૧૩

મેટ હેનરીએ પહેલી જ ઓવરમાં રોહિત, કોહલી અને કેપ્ટન શ્રેયસને ૦ પર આઉટ કરતાં ૩૩૩ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલું ભારત ૦/૩ પર ફસડાયું હતુ અને ત્યાર બાદ ચોથી વન ડેમાં ટીમને ન્યુઝીલેન્ડ સામે ૨૪૪ રનથી નાલેશીભરી હારનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ યંગની ૧૨૫ રનની શતકીય ઈનિંગને સહારે ન્યુઝીલેન્ડે ૩૩૩ રન ખડક્યા હતા. પ્લેયર ઓફ ધ મેચ હેનરીએ ૨૭ રનમાં છ વિકેટ ઝડપતાં ભારતીય ટીમ ૨૬.૪ ઓવરમાં માત્ર ૮૯ રનમાં જ ખખડી ગઈ હતી. ભારતને આ સાથે તેના વન ડે ઈતિહાસમાં બીજા ક્રમનો સૌથી શરમજનક પરાજય સહન કરવો પડ્યો હતો. જોકે શ્રેણીમાં ભારતે ૨-૧થી અજેય સરસાઈ મેળવી લીધી છે. અગાઉ ત્રીજી વન ડે વરસાદમાં ધોવાઈ ગઈ હતી.

ભારતે પહેલીવાર ૦ માં ત્રણ વિકેટ ગુમાવી

જીતવા માટેના ૩૩૪ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ભારતને હેનરીએ પહેલી ઓવરમાં પહેલા બોલે રોહિત (૦)ની, પાંચમા બોલે કોહલી(૦)ની અને છઠ્ઠા બોલે શ્રેયસ (૦)ની વિકેટ ઝડપીને સ્તબ્ધ કરી દીધું હતુ. આ સાથે ભારત તેના વન ડે ઈતિહાસમાં પહેલીવાર ૦/૩ પર ફસડાયું હતુ. શ્રેયસ કેપ્ટન તરીકેની પ્રથમ વન ડેમાં શૂન્ય પર આઉટ થનારો સૌપ્રથમ ભારતીય બન્યો હતો. આ પછી છઠ્ઠી ઓવરમાં જેમીસને ગાયકવાડ (૪)ને આઉટ કરતાં ભારતે ૯ રનમાં ચોથી વિકેટ ગુમાવી હતી. ભારતીય ટીમને જંગી સ્કોરનો પીછો કરવા માટે આક્રમક શરુઆતની આશા હતી, પણ પહેલી જ ઓવરમાં ટોચના સ્ટાર્સ પેવેલિયન ભેગા થઈ જતાં ચાહકોના હાર જાણે નજર સામે દેખાવા માંડી હતી.

હેનરીની છ અને ફિશરની ત્રણ વિકેટ

પહેલી ઓવર બાદ જ મુશ્કેલીમાં મુકેલી ટીમ ઈન્ડિયાને ઉગારવાના પ્રયાસ મીડલ ઓર્ડરમાં કિશનની સાથે અક્ષર અને નમન ધીરે કર્યા હતા. જોકે ન્યુઝીલેન્ડની ઘાતક બોલિંગ સામે તેઓ પણ લાંબો સમય ટકી શક્યા નહતા. કિશન ૨૭, અક્ષર ૨૧ અને નમન ધીર પણ ૨૧ રન કરીને પેવેલિયનમાં પાછા ફર્યા હતા. ભારતીય ટીમ ૧૦૦ના સ્કોર સુધી પણ પહોંચી શકી નહતી અને માત્ર ૨૬.૪ ઓવરમાં ૮૯માં ઓલઆઉટ થઈ ગઈ હતી. હેનરીએ પહેલી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપ્યા બાદ કિશન પછી કુલદીપ અને ગુરનૂરની વિકેટ ઝડપતાં ૯.૪ ઓવરમાં બે મેડન સાથે ૨૭ રનમાં છ વિકેટ ઝડપી હતી. ફિશરને ૩૧ રનમાં ત્રણ વિકેટ મળી હતી.

યંગની સદી, સેઈફર્ટ-એલનની લડાયક બેટિંગ



ભારતીય કેપ્ટન શ્રેયસ ટોસ જીતીને પ્રથમ ન્યુઝીલેન્ડને બેટિંગમા ઉતાર્યું હતુ. યંગે ૧૦૮ બોલમાં ૧૪ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે કારકિર્દીનો શ્રેષ્ઠ ૧૨૫ રનનો સ્કોર કર્યો હતો. તેણે સેઈફર્ટ (૫૮) સાથે ૧૨ ઓવરમાં ૮૫ રન જોડ્યા હતા. આ પછી તેની અને એલન (૪૧)ની જોડીએ ૬૬ બોલમાં ૯૦ રનની ભાગીદારી કરી હતી. યંગે ન્યુઝીલેન્ડને ૩૭ ઓવરમાં ૨૫૬/૪ના સ્કોરે પહોંચાડ્યું હતુ. આ પછી ન્યુઝીલેન્ડે ૧૩ ઓવરમાં ૭૭ રન ઉમેરતા સ્કોરને ૩૩૩ કર્યો હતો. સાન્ટનરે ૨૪ અને ક્લાર્કે ૨૨ રન કર્યા હતા. નાબી, બ્રાર અને અક્ષરની ત્રિપુટીએ બે-બે વિકેટ મેળવી હતી.





ભારતના વન ડે ઈતિહાસના સૌથી હતાશાજનક પરાજય

માર્જિન	હરિફ	સ્થળ	તારીખ
૨૪૫	શ્રીલંકા	શારજાહ	૨૯.૧૦.૦૦
૨૪૪	ન્યુઝીલેન્ડ	મા.માઉન્ગનુઈ	૧૩.૧૧.૨૬
૨૧૪	સા.આફ્રિકા	મુંબઈ	૨૫.૧૦.૧૫
૨૦૮	ઓસ્ટ્રેલિયા	સીડની	૧૨.૨.૦૪
૨૦૨	ઈંગ્લેન્ડ	લોર્ડ્ઝ	૭.૬.૭૫

રેકોર્ડ અપડેટ

* ભારત પહેલીવાર એક જ વર્ષમાં વન ડે અને ટી-૨૦માં ૧૦૦થી ઓછા સ્કોરમાં ખખડ્યું. અગાઉ ઈંગ્લેન્ડ સામે ટી-૨૦માં ૮૬માં ઓલઆઉટ થયું હતુ.
* રોહિત-કોહલી એક જ વન ડેમાં ૦ પર આઉટ થયા હોય તેવી માત્ર બીજી ઘટના. અગાઉ ૨૦૧૦માં ડમ્બુલ્લા ખાતે શ્રીલંકા સામે આવું બન્યું હતુ.
* શ્રેયસ વન ડે કેપ્ટન તરીકેની પ્રથમ મેચમાં ૦ પર આઉટ થનારો પ્રથમ ભારતીય.
* ભારતે તેના વન ડે ઈતિહાસમાં પહેલીવાર ૦ પર ત્રણ વિકેટ ગુમાવી.



ભારતના વન ડેમાં નિમ્ન સ્કોર

સ્કોર	હરિફ	સ્થળ-વર્ષ
૫૪	શ્રીલંકા	શારજાહ-૨૦૦૦
૬૩	ઓસી.	સીડની-૧૯૮૧
૭૮	શ્રીલંકા	કાનપુર-૧૯૮૬
૭૯	પાકિસ્તાન	સિયાલકોટ-૧૯૭૮
૮૮	ન્યુઝીલેન્ડ	ડમ્બુલ્લા-૨૦૧૦
૮૯	ન્યુઝીલેન્ડ	મા.માઉન્ગનુઈ-૨૦૨૬

ન્યુઝીલેન્ડ

	રન	બોલ	૪	૬
યંગ કો.સબ (કુશાગ્ર) બો.ધીર	૧૨૫	૧૦૮	૧૪	૪
સેઈફર્ટ કો.કિશન બો.ગુરનૂર	૫૮	૪૮	૬	૩
કેલી સ્ટ.કિશન બો.અક્ષર	૪	૮	૦	૦
ફોક્ષક્રોફ્ટ કો.બ્રાર બો.નાબી	૮	૧૩	૦	૦
એલન કો.રોહિત બો.અક્ષર	૪૧	૩૦	૫	૨
બ્રેસવેલ કો.ધીર બો.ગુરનૂર	૧૫	૨૦	૧	૦
સાન્ટનર કો.કિશન બો.અર્ષદીપ	૨૪	૨૯	૧	૨
કે.ક્લાર્ક એલબી બો.નાબી	૨૨	૨૨	૧	૧
જેમીસન અણનમ	૧૯	૨૧	૧	૦
હેનરી રનઆઉટ (નાબી)	૨	૨	૦	૦
ફિશર રનઆઉટ (કોહલી-કિશન)	૧	૧	૦	૦
વધારાના (બાય ૪, લેગબાય ૫, નોબોલ ૨, વાઈડ ૩)	૧૪			
કુલ (૫૦ ઓવરમાં ઓલઆઉટ)	૩૩૩			

વિકેટનો ક્રમ : ૧-૮૫ (સેઈફર્ટ ૧૧.૬), ૨-૯૬ (કેલી ૧૪.૨), ૩-૧૨૫ (ફોક્ષક્રોફ્ટ ૧૯.૩), ૪-૨૧૫ (એલન ૩૦.૨), ૫-૨૫૬ (યંગ૩૬.૬), ૬-૨૫૮ (બ્રેસવેલ ૩૭.૫), ૭-૨૯૩ (સાન્ટનર ૪૪.૨), ૮-૩૧૮ (ક્લાર્ક ૪૭.૬), ૯-૩૩૨ (હેનરી ૪૯.૫), ૧૦-૩૩૩ (ફિશર ૪૯.૬). બોલિંગ: અર્ષદીપ ૧૦-૦-૫૫-૧, નાબી ૮-૦-૫૯-૨, ગુરનૂર ૧૦-૦-૬૯-૨, અક્ષર પટેલ ૧૦-૦-૩૯-૨, કુલદીપ યાદવ ૮-૦-૭૩-૦, ધીર ૪-૦-૨૯-૧.

ભારત

	રન	બોલ	૪	૬
રોહિત શર્મા કો.એલન બો.હેનરી	૦	૧	૦	૦
ગાયકવાડ કો.બ્રેસવેલ બો.જેમીસન	૫	૧૩	૦	૦
કોહલી બો.હેનરી	૦	૪	૦	૦
શ્રેયસ એલબી બો.હેનરી	૦	૧	૦	૦
કિશન બો.હેનરી	૨૭	૫૩	૪	૦
અક્ષર કો.એલન બો.ફિશર	૨૧	૩૬	૩	૦
ધીર કો.સાન્ટનર બો.ફિશર	૨૧	૨૪	૦	૨
નાબી કો.સેઈફર્ટ બો.ફિશર	૫	૮	૧	૦
કુલદીપ બો.હેનરી	૧	૪	૦	૦
ગુરનૂર બો.હેનરી	૨	૧૩	૦	૦
અર્ષદીપ અણનમ	૦	૩	૦	૦
વધારાના (વાઈડ ૭)	૦૭			
કુલ (૨૬.૪ ઓવરમાં ઓલઆઉટ)	૮૯			

વિકેટનો ક્રમ: ૧-૦ (રોહિત ૦.૧), ૨-૦ (કોહલી ૦.૫), ૩-૦ (શ્રેયસ ૦.૬), ૪-૯ (ગાયકવાડ ૫.૩), ૫-૫૩ (અક્ષર ૧૭.૧), ૬-૬૧ (કિશન ૨૦.૧), ૭-૬૬ (નાબી ૨૧.૪), ૮-૬૯ (કુલદીપ ૨૨.૬), ૯-૮૩ (ધીર ૨૩.૬), ૧૦-૮૯ (ગુરનૂર ૨૬.૪). બોલિંગ : હેનરી ૯.૪-૨-૨૭-૬, જેમીસન ૬-૨-૧૨-૧, ક્લાર્ક ૨-૦-૧૩-૦, ફિશર ૭-૧-૩૧-૩, બ્રેસવેલ ૨-૦-૬-૦.

ભારતની ઓલિમ્પિક માટેની દાવેદારીને ફટકો પહોંચી શકે : IOC

ભારતીય ઓલિમ્પિક સંઘની ચૂંટણી અંગેના વિવાદની સામે IOCએ નારાજગી વ્યક્ત કરી

IOAમાં સ્પોર્ટ્સપર્સન્સ ઓફ આઉટસ્ટેન્ડિંગ મેરિટના મહિલા વિભાગની ચૂંટણીમાં પરાજય બાદ ફરી પ્રમુખ બનવા માટેની પી.ટી. ઉષાની રાહ મુશ્કેલ બની

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ)ના મુખ્ય હોદ્દાઓની ચૂંટણી થાય તે પહેલા યોજાયેલી સ્પોર્ટ્સપર્સન્સ ઓફ આઉટસ્ટેન્ડિંગ મેટિર (એસઓએમ)ની ચૂંટણીમાં ભારતીય ઓલિમ્પિક સંઘના વર્તમાન પ્રમુખ પી.ટી. ઉષા હારી ગયા હતા. આ પછી તેમણે એસઓએમ ચૂંટણીમાં અનિયમિતતા અંગે કરેલી ફરિયાદના પગલે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ પ્રતિભાવ આપતાં ભારતીય ઓલિમ્પિક સંઘની ચૂંટણી પ્રક્રિયા અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું હતુ કે, આ પ્રકારના વિવાદોથી ભારતમાં ઓલિમ્પિક મુવમેન્ટ અંગેની છબી ખરડાઈ શકે છે. જો આમ થાય તો ઓલિમ્પિકની યજમાની મેળવવા માટેની ભારતની દાવેદારીને પણ ફટકો પડી શકે છે.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના વિવિધ રાષ્ટ્રોની ઓલિમ્પિક સંઘોના સંબંધોના મામલાના ડાયરેક્ટર જેમ્સ મેક્લેઓડે કહ્યું છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં અમારા ધ્યાને આવેલી ફરિયાદો અને મીડિયા રિપોર્ટ્સને આધારે અમે અમારું મંતવ્ય રજુ કરી રહ્યા છીએ. ઓલિમ્પિક ચાર્ટર પ્રમાણે ભારતીય ઓલિમ્પિક સંઘમાં મજબુત વહિવટી માળખું સ્થાપિત કરવાના છેલ્લા કેટલાક વર્ષોના પ્રયાસો છતાં આઈઓએની ચૂંટણીની પ્રક્રિયા અને નિયમોના અમલીકરણ અંગે કેટલાક વિવાદો અને મામલા પુનઃ સપાટી પર આવ્યા છે, જે ખુબ જ નિરાશાજનક છે. અત્યંત ખેદજનક બાબત એ છે કે, આવી પરિસ્થિતિના કારણે ભારતમાં ઓલિમ્પિક મુવમેન્ટની પ્રતિષ્ઠા અને સંચાલન પર નકારાત્મક પ્રભાવ પડશે.

ભારતને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારતીય ઓલિમ્પિક સંઘની ચૂંટણી, કોઈ પણ પ્રકારના બાહ્ય હસ્તક્ષેપ વિના ઓલિમ્પિક ચાર્ટર અને ભારતીય ઓલિમ્પિક સંઘના બંધારણના માપદંડોને દ્રઢપણે વળગી રહીને તટસ્થ રીતે હાથ ધરવામાં આવવી જોઈએ. વર્તમાન પ્રમુખ પી.ટી. ઉષા એસઓએમની ચૂંટણીમાં જ હારી જતાં હવે તેઓ ફરી વખત આઈઓએના પ્રમુખ માટેની ચૂંટણીમાં ઉભા રહી શકશે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં ઈલેક્ટોરલ ઓફિસર સંજય કે. શ્રીવાસ્તવાને ટાંકીને એક રિપોર્ટમાં જણાવાયું છે કે, જો ઉષાનું સ્પોર્ટ્સ ફેડરેશન તેમના નામની ભલામણ કરે તો તેઓ ફરી પ્રમુખ બનવાની ચૂંટણીમાં ઉભા રહી શકે છે.



મને ખસી જવાની સૂચના અપાઈ હતી : અશ્વિની નાચપ્પા

ભારતની દિગ્ગજ એથ્લીટ અશ્વિની નાચપ્પાએ પણ ભારતીય ઓલિમ્પિક સંઘના સ્પોર્ટ્સપર્સન્સ ઓફ મેરિટ (એસઓએમ)ની મહિલા વિભાગની ચૂંટણી ઉમેદવારી નોંધાવી હતી. જો કે પાછળથી તેને ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. તેના સિવાય પણ અન્ય કેટલાક રમતવીરોએ પણ ઉમેદવારી પાછી ખેંચી હતી. નાચપ્પાએ કહ્યું કે, મને ઉમેદવારી પાછી ખેંચવા માટે સૂચના આપવામાં આવી હતી. જેમણે પણ ઉમેદવારી પાછી ખેંચી છે, તેમણે બહારના દબાણના કારણે નામ પાછા ખેંચ્યા છે. મેં સ્વેચ્છાએ નામ પાછું ખેંચ્યું નથી અને આ દર્શાવે છે કે, ચૂંટણી કેટલી પારદર્શી છે. અશ્વિનીએ ઉમેર્યું કે સિસ્ટમ અને તેનું વલણ ખેલાડીઓ તરફ ત્રણ દશક અગાઉ જેવું હતું તેવું અત્યારે પણ છે. ભારતના ભૂતપૂર્વ ઓલિમ્પિક મેડલિસ્ટ શૂટર અભિનવ બિન્દ્રાએ પણ ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતાનો આશાવાદ વ્યક્ત કરતાં સોશિયલ મિડીયામાં પોસ્ટ મૂકી હતી.

પી.ટી. ઉષાએ ચૂંટણીમાં હાર્યા બાદ આઈઓસીને ફરિયાદ કરી

ભારતીય ઓલિમ્પિક સંઘના વર્તમાન પ્રમુખ અને દિગ્ગજ એથ્લીટ પી.ટી. ઉષા સ્પોર્ટ્સ પર્સન્સ ઓફ આઉટસ્ટેન્ડિંગ મેટિર (એસઓએમ)ની ચૂંટણીમાં હારી ગયા હતા. અંજુ બોબી જ્યોર્જ, રાની રામપાલ, ડોલા બેનર્જી અને સાયના નેહવાલ એમ ચાર ખેલાડી ચૂંટાઈ આવી હતી. જ્યારે ઉષા પાંચમા ક્રમે રહ્યા હતા. આ પછી તેમણે ત્રણ પાનાનો પત્ર આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના વડા કોવેન્ટ્રીને પાઠવ્યો હતો. આ પત્રમાં વર્તમાન હોદ્દેદારો દ્વારા કથિત રીતે ચલાવતા કેમ્પેઈનની સાથે વ્હોટસેપ્પમાં ચોક્કસ પેનલનું સમર્થન કરતા મેસેજીસ, મતદાર હાજર રહેશે તેની ખાતરી મેળવવાની સાથે ખેલ મંત્રાલયનો સંદર્ભ આપવા સહિતની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આજથી સૈયદ મુસ્તાક અલી ટી-૨૦ ટુર્નામેન્ટ

કોલકાતા, તા.૧૩

આવતીકાલથી સૈયદ મુસ્તાક અલી ટી-૨૦ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. ગુજરાતની ટીમ આવતીકાલે સવારે ૧૧.૦૦ વાગ્યાથી કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ઓડિશા સામે ટકરાશે. સૌરાષ્ટ્રની ટીમ ઈન્દોરમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી ૧૫ વર્ષના યુવા કેપ્ટન વૈભવ સૂર્યવંશીની બિહારની ટીમ સામે ટકરાશે. જ્યારે મુંબઈમાં બરોડાની ટીમ છત્તીસગઢ સામે સવારે ૯.૦૦થી રમશે.

પાકિસ્તાન-શ્રીલંકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ ડ્રો

રાવલપિંડી : પ્લેયર ઓફ ધ મેચ સાકિબ ખાનની ૧૩૦ રનમાં સાત વિકેટના કારણે પાકિસ્તાને શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ ડ્રો કરી હતી. પાકિસ્તાન પ્રથમ ઈનિંગ ૪૩૪/૯ ડિકલેર (શકીલ ૯૩, આરિફ ૫૭, તાહા ૫૧, બાબર ૫૦, મિન્હાસ ૫૨, અસિથા-મદુશંકાની ૩-૩ વિકેટ), શ્રીલંકા પ્રથમ ઈનિંગ ૪૪૬ (ધનંજયા ૧૬૭, કુસલ મેન્ડિસ ૧૧૯, કામિન્દુ મેન્ડિસ ૫૮, સાકિબ ખાન ૭/૧૩૦), પાકિસ્તાન બીજી ઈનિંગ ૨૮૪/૮ (શકીલ ૯૭, રથનાયકે ૩/૪૭). ૧૭મીથી બીજી ટેસ્ટ.



સેહવાગના પુત્ર આર્યવીર અને દ્રવિડના પુત્ર અન્વયની આકર્ષણ જમાવશે

આજે ભારત-પાકિસ્તાન વચ્ચે એશિયા કપ અંડર-૧૯નો ફાઈનલ મુકાબલો

સવારે ૧૦.૩૦થી વન-ડે મેચ

ઓમાન, તા. ૧૩

ક્રિકેટના મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કર હોય અને તેમાં ફાઈનલનો મુકાબલો હોય તો ક્રિકેટપ્રેમીઓનો ઉત્સાહ સ્વાભાવિક રીતે વધી જાય. આવતીકાલે શનિવારે ૧૪ નવેમ્બરે ઓમાનના અલ અમરાતમાં ભારત અને પાકિસ્તાનની અંડર-૧૯ ટીમો વન ડે ક્રિકેટના એશિયા કપની ફાઈનલમાં આમનેસામને થશે. ભારતીય ટીમ અગાઉ ગ્રૂપ સ્ટેજમાં મળેલી હારની સાથે ગત ટુર્નામેન્ટની ફાઈનલના પરાજયનો બદલો લેવાના ઈરાદા સાથે ઉતરશે. મેચનો પ્રારંભ સવારે ૧૦.૩૦થી થશે.

દિગ્ગજોના પુત્રો

ભારતના દિગ્ગજ બેટ્સમેન સેહવાગનો પુત્ર આર્યવીર અને દ્રવિડનો પુત્ર અન્વય ભારતની અંડર-૧૯ ટીમમાં સામેલ છે. આર્યવીરે યુએઈ સામે ૧૬૦ રન ફટકારવા સાથે ટુર્નામેન્ટમાં ૨૦૨ રન નોંધાવ્યા છે. અન્વય વિકેટકિપર છે.

સેમિફાઈનલમાં દેખાવ

ભારતે સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને આઠ વિકેટથી હરાવ્યું હતુ. ૨૨૮નો ટાર્ગેટ ભારતે ૩૬.૫ ઓવરમાં બે વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો.કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીએ ૯૦ બોલમાં ૯૩ અને આર્યવીર સેહવાગે ૫૧ રન સાથે ૧૧૭ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. વી.કે. વિનીથના અણનમ ૫૭ રન અને ઈશાન સૂદે ત્રણ વિકેટ ભારતની જીતમાં મહત્વની હતી. પાકિસ્તાને સેમિફાઈનલમાં બાંગ્લાદેશને ૧૩૮માં સમેટી લીધા બાદ ૯ વિકેટથી જીત હાંસલ કરી હતી.

અપરાજીત દેખાવ

પાકિસ્તાનની ટીમ આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી અપરાજિત રહીને ફાઈનલમાં પહોંચી છે. કેપ્ટન ફરહાનની આગેવાની હેઠળની ટીમમાં ઝહૂર, ઉસ્માન ખાન, રિઝવાનુલ્લાહ અને હયામ ખાન જેવા ખેલાડીઓ છે. ઉસ્માને ટુર્નામેન્ટમાં તેણે ચાર ઈનિંગમાં ૨૩૮ રન બનાવ્યા છે. બોલિંગમાં અલી રઝા અને રિઝવાનુલ્લાહ પર તેમનો આધાર રહેશે.

ભારત માટે તક

ભારત અગાઉ આઠ વખત અંડર-૧૯ એશિયા કપ જીતી ચૂક્યું છે. જોકે ભારતને છેલ્લે ૨૦૨૪માં બાંગ્લાદેશ સામે અને ૨૦૨૫ની પાકિસ્તાન સામે ફાઈનલમાં હાર સહન કરવી પડી હતી.

ખ્વાજાએ આખી ટીમ કૌભાંડમાં સંડોવાયેલી હોવાનો ખુલાસો કર્યો હતો

ખ્વાજાનો ૨૦૧૮ના બોલ ટેમ્પરિંગ કૌભાંડ અંગેનો દાવો પાયાવિહોણો : કેપ્ટન કમિન્સ

'હું તો તે વખતે માત્ર ૨૪ વર્ષનો હતો હું આવી કોઈ યોજના વિશે નહોતો જાણતો : કમિન્સ

સીડની, તા. ૧૩


ખ્વાજાએ તેની આત્મકથામાં દાવો કર્યો હતો કે, ૨૦૧૮માં કાચ કાગળ (સેન્ડપેપર)થી બોલ સાથે ચેડાં કરવાના કૌભાંડમાં ઓસ્ટ્રેલિયાની આખી ટીમ સંડોવાયેલી હતી. જોકે, ઓસ્ટ્રેલિયાના વર્તમાન કેપ્ટન અને તે સમયે ટીમમાં સામેલ કમિન્સે ખ્વાજાના દાવાને નકારી કાઢતા તેને તદ્દન પાયાવિહોણો ગણાવ્યો છે.

મિત્રોની બદનામી

કમિન્સે તો ત્યાં સુધી કહ્યું કે ખ્વાજાએ પોતાના પુસ્તકમાં તેના અને અન્ય ખેલાડીઓ કે જે તેના મિત્રો કહી શકાય તેઓના જીવન તથા પ્રતિષ્ઠા સાથે બેજવાબદારીપૂર્વક વ્યવહાર કર્યો છે. ખ્વાજા મિત્ર હોવા છતાં તેના આક્ષેપો સ્વીકાર્ય નથી.

સામુહિક મામલો

ખ્વાજાએ તેની આત્મકથા 'સબ્ર'માં ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન કેપ ટાઉન ટેસ્ટ દરમિયાન બનેલી બોલ ટેમ્પરિંગની ઘટના માટે આખી ઓસ્ટ્રેલિયન ટીમને જવાબદાર ઠેરવી હતી. જોકે તે સમયે આ માટે માત્ર તત્કાલીન કેપ્ટન સ્મિથની સાથે વાઈસ કેપ્ટન વોર્નર અને બોલ સાથે ચેડાં કરતાં ટીવી કેમેરામાં રંગેહાથ ઝડપાયેલા બેનક્રોફ્ટ પર તમામ જવાબદારી ઢોળવામાં આવી હતી અને તેમની સામે જ એક્શન લેવાયા હતા.

વાહીયાત વાત

કમિન્સે કહ્યું, 'જો ઉસ્માનનો અર્થ એવો હોય કે મેદાનમાં સેન્ડપેપર લઈ જવામાં આવી રહ્યું છે તેની આખી ટીમને જાણ હતી તો તે ૧૦૦ ટકા ખોટો છે. હું છેલ્લાં આઠ વર્ષથી સતત આ જ વાત કહું છું. મને આ બાબતની કોઈ જાણ નહોતી.'કમિન્સે વધુમાં ખ્વાજાની યોજનાપૂર્વકના બોલ ટેમ્પરિંગના દાવાને 'સંપૂર્ણપણે વાહિયાત' ગણાવ્યો હતો.

ખ્વાજા અને ઘટના

કમિન્સે કહ્યું કે કોઈ ગુપ્ત યોજના નહોતી, કોઈ ટીમ મીટિંગ થઈ નહોતી અને બોલરો વચ્ચે પણ આવી કોઈ ચર્ચા થઈ નહોતી. તે સમયે હું ઓસ્ટ્રેલિયન ટીમમાં માત્ર ૨૪ વર્ષનો યુવાન ખેલાડી હતો. મેદાનમાં સેન્ડપેપર લઈ જવામાં આવશે અને તેનો ઉપયોગ થશે તેની મને જાણ નહોતી.

વોર્નરની નારાજગી

કમિન્સે કહ્યું કે, ઓસ્ટ્રેલિયન ક્રિકેટ છેલ્લા આઠ વર્ષમાં પોતાની સંસ્કૃતિ અને છબીને સુધારવા માટે પ્રયાસ કરી રહ્યું છે ત્યારે આવા આક્ષેપો ફરી જૂના ઘા તાજા કરે છે. અગાઉ વોર્નરે સોશિયલ મીડિયા પર ખ્વાજાના ખુલાસાઓને સાચા ગણાવ્યા હતા. તે સમયના ઓસ્ટ્રેલિયન કોચ ડેરેન લેહમેન અને બેટિંગ કોચ ગ્રેમ હિકે પણ ખ્વાજાના દાવાઓને નકારી કાઢ્યા છે અને તેને જુઠાણું ગણાવ્યું છે.

અંબેકર અને ગુંજનની ઐતિહાસિક સિદ્ધિ

યુથ ઓલિમ્પિક : ભારતે બોક્સિંગના ડબલ ગોલ્ડ સાથે કુલ ૧૦ મેડલ જીત્યા



ડાકાર : મણિપુરના ૧૭ વર્ષીય બોક્સર અંબેકર મીતેઈએ સેનેગલના ડાકારમાં ચાલી રહેલી ૨૦૨૬ની યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ઈતિહાસ રચ્યો છે. તેણે પુરુષોની ૫૦ કિલોગ્રામ બોક્સિંગ કેટેગરીની ફાઈનલમાં આયર્લેન્ડના ક્રિસ્ટિયન જુબાનીને ૩-૨થી પરાજય આપીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

આ સાથે તે યુથ ઓલિમ્પિકના ઈતિહાસમાં બોક્સિંગમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બોક્સર બન્યો છે.આ પછી મહિલા બોક્સર ગુંજને અલ્જેરિયાની બેન્સાલાહને ૫-૦થી હરાવી ભારતને વધુ એક ગોલ્ડ અપાવ્યો હતો. ભારતે આ અગાઉ યુથ ઓલિમ્પિક બોક્સિંગમાં ક્યારેય ગોલ્ડ જીતી શક્યું નહતુ. ભારતે ડાકાર યુથ ઓલિમ્પિકમાં આ સાથે બે ગોલ્ડ ત્રણ સિલ્વર અને પાંચ બ્રોન્ઝ સાથે કુલ ૧૦ મેડલ જીતીને સમાપન કર્યું હતુ. ભારત મેડલ ટેબલમાં ૨૧માં ક્રમે રહ્યું હતુ. ચીને ૧૮ ગોલ્ડ, ૮ સિલ્વર અને સાત બ્રોન્ઝ સાથે ૩૩ મેડલ સાથે ટોચનું સ્થાન મેળવ્યું હતુ. તન્વી પાત્રીએ બેડમિંટનમાં, ગુજરાતની ખુશ્બુ દરજાદાએ જુડોમાં અને તાનિયાએ બેચ કુસ્તીમાં સિલ્વર જીત્યા હતા. સ્વિમિંગમાં ધીનિધી દેસિંઘુએ બે અને વુશુમાં લાન્ચેન્બી દેવી, સ્વિમિંગમાં તિર્થાંક પેગુ અને ૧૦૦ મીટર વિઘ્ન દોડમાં શૌર્ય અમ્બુરે બ્રોન્ઝ જીત્યા હતા.

હાર્દિક પંજાબમાં અને અર્ષદીપ મુંબઈ ઈન્ડિયન્સમાં સામેલ

નવી દિલ્હી, તા.૧૩

હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સ છોડીને પંજાબ કિંગ્સમાં અને અર્ષદીપ સિંઘ પંજાબ કિંગ્સ છોડીને મુંબઈ ઈન્ડિયન્સમાં સામેલ થઈ ગયો છે. ભારતીય ક્રિકેટ જગતમાં છેલ્લા કેટલાક સમયથી મુંબઈ અને પંજાબ વચ્ચેની હાઈપ્રોફાઈલ ટ્રેડ ડિલની ચર્ચા હતી, જેને બીસીસીઆઈએ મંજુરી આપી દીધી છે. હાર્દિક તેની વર્તમાન રૂપિયા ૧૬.૩૫ કરોડની ફી સાથે પંજાબમાં જોડાયો છે. જ્યારે અર્ષદીપ તેની ૧૮ કરોડની ફી સાથે મુંબઈમાં સામેલ થઈ ગયો છે.

આજે 'સાફ' ચેમ્પિયનશિપમાં ભારત-ભુતાનની પુરુષ ફૂટબોલ ટીમ વચ્ચે સેમી ફાઈનલ, બપોરે ૨.૩૦થી

કારકિર્દીની પહેલી વન ડેમાં બિઅર્ડમેને છ વિકેટ ઝડપી



પ્રથમ વન ડે : ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને સાત વિકેટથી પરાજય આપ્યો

પર્થ : ૨૧ વર્ષના મહલી બિઅર્ડમેને કારકિર્દીની પ્રથમ વન ડેમાં જ ૭.૪ ઓવરમાં ૨૪ રનમાં છ વિકેટ ઝડપી ઈતિહાસ રચતાં ઓસ્ટ્રેલિયાએ પ્રવાસી ઈંગ્લેન્ડ સામે સાત વિકેટથી જીત હાંસલ કરી હતી. પર્થમાંરમાયેલી મેચમાં પોતાની પ્રથમ જ આંતરરાષ્ટ્રીય વન ડે મેચ રમતા બિઅર્ડમેને ૭.૪ ઓવરોમાં ૨૪ રન આપીને છ વિકેટ ઝડપી હતી. તે ડેબ્યુ વન ડેમાં છ વિકેટ ઝડપનારો પ્રથમ ઓસ્ટ્રેલિય બોલર બન્યો છે. અગાઉનો રેકોર્ડ ડોડેમેડના નામે હતો. તેણે શ્રીલંકા સામે ૧૯૮૮માં તેની કારકિર્દીની પ્રથમ વન ડે મેચમાં પાંચ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૧૩૧ રનમાં સમેટાઈ ગઈ હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર ૨૩.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૩૨ રન બનાવી વિજય મેળવી લીધો હતો.બિઅર્ડમેને સરેરાશ ૧૪૫ કિલોમીટરની ઝડપે બોલ ફેંક્યા હતા. **સ્કોર** : ઈંગ્લેન્ડ ૩૩.૪ ઓવરોમાં ૧૩૧ (એટકિનસન ૨૯*, બિઅર્ડમેન છ અને જોહન્સન ત્રણ વિકેટ)હાર્યું સાત વિકેટથી વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા ૨૩.૩ ઓવરોમાં ૩ વિકેટે ૧૩૨ (કેપ્ટન મિચેલ માર્શ૩૦ બોલમાં ચાર ચોગ્ગા, ચાર છગ્ગા સાથે ૫૦, રેનશો અણનમ ૨૬) ટોસ માર્શ જીત્યો હતો. હવે બીજી વન ડે ૧૫ નવેમ્બરે એડિલેડમાં રમાશે



બહેરિનમાં અમેરિકાની અર્લી વોર્નિંગ સિસ્ટમ તબાહ કરાઈ

ખાડી યુદ્ધનો અંત લાવવા ટ્રમ્પ પુતિનના બારણે : ઈરાનનો દાવો

વોશિંગ્ટન,તા.૧૩

એક સમયે રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરાવી દઈશ તેવો દાવો કરતાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ઈરાન યુદ્ધમાં અટવાઈ ગયા પછી તેનો અંત લાવવા માટે રશિયન પ્રમુખ પુતિનના બારણે પહોંચ્યા છે. અમેરિકાએ રશિયન પ્રમુખ પુતિનને જણાવ્યું છે કે તે ઈરાન સાથે સીધી વાટાઘાટ કરવાની વ્યવસ્થા ગોઠવી આપે જેથી યુદ્ધનો અંત લાવવાની પ્રક્રિયા ઝડપી બની, એમ ઈરાનની સંસદના સ્પીકર અને શાંતિ મંત્રણાના મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાઘેર કાલિબાફે જણાવ્યું હતું.

જેડી વાન્સ ઈરાન યુદ્ધના બદલે ડેમોક્રેટના અંકુશવાળા રાજ્યોમાં ભ્રષ્ટાચાર અને ગુનાઓ પર ધ્યાન આપે : ટ્રમ્પ

બીજી બાજુએ ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર કાલિબાફે દાવો કર્યો છે કે અમેરિકાએ રશિયાના પ્રમુખ પુતિનને ઈરાન સાથે સીધી વાટાઘાટની વ્યવસ્થા કરવા જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના રશિયા સાથે ઘણા સારા સંબંધો છે. બીજી બાજુએ ઈરાનના પણ રશિયા સાથે સારા સંબંધ છે. અમે પણ રશિયન પ્રમુખ પુતિન પ્રત્યે સન્માનની ભાવના ધરાવીએ છીએ. તેથી શાંતિ સ્થાપવા માટેના તેમના પ્રયત્નોને અમે ઉથાપીશું નહીં. તેમણે જણાવ્યું હતું કે અમે રશિયાને અમારી સ્થિતિ અને અમારા વલણની વાત જણાવી દીધી છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે દાવો કર્યો છે કે તેણે બહેરિનમાં અમેરિકાની અર્લી વોર્નિંગ સિસ્ટમને તોડી પાડી છે. અમેરિકાએ દક્ષિણ ઈરાનના સિરિકમાં આવેલા બંદર પર હુમલો કરી ટેલિકમ્યુનિકેશન પોલ ધ્વસ્ત કરી સંચાર પ્રણાલિને નુકસાન પહોંચાડ્યું હતુ તેના જવાબમાં ઈરાને આ હુમલો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે બહેરીન ઈરાનનું આકરું ટીકાકાર છે અને અમેરિકાનો પાંચમો કાફલો ત્યાં છે. રડારને થયેલા નુકસાનના લીધે અમેરિકન લશ્કરની હુમલો કરવાની ક્ષમતા પર અસર પડી છે.

આ ઉપરાંત તેમનું કહેવું હતું કે હોર્મુઝની ખાડીમાં વધુ એક ટેન્કર ત્યાં બિછાવવામાં આવેલી સુરંગોને અથડાયું છે. તેના કારણે તેમા વિસ્ફોટ થયો છે. આ ટેન્કર ત્યાંથી નીકળવાનો પ્રયત્ન કરી રહ્યુ હતુ. આ ટેન્કરે પૂર્વી ભાગમાંથી પસાર થતી વખતે વારંવાર આપવામાં આવેલી ચેતવણીઓને પણ અવગણી હતી, તેના કારણે તેમા ધડાકો થયો હતો.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સને સૂચના આપી છે કે તેઓ તેમનું ધ્યાન ઈરાન યુદ્ધના બદલે ડેમોક્રેટ્સના અંકુશવાળા રાજ્યો અને શહેરોમાં ભ્રષ્ટાચાર અને ગુનાઓ પર વાળે. વાન્સ આઠ મહિના સુધી ચાલેલા યુદ્ધમાં મુખ્ય વાટાઘાટકાર હતા.

સોનું રાખવાની છૂટ સ્ત્રોત જાહેર કરવામાંથી છૂટ નથી આપતી : સુપ્રીમ

સોનું મર્યાદામાં રાખવાની છૂટ છતાં પણ આવકનો સ્ત્રોત જણાવવો પડે

નવી દિલ્હી, તા. ૧૩

સોનું રાખવાની બાબતમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમે સ્પષ્ટતા કરી છે કે દરેકને ઘરમાં સોનું રાખવાની ભલે છુટ હોય પણ સોનુ ક્યાંથી ખરીદ્યું તે આવકનો સ્ત્રોત તો બતાવવો જ પડશે. નિયમ મુજબ પરિણીત મહિલા ઘરે ૫૦૦ ગ્રામ સોનું રાખી શકે છે. જેના આધારે એક મહિલાએ પોતાની સામે કાર્યવાહીમાં છૂટછાટ માગી હતી. જોકે સુપ્રીમે કહ્યું હતું કે આ ૫૦૦ ગ્રામ સોનું રાખવાની છૂટછાટ આવકનો સ્ત્રોત જાહેર કરવામાંથી આપમેળે મૂકતી નથી આપતી.

૫૦૦ ગ્રામ સોનું રાખવાની છૂટના આધારે આઈટીની કાર્યવાહીમાંથી મુક્તિની પરિણીતાની માગ સુપ્રીમે ફગાવી

નાણા મંત્રાલયની ૧ ડિસેમ્બર ૨૦૧૬ની જાહેરાત મુજબ પરિણીતા માટે ૫૦૦ ગ્રામ સોનું રાખવાની તો અપરિણીત મહિલા માટે આ મર્યાદા ૨૫૦ ગ્રામ તથા પુરુષો માટે આ મર્યાદા ૧૦૦ ગ્રામની છે. આ નિયમને ટાંકીને જ આ કેસમાં મુક્તિ માગવામાં આવી હતી. નિયમ મુજબ આઈટી સર્ચ દરમિયાન નોંધાયેલી આવક અને આ લિમિટ મુજબ સોનું બન્ને વચ્ચે મેળ ના પડે તો પણ તેને જપ્ત ના કરી શકાય. જોકે સુપ્રીમે એવી સ્પષ્ટતા કરી હતી કે તેમ છતા આવકનો સ્ત્રોત તો જાહેર કરવો જ પડે.

સુપ્રીમે આવકથી વધુ સંપત્તિના એક કેસમાં ઉક્ત ટિપ્પણી કરી છે. બિહારના નિગરાની પોલીસ સ્ટેશનમાં ૨૦૧૫ના રોજ ફુલપરી કુમારી અને એના પતિ વિરુદ્ધ આવકથી વધુ મિલકત ધરાવવાના આરોપ હેઠળ એફઆઈઆર થઈ હતી. તપાસ બાદ ફુલપરી કુમારી સામે ચાર્જશીટ નોંધાવાઈ ત્યાર પછી પટનાની સ્પેશ્યલ કોર્ટે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૧ના ચાર્જશીટની નોંધ લીધી હતી જેની સામે મહિલાએ પટના હાઇકોર્ટમાં અપીલ કરી હતી. અને એવી દલીલ કરી હતી કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટના ૧૧ મે, ૧૯૯૪ના સરક્યુલર અને સીબીડીટીની પ્રેસ રિલીઝ અન્વયે પરિણીત મહિલા ૫૦૦ ગ્રામ, કુવારી સ્ત્રી ૨૫૦ ગ્રામ અને પુરુષ ૧૦૦ ગ્રામ સોનું રાખી શકે છે. મારી પાસે નિર્ધારિત પ્રમાણથી વધુ સોનુ નહોતુ એટલે મારી સામે કોઈ કાનૂની કારવાઈ ન થઈ શકે. પટના હાઈકોર્ટે મહીલાની દલીલ સ્વીકારી કહ્યું હતું કે એની પાસે ૭૫૦ ગ્રામથી વધુ સોનું નહોતું અને સોનાના વજન અને એની સંપત્તિની ગણતરીમાં ભૂલ કરાઈ છે.

ઝાકીર નાઈક સામે ગૃહ મંત્રાલયનું પગલું

ઝાકીરની એનજીઓ પર પ્રતિબંધ પાંચ વર્ષ લંબાવાયો

નવીદિલ્હી,તા.૧૩

ગૃહ મંત્રાલયે ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન (આઈઆરએફ) પરના પ્રતિબંધને વધુ પાંચ વર્ષો માટે લંબાવ્યો છે. કેન્દ્ર સરકારે આ ફાઉન્ડેશનને ફરી એકવાર ગેરકાનૂની ઘોષિત કર્યું છે.

સંગઠનનો વડો ઝાકીર ભાષણો અને નિવેદનોમાં ઝેર ઓકે છે : કેન્દ્ર સરકાર

ગૃહ મંત્રાલયે યુએપીએ (અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રીવેન્શન, એકટ), ૧૯૬૭ અંતર્ગત આ અધિસૂચના પ્રસિધ્ધ કરી છે. સરકારે સંગઠનના વડા ઝાકિર નાઈકના ઝેર ઓકતા ભાષણો અને નિવેદનોને આપત્તિજનક ગણાવીને એની ગતિવિધિઓને પ્રતિબંધ લંબાવવાનું કારણ બનાવ્યું છે.

ગૃહ મંત્રાલયે ૧૩ નવેમ્બરે ઉપરોક્ત અધિસૂચના પ્રસિધ્ધ કરી. આઈઆરએફના સંસ્થાપક અને અધ્યક્ષ ડો.ઝાકિર નાઈકની ગતિવિધિઓને પ્રતિબંધ લંબાવવાના કારણરૂપ બનાવાઈ છે. સરકારનો આરોપ છે કે ઝાકિર નાઈકના ભાષણ અને નિવેદન મુશ્કેલી ઊભી કરે એવા છે. એનાથી અલગ-અલગ ધાર્મિક સમૂદાયોની વચ્ચે નફરત, શત્રુતા અને વૈમનસ્ય ફેલાવવાનો ખતરો છે.

સરકારે શંકા વ્યક્ત કરી છે કે જો ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન પર પ્રતિબંધ ના લંબાવાયો તો એ બીજી વાર પોતાની દેશવિરોધી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. આ પરિસ્થિતિમાં સંગઠનની ગતિવિધિઓને દેશની સંપ્રભુતા, અખંડતા અને સુરક્ષા સામે જોખમરૂપ ગણાવાઈ છે. આ પ્રતિબંધ, રાજપત્ર (ગેઝેટ)માં અધિસૂચના પ્રકાશિત થયાની તારીખથી આગામી પાંચ વર્ષ માટે અમલી રહેશે.

ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે ઈમેઈલ કરાયો

અમિતાભના બંગલા, મેયર ઓફિસ, એરપોર્ટ પર વિસ્ફોટની ફરી ધમકી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૩

મુંબઈમાં એરપોર્ટ, મેયર ઓફિસ, મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના બંગલા જલસા અને પીએનબી શાખા સહિત સમગ્ર મહાનગરમાં બોમ્બ વિસ્ફોટની ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા. સવારે ૧૦-૫૨ વાગ્યે મોકલવામાં આવેલ આ ઈમેલમાં મુંબઈના પીએનબી ઝોનલ ઓફિસ, કફ પરેડ ખાતેની લોકલ કાઈમ બ્રાન્ચ અને દક્ષિણ મુંબઈમાં બેંકની ઝવેરી બજાર શાખામાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પુણેમાં પણ વિસ્ફોટોની ધમકી : છેલ્લા કેટલાય સમયથી મળતી ધમકીઓથી એજન્સીઓમાં દોડધામ

ઈમેલમાં મુંબઈમાં પીએનબી શાખામાં બપોરે ૧-૧૧ વાગ્યે બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ હતો. તેમાં ૨૭ નવેમ્બર અને ૩૧ ડિસેમ્બર સહિતની તારીખોનો પણ ઉલ્લેખ હતો અને બોમ્બ હુમલાના ધમકીભર્યા સંદર્ભો હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે ઈમેલમાં મુંબઈની બેંકો, છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, મહાલક્ષ્મી સ્ટેડિયમ, બચ્ચનનો જલસા બંગલો, મેયર કાર્યાલય સહિત અનેક સ્થળોનો ઉલ્લેખ કરતી ધમકીઓ હતી. આ ઉપરાંત ખાલિસ્તાન અને ખાલિસ્તાન નેશનલ આર્મી નામના કથિત સંગઠનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે મોકલવામાં આવેલા અન્ય એક ઈમેલમાં પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન મુખ્યાલય અને શહેરના મેયરના કાર્યાલયને બોમ્બ વિસ્ફોટના સંભવિત લક્ષ્ય બનાવવાનું જણાવવામાં આવ્યું હતું.વિસ્ફોટનો સમય બપોરે ૩-૧૧ વાગ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, એમ બીજા અધિકારીએ જણાવ્યું હતું.

ધમકીભર્યા ઈમેલ મળ્યા બાદ પીએમસી હેડક્વાર્ટર જ્યાં મેયરનું કાર્યાલય પણ આવેલું છે ત્યાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

ગુરુવારે બપોરે ૧-૧૬ વાગ્યે ઈમેલ મળ્યો હતો. ત્યારબાદ (પીએમસી હેડક્વાર્ટર પર) સુરક્ષા વધારી દેવામાં આવી હતી અને બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી, એમ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ઈન્ચાર્જ ગણેશ સોનુને જણાવ્યું હતું.

પીએમસીને ૧૦ જૂન અને ૩ નવેમ્બરના રોજ પણ બોમ્બ ધમકીના આવા જ ઈમેલ મળ્યા હતા. બંને ધમકીઓ પાછળથી પોકળ સાબિત થઈ હતી.

હવાલાથી રકમ મોકલાયાની પોલીસને માહિતી

દુબઈ ગેંગસ્ટરને બોલિવૂડ ડિરેક્ટરે પાંચ કરોડની ખંડણી ચૂકવી

મુંબઈ, તા. ૧૩

તાજેતરમાં ટાઈગર શ્રોફ અને તે પહેલાં રોહિત શેટ્ટી તથા સલમાન ખાનને ત્યાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા ગોળીબારને કારણે બોલિવુડમાં ભયનો માહોલ છે તે વચ્ચે બોલિવુડના એક ટોચના ડાયરેક્ટરે તાજેતરમાં દુબઈમાં એક ગેંગસ્ટરને પાંચ કરોડ રુપિયાની ખંડણી ચૂકવી હોવાની વાત વહેતી થઈ છે. જોકે, આ મુદ્દે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી.

બિશ્નોઈ ગેંગના ભયના માહોલ વચ્ચે ખંડણી ચૂકવ્યાની ચર્ચા : ડાયરેક્ટરનો પોલીસને ઈનકાર

ચર્ચાતી વાત મુજબ આ બોલિવુડ ડાયરેક્ટરને ગેંગસ્ટર દ્વારા ખંડણીના અનેક કોલ આવ્યા હતા. હાલ બોલિવુડમાં મોટા કલાકારો તથા ડાયરેક્ટરો ફરી ફફડવા લાગ્યા છે તેવા સમયે આ ડાયરેક્ટરે છેવટે ઝૂકી જઈને આ ગેંગસ્ટરને ખંડણી મોકલી હોવાનું કહેવાય છે. આ રકમ હવાલા મારફતે દુબઈ ટ્રાન્સફર કરાઈ હોવાનું કહેવાય છે.

બીજી તરફ પોલીસને પોતાના સૂત્રો દ્વારા આ વ્યવહારની જાણ થઈ હતી. તે પછી પોલીસની ટીમ આ ડાયરેક્ટરને ઘરે પૂછપરછ માટે પણ પહોંચી હતી. જોકે, પોલીસ સાથે વાતચીત દરમિયાન ડાયરેક્ટરે પોતાને ખંડણી માટે કોઈ કોલ આવ્યાનું કે પોતે કોઈ ખંડણી ચૂકવી હોવા બાબતે ઈનકાર કર્યો હતો. પોલીસે આ ડાયરેક્ટરને કોઈ રીતે સતામણી તો કરવામાં નથી આવી રહી ને તે વિશે પૂછ્યું હતું પરંતુ ડાયરેક્ટરે તેનો નકારમાં જવાબ આપ્યો હતો. ડાયરેક્ટરે ઓન રેકોર્ડ કશું પણ કહેવાનું ટાળતાં પોલીસ પરત ફરી હતી.

ભારતમાં છઠ પૂજાની શરૂઆત



ભારતમાં શુક્રવારે છઠ પૂજાના પહેલા દિવસ નહાયીએ ખાયે સાથે છઠ પૂજાની શરૂઆત થઈ હતી. આ દિવસ બાદ શનિવારે ખરના હશે. જેમાં, દિવસભરના ઉપવાસ બાદ સૂર્યાસ્ત સમયે ખીર અને રોટલી ખાવામાં આવશે. તેની સાથે જ ૩૬ કલાકના નિર્જળા વ્રતની શરૂઆત થતી હોય છે. છઠ પૂજામાં ત્રીજા દિવસે સંધ્યા અર્ઘ્ય અને ચોથા દિવસે ઉર્ષા અર્ઘ્યની ઉજવણી કરવામાં આવે છે.

છેલ્લા દસકામાં સરકારે લીધેલા પગલાં ઉપયોગી સાબિત થયા

મિડલ ઈસ્ટમાં ઘર્ષણ વચ્ચે ભારત ઉર્જા ક્ષેત્રે પડકારો સામે ટકી રહ્યું : મોદી

નવી દિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હાલમાં મિડલ ઈસ્ટમાં ઘર્ષણ સમયે પણ ભારત ઈંધણના સંકટ સામે ટકી રહ્યું જેનું કારણ છેલ્લા એક દસકામાં આપણી ઈંધણ ક્ષમતામાં થયેલો વધારો છે. કર્ણાટકમાં આશરે ૧૫,૬૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ ખુલ્લા મુકતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારત માટે હાલનો સમય પડકારજનક રહ્યો જોકે તેમ છતા દસકાની મહેનતને કારણે તેનો સામનો કરવામાં આવ્યો.

કર્ણાટકમાં પીએમ મોદીએ ૧૫,૬૦૦ કરોડના પ્રોજેક્ટ ખુલ્લા મુક્યા, ડી. કે. શિવકુમાર સાથે મેટ્રોને લીલીઝંડી આપી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કર્ણાટકમાં આશરે રૂ. ૧૫,૬૦૦ કરોડના પ્રોજેક્ટ ખુલ્લા મુકવામાં આવ્યા, જેમાં કેટલાક રેલવે સ્ટેશનો, નવી રેલવે લાઈન વગેરેનો સમાવેશ થાય છે. બેંગલુરુમાં એક કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ઈરાન અને આસપાસ જે પણ સશસ્ત્ર ઘર્ષણ થઈ રહ્યા છે તેણે ભારતને ઉર્જા સુરક્ષાનું મહત્વ સમજાવ્યું છે. હાલમાં ભારત માટે આ પડકારજનક સમય છે.

છેલ્લા એક દસકામાં સરકાર દ્વારા જે પગલા લેવાયા તેના કારણે આ પડકારોનો સામનો કરી શકાયો છે.

મોદીએ કહ્યું હતું કે ઘરેલુ સ્તરે પેટ્રોલ, ડીઝલ, એલપીજી વગેરેની ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે. ફૂડ ઓઈલ સ્ટોરેજ સુવિધામાં સુધારા કરવામાં આવ્યા છે. વડાપ્રધાન દ્વારા જે પણ પ્રોજેક્ટને લીલીઝંડી આપવામાં આવી તેમાં મેંગાલુરુમાં એલપીજી સ્ટોરેજ સુવિધાનો પણ સમાવેશ થાય છે. જેનાથી ભારતમાં સ્ટોરેજમાં ૮૦,૦૦૦ મેટ્રિક ટનનો વધારો થશે.

મેટ્રોના પ્રોજેક્ટના કાર્યક્રમ દરમિયાન કર્ણાટકના મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર પણ હાજર રહ્યા હતા.

હિંસા ન આચરાઈ હોય તો કોઈ કાનૂની કાર્યવાહી ન થવી જોઈએ

શાંત આંદોલનો ડામવાં એ લોકશાહીનું ગળું ઘોંટવા સમાન કૃત્ય : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ, તા.૧૩

શાંત વિરોધ પ્રદર્શનને ડામી દેવાના ઈરાદે ફરિયાદ પક્ષ તરફથી ફોજદારી કેસ કરવામાં આવશે તો એ લોકશાહીને ગળે ટૂંપો દેવા સમાન દુ:ખદ દિવસ બની રહેશે એવું નિરીક્ષણ કરી બોમ્બે હાઈકોર્ટે રસ્તાની ખરાબ હાલત સામેના આંદોલનમાં જોડાવવા બદલ એક શખસ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરી હતી.

ચંદ્રપુર જિલ્લામાં ખરાબ રસ્તાના વિરોધમાં આંદોલનમાં ભાગ લેવા બદલ થયેલી એફઆઈઆર હાઈકોર્ટે રદબાતલ ઠેરવી

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચના ન્યાયમૂર્તિ એમ.ડબલ્યુ ચંદવાણીએ ગઈ ૨૯ ઓક્ટોબરે આ ચુકાદો આપ્યો હતો. નાગરિકને વિરોધ પ્રદર્શિત કરવાનો મળેલો બંધારણીય અધિકાર અને કઠોર કાનૂની કાર્યવાહી હાથ ધરવા વચ્ચેની પાતળી ભેદરેખા ભૂંસાવી ન જોઈએ એવું તેમણે મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

જ્યાં સુધી લોકો કાયદો હાથમાં લઈને હિંસા ન આચરે અને ખાનગી કે સાર્વજનિક મિલકતને નુકસાન ન પહોંચાડે અને લોકશાહીના માર્ગે વિરોધ પ્રદર્શન કરે ત્યારે તેને દાબી દેવા માટે ફરિયાદ પક્ષ તરફ કાનૂની કાર્યવાહી ન થવી જોઈએ, એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

ચંદ્રપુર જિલ્લાના રહેવાસી નિષ્કર્ષ નિમાગડેએ ગયા જાન્યુઆરીમાં ખરાબ રસ્તા સામેના આંદોલનમાં ભાગ લેવા બદલ તેની સામે નોંધાયેલી ચાર્જશીટ હાઈકોર્ટે રદબાતલ કરી હતી. નાંદગાંવ રહેવાસીઓએ રસ્તા પરના ખાડાને કારણે એક કારને અકસ્માત થયા બાદ શાંત વિરોધ પ્રદર્શન કર્યું હતું અને રસ્તા સુધારવાની માગણી કરી હતી. આ સાથે જ ખરાબ રસ્તા માટે જવાબદાર કોન્ટ્રાક્ટર અને પી.ડબલ્યુ.ડી.ના અધિકારીઓ સામે પગલાં લેવાનો અનુરોધ કર્યો હતો. આ આંદોલનમાં ભાગ લેવા માટે નિમાડે વિરુધ્ધ એફઆઈઆરની નોંધ કરવામાં આવી હતી. નિમાડેએ આ એફઆઈઆર અને ચાર્જશીટ રદ કરવા માટે બોમ્બે હાઈકોર્ટમાં ધા નાખી હતી.

ભારતીયોએ

(૧૭મા પાનાનું ચાલુ)

કુલ વેચાયેલા જથ્થાની દૃષ્ટિએ સોનપાપડી સૌથી આગળ હતી. ડ્રાયફ્રૂટનાં ગિફ્ટ પેકના ઓર્ડર પણ બમણાથી વધુ થયા હતા. ગિફ્ટ આપવા માટે ડિનર સેટ સૌથી લોકપ્રિય વસ્તુ બની હતી.

SBI પર

(૧૭મા પાનાનું ચાલુ)

ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે બેંકના અધિકારીઓએ દાવો કર્યો છે કે તેમણે બેંકનો ચોરાયેલો ડેટા ડાર્ક વેબ પરથી દૂર કરી દીધો છે અને ખાતરી કરી છે કે તેનો દુરુપયોગ થયો નથી.

હુઆંગનો ફેંસલો

(૧૭મા પાનાનું ચાલુ)

સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હતા. ૨૦૨૩માં તેઓ સ્વિસ ફાર્મા કંપની સેન્ડોઝ ગ્રુપના બોર્ડમાં જોડાયા હતા. જેમાં તેઓ સાયન્સ,ઈન્નોવેશન અને ડેવલપમેન્ટ કમિટિના સભ્ય તરીકે કામ કરે છે. તેઓ અન્ય સખાવતી કાર્યો પણ સામેલ છે. તેઓ એનવિડિયા કંપનીમાં ૨૦૨૦થી બોર્ડના સભ્ય છે. તેઓ કંપનીને તેમના બહોળાં અનુભવ થકી નેતૃત્વ પુરા પાડવાનું કામ કરે છે. આગામી દિવસોમાં હુઆંગની વિદાય સાથે તેમની ભૂમિકા શું રહેશે તે પણ ચર્ચાનો વિષય બની રહેશે.

લાભ પાંચમ

(૧૭મા પાનાનું ચાલુ)

હતી. ઊંચા ભાવને કારણે ગ્રાહકોએ ખરીદીની રીતમાં ફેરફાર કર્યો હતો. ભારે નેકલેસ સેટને બદલે ૧૨થી ૧૩ ગ્રામના હળવા નેકલેસ અને ઓછા વજનની જ્વેલરીને પસંદગી આપી હતી. લગ્નની સિઝન નજીક હોવાથી અનેક પરિવારોએ અગાઉથી જ દાગીનાની ખરીદી કરી હતી. જૂના સોનાની આપ-લેની ઓફરથી પણ ગ્રાહકોને નવી જ્વેલરી ખરીદવામાં મદદ મળી હતી.

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT

No. EDN.124/2026/41 Dated Shillong, the 2nd November, 2026

CONTINUATION NOTICE

Subject: Extension of last date for submission of student details for the conduct of examinations for CMJ University, Meghalaya

In continuation of the Public Notice issued by the Education Department vide No. EDN. 124/2026/29, dated 30th September, 2026, it is hereby notified for general information of all presently enrolled Diploma, Undergraduate and Postgraduate students of CMJ University that the last date for submitting personal and academic details via the designated Google Form has been extended.

The online form link:
https://forms.gle/3aMvMVWX2DxnN5cv5
will now remain active to accept responses until 1st December, 2026.

All eligible students who have not yet registered are strongly advised to complete the submission within this extended window. Failure to do so will hinder the examination process, as these details are mandatory for arranging examinations under external agencies/ third-party institutions supervised by the State Education Department.

Sd/-
Administrator, CMJ University, Meghalaya & Joint Secretary to the Govt. of Meghalaya Education Department

MIPR No.: 1989
Dated: 03-11-2026

શ્રદ્ધાંજલિ



સ્વ. સુભદ્રાબેન ભીખુભાઈ પડસાલા
(સ્વ.તા.૧૦-૦૬-૨૦૨૬)



સ્વ.ભીખુભાઈ નાનજીભાઇ પડસાલા
(સ્વ.તા.૧૪-૧૧-૨૦૨૬)

હર ક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે,
યાદોમાં પ્રત્યક્ષ દર્શન થયા કરે છે,
પરમાત્મા આપના આત્માને શીર શાંતિ અર્પે એ જ અંતરથી પ્રાર્થના...

B.Nanji GROUP

સંદીપ પડસાલા • વાસંતિ પડસાલા સ્વ. રાજેશ પડસાલા • નિલમ પડસાલા
શ્રી - નીલ • સિધ્ધી • રીધી પ્રેરક - રાધિકા • સિરાંત - પૈટેદી
ડૉ. અંજના જયસુખ સાવલીયા • કિરણ પ્રશાંત અમીન

શ્રદ્ધાંજલિ



સ્વ. પદેસ ભગદેવભાઈ સોમનાથ
જન્મ તા. ૩-૧-૧૯૫૬
અવસાન તા. ૧૧-૧૧-૨૦૨૫

આજ અમો સૌ ઘરે સમસ્ત જીવન સ્વજનો પરિજન કરીને સુખનો સાગર ખૂટ્યા જાય, આપનો પરોપકારી સ્વભાવ, નિડરતા, કર્મશિલતા અને હસમુખી મુદ્રાનો અભૂત ખરાબ મેળ અમારા ઘરિ જીવનની ખાલપૂરી પૂરી છે. આપના અકૂત સ્વજનો પૂરા કરવાની ઈશ્વર અમોને શક્તિ બક્ષે અને આપના આ પુણ્યતિથિના પાવન દિને આપનો પરિવાર આત્મા પરમ શાંતિ પામે એ જ પ્રાર્થના.

કિ. પદેસ લંડનવાલા હસ્તે.
(ક્રમશ: મનીષની સિમિટેડ)
પદેસ હસમુખ હસ્તે. પદેસ સ. પંકજ હસ્તે.
પદેસ હસમિત હસ્તે. (U.S.A.)

અમારાં વ્હાલાં નાનીના
દુ:ખદ અવસાનની જાહેરાત



પ્રભાવતી પી. ભગવતી
(સ્વ. ન્યાયમૂર્તિ પી.એન. ભગવતીના ધર્મપત્ની)
૨૨.૦૧.૧૯૨૭ - ૧૨.૧૧.૨૦૨૬

પક્ષથી અને પ્રકાશ જયકર, પક્ષથી અને સાહિત્ય સોસ સોમાણી અને સોમાણી અમિત અને કાર્તી પૌત્રાઓ અને નબીરા પરિવાર
ગાર્ગી, રોનક, પણવા સોનાલ અને આદિત્ય
ઓરોરા અને અદિત્ય

દેશ-દુનિયા

લેટિન ગ્રેમી : દિલજીતના સંસ્કાર, કેરોલની સ્ટાઈલ વાયરલ



લાસ વેગાસમાં યોજાયેલા ૨૭મા લેટિન ગ્રેમી એવોર્ડ્સમાં આ વખતે મ્યુઝિકની સાથે ફેશન અને સંસ્કૃતિનું પણ અનોખું મિશ્રણ જોવા મળ્યું. **ડેડી યેન્કી સાથે દિલજીતનું પર્ફોર્મન્સ :** દિલજીત દોસાંઝે ઈતિહાસ રચ્યો હતો. તે લેટિન ગ્રેમી એવોર્ડ્સમાં લાઈવ પર્ફોર્મ કરનાર પહેલો ભારતીય કલાકાર બન્યો હતો. તેણે ડેડી યેન્કી સાથે પોતાના તાજેતરના સોંગ 'પોકીટો' પર પર્ફોર્મ કર્યું હતું. આ ગીતમાં પંજાબી અને સ્પેનિશ ભાષાના સંગીતનો સુંદર સમન્વય જોવા મળે છે. **ડેડી યેન્કીની માતાના પગે લાગીને દિલજીતે દિલ જીત્યાં :** દિલજીતના પર્ફોર્મન્સ કરતાં પણ તેમનો એક બેકસ્ટેજ વીડિયો સોશિયલ મીડિયા પર વધુ ચર્ચામાં આવ્યો છે. કાર્યક્રમ બાદ ડેડી યેન્કીએ દિલજીતની મુલાકાત પોતાની માતા રોઝા રોડ્રિગ્ઝ સાથે કરાવી હતી. આ દરમિયાન દિલજીતે ભારતીય પરંપરા મુજબ તેમના પગે લાગીને આશીર્વાદ લીધા હતા. ઈન્ટરનેશનલ મંચ પર પણ પોતાની સંસ્કૃતિ અને સંસ્કારો સાથે જોડાયેલા રહેવાના દિલજીતના આ અંદાજની સોશિયલ મીડિયા પર પ્રશંસા થઈ રહી છે. **કેરોલ જીનો રેડ કાર્પેટ પર બ્રાઈડલ લુક :** કેરોલ જી આ સમારોહની સૌથી ચર્ચિત ફેશન સ્ટાર્સમાંની એક રહી હતી. તેણે રેડ કાર્પેટ માટે વ્હાઈટ જ્યારે, પરફોર્મન્સ માટે ગોલ્ડન ડ્રેસ પસંદ કર્યો હતો. તેના આ બંને લૂક્સ સોશિયલ મીડિયામાં ચર્ચામાં રહ્યા હતા.


દિલજીતે બેકસ્ટેજમાં લેટિન સુપરસ્ટાર ડેડી યેન્કીના માતાના પગે લાગીને સૌના દિલ જીત્યા

સાજીદ ખાનને ફિલ્મનું દિગ્દર્શન સોંપાયું

એકતા કપૂરની હોરર કોમેડીનું ટાઈટલ હીરો કી હોરરઈન રખાયું

મુંબઈ, તા. ૧૩

એકતા કપૂરની બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા નિર્મિત હોરર કોમેડી ફિલ્મ 'હીરો કી હોરરઈન' ફિલ્મનું મોશન પિક્ચર પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું હતું.



આ ફિલ્મનું નિર્દેશન સાજીદ ખાનને સોંપવામાં આવ્યું છે. ફાઈડે થર્ટીન્થ નિમિત્તે ફિલ્મનું પોસ્ટર જારી કરી હોરર કોમેડી ફિલ્મનો લાક્ષણિક પ્રચાર કરવામાં આવ્યો હતો. ફાઈડે થર્ટીન્થ એ હોલીવૂડની વિખ્યાત હોરર ફિલ્મ છે.

ફિલ્મના કળાકારો તથા તેની રીલિઝ ડેટ વગેરે અન્ય વિગતો જાહેર કરવામાં આવી નથી પણ ફિલ્મને ૨૦૨૭માં થિયેટર્સમાં રજૂ કરવાની નિર્માતાઓની નેમ છે.

મોશન પોસ્ટર લોન્ચ કરાયું : ૨૦૨૭માં આ ફિલ્મને થિયેટર્સમાં રજૂ કરશે

રામાયણ ફિલ્મના બીજા ભાગનું ૬૦ ટકા શૂટિંગ પૂર્ણ થઈ ગયું

મુંબઈ, તા. ૧૩

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ'ના બીજા ભાગનું આશરે ૬૦ ટકા શૂટિંગનું કામ પુરૂ થઈ ચૂક્યુ છે. પણ બીજા ભાગમાં યુદ્ધના દૃશ્યો હોઈ તેમાં વીએફએક્સનું કામ વધારે રહેશે તેમ ફિલ્મના સિનેમેટોગ્રાફર પંકજ કુમારે જણાવ્યું હતું.

ફિલ્મનો બીજો ભાગ વધારે ભવ્યે બનાવવાનો હોઈ તેમાં વીએફએક્સ અને મોશન કેપ્ચરનું કામ કરવામાં વધારે સમય લાગે તેમ છે.

'રામાયણ'ના બીજા ભાગમાં વધારે કમ્પ્યુટર ગ્રાફિક્સ દ્વારા સર્જિત પાત્રો જોવા મળશે. જેમાં હનુમાન અને તેમની વાનર સેનાના પરાક્રમો બતાવવા માટે સીજીઆઈનો ઉપયોગ મોટાપાયે કરવામાં આવશે.

લોકોએ કહ્યું આ તો વિકાસના વધારની સુગંધ છે

જુહી ચાવલા મુંબઈમાં સતત કેરોસીન કે ડીઝલ બળવાની વાસથી પરેશાન

મુંબઈ, તા. ૧૩

જુહી ચાવલાએ એક ટ્વિટ કરી તેને મુંબઈની હવામાં કેરોસીન કે ડિઝલ બળતું હોય એવી વિચિત્ર વાસ સતત આવી રહ્યાની ફરિયાદ કરતાં સવાલ કર્યો હતો કે આ શેની વાસ છે તે મને કોઈ સમજાવશે? બીજા કોઈને પણ આવી વાસ આવતી હોય તો મને જણાવશો.



જુહીના આ ટ્વિટ પર સેંકડો લોકોએ જાતભાતના જવાબો આપ્યા હતા. કોઈએ લખ્યું હતું કે આ તો વિકાસનો વધાર થયો છે. કોઈએ કહ્યું હતું કે આ તો અમૃતકાળની સુગંધ છે, તમારે તનો આનંદ માણવો જોઈએ. એક ચાહકે તો જુહીને દિયા મિર્ઝાની સંગત નહીં કરવાની સલાહ પણ આપી દીધી હતી. ઉલ્લેખનીય છે કે દિયા પર્યાવરણને લગતા પ્રશ્નો ઉઠાવતી રહે છે. તાજેતરમાં બીએમસીએ ખુદ દિયાને આમંત્રણ આપીને તેનો ગ્રીન ફટાકડાની તરફેણ કરતો વીડિયો પોતાના હેન્ડલ પર પોસ્ટ કર્યો હતો પરંતુ રાજકીય વિવાદ બાદ તે ડિલીટ કર્યો હતો.

છેલ્લા કેટલાય સમયથી ચાહકો ફરિયાદ કરી રહ્યા છે કે બોલિવુડ સેલિબ્રિટીઓ ૧૦-૧૨ વર્ષ પહેલાં પેટ્રોલ ભાવવધારા સહિતના મુદ્દે સ્પષ્ટ મંતવ્યો આપતા હતા પરંતુ હવે તેઓ મોટાભાગે મૂક રહે છે.

કેટલાક ચાહકોએ જુહીને પર્યાવરણવાદી દિયા મિર્ઝાથી દૂર રહેવાની સલાહ પણ આપી દીધી

બેન્ડિટ ક્વિન ફિલ્મના અંતથી બીજો ભાગ શરૂ થશે

ફૂલનદેવીની જીવનકથા બેન્ડિટ ક્વિન પરથી ૩૨ વર્ષ બાદ સીકવલનું એલાન

મુંબઈ, તા. ૧૩

૧૯૯૪માં આવેલી ક્લાસિક ફિલ્મ શેખર કપૂરની 'બેન્ડિટ ક્વિન'ના નિર્માતા બોબી બેદીએ ફિલ્મની સીકવલ 'બેન્ડિટ ક્વિન, એમપી'ની જાહેરાત કરી છે.



આ ફિલ્મનું નિર્દેશન 'રાત અકેલી હૈ' નામની સફળ વેબ સીરિઝ નિર્દેશિત કરનારી હની ત્રેહાન કરશે.

બેહમાઈ હત્યાંકાંડની સજા કાપી જેલમાંથી ફૂલનદેવી બહાર આવે છે ત્યાંથી ફિલ્મ શરૂ થશે અને તે પછી લગ્ન, તેણે જીતેલી ત્રણ ચૂંટણીઓ અને ૨૦૦૧માં તેની હત્યા થઈ ત્યાં સુધીની કહાની રજૂ કરવામાં આવશે. મૂળ ફિલ્મમાં સીમા બિશ્વાસે ફૂલનદેવીની ભૂમિકા ભજવી હતી. નિર્માતા બોબી બેદીએ ૨૦૧૯માં 'ફૂલનદેવી' નામની વેબસિરિઝ તિગ્માંશુ ધૂલિયાના નિર્દેશનમાં બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં ફૂલનદેવીની ભૂમિકા ભજવવા માટે તનિષ્ઠા ચેટર્જીની પસંદગી કરાઈ હતી. ફૂલનદેવીની જિંદગીના ઉત્તરાર્ધને રૂપેરી પડદે રજૂ કરવાનો આ બીજો પ્રયાસ છે.

બેન્ડિટ ક્વિન, એમ પી ફિલ્મમાં સાંસદ ફૂલન દેવીના ત્રણ ચૂંટણીઓમાં વિજય અને હત્યાની સ્ટોરી રજૂ થશે

આઈપીએલ ટીમની માલિક અને સાઉથના મ્યુઝિશિયનના લગ્ન



મ્યુઝિશિયન અનિરુદ્ધ રવિચંદર અને આઈપીએલ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારનનાં લગ્ન ચર્ચાનો વિષય બન્યાં છે. ગ્રીસમાં યોજાયેલા લગ્નની સૌથી ખાસ વાત તેની વિધિ રહી હતી. બંનેએ પરંપરાગત ધાર્મિક વિધિઓને બદલે 'સેલ્ફ રિસ્પેક્ટ મેરેજ' એટલે કે આત્મસન્માનના લગ્નની પદ્ધતિ અપનાવી હતી. આ લગ્નમાં પંડિત, મંત્રોચ્ચાર કે લાંબી ધાર્મિક વિધિઓને બદલે એકબીજાની સંમતિ અને સમાનતાને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. તમિલનાડુમાં ૧૯૬૭માં હિન્દુ મેરેજ એક્ટમાં કલમ ૭-એ ઉમેરવામાં આવી હતી. આ જોગવાઈ હેઠળ સેલ્ફ રિસ્પેક્ટ મેરેજને કાયદાકીય માન્યતા મળી હતી. આ પદ્ધતિમાં પંડિત, અગ્નિની સાક્ષી કે સપ્તપદી જેવી પરંપરાગત વિધિઓ જરૂરી નથી. સુપરસ્ટાર રજનીકાંત, તેમની પત્ની લતા રજનીકાંત, એમ.કે. સ્ટાલિન સહિત અનેક જાણીતા મહેમાનો હાજર રહ્યા હતા.

સોનિયા ગાંધીનો સ્વીકાર : ભારતમાં સૌથી પહેલાં બચ્ચન દંપતીએ તેમને નિઃસ્વાર્થ રીતે સ્વીકારીને મનોબળ પૂરું પાડ્યું હતું

હરિવંશ રાય બચ્ચન અને તેજી આન્ટી માતા-પિતા જેવા હતા!

સોનિયા ગાંધીએ પોતાના સંસ્મરણ 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ'માં જીવનની સૌથી ભાવુક ક્ષણોનો ખુલાસો કર્યો છે. રાજીવ ગાંધી સાથે લગ્ન પહેલા જ્યારે તેઓ પહેલીવાર ભારત આવ્યાં, ત્યારે તેમની સામે સાવ અજાણી દુનિયા હતી. તેઓ ૧૩ જાન્યુઆરી ૧૯૬૮ની વહેલી સવારે દિલ્હીના જૂના એરપોર્ટ પર ઊતર્યાં હતાં. ત્યાંથી સીધા તેમને ૧૩, વિલિંગડન ક્રેસન્ટ લઈ જવામાં આવ્યાં હતાં. આ જગ્યા દેશના પ્રખ્યાત હિન્દી ભાષાના કવિ હરિવંશ રાય બચ્ચન અને તેમનાં પત્ની તેજી બચ્ચનનું નિવાસસ્થાન હતું. બચ્ચન પરિવારે સોનિયાને પોતાના ઘરમાં રાખીને એક સાચા વાલીની જેમ સહારો આપ્યો હતો. સોનિયા ગાંધી મુક્તમને સ્વીકારે છે કે, અમિતાભ બચ્ચન અને રાજીવ ગાંધીની મિત્રતા જાણીતી પણ તેના કરતા વધારે ગાઢ મિત્રતા તેજી બચ્ચન અને ઈન્દિરા ગાંધીની હતી. તેના પગલે જ કદાચ તેમણે એક માતા-પિતાની જેમ સોનિયાને શરૂઆતના વર્ષોમાં આવકાર્યા અને સાચવ્યા હતા.

> રાજીવ ગાંધી સાથે લગ્ન પહેલા જ્યારે તેઓ પહેલીવાર ભારત આવ્યાં, ત્યારે તેમની સામે સાવ અજાણી દુનિયા હતી. તેઓ ૧૩ જાન્યુઆરી ૧૯૬૮ની વહેલી સવારે દિલ્હીના જૂના એરપોર્ટ પર ઊતર્યાં હતાં. ત્યાંથી સીધા તેમને ૧૩, વિલિંગડન ક્રેસન્ટ લઈ જવામાં આવ્યાં હતાં. આ જગ્યા દેશના પ્રખ્યાત હિન્દી ભાષાના કવિ હરિવંશ રાય બચ્ચન અને તેમનાં પત્ની તેજી બચ્ચનનું નિવાસસ્થાન હતું : બચ્ચન પરિવાર અને નેહરુ-ગાંધી પરિવારના સંબંધો ઘણા જૂના હતા. બચ્ચન પરિવાર અલ્હાબાદના દિવસોથી જ ઈન્દિરા ગાંધીનો પારિવારિક મિત્ર રહ્યો હતો : દિવસભરની મુલાકાતો પછી રાજીવ તેમને પાછા બચ્ચન પરિવારના ઘરે મૂકીને ચાલ્યા જતા હતા, ત્યારે સોનિયા રૂમમાં સાવ એકલાં પડી જતાં હતાં. તે એકલતામાં તેઓ અવારનવાર ચૂપચાપ પોતાના આંસુ વહાવતાં હતાં. તેમને ઈટાલીમાં છૂટેલું પોતાનું ઘર અને પોતાના પરિવારના લોકો ખૂબ યાદ આવતા હતા. ત્યારે તેજી બચ્ચન અને હરિવંશરાય એક માતા-પિતાની જેમ તેમની કાળજી લેતા

સોનિયા ગાંધીનો પરિવાર અને નેહરુ-ગાંધી પરિવારના સંબંધો ઘણા જૂના હતા. બચ્ચન પરિવાર અલ્હાબાદના દિવસોથી જ ઈન્દિરા ગાંધીનો પારિવારિક મિત્ર રહ્યો હતો. જ્યારે સોનિયા ૧૩, વિલિંગડન ક્રેસન્ટ પહોંચ્યાં, ત્યારે તેજી બચ્ચને તેમનું ખૂબ જ આત્મીયતાથી સ્વાગત કર્યું. સોનિયા ગાંધીએ આ પહેલી મુલાકાતને ખૂબ ઝીણવટથી યાદ રજૂ કરી છે. તેઓ આ વિશે લખે છે કે, ઠીંગણા કદના તેજી બચ્ચન તે સમયે જેકેટ અને પાટલૂન પહેરેલાં હતાં. તેમના માથા પર ફ્રેન્ચ શૈલીનો સ્કાર્ફ ખૂબ વ્યવસ્થિત રીતે બાંધેલો હતો.

તેજી બચ્ચને ઘરના વરંડામાં આવીને સોનિયાનું સ્વાગત કર્યું. તેમણે ખૂબ જ પ્રેમાળ સ્મિત વેર્યું અને સોનિયાને ખૂબ પ્રેમથી ભેટી પડ્યા. આ ઉષ્માભર્યા સ્વાગતે સોનિયાના મનમાં વિશ્વાસ જન્માવ્યો અને તેમની અંદરનો બધો સંકોચ અને ડર પળવારમાં દૂર થઈ ગયો. સોનિયા લખે છે કે આગળ જતાં તેજી બચ્ચન તેમના માટે માતા જેવાં બની ગયાં. તેઓ સોનિયાની દરેક જરૂરિયાતમાં મદદ કરવા તૈયાર રહેતાં હતાં. તેમણે સોનિયાને નવી વાતો શીખવી અને દરેક ડગલે એક માતાની જેમ સાચી સલાહ આપી.

વિદેશી નારીની સ્વદેશી સંવેદના

તેઓ આગળ જણાવે છે કે, સ્વાગતની તરત જ પછી સોનિયાને ઘરની જમણી બાજુએ બનેલા એક ખાસ રૂમમાં લઈ જવામાં આવ્યાં. આ રૂમ તેજી બચ્ચનના અંગત રૂમની બરાબર બાજુમાં આવેલો હતો. લગભગ એક વર્ષના લાંબા વિરહ પછી સોનિયા અને રાજીવ આખરે એકસાથે એકલા હતાં. સોનિયાને તે રૂમમાં ઉતારો આપતા પહેલા રાજીવ ગાંધીએ તેને આરામદાયક બનાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. તેમણે જાતે રૂમને ખાસ અંદાજમાં સજાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. પલંગની પાછળની દીવાલ પર પાબ્લો પિકાસોની પ્રખ્યાત 'બ્લુ પીરિયડ' પેઇન્ટિંગની એક સુંદર પ્રતિકૃતિ લગાવવામાં આવી હતી. આ પેઇન્ટિંગને રાજીવ કેમ્બ્રિજથી પોતાની સાથે લઈને આવ્યા હતા. આ ઉપરાંત પલંગ પાસે રાખેલા ટેબલ પર તાજા અને સુગંધિત ગુલાબોથી ભરેલી એક ફૂલદાની પણ રાખવામાં આવી હતી. રાજીવના આ પ્રયાસોથી તે સાદો રૂમ સોનિયા માટે ખૂબ જ આરામદાયક બની ગયો હતો.

તે રૂમને સજાવતી વખતે રાજીવ ગાંધીનું ધ્યાન રૂમ સાથે જોડાયેલા જૂના અને સાધારણ બાથરૂમ પર ગયું. તેઓ બાથરૂમના ફ્લોરને વધુ સારો બનાવવા માગતા હતા. આ માટે રાજીવ પોતાની માતા ઈન્દિરા ગાંધીના ઘરે પહોંચ્યા. ત્યાં રાખેલી એક જૂની પેટીમાંથી તેમણે વાદળી-લીલા રંગનો જાડો ગાલીચો કાઢ્યો. તે ગાલીચાને લાવીને તેમણે બાથરૂમ પાસે વ્યવસ્થિત રીતે પાથરી દીધો. રાજીવનો આ પ્રયાસ સારો હતો, પરંતુ તેનું પરિણામ ખૂબ જ ખતરનાક આવ્યું.



સોનિયા જ્યારે ફ્રેશ થવા માટે બાથરૂમમાં ગયાં, ત્યારે પગ મૂકતા જ તેમની તબિયત બગડવા લાગી. તે જૂના ગાલીચાને સાચવવા માટે કોઈ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. તે ગંધની અસરથી સોનિયાના શ્વાસ ઝડપથી ફૂલવા લાગ્યા. હકીકતમાં અસ્થમાને કારણે તેમને શ્વાસ લેવામાં થતી ગંભીર તકલીફ હતી. સોનિયાની હાલત જોઈને રાજીવ ગાંધી અને તેજી બચ્ચન ખૂબ ગભરાઈ ગયાં. બંનેએ તરત દોડીને તેમની મદદ કરી અને જરૂરી દવા આપી.

સોનિયા ગાંધી નોંધે છે કે, જ્યારે તેઓ ભારત આવ્યાં હતાં, ત્યારે રાજીવ પ્રત્યેનો તેમનો પ્રેમ જ તેમની સૌથી મોટી તાકાત હતો. પરંતુ એક નવા દેશ, નવી સંસ્કૃતિ અને ભાષાની અજાણી દુનિયામાં રહેવું સહેલું ન હતું. જ્યારે દિવસભરની મુલાકાતો પછી રાજીવ તેમને પાછા બચ્ચન પરિવારના ઘરે મૂકીને ચાલ્યા જતા હતા, ત્યારે સોનિયા રૂમમાં સાવ એકલાં પડી જતાં હતાં. તે એકલતામાં તેઓ અવારનવાર ચૂપચાપ પોતાના આંસુ વહાવતાં હતાં. તેમને ઈટાલીમાં છૂટેલું પોતાનું ઘર અને પોતાના પરિવારના લોકો ખૂબ યાદ આવતા હતા. રાજીવ જ્યારે પણ તેમને ઉદાસ જોતા, ત્યારે હંમેશા હિંમત આપતા અને સમજાવવાનો પ્રયાસ કરતા હતા.વર્ષો પછી જ્યારે સોનિયાએ જાહેર જીવનના થપાટા સહન કર્યા, ત્યારે તેમને હરિવંશ રાય બચ્ચનના શબ્દોની અસલી ઊંડાઈ સમજમાં આવી. સોનિયાએ લખ્યું કે બચ્ચનજી પોતાની તે વાતમાં કેટલા સાચા સાબિત થયા હતા. એક મહાન કવિ અને ખૂબ જ સંવેદનશીલ વ્યક્તિ હોવાના કારણે તેમણે પોતે પણ જનતાના બદલાતા મિજાજનો કડવો અનુભવ કર્યો હતો. સોનિયા ગાંધીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે હરિવંશ રાય બચ્ચન અને તેજી બચ્ચન તેમના માટે માતા-પિતાની જેમ ઊભાં રહ્યાં. તે સમયગાળામાં જ્યારે સોનિયાને પોતાના ભવિષ્યનો કોઈ અણસાર ન હતો, ત્યારે બચ્ચન દંપતીએ તેમને નિઃસ્વાર્થ આધાર અને આશરો આપીને બળ પૂરું પાડ્યું હતું.

હરિવંશરાય બચ્ચનના પૂજાપાઠ સમયે શંખનાદથી સોનિયાની ઊંઘ ખૂલી જતી

તેજી બચ્ચન સાથે મુકાલાત બાદ થોડો સમય આરામ કર્યા પછી સોનિયાની મુલાકાત ઘરના મોભી હરિવંશ રાય બચ્ચન સાથે થઈ. તેઓ તે સમયે પોતાના નિત્યક્રમ પ્રમાણે લટાર મારવા જવાની તૈયારીમાં હતી. સોનિયા ગાંધી નોંધે છે કે, હરિવંશજીનું શરીર થોડું આગળની તરફ નમેલું હતું.

તેમણે પોતાના શરીર પર એક શાલ ઓઢી રાખી હતી. તેમની આંખો પર ચશ્મા ચડેલા હતા અને માથા પર ઘાટા લહેરાતા વાળ હતા. જાણે કોઈ સાહિત્યિક કૃતિના પાત્રને જોતા હોઈએ તેવું જ લાગતું હતું. હરિવંશરાય બચ્ચનજીએ સોનિયાને જોઈને આત્મીય સ્મિત આપ્યું.

તેમણે કેટલાક ખૂબ જ પ્રેમાળ શબ્દો કહ્યા અને પછી ધીમે-ધીમે લટાર મારવા નીકળી ગયા. સોનિયાએ બચ્ચન પરિવારના ઘરે વિતાવેલા દિવસોની એક ખૂબ જ રસપ્રદ દિનચર્યા પણ શેર કરી છે. વહેલી સવારે બારી પાસે પગલાંના હળવા અવાજથી અવારનવાર તેમની ઊંઘ ખૂલી જતી હતી.

શરૂઆતમાં સોનિયાને નવાઈ લાગતી હતી કે આટલી સવારે બારી પાસે કોણ ફરી રહ્યું છે. પાછળથી તેમને ખબર પડી કે આ હરિવંશ રાય બચ્ચન હતા, જે ઘરની ચારે તરફ સવારે ચક્કર મારતા હતા. જ્યારે તેઓ ફરીથી સૂવાનો પ્રયાસ કરતાં, ત્યારે ઘરમાં એક અવાજ ગુંજતો તેમને જગાડી દેતો હતો. આ અવાજ બચ્ચનજી દ્વારા પૂજાપાઠ દરમિયાન વગાડવામાં આવતા શંખનો હોતો હતો.

શંખનાદની તરત જ પછી પૂજાની ઘંટડી વાગવાનો અવાજ ગુંજવા લાગતો હતો.

ન્યુઝ ફોકસ

સોનિયા બેટા, અહીં તું જેવી છે તેવી નહીં રહી શકે : બચ્ચન અંકલ

સોનિયા ગાંધીએ પોતાના આ પુસ્તકમાં તે સમયની એક મોટી વ્યવહારિક મુશ્કેલીનો પણ ઉલ્લેખ કર્યો છે. ઘણા વર્ષો સુધી અંગ્રેજીનો અભ્યાસ કરવા છતાં તેઓ તે સમયગાળામાં અંગ્રેજી ખૂબ કડકડાટ બોલી શકતાં ન હતાં. આ સાથે જ ભારતીય અંગ્રેજીના ખાસ લહેકાને સમજવામાં પણ તેમને ઘણી મહેનત કરવી પડતી હતી. હરિવંશ રાય બચ્ચન ક્યારેક-ક્યારેક સોનિયાને થોડી ઘણી હિન્દી શીખવવાનો પ્રયાસ કરતા હતા. જોકે સોનિયા એટલું શીખી શક્યા નહોતા કે, તેઓ પોતાની પૂરી વાત કોઈ બીજાને સમજાવી શકે. આ વાતચીત દરમિયાન હરિવંશજી અવારનવાર સોનિયાને એક ખાસ સલાહ આપતા હતા. તેમણે સોનિયાને ચેતવણી આપતા કહ્યું હતું, 'તારે એ જાણવું જોઈએ, સોનિયા બેટા, કે આ દેશમાં એ મહત્વનું નથી કે તું કોણ છે, પરંતુ એ મહત્વનું છે કે લોકો તને શું સમજે છે.' બચ્ચનજીની આ વાત સાંભળીને સોનિયા અવારનવાર ઊંડા વિચારમાં ડૂબી જતાં હતાં.

તેમને લાગતું હતું કે શું આનો અર્થ એ છે કે તેઓ ક્યારેય પોતાના અસલી રૂપમાં નહીં રહી શકે. તેઓ જેવાં હતાં તેવાં જ રહેવા માંગતાં હતાં અને તેમને એ સમજાતું ન હતું કે તેઓ પોતાની જાતને કોઈ બદલાયેલા રૂપમાં કેવી રીતે રજૂ કરે. તેમને આજે પણ એ સલાહ યાદ આવે છે કે, 'સોનિયા બેટા, અહીં તું જેવી છે તેવી નહીં રહી શકે'.

ગયા વર્ષની અનેક રાજકીય વિટંબણાઓ, મોંઘવારી, ફુગાવા વચ્ચે

લાભ પાંચમ : નવા વર્ષની સોનેરી શરૂઆત, 52 ટન સોનાની ખરીદી

નવી દિલ્હી,તા.૧૩

સોનાના ભાવમાં ઘટાડો થતાં ભારતીય ખરીદદારો ફરી સોના તરફ વળ્યા છે. ધનતેરસ અને દિવાળીના તહેવારો દરમિયાન દેશવાસીઓએ આશરે ૭૨,૦૦૦ કરોડનું ૫૨ ટન સોનું ખરીદ્યું હતું. ગયા વર્ષની સરખામણીએ સોનાની ખરીદીના જથ્થામાં ૩૦ ટકાનો વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસો.ના આંકડા મુજબ, આ વર્ષે ચાંદીની ખરીદીમાં પણ ૧૦ ટકાનો વધારો થયો હતો. લોકોએ આશરે ૩૦૦ ટન ચાંદી ખરીદવા માટે ૫,૪૦૦ કરોડ ખર્ચ્યા હતા. આ વખતે માત્ર સોનું અને ચાંદી જ નહીં, કુદરતી હીરાની ખરીદીમાં પણ સારી તેજી જોવા મળી હતી. કુદરતી હીરાનું વેચાણ છેલ્લા આઠ વર્ષમાં બીજા સૌથી ઊંચા સ્તરે પહોંચ્યું હતું. ધનતેરસના દિવસે કુદરતી હીરાના વેચાણમાં ગયા વર્ષની સરખામણીએ ૨૫૦ ટકાનો વધારો થયો હતો, જ્યારે દિવાળીની સિઝનમાં વેચાણ ૪૭ ટકા વધ્યું હતું.

ચાંદી પાછળ ૫,૪૦૦ કરોડ ખર્ચ્યા, લગ્નની સિઝનને કારણે જ્વેલરી બજારમાં તેજી : ડાયમંડની સેલ્સ ગત વર્ષ કરતા ૨૫૦ ટકા વધી

આ વર્ષે સોનાની ખરીદી વધવાનું મુખ્ય કારણ તેના ભાવમાં થયેલો ઘટાડો છે. જાન્યુઆરી ૨૦૨૬માં સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૧.૮૦ લાખની ટોચે પહોંચ્યો હતો. ત્યારબાદ ઘટીને ધનતેરસ-દિવાળીના સમયગાળામાં આશરે ૧.૪૨ લાખ થયો હતો. ભાવમાં લગભગ ૨૧ ટકાનો ઘટાડો થતાં અગાઉ ખરીદી ટાળી રહેલા ગ્રાહકો ફરી જ્વેલરીની દુકાનોમાં પહોંચ્યા હતા. જોકે, ગત વર્ષની સરખામણીએ સોનાના ભાવ હજુ પણ ઊંચા રહ્યા હતા.

ભારતીયોએ ઓનલાઈન કાજૂકતરી, ગોલ્ડ કોઈન ઓર્ડર કર્યા

દિવાળીની ખરીદીની રીતમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. અગાઉ લોકો સોના-ચાંદીના સિક્કા ખરીદવા જ્વેલર્સ પાસે અને મીઠાઈ લેવા દુકાનોમાં જતા હતા, પરંતુ હવે આ વસ્તુઓ પણ ૧૦ મિનિટમાં ઘરે પહોંચાડતી ક્વીક કોમર્સ એપ્સ પરથી મંગાવવામાં આવી રહી છે. આ દિવાળીમાં સૌથી વધુ ચર્ચામાં રહેલો ઓર્ડર મુંબઈના એક ગ્રાહકનો હતો. તેણે એક જ વખતમાં ૧.૧૧ લાખની ખરીદી કરી હતી. આ દિવાળીએ કાજૂ કતરી સૌથી વધુ મંગાવાયેલી મીઠાઈ રહી હતી. ત્યારબાદ મોતીચૂરના લાડુ અને બેસનના લાડુનો ક્રમ રહ્યો હતો. મૈસૂર પાક, સોનપાપડી, પેંડા અને ગુલાબજાંબુની પણ સારી માંગ રહી હતી.

(અનુસંધાન ૧૫મે પાને)

ભારતના ટુરિસ્ટ ડેસ્ટિનેશન ગુજરાતીઓથી છલકાયા

ગુજરાતીઓએ આ દિવાળી પર કમાલ કરી. આખેઆખું અમદાવાદ શહેર ખાલીખમ જોવા મળ્યું. બીજી તરફ, ટુરિસ્ટ ડેસ્ટિનેશન જેવા કે, ઉદયપુર, જયપુર, જેસલમેર, ગોવા, ઉજ્જૈનમાં ગુજરાતીઓ રેકોર્ડ સંખ્યામાં પહોંચ્યા હતા.

ઘણા ટુરિસ્ટ ડેસ્ટિનેશનથી રીલ્સ વાયરલ થઈ હતી, જેમાં ટાઈટલ આપવામાં આવ્યા હતા.

સબ આ ગયે કોઈ રહે તો નહીં ગયા.. ઉદયપુરમાં સનરાઈઝને જોવા માટે રેકોર્ડ સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આ સિવાય ગોવામાં પણ ગુજરાતીઓ જ ગુજરાતીઓ જોવા મળ્યા. અનેક પર્યટન સ્થળોની ભીડ રેકોર્ડ સ્તરે પહોંચી હતી. હોટલોના ભાડા પણ આભ આંબ્યા હતા.

ઉદયપુર, ગોવા, ઉજ્જૈન જ્યાં જુઓ ત્યાં ગુજરાતી



ગુજરાતની જનતાનો મિજાજ ગજબનો છે. તે મુશ્કેલીઓ વચ્ચે પણ મજા કરી જાણે. હાલની વાત જ લઈ લો. ઈકોનોમી ડામાડોળ ચાલી રહી છે. ધંધો મંદો છે. રાજકીય રીતે પણ કંઈ ખાસ નથી. પરંતુ, મજા કરવામાં કસકસર કરે તે બીજા. દિવાળીની રજાઓ દરમિયાન ભારતભરના ટુરિસ્ટ ડેસ્ટિનેશન ગુજરાતીઓથી છલકાયા. જ્યાં, જુઓ ત્યાં ગુજરાતીઓ. ક્યાંક, ઉદયપુરમાં સનરાઈઝ, મ્યુઝિયમ, પેલેસ જોવા માટે અતિ ઉસ્તાહી તો ક્યાંક ગોવામાં કાઠિયાવાડી ફૂડ શોધવા માટે તલપાપડ તો ક્યાંક ઉજ્જૈનમાં બાબા ભૈરવના દર્શન માટે શ્રદ્ધાની લાઈન લગાવીને ઊભેલો ગુજરાતી. આ બધામાં જે જોવા મળે તે કંઈક નવું જોવા, જાણવા અને પરિવારને ખુશ રાખવાની અંદરની ઈચ્છા. બાકી, એ કહેવું પણ આસાન હતું કે, હમણા નહીં. થોડા સમય પછી. થોડો ધંધો બરાબર ચાલે પછી. નિરાશાવાદની જગ્યાએ આશાવાદ. અરે જઈએને ફરવા. ક્રેડિટ કાર્ડ તો છે ને? એ તો થઈ જશે. આ આશાવાદ જ છે, જેના કારણે બિઝનેસમાં ગુજરાતીઓ અવ્વલ છે.

૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીનાં આંકડા જારી કરાયા

સરકારની તિજોરી છલકાઈ : નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને ૧૪.૪૧ લાખ કરોડ

નવી દિલ્હી, તા. ૧૩

આવકવેરા વિભાગે ૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીનાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનાં આંકડા જારી કર્યા છે. નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૧.૭૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને ૧૪.૪૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ.૧૭,૫૦,૨૮૫.૮૯ કરોડ, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ.૧૫,૩૫,૦૭૬.૩૧ કરોડ હતું

આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૭,૫૦,૨૮૫.૮૯ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષનાં સમાન ગાળામાં આ આંકડો ૧૫,૩૫,૦૭૬.૩૧ કરોડ રૂપિયા હતો.

આ રીતે ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૪.૦૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આંકડા અનુસાર સરકારે ૩,૦૮,૩૦૬.૯૮ કરોડ રૂપિયાનું રિફંડ પણ જારી કર્યું છે.

એક વર્ષ અગાઉ આ જ સમયગાળામાં રિફંડનો આંકડો ૨,૪૪,૮૭૨.૨૧ કરોડ રૂપિયા હતો. એટલે કે રિફંડમાં વાર્ષિક ધોરણે ૨૫.૯૧ ટકાનો વધારો થયો છે.

રિફંડ પછી ૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી કુલ નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪,૪૧,૯૭૮.૯૧ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે સમાન ગાળામાં આ ૧૨,૯૦,૨૦૪.૧૦ કરોડ રૂપિયા હતું. ગયા વર્ષની સરખામણીમાં તેમાં ૧૧.૭૬

(અનુસંધાન ૧૩મે પાને)

બસમાં મોટાભાગના યાત્રી વિદ્યાર્થીઓ હતાં

આસામનાં કાઝીરંગામાં ટ્રક અને મિની બસ વચ્ચે ટક્કર : ૨૬નાં મોત

ગુવાહાટી, તા. ૧૩

કાઝીરંગામાં ટ્રક અને યાત્રીઓથી ભરેલી મિની બસ સામસામે ટકરાઈ ગઈ હતી. જેના કારણે ૨૬ લોકોનાં મોત થયા હતાં. વાહનમાં સવાર મોટા ભાગનાં યાત્રીઓ વિદ્યાર્થીઓ હતાં.

બસની ઝડપ ખૂબ વધારે હોવાથી ડ્રાઈવરે અંકુશ ગુમાવતા બસ સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ હતી

યાત્રીઓ બંને વાહનોની વચ્ચે ફસાઈ ગયા હતાં. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું.

પોલીસે અત્યાર સુધી એ માહિતી આપી નથી કે બસમાં કુલ કેટલા લોકો સવાર હતાં. ઘાયલોને કોહોરા મોડલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ગંભીર રીતે ઘાયલ લોકોને વધુ સારી સારવાર માટે જોરહાટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતાં.

ગોલાઘાટનાં વરિષ્ઠ પોલીસ સુપ્રિટેન્ડેન્ટ સ્વપ્રનીલ ડેકાએ જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

(અનુસંધાન ૧૩મે પાને)

એઆઈ કંપનીનો સૌથી મોટો આઈપીઓ

એન્થ્રોપિકનો ૬૪.૪ અબજ ડોલરનો મેગા આઈપીઓ લોન્ચ કરાયો

કેલિફોર્નિયા, તા.૧૩

ક્લોડ એઆઈ ચેટબોટ બનાવતી અમેરિકન કંપની એન્થ્રોપિકે આઈપીઓ લાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. કંપનીએ આઈપીઓ માટે પ્રતિ શેર ૭૦ ડોલર થી ૭૮ ડોલરની પ્રારંભિક કિંમત નક્કી કરી છે. આ આઈપીઓ દ્વારા કંપની આશરે ૬૪.૪ અબજ ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે. જેથી કંપનીનું મૂલ્યાંકન આશરે ૧.૪૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. આ આઈપીઓ વૈશ્વિક શેરબજારના સૌથી મોટા આઈપીઓ પૈકીનો એક બની શકે છે. કંપની કુલ

(અનુસંધાન ૧૩મે પાને)

રોકાણકારોની પડાપડી, છ ગણો ઓવરસબ્સ્ક્રાઈબ થયો : એનવીડિયા ૧૦ અબજ ડોલરના શેર ખરીદશે

નિકાસમાં વાર્ષિક ધોરણે ૪૫ ટકાની વૃદ્ધિ

ઓક્ટોબરમાં ભારતની ગુડ્સ નિકાસ ૪૯.૪૭ અબજ ડોલરની નવી ટોચે

નવી દિલ્હી, તા. ૧૩

ભારતની વેપાર ખાધ ઓક્ટોબરમાં વધીને ૩૯.૮૮ અબજ ડોલર થઈ ગઈ છે. જે છેલ્લા ૧૨ મહિનાનાં ઉચ્ચ સ્તરે છે. આ દરમિયાન વસ્તુઓની આયાત વિક્રમજનક ૮૯.૩૫ અબજ ડોલર રહી છે. બીજી તરફ ભારતની નિકાસ પણ અત્યાર સુધીની સૌથી વધુ ૪૯.૪૭ અબજ ડોલર રહી છે. વાર્ષિક ધોરણે નિકાસમાં ૪૫ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

ઓક્ટોબરમાં આયાત વધીને વિક્રમજનક ૮૯.૩૫ અબજ ડોલર : વેપાર ખાધ વધીને ૩૯.૮૮ અબજ ડોલર

ગયા વર્ષે ઓક્ટોબરમાં ભારતની વેપાર ખાધ ૪૨.૫૮ અબજ ડોલર રહી હતી. તે વખતે આયાત ૭૬.૬૯ અબજ ડોલર રહી હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં પ્રથમ સાત મહિના એટલે કે એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન કુલ નિકાસ ૩૦૮.૦૬ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષનાં સમાન ગાળા કરતા ૨૨ ટકા વધારે છે.

આ સમયગાળામાં કુલ આયાત ૧૬ ટકા વધીને ૫૨૭.૨૧ અબજ ડોલર રહી છે.

આ રીતે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં પ્રથમ સાત મહિનાઓમાં દેશની વેપાર ખાધ ૨૧૮.૧૫ અબજ ડોલર રહી છે. વાણિજ્ય વિભાગનાં અંદાજ અનુસાર ભારતની સેવા નિકાસ વાર્ષિક ધોરણે ૧૫ ટકા વધીને ૪૦.૫૧ અબજ ડોલર રહી છે. જ્યારે સેવા આયાતમાં ૧૭ ટકા વૃદ્ધિનો અંદાજ છે. આ દરમિયાન સેવા આયાત ૨૦.૭૨ અબજ ડોલર રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

નિકાસમાં વૃદ્ધિને કારણે ભારતને ચાલુ નાણાકીય વર્ષ માટે સરકાર તરફથી નક્કી કરવામાં આવેલા નિકાસનાં ૧ લાખ કરોડ ડોલરનાં લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ મળશે. આ લક્ષ્યાંકમાં વસ્તુઓ અને સેવાઓ બંનેની નિકાસ સામેલ છે.

ખાતાં, લોન અરજીઓ સહિતની સંવેદનશીલ વિગતોની ચોરી

SBI પર સાયબર એટેક: ૩.૭૫ લાખ ગ્રાહકોનો ડેટા ડાર્ક વેબ પર

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૩

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયના નવી મુંબઈ ખાતેનાં ગ્લોબલ આઈટી સેન્ટર પર સાયબર એટેક કરી ચોરી લેવાયેલા ૩.૭૫ લાખ જેટલા રેકોર્ડ ડાર્ક વેબ પર મૂકી દેવાયા હતા. બેન્ક પર સાયબર એટેક ગયા મહિને ૧૦થી ૧૫ ઓક્ટોબર વચ્ચે થયો હતો પરંતુ આ ડેટા ડાર્ક વેબ પર મૂકી દેવાયાની જાણ બેન્કને એક મહિના બાદ થતાં આખરે હવે સીબીડી બેલાપુર પોલીસ મથકે આ અંગે ફરિયાદ થઈ છે.

નવી મુંબઈનાં ગ્લોબલ આઈટી સેન્ટર પર એક મહિના પહેલાં એટેક થયો હતો, હવે ફરિયાદ

એસબીઆઈ અધિકારી ભાવેશ નિકમ (૩૮) દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ફરિયાદ મુજબ અજાણ્યા વ્યક્તિઓએ હેકર ગ્રૂપ સિરિયસિમનો ઉપયોગ કરીને એસબીઆઈ ગ્લોબલ આઈટી સેન્ટરના સર્વરને ગેરકાયદેસર રીતે અક્સ્સેસ કર્યું હતું. હેકર્સે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એપ્લિકેશન્સમાંથી સીએસવી ફોર્મેટમાં ૩.૭૫ લાખ રેકોર્ડ ધરાવતી જુદીજુદી ફાઈલો અને વ્યક્તિગત માહિતી ધરાવતી ૨, ૭૨૧ પીડીએફ ફાઈલો ચોરી લીધી હતી. આમાં એસબીઆઈ ગ્રાહકોની વ્યક્તિગત વિગતો, લોન અરજી રેકોર્ડ, ખાતું ખોલવાની અરજીઓ, સંપર્ક માહિતી અને સરનામાંનો સમાવેશ થાય છે. ત્યારબાદ હેકર્સે ચોરાયેલા કેટલાક ડેટાને ડાર્ક વેબ પર પ્રગટ કરી દીધા હતા. આમ એસબીઆઈ અને તેના ગ્રાહકોની સંવેદનશીલ અથવા ગુપ્ત માહિતી વાયરલ કરી હતી.

સીબીડી-બેલાપુરના સિનિયર

(અનુસંધાન ૧૫મે પાને)

૭૪થી વધુ દેશોમાં કામ અટવાતા કરોડો ડોલરનું નુકસાન

માઈક્રોસોફ્ટ આઉટેજ : અમેરિકાથી ઓસ્ટ્રેલિયા સુધીના કામ ખોરવાયા

વોશિંગ્ટન,તા.૧૩

માઈક્રોસોફ્ટના વૈશ્વિક આઉટેજના લીધે શુક્રવારે૭૪થી પણ વધુ દેશોમાં ધંધાકીય કામકાજ અને સરકારી પ્રવૃત્તિઓ પર વિપરીત અસર પડી. હોંગકોંગમાં બેન્કિંગ સેવાઓ પર અસર પડી, ઓસ્ટ્રેલિયા અને જાપાનમાં સરકારી પ્રણાલિઓએ તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. જાપાનથી લઈને ઓસ્ટ્રેલિયા સુધીના કારોબાર પર અસર પડી.ઓસ્ટ્રેલિયન એરલાઈન્સની કામગીરી ઠપ થઈ ગઈ. ફિલિપાઈન્સની કોર્ટોનું કામકાજ ખોરંભે ચઢ્યુ. ગુરુવારે શરૂ થયેલા આ આઉટેજના લીધે કરોડો યુઝર્સ આઉટલૂક, માઈક્રોસોફ્ટ ટીમ્સ અને માઈક્રોસોફ્ટ ૩૬૫ની અન્ય એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં ભારે તકલીફોના સામનો કરવો પડ્યો.

કંપની ૨૦ કલાકે સમસ્યાનો ઉકેલ લાવવામાં આંશિક સફળ: કામ પૂર્વવત્ થતાં ૪૮ કલાકથી વધુ સમય લાગી શકે

અમેરિકન ટેકનોલોજી કંપની આ મુશ્કેલીની જાણકારી મળ્યા પછી તેને પૂર્વવત્ કરવા માટે સંઘર્ષ કરી રહી છે. જાણકારી મળ્યાના ૨૦ કલાક પછી પણ તેના એન્જિનિયરો આ સમસ્યાનો ઉકેલ લાવી શક્યા નથી. કંપની હજી પણ કહી રહી છે કે તેને ૪૮ કલાક જેટલો સમય લાગી શકે છે. તેણે સ્વીકાર્યું કે તેની સર્વિસને વધુ સારી કરવાની જરૂર છે.

માઈક્રોસોફ્ટ ૩૬૫માં આવેલી આ તકલીફના લીધે લાખો યુઝર્સ પોતાના આઉટલૂક ઈનબોક્સ ખોલી ન શક્યા. ઈ-મેઈલ મોકલવામાં અને મેળવવામાં ખાસ્સા સંઘર્ષનો સામનો કરવો પડી રહ્યો છે.

(અનુસંધાન ૧૩મે પાને)

ત્રણ અફેરથી કંપનીની માર્કેટ વેલ્યુમાં ૬૦૦ અબજ ડોલરનો કડાકો

હનીટ્રેપમાં ફસાયેલા જેન્સેન હુઆંગનું એનવિડિયાના સીઈઓપદેથી રાજીનામું

લોસ એન્જલસ,તા.૧૩

એક પછી એક એમ ત્રણ અફેર બહાર આવવાના લીધે એનવિડિયાના ચેરમેન જેન્સન હુઆંગે રાજીનામુ આપી દીધા પછી તેમના સીઈઓના હોદ્દા માટે ભારતીય મૂળના ત્રણ દાવેદાર રેસમાં છે. તેમા માઈક્રોના સીઈઓ સંજય મેહરોત્રા, પાલો ઓલ્ટો નેટવર્કના સીઈઓ નિકેશ અરોરા અને ગૂગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયન સામેલ છે. હુઆંગના અનુગામી તરીકે ચીફ ફાયનાન્સિયલ ઓફિસર કોલેટ કેસને વચગાળાના સીઈઓ તરીકે નીમવામાં આવ્યા હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

ગૂગલ-માઈક્રોસોફ્ટની જેમ એનવિડિયાનું સુકાન પણ ભારતીયને મળે તેવી સંભાવના

આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ચાવીરૂપ ચિપ બનાવનાર કંપની એનવિડિયાના સીઈઓ જેન્સન હુઆંગે તેમની ચાળીસ વર્ષથી પત્ની લોરી હુઆંગને છેહ દઈ બે લગ્નબાહ્ય સંબંધો બાંધ્યા હોવાનું કૌભાંડ બહાર આવતાં કંપનીના શેરના ભાવમાં કડાકો બોલી જવાને પગલે કંપનીની માર્કેટ વેલ્યુમાં ૬૦૦ અબજ ડોલરનું ગાબડું પડી જતાં કંપનીના બોર્ડ દ્વારા હુઆંગને સીઈઓપદેથી હાંકી કાઢવાની વિચારણા કરવામાં આવી રહી હતી ત્યારે જ જેન્સન હુઆંગે પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતું.

કેસ ૧૩ વર્ષથી વધારે સમયથી કંપનીના ફાયનાન્સ વિભાગને સંભાળી રહી છે. કેસ ૨૫ વર્ષ લાંબી કારકિર્દીમાં સિસ્કો અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓમાં પણ કામ કરી ચૂકી છે. સપ્ટેમ્બર ૨૦૧૩માં કેસ એનવિડિયામાં જોડાઈ હતી. કંપનીએ સીઈઓ બદલવાની

(અનુસંધાન ૧૩મે પાને)

હુઆંગનો ફેંસલો કરનારા બોર્ડમાં ગુજરાતી આરતી શાહ પણ સામેલ

ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્ટેટિક્સ અને મેથ્સમાં બેચલર્સ અને માસ્ટર્સની ડિગ્રી મેળવનારા આરતી શાહે યુએસમાં કેલિફોર્નિયા યુનિવર્સિટી રિવરસાઈડમાંથી એપ્લાઈડ સ્ટેટેટિક્સમાંથી પીએચડી કર્યા બાદ એલી લીલી નામની ફાર્મા કંપનીમાં ૨૭ વર્ષની કારકિર્દીમાં બિઝનેસ મેનેજમેન્ટ સહિત અનેક ભૂમિકાઓ ભજવી હતી.

આરતી શાહે ૨૦૨૧માં એલીલીલી છોડી ત્યારે તેઓ તેમાં

(અનુસંધાન ૧૫મે પાને)

દિલ્હીની વાત

મોદી સરકાર સિમાંકન બીલ માટે વિશેષ સત્ર બોલાવી શકે છે

નવીદિલ્હી, તા. ૧૩

મોદી સરકાર સિમાંકન બીલ માટે ટુક સમયમાં જ સંસદનું ખાસ સત્ર બોલાવી શકે છે. એપ્રિલ મહિનામાં સિમાંકન બીલ રજુ કરવામાં આવ્યું હતું, પરંતુ સંસદમાં પસાર થઈ શક્યું નહોતું. જેને કારણે એનડીએ સરકારને ફટકો પડ્યો હતો. જોકે પશ્ચિમ બંગાળના પરિણામ પછી એનડીએની શક્તિ વધી છે અને સંસદમાં બે તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચી ગઈ છે. સિમાંકન બીલ પસાર કરવા માટે સરકાર પાસે બે તૃતીયાંશ બહુમતી હોવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર ૧૫ થી ૧૮ મતોથી જીતી જશે. સરકારને જરૂરી નંબર મેળવવાનો વિશ્વાસ છે. જોકે સંસદનું આ સત્ર ક્યારે મળશે એ જણાવવામાં આવ્યું નથી. આ પહેલા સંસદનું ચોમાસુ સત્ર ઓગસ્ટના મધ્યમાં જ પુરુ થઈ ગયું હતું. જો આ સત્ર ઔપચારીક રીતે પુરુ કરવામાં આવ્યું

(અનુસંધાન ૧૩મે પાને)

ખાદ્ય ફુગાવો એક માસમાં ૭.૭૪ ટકાથી વધીને ૮.૯૪ ટકા

નવા વર્ષે જનતાને મોંઘવારીનો કડવો સ્વાદ : ફુગાવો વધીને ૬.૦૯ ટકા

નવી દિલ્હી, તા. ૧૩

ભારતીયો માટે નવું વર્ષ મોંઘવારી નવા સ્તરે પહોંચી હોવાના સમાચાર સાથે આવ્યું છે. ભારતીયોનો ફક્ત નવા જ વર્ષમાં જ નહીં પરંતુ મોંઘવારીના નવા યુગમાં પ્રવેશ થઈ ગયો છે. દૂધથી લઈને દાળ અને શાકભાજીથી લઈને જીવન જરૂરિયાતની બધી જ ચીજવસ્તુઓ મોંઘી થઈ ગઈ છે. હવે તો કઈ વસ્તુ મોંઘી નથી તેની યાદી બનાવવી પડે તેમ છે. ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવોને પરિણામે ભારતનો ઓક્ટોબરનો રિટેલ ફુગાવો વધીને ૬.૦૯ ટકા સાથે બે વર્ષની ટોચે પહોંચી ગયો હતો.

ગ્રામીણ વિસ્તારોમાં ખાદ્ય ફુગાવો વધીને ૯.૦૯ ટકા થતાં લોકોની હાલત કફોડી થઈ, ડુંગળીના ભાવ ૧૧૬ ટકા વધ્યા

આ ફુગાવો ગત મહિનાનો ફુગાવો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની છ ટકાની મહત્તમ ટાર્ગેટ મર્યાદાથી ઊંચો છે. ફુગાવો વધીને આવતા આરબીઆઈની ડિસેમ્બર બેઠકમાં વ્યાજ દરમાં ફરી વધારો થવાની શકયતા વધી ગઈ છે.

ગ્રાહક ભાવ આધારિત ફુગાવો જે સપ્ટેમ્બરમાં ૫.૫૪ ટકા હતો તે ઓક્ટોબરમાં નોંધપાત્ર વધી ૬.૦૯ ટકા રહ્યો હોવાનું સ્ટેટિસ્ટિકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયુ હતું. ઓક્ટોબરમાં સતત નવમાં મહિને ફુગાવો વધીને આવ્યો છે. રિટેલ ફુગાવો જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો તે ઓક્ટોબરમાં બમણા કરતા પણ ઊંચો રહ્યો છે.

રિઝર્વ બેન્ક દ્વારા આગામી મહિને વ્યાજ દરમાં ફરી વધારો થવાની વકી, નબળા ચોમાસા અને ઈરાન યુદ્ધની અસર

ખાદ્ય પદાર્થનો ફુગાવો જે સપ્ટેમ્બરમાં ૭.૭૪ ટકા હતો તે ઓક્ટોબરમાં વધી ૮.૯૪ ટકા પહોંચી ગયો છે. ડુંગળી, લસણ તથા લીંબુના ભાવમાં ગત મહિને જોરદાર વધારો જોવા મળ્યો હતો. ગયા વર્ષના ઓક્ટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં ડુંગળીના ભાવ ૧૧૬ ટકા જેટલા વધી ગયા હતા. લસણની

(અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ



સાહેબ, નહેરુના જન્મદિવસ માટે બધી જ તૈયારી કરી લીધી છે, આ એ ૧૦ સમસ્યા છે જેના માટે તમે નહેરુને દોષ આપી શકો છો !







દિવાળીના તહેવારો અને મિની વેકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણ ગીર જેવા પ્રવાસન સ્થળ ઉપરાંત પ્રસિદ્ધ યાત્રાધામોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. શક્તિપીઠ પાવાગઢ ખાતે નૂતન વર્ષના ચાર દિવસ દરમિયાન ચાર લાખ ઉપરાંત માઈભક્તો શ્રી મહાકાળી માતાજીના દર્શન માટે આવ્યા હતા. ચોટીલા ચામુંડા માતાજીના દર્શન માટે પાંચ દિવસમાં પાંચ લાખથી વધુ ભાવિકોની અવરજવરથી ભક્તિ અને આસ્થાનો અદભુત માહોલ સર્જાયો હતો. વહેલી સવારથી મોડી સાંજ સુધી તળેટીથી ડુંગર સુધી દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી.સોમનાથ મહાદેવના દર્શન માટે દેશ-વિદેશમાંથી શિવભક્તો ઊમટ્યા હતા. સોમનાથ ટ્રસ્ટનાં તમામ ગેસ્ટહાઉસ, ડોરમેટરી અને મુખ્ય પાર્કિંગ સહિતનાં પાર્કિંગ સ્થળો ભરચક બન્યા હતા. સોમનાથમાં આઠ દિવસ દરમિયાન પાંચ લાખથી વધુ દર્શનાર્થીઓએ શીશ ઝુકાવ્યું હતું.

ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિના આકલન માટે

ગાંધીનગરમાં મોદીનું અચાનક આગમન કેબિનેટમાં ફેરફાર કરવા માટે અવઢવમાં

અમદાવાદ, શુક્રવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગાંધીનગરની ઓચિંતી મુલાકાતને લઈ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મોડી રાત્રે લોક ભવનમાં વડાપ્રધાન સાથે તમામ મંત્રીઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓનો એક વિશિષ્ટ ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો, જેને રાજકીય નિરીક્ષકો અત્યંત સૂચક માની રહ્યા છે.

વડાપ્રધાને અંબાજીનો પ્રવાસ મોકૂફ રાખ્યો : એન્ટી ઈન્કમબન્સી અને વધતી મોંઘવારી વચ્ચે સરકારની છાપ સુધારવા ફાંફા

શનિવારે લાભપાંચમના પવિત્ર દિવસે વડાપ્રધાનનો બનાસકાંઠાના અંબાજી મંદિરે દર્શન કરવાનો કાર્યક્રમ નિર્ધારિત હતો. જોકે, લાભપાંચમના દિવસે છેલ્લી ઘડીએ તેમનો અંબાજીનો પ્રવાસ મોકૂફ રખાયો હતો. જોકે,ગાંધીનગરમાં મંત્રીઓ સાથેની ડિનર બેઠકનો કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો હતો.

કેબિનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીઓને સાંજે સાત વાગ્યા સુધીમાં લોકભવન પહોંચી જવા જણાવવામાં આવ્યું હતું સૌથી મહત્વની બાબત એ છે કે, આ બેઠક દરમિયાન મંત્રીઓના અંગત સહાયકો , અંગત સચિવોને ભોજન સમારોહ સ્થળે નહીં આવવા ખાસ સૂચના આપવામાં આવી હતી.

૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીનું વર્ષ નજીક આવી રહ્યું છે ત્યારે વડાપ્રધાનની મંત્રીઓ સાથેની આ સીધી મુલાકાતને માત્ર ઔપચારિક નવા વર્ષના ભોજન તરીકે જોવાને બદલે 'ડિનર ડિપ્લોમસી' તરીકે જોવામાં આવી રહી છે.એવી ચર્ચા છે કે, સરકારની વિવિધ યોજનાઓની જમીની અસર ને લઈ

(અનુસંધાન ૪થે પાને)

ભાજપ માટે ૧૬૧ બેઠકો જાળવી રાખવાનો પડકાર

આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો લક્ષ્ય છે કે વધુમાં વધુ બેઠકો મળે. રાજકીય પંડિતોનું માનવું છે કે, ગુજરાતની હાલની સામાજિક અને રાજકીય પરિસ્થિતિને જોતા વિધાનસભાની ચૂંટણીમાં મોટા ઊલટ થયેલ થાય તેવા સંજોગો છે અને જેના પગલે ભાજપ માટે ૧૬૧ બેઠક જાળવી ખૂબ જ અઘરી છે. ભાજપને જ ભાજપના અસંતુષ્ટો નડે તેવા પૂરેપૂરા સંજોગો છે. પરંતુ અમિત શાહને પૂરેપૂરો વિશ્વાસ છે કે, ૧૬૧ બેઠકો જાળવી રખાશે. કારણકે, આમ આદમી પાર્ટી અને મુસ્લિમ નેતાઓ સાથે મોટાપાયે ગોઠવણ થઈ છે. જેથી ભાજપની મતપેટીને કોઈ મોટું નુકસાન થવાની શક્યતા નથી. કોંગ્રેસ પાર્ટી નેતા વગરનો પક્ષ છે, જે ભાજપ માટે સકારાત્મક અભિગમ છે.

મોદી-શાહ વચ્ચે 'ઓલ ઈઝ નોટ વેલ': અટકળોએ ફરી વેગ પકડ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાત્રે ૮:૧૫ના અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેઓને આવકારવા માટે જેમને બોલાવવામાં આવ્યા હતા તેમાં પૂર્વ સાંસદ હરિન પાઠક, પ્રદીપસિંહ જાડેજા, પ્રદીપ પરમાર, ભરત બારોટ અને અરવિંદ પટેલનો મુખ્યત્વે સમાવેશ થતો હતો. આ પૈકી મોટાભાગના નેતાઓ સાથે અમિત શાહને ખટરાગ છે. હાંસિયામાં ધકેલાયેલા આ નેતાઓને જ નરેન્દ્ર મોદીએ એરપોર્ટમાં ખાસ બોલાવ્યા હતા. જેના કારણે નરેન્દ્ર મોદી અને અમિત શાહ વચ્ચે પ્રવર્તી રહેલા મતભેદોની ચર્ચાએ ફરી વેગ પકડ્યો છે. અમિત શાહે જે રીતે આનંદીબેનને પદભ્રષ્ટ કર્યા તેનો ડંખ આનંદીબેનમાં છે. અને માટે જ તેમના દીકરી અનાર પટેલને ખોડલ ધામમાં સ્થાન અપાયું છે. તેની સામે અમિત શાહને અંદરખાને ખૂબ વિરોધ છે. અમિત શાહને અંકૂશમાં રાખવા માટે સી.આર. પાટીલને પ્રમુખ બનાવાયા હતા. પરંતુ અમિત શાહ સામે સી. આર. પાટીલ કોઠું ના કાઢી શક્યા. કારણકે પાટીલની ઈમેજ જ એક ભ્રષ્ટાચારી રાજકારણીની હતી. તેમની સામે અમિત શાહની પ્રતિભા ગુજરાતના રાજકારણમાં વધુ ચોખ્ખી અને સક્રિય હતી. હાલ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નામના જ મુખ્યમંત્રી છે. ગુજરાતનો વહીવટ અમિત શાહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જ ચલાવી રહ્યા છે. ગુજરાતનો વહીવટ ખાડે ગયો છે અને માટે જ નરેન્દ્ર મોદીને ગુજરાત આવવું પડ્યું છે.

અમૂલ દૂધના ભાવમાં લિટર દીઠ રૂપિયા બે, ગોલ્ડમાં ચારનો વધારો

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

દેશની અગ્રણી ડેરી બ્રાન્ડ અમૂલે ગોલ્ડ દૂધના ભાવમાં લિટરે રૂપિયા ચારનો અને અમૂલ શક્તિમાં લિટરે રૂ. ૨નો વધારો કરવાની જાહેરાત કરી છે.

દિવાળી પછી ગુજરાત અને ભારતના ગ્રાહકોને મોટી ભેટ આપી છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ વેચવામાં આવતા ફેશ પાઉચ દૂધના મુખ્ય વેરિઅન્ટ્સના ભાવમાં ૧૨ નવેમ્બર, ૨૦૨૬થી આશરે ૪થી ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

બારમી નવેમ્બરથી નવા ભાવ લાગુ કરી દેવામાં આવ્યા છે. દૂધના ઉત્પાદન અને પ્રોસેસિંગ ખર્ચમાં થયેલા વધારાને કારણે ભાવવધારો કરવામાં આવ્યો છે. દૂધ જીવનજરૂરિયાતની વસ્તુ હોવાથી આ વધારાની સીધી અસર સામાન્ય પરિવારોના માસિક ઘરખર્ચ પર પડશે. બીજી તરફ, પશુપાલકોને

(અનુસંધાન ૪થે પાને)

દૂધના એક લિટર ભાવમાં થયેલો વધારો

દૂધની બ્રાન્ડ	જૂના ભાવ	નવા ભાવ
અમૂલ તાજા (૩% ફેટ)	૬૦ રૂપિયા	૬૨ રૂપિયા
અમૂલ શક્તિ	૬૪ રૂપિયા	૬૬ રૂપિયા
અમૂલ ગોલ્ડ (૬% ફેટ)	૭૨ રૂપિયા	૭૬ રૂપિયા
અમૂલ ગાયનું દૂધ	૬૨ રૂપિયા	૬૪ રૂપિયા


માસિક બિલમાં રૂ. ૬૦થી માંડીને રૂ. ૪૮૦ સુધીનો વધારો થયો



ભાડે જોઈએ છે ખેતી લાયક જમીન
ઉત્તમ ખેતી કરી શકાય તેવી પાણીની સગવડવાળી આશરે 200 એકરથી વધુ જમીન ગુજરાતના કોઈપણ જીલ્લામાં
94080 12562

REQUIREMENT
PVC Shrink Plant Operator
(Packing Grade / Label Grade)
8-10 years of experience
Regal Polyfilms, Daman
9327685658 / 7869080023

બાજખેડાવાળ દુઃખદ અવસાન



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની શ્રીમતી **ગીતા કમલનયન દવે** તા. ૦૫/૧૧/૨૦૨૬ ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને દેવલોક પામ્યા છે.


નોંધ :- સદ્‌ગતનું બેસણું રાખેલ નથી.

કમલનયન (અરવિંદ) દેવપ્રસાદ દવે
નિમીષ કે. દવે — હિરલ એન. દવે
રોહન એન. દવે

સરનામું :- ૨૨, સૌરભ સોસાયટી, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.



બેસણું



(મો) +91 9428153183, +91 8913573009



બેસણું





બેસણું



ધોકસી વીસા ખડાયતા - બેસણું

બાજખેડાવાળ દુઃખદ અવસાન

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની શ્રીમતી **ગીતા કમલનયન દવે** તા. ૦૫/૧૧/૨૦૨૬ ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને દેવલોક પામ્યા છે.

નોંધ :- સદ્‌ગતનું બેસણું રાખેલ નથી.

કમલનયન (અરવિંદ) દેવપ્રસાદ દવે
નિમીષ કે. દવે — હિરલ એન. દવે
રોહન એન. દવે

સરનામું :- ૨૨, સૌરભ સોસાયટી, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.

બેસણું

(મો) +91 9428153183, +91 8913573009

બેસણું

બેસણું

ધોકસી વીસા ખડાયતા - બેસણું

બેસણું

બેસણું